કેનેરા બેંક, પાલડી બ્રાંચ - અમદાવાદ
[Canara Bank, Paldi Branch - Ahmedabad]

**એકાઉન્ટ નંબર :**

૭૦૦૭૨૦૧૦૦૧૬૦૩૨ [70072010016032]

**IFSC કોડ : CNRB0017007**

## સાભાર સ્વીકાર

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાકીય યોજનાઓ માટે નીચે મુજબના દાતાશ્રીઓ તરફથી દાન / ભેટ પ્રાપ્ત થયેલ છે.*

### વૈયાવચ્ચ ફંડ

રૂા. ૫૪,૦૦૦/- શ્રી પરિમલ જૈન સંઘ - અમદાવાદ
રૂા. ૫૦૦/- શ્રી સુનિલ પોપટલાલ ગોગરી - મુંબઈ

### મેડિકલ જનરલ ડોનેશન

રૂા. ૨૫,૦૦૦/- જય એન્ટરપ્રાઈઝ – શ્રી જ્ઞાનચંદ ભાનુશાળી અને શ્રી દેવીદાસ ભાનુશાળી – અમદાવાદ તરફથી ફિઝીયોથેરાપી મશીનરી માટે અનુદાન
રૂા. ૨૫,૦૦૦/- જય કેમિકલ્સ એજન્સી – શ્રી જ્ઞાનચંદ ભાનુશાળી અને શ્રી દેવીદાસ ભાનુશાળી – અમદાવાદ તરફથી ફિઝીયોથેરાપી મશીનરી માટે અનુદાન

### વયસ્ક સમિતિ

રૂા. ૨૭,૦૦૦/- સ્ટર્લિંગ એડલાઈફ ઈન્ડિયા પ્રા.લિ. - અમદાવાદ
રૂા. ૧૧,૦૦૦/- શ્રી ભદ્રાબા વાઘેલા - અમદાવાદ
રૂા. ૫,૦૦૦/- શ્રીમતી લક્ષ્મીબેન મહેશભાઈ ખત્રી - અમદાવાદ
રૂા. ૫,૦૦૦/- શ્રીમતી જયશ્રીબેન પૂનમભાઈ વોરા - અમદાવાદ
રૂા. ૫,૦૦૦/- શ્રીમતી મંજુલાબેન દિનેશ શાહ - અમદાવાદ
રૂા. ૫,૦૦૦/- શ્રીમતી નીનાબેન અશોકભાઈ ગોરજી - અમદાવાદ
રૂા. ૪,૮૦૦/- હેલ્પ એજ ઈન્ડિયા લિ. - અમદાવાદ
રૂા. ૩,૦૦૦/- શ્રી કમલેશ મનુભાઈ શાહ - અમદાવાદ
રૂા. ૩,૦૦૦/- શ્રીમતી રશ્મિકાબેન ગુણવંતભાઈ કાનજી ત્રેવાડિયા - અમદાવાદ
રૂા. ૨,૫૦૦/- શ્રીમતી કસ્તુરીબેન તલકશી શાહ (ગોગરી) - અમદાવાદ
રૂા. ૨,૦૦૦/- શ્રીમતી મધુબેન પ્રભુલાલ સંઘવી - અમદાવાદ
રૂા. ૨,૦૦૦/- શ્રીમતી હાસ્યલતાબેન દિનેશ મહેતા - અમદાવાદ
રૂા. ૨,૦૦૦/- શ્રી ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ
રૂા. ૧,૦૦૦/- શ્રી વિજય શાંતિલાલ મહેતા - અમદાવાદ

### મેડિકલ રીલીફ ફંડ

રૂા. ૧૧,૦૦૦/- શ્રી મેઘજીભાઈ ગણપત શાહ - અમદાવાદ

### શૈક્ષણિક લોન (સહાય) સમિતિ

રૂા. ૭,૫૦૦/- શ્રીમતી પ્રમીલાબેન ઉમરશી કુરૂવા ફાઉન્ડેશન - અમદાવાદ

### અન્નક્ષેત્ર યોજના

રૂા. ૨,૫૦૦/- સ્વ. સૂરજલાલ મોતીલાલ મહેતાની ૧૫મી પુણ્યતિથિ નિમિત્તે હ. પ્રભાબેન સૂરજલાલ મહેતા
રૂા. ૧,૧૦૦/- શ્રી મુકેશભાઈ ઠક્કર - અંજાર (કચ્છ)

*સંસ્થા ઉપરોક્ત તમામ દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર માને છે.*

## ઉડતી નજરે.... *માસ મે-૨૦૨૬ દરમિયાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાઓનો લાભ લેનાર વ્યક્તિઓ*

| ક્રમ | સેવાઓ | લાભ લેનાર વ્યક્તિઓ |
|---|---|---|
| ૧. | **શ્રી નવનીત મેડિકલ સેન્ટર તથા**<br>**શ્રીમતી પ્રભાવતીબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર, પાલડી, અમદાવાદ.**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ..........<br>*જેમાંથી –* ● શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વ્યક્તિઓ .......... **૬૭૮**<br>● સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો .......... **૭૭**<br>● બોડી ચેક-અપ .......... **૩૦૭**<br>● સોનોગ્રાફી .......... **૧,૧૫૯**<br>● ટી.એમ.ટી. .......... **૩૬**<br>● ઑપરેશન .......... **૪**<br>● ફિઝીયોથેરાપી .......... **૧,૬૧૫**<br>● ઈકો .......... **૨૪૪**<br>● હોમિયોપેથી .......... **૩૯**<br>● આયુર્વેદ .......... **૨૧૫**<br>● અન્ય .......... **૫,૩૯૭** | **૯,૭૭૧** |
| ૨. | **માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) અતિથિ ભવન, પાલડી, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ..........<br>*જેમાંથી –* ● પુરુષો .......... **૪૧૭**<br>● સ્ત્રીઓ .......... **૨૭૯**<br>● બાળકો .......... **૩૯**<br>● કેન્ટીન .......... **૩,૮૪૦** | **૪,૫૭૫** |
| ૩. | **માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, ગીતા મંદિર, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ..........<br>*જેમાંથી –* ● પુરુષો .......... **૯૩**<br>● સ્ત્રીઓ .......... **૬૧**<br>● બાળકો .......... **૧૦** | **૧૬૪** |
| ૪. | **ડૉ. ચંદ્રકાંત દેઢિયા ડાયાલિસિસ સેન્ટર, ગીતા મંદિર, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ .......... | **૧૧૦** |
| ૫. | **જી.એમ.ડી.સી. પ્રાયોજિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ..........<br>*જેમાંથી –* ● શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - પેસેન્જર .......... **૨,૨૩૦**<br>● મ્યુઝિયમ .......... **૧,૪૨૦**<br>● કેન્ટીન .......... **૪,૭૦૦**<br>● જલારામ અન્નક્ષેત્ર .......... **૨૬૦**<br>● ડિસ્પેન્સરી .......... **૭૨** | **૮,૬૮૨** |
| ૬. | **શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયા ડાયાલિસિસ સેન્ટર, શાહીબાગ, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ .......... | **૫૪૨** |

| | | |
|---|---|---|
| ૭. | **નવનીત મેડિકલ સેન્ટર અને કંચનબેન નવીનચંદ્ર નાનજી શાહ ઓ.પી.ડી. સેન્ટર** ***તથા*** **દીપ ફાઉન્ડેશન મેડિકલ ચેક-અપ સેન્ટર, બોપલ, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ<br>*જેમાંથી –* ● બોડી ચેક- અપ **૨૪૧**<br>● સોનોગ્રાફી **૩૦૪**<br>● ઑપરેશન **૭**<br>● માઈનોર ઓ.ટી. **૯**<br>● ફિઝિયોથેરાપી **૧,૮૯૩**<br>● અન્ય **૫,૧૦૯** | **૭,૫૬૩** |
| ૮. | **નવનીત ડાયાલિસિસ સેન્ટર, બોપલ, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ | **૩૩૯** |
| ૯. | **પરમકૃપા મેડિકલ સેન્ટર, ચાંગોદર, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ<br>*જેમાંથી –* ● એક્સ-રે **૧૯૦**<br>● સોનોગ્રાફી **૨૬**<br>● બોડી ચેક-અપ **૨૨૮**<br>● ઈકો **૫**<br>● અન્ય **૧,૦૨૪** | **૧,૪૭૩** |
| ૧૦. | **નવનીત મેડિકલ સેન્ટર – જશોદાનગર, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ<br>*જેમાંથી –* ● એક્સ-રે **૪૧૧**<br>● સોનોગ્રાફી **૨૪૪**<br>● ફિઝિયોથેરાપી **૭૫૬**<br>● બોડી ચેક-અપ **૮૧**<br>● ઈકો **૨૧**<br>● માઈનોર ઓ.ટી. **૩**<br>● અન્ય **૧,૮૫૨** | **૩,૩૬૮** |
| *માસ મે – ૨૦૨૬ દરમિયાન વિવિધ પ્રકારની સેવાઓનો લાભ લેનાર કુલ વ્યક્તિ* | | **૩૬,૫૮૬** |

## પ્રતિષ્ઠિત સન્માન મેળવનાર પ્રથમ ગુજરાતી

| | | |
|---|---|---|
| ૧. | ભારતરત્ન મેળવનાર પ્રથમ ગુજરાતી | સરદાર પટેલ, મોરારજી દેસાઈ |
| ૨. | પદ્મવિભૂષણ મેળવનાર પ્રથમ ગુજરાતી | ગગનવિહારી મહેતા (૧૯૯૯) |
| ૩. | પદ્મભૂષણ મેળવનાર પ્રથમ ગુજરાતી | વી. એલ. મહેતા (૧૯૫૪) |
| ૪. | પદ્મશ્રી મેળવનાર પ્રથમ ગુજરાતી | શ્રીમતી ભાગ મહેતા (૧૯૫૪) |
| ૫. | પ્રથમ રણજિતરામ સુવર્ણચંદ્રક મેળવનાર | ઝવેરચંદ મેઘાણી (૧૯૨૮) |
| ૬. | પ્રથમ નર્મદ સુવર્ણચંદ્રક મેળવનાર | જ્યોતિન્દ્ર દવે (૧૯૪૦) |
| ૭. | પ્રથમ જ્ઞાનપીઠ પુરસ્કાર વિજેતા | ઉમાશંકર જોશી (૧૯૬૭) |

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : દૈનિક ડાયરી

## નવનીત મેડિકલ સેન્ટર – પાલડી

**તા. ૨૦-૦૫-૨૦૨૬**

- ડૉ. તેજલબેન દ્વારા દર્દીના બે કાનના Ear Repairing કરવામાં આવ્યા.
- ડૉ. લીનાબેન દ્વારા આંખની chalazionની પ્રોસીજર કરવામાં આવી.
- ડૉ. આકાશ પટેલ દ્વારા મોતિયાનું એક ઑપરેશન કરવામાં આવ્યું.

**તા. ૨૫-૦૫-૨૦૨૬**

- આજ રોજ શ્રી લક્ષ્મીચંદ વીરાની પ્રેરણાથી શ્રી મેઘજીભાઈ ગણપતભાઈ શાહ તરફથી રૂા. ૧૧,૦૦૦/-નું ડોનેશન મેડિકલ સેન્ટરની પ્રવૃત્તિઓ સામે મળેલ છે.
- પ્લાસ્ટિક સર્જન ડૉ. પ્રમોદ મેનન દ્વારા બે મહિલા દર્દીઓના બે-બે કાન સાંધવાની પ્રોસીજર કરવામાં આવી.

**તા. ૨૭-૦૫-૨૦૨૬**

- મેમોગ્રાફી મશીનનો AMC લેવામાં આવ્યો.

**તા. ૩૦-૦૫-૨૦૨૬**

- ફિઝીયોથેરાપી વિભાગમાં Pnematic Compression અને Acutense મશીનના ઇન્સ્ટોલેશન થયા.

**તા. ૧૩-૦૬-૨૦૨૬**

- આજ રોજ ડૉ. નીતુબેન પરીખ દ્વારા ઓર્થોપેડિક અને ફિઝીયોથેરાપી વિભાગના ડૉક્ટરોને બોલાવીને "સવાલ તમારા – જવાબ અમારા" એવો કેમ્પ સવારે ૯.૩૦થી ૧૧.૩૦માં કરવામાં આવ્યો. તેમાં ડૉ. રાજેશ પરીખ, ડૉ. વિનય પરાસર, ડૉ. બીજલ મોદી અને સ્પાઇન સ્પેશિયાલિસ્ટ ડૉ. પ્રતીક ઇસરાનીએ સવાલોના સુંદર જવાબો આપ્યા હતા. ફિઝીયોથેરાપિસ્ટ ડૉ. પૂજન શાહ, ડૉ. સ્નેહી શાહ અને ડૉ. દૃષ્ટિ પટેલે અલગ અલગ કસરતો કરાવી હતી. ટ્રસ્ટીગણ ઉપરાંત આશરે ૬૦ વ્યક્તિઓએ આ કેમ્પનો લાભ લીધો હતો. પેશન્ટોને BMD અને Vit D3 ના ટેસ્ટ ફ્રી માં કરી આપવામાં આવ્યા હતા. ઉપરાંત ૧૫ દિવસ સુધી કોઈ પણ બોડી ચેક-અપ સ્કીમમાં ૧૦%, Arthritic Profile માં લેબ ટેસ્ટમાં ૨૦%, ફિઝીયોથેરાપી અને એક્સ-રે માં ૨૦% ડિસ્કાઉન્ટ આપવામાં આવશે કે જેની કૂપનનું વિતરણ કરવામાં આવ્યું હતું. મેડિકલ સમિતિના કન્વીનર શ્રી અશ્વિનભાઈ સાવલાએ આ કેમ્પનું ઉદ્‌ઘાટન કરેલ હતું. માનદ્ મંત્રી શ્રી રજનીકાંત પારેખે કેમ્પનું સમાપન કરેલ હતું.

**તા. ૧૭-૦૬-૨૦૨૬**

- આજ રોજ જૂનું TMT મશીન આપીને નવા TMT મશીનનું ઇન્સ્ટોલેશન કરવામાં આવ્યું.
- શાહીબાગ અને ગીતામંદિર ડાયાલિસિસ સેન્ટરના મશીનોના AMC renewal ની પ્રોસીજર કરવામાં આવી.

**તા. ૧૮-૦૬-૨૦૨૬**

- આંખના ઑપરેશન થિયેટરમાં પાણી પડતું બંધ થયા પછી Culture લેવડાવવામાં આવ્યું.

## નવનીત મેડિકલ સેન્ટર – બોપલ

**તા. ૮-૦૫-૨૦૨૬**

- આજ રોજ ડૉ. હિતેન્દ્ર શાહે બોપલ મેડિકલ સેન્ટરની મુલાકાત લીધેલ હતી. તેમણે મેડિકલ સેન્ટર તથા ડાયાલિસિસ સેન્ટરની માહિતી મેળવેલ હતી તથા પેથોલોજી, ડેન્ટલ, ડાયાલિસિસ ડિપાર્ટમેન્ટના ચાર્જિસ માટે ડૉ. રીદ્ધિને રેટ લીસ્ટ બનાવવા માટે સૂચન કરેલ હતું.

**તા. ૧૮-૦૫-૨૦૨૬**

- આજ રોજ પીડિયાટ્રીક વિભાગમાં ડૉ. ફાલ્ગુની મહેતા દ્વારા બાળકોને બે Gardasil – 9 વેક્સિન આપવામાં આવેલ હતી.

**તા. ૧-૦૬-૨૦૨૬**

- આજ રોજ ડૉ. હિતેન્દ્ર શાહને મે-૨૦૨૬નો મંથલી રીપોર્ટ આપેલ હતો. જેમાં ટોટલ ૭૯૦૨ દર્દીઓએ સારવાર લીધેલ હતી. ૩૩૯ દર્દીઓએ ડાયાલિસિસ કરાવેલ હતું.

**તા. ૨-૦૬-૨૦૨૬**

- આજ રોજ ડૉ. અપૂર્વ પટેલ દ્વારા Polypremon નું એક ઑપરેશન થયેલ હતું.

**તા. ૬-૦૬-૨૦૨૬**

- આજ રોજ ડૉ. ધર્મેન્દ્ર મહેતા દ્વારા એક માઇનોર ઑપરેશન થયેલ હતું.

**તા. ૧૫-૦૬-૨૦૨૬**

- આજ રોજ ત્રણ નવા દર્દી ડાયલિસિસમાં સારવાર માટે આવેલ હતા. જેની જાણ ડૉ. રીદ્ધિએ ડૉ. હિતેન્દ્ર શાહને કરેલ હતી.

**તા. ૨૩-૦૫-૨૦૨૬થી તા. ૧૯-૦૬-૨૦૨૬ દરમિયાન**

- ડૉ. ચાંદની મોદી દ્વારા મોતિયાના ૩ ઑપરેશન કરવામાં આવેલ હતા. ડૉ. મિત પટેલ દ્વારા મોતિયાના ૪ ઑપરેશન કરવામાં આવેલ હતા. ડૉ. કપીલ ભાટિયા દ્વારા મોતિયાનું ૧ ઑપરેશન કરવામાં આવેલ હતું.

## નવનીત મેડિકલ સેન્ટર – જશોદાનગર

**તા. ૨૯-૫-૨૦૨૬**

- આજ રોજ જશોદાનગર સાથે ટાઈ-અપ થયેલ C-Doctors અને C.B. Doctors કંપનીના કર્મચારીઓના હેલ્થ ચેક-અપનો પ્રોજેક્ટ પૂરો થયો. આ કંપનીના પ્રોજેક્ટ માટે એડમિન દર્શના શાહ તથા પી.આર.ઓ. દીપક ત્રિવેદી અને જશોદાનગર સ્ટાફે સતત કામ કરીને પ્રોજેક્ટને સફળ બનાવ્યો છે.

**તા. ૧-૬-૨૦૨૬**

- આજ રોજ જશોદાનગર સેન્ટરનો મંથલી ડેટા ડૉ. હિતેન્દ્ર શાહને આપ્યો.

**તા. ૫-૬-૨૦૨૬**

- આજ રોજ ડૉ. હર્ષલ પટેલ દ્વારા મોતિયાનું એક સફળ ઑપરેશન કરવામાં આવ્યું.
- આજ રોજ ડૉ. વર્નોમ જેમ્સ દ્વારા ઈલેક્ટ્રીક કોટરીથી ચામડી પરના મસા કાઢવાની પ્રોસીજર સફળતાપૂર્વક કરવામાં આવી.

**તા. ૧૦-૦૬-૨૦૨૬**

- આજ રોજ ડૉ. આસ્થા શાહ દ્વારા કેમિકલ પીલિંગની પ્રોસીજર કરવામાં આવી.

**તા. ૧૨-૦૬-૨૦૨૬**

- આજ રોજ ઈન્ટાસ કંપની દ્વારા નિઃશુલ્ક Bone mineral density કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કુલ ૧૦૪ દર્દીઓએ લાભ લીધેલ હતો.

**તા. ૧૯-૦૬-૨૦૨૬**

- આજ રોજ પેથોલોજી લેબના મશીનના AMC ના ક્વોટેશન આવેલ હતા. જે અંગે ડૉ. હિતેન્દ્ર શાહને જાણ કરવામાં આવેલ હતી.

**તા. ૨૦-૦૬-૨૦૨૬**

- આજ રોજ HR ખુશ્બુબેન શાહે સેન્ટરની મુલાકાત લીધી હતી. તેમણે સેન્ટરના ગ્રોથ અને માર્કેટિંગ વિશે ચર્ચા કરી અને સ્ટાફ સાથે મીટિંગ કરી અને એમના કામ અંગે ચર્ચા કરી સ્ટાફને પ્રોત્સહિત કર્યો હતો.

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

### તા. ૧૮-૦૫-૨૦૨૬થી તા. ૧૭-૦૬-૨૦૨૬ સુધી 'મંગલ મંદિર'નું લવાજમ ભરનારાઓના નામની યાદી

| | | | |
|---|---|---|---|
| **૧ વર્ષનું લવાજમ ભરનારા સભ્યોની યાદી** | | | |
| ૧. | વિનોદ કનકલાલ દોશી | અમદાવાદ | ૨૧-૦૫-૨૬ |
| ૨. | પ્રફુલ અરવિંદ શાહ | અમદાવાદ | ૨૬-૦૫-૨૬ |
| ૩. | રાહુલ ભવાનજી નાગડા | અમદાવાદ | ૨૫-૦૫-૨૬ |
| ૪. | કુમારપાળ રમણિકલાલ મસાલીયા | અમદાવાદ | ૨૯-૦૫-૨૬ |
| ૫. | ચંદ્રાબેન મહેન્દ્ર વિશનજી શાહ | અમદાવાદ | ૦૯-૦૬-૨૬ |
| ૬. | કીર્તિચંદ્ર શિવલાલ શાહ | મુંબઈ | ૦૬-૦૬-૨૬ |
| **૨ વર્ષનું લવાજમ ભરનારા સભ્યોની યાદી** | | | |
| ૧. | કિશોર હીરજી નાગડા | ભુજ | ૨૭-૦૫-૨૬ |
| **૩ વર્ષનું લવાજમ ભરનારા સભ્યોની યાદી** | | | |
| ૧. | વિરાજ યશોધન મહેશ્વરી | ગાંધીનગર | ૧૯-૦૫-૨૬ |
| ૨. | ભદ્રેશ વાડીલાલ શાહ | ચેન્નાઈ | ૧૨-૦૬-૨૬ |
| **૫ વર્ષનું લવાજમ ભરનારા સભ્યોની યાદી** | | | |
| ૧. | ભૂપેન્દ્ર નેણશી બાબરીયા | અમદાવાદ | ૨૭-૦૫-૨૬ |
| ૨. | ચંદુલાલ રવજી વોરા | અમદાવાદ | ૩૦-૦૫-૨૬ |
| ૩. | કલ્પેશ ખીમજી કુરિયા | અમદાવાદ | ૦૧-૦૬-૨૬ |
| ૪. | ચંદ્રેશ હરખચંદ હરિયા | મુંબઈ | ૦૧-૦૬-૨૬ |
| **૧૫ વર્ષનું લવાજમ ભરનારા સભ્યોની યાદી** | | | |
| ૧. | શૈલેષ દેવજીભાઈ દૌલત | ઉંઝા | ૧૯-૦૫-૨૬ |
| ૨. | મૂલચંદ જે. છેડા | મુંબઈ | ૧૯-૦૫-૨૬ |

# જ્ઞાન વિજ્ઞાન – વૈજ્ઞાનિક માહિતી

• સંકલન •
રસીક ખીમજી મહેતા

## સબમરીન દરિયામાં ડૂબકી કેવી રીતે મારે છે?

સબમરીન એ દરિયાના તળિયે ચાલતું વાહન છે. આગળ પાછળ ગતિ કરવા માટે તેમાં અણુશક્તિ કે ડીઝલના એન્જિનનો ઉપયોગ થાય છે. એ જહાજની જેમ પ્રોપેલરથી જ ચાલે છે. સબમરીને વધારાનું એક કામ પણ કરવાનું હોય છે. જરૂર પડે ત્યારે દરિયાની સપાટી પર આવવાનું અને જરૂર પડ્યે ડૂબકી મારવાનું. આ કામ માટે તેમાં વધારાની પણ સાદી રચના હોય છે. સબમરીનમાં વિશાળ કદની ટાંકીઓ હોય છે. તેમાં હવા હોય છે. ટાંકી ખાલી હોય ત્યારે સબમરીન સપાટી પર તરે છે. જેમ જેમ પાણી ભરાય તેમ સબમરીનનું વજન વધે અને તે ડૂબવા લાગે. ઈચ્છિત ઊંડાઈએ પહોંચ્યા પછી પાણી ભરાવાનું બંધ કરાય છે. ટાંકીમાં કેટલું પાણી ભરવાથી કેટલી ઊંડાઈએ જવાય તેની ગણતરી કરી ચાર્ટ તૈયાર કરાય છે. તેના આધારે સંચાલન થાય છે.

## ૪૦૦ વર્ષથી વરસાદ વિનાનું રણ : એટાકામા

ચીલીમાં એન્ડિસ પર્વત નજીક આવેલું નાનકડું રણ એટાકામાં વિશ્વનો સૌથી સૂકો પ્રદેશ છે. જેમાં ૪૦૦ વરસથી વરસાદ જ નથી થયો. આ રણ પ્રદેશની ધરતી પણ અજાયબ છે. ખાડા ટેકરાવાળી લાલ ધરતી. જાણે મંગળ ઉપર આવ્યા હોઈએ તેવું લાગે. મંગળની ધરતીનું દૃશ્ય લેવું હોય તો ઘણી ફિલ્મોવાળા અહીં શુટિંગ કરવા આવે છે. મંગળ પર યાન મોકલતાં પહેલાં નાસા પણ અહીં ટેસ્ટ કરવા આવે છે. જાણીને નવાઈ લાગે પણ આવા સૂકા અને વનસ્પતિ વિનાના પ્રચંડ તાપમાનવાળા વિસ્તારમાંય થોડા લોકો રહેતા હતા.

એટાકામાના રણમાં સોડિયમ નાઈટ્રેટ અને તાંબુ પુષ્કળ મળે છે. અહીં તેની ખાણો હતી. જો કે હવે ખાણો બંધ થઈ ગઈ છે અને ત્યાં રહેનારા લોકો પણ ચાલ્યા ગયા છે.

એટાકામાના રણમાં છોડી દેવાયેલા અનેક ભૂતિયા મકાનોના ખંડેર જોવા મળે છે. એટાકામાના આકાશમાં કદી વાદળો હોતા નથી. એટલે ખગોળશાસ્ત્રીઓને આકાશ દર્શન માટે અનુકૂળ સ્થળ છે.

યુરોપિયન ઓબ્ઝર્વેટરીએ અહીં ૬૬ રેડિયો ટેલિસ્કોપવાળું આલ્મા નામનું ટેલિસ્કોપ પણ બાંધ્યું છે.

## ઠંડા લોહીવાળું હિંસક પ્રાણી : મગર

મગર જમીન અને પાણી – એમ બંનેમાં રહેવાવાળું હિંસક અને શક્તિશાળી પ્રાણી છે. વિશ્વભરમાં જુદી જુદી જાતના મગર જોવા મળે છે. તે રોમાંચક અને લોકપ્રિય પણ છે. મગર વિશે કેટલીક રસપ્રદ વાતો પણ જાણવા જેવી છે.

★ મગરની ૧૪ જાત જોવા મળે છે. તે ૧.૫ મીટરથી બે મીટર સુધીની લંબાઈના હોય છે.

★ મગરની ચામડી સખત અને ખરબચડી હોય છે. તેને પરસેવો વળતો નથી.

★ તે શરીરની ગરમી મોં વાટે બહાર કાઢે છે અને વધારાનો ક્ષાર આંખોમાંથી આંસુ દ્વારા બહાર કાઢે છે.

★ મગરમાં જડબાં ભીડવાની તાકાત તમામ પ્રાણીઓમાં સૌથી વધુ હોય છે. જો કે જડબા ખોલવાની શક્તિ નબળી હોય છે. સામાન્ય માણસ પણ તેના જડબા પકડીને ખૂલતાં અટકાવી શકે છે.

★ મગરને ૮૦ દાંત હોય છે. દાંત પડી જાય પછી નવા આવે છે. જીવનભર દાંત પડીને નવા આવ્યા જ કરે છે.

★ મગર ટૂંકા અંતર માટે ઝડપથી દોડી શકે છે.

★ મગરની બે મુખ્ય જાત છે. ક્રોકોડાઈલ સમગ્ર વિશ્વમાં જોવા મળે છે. ચીન અને અમેરિકામાં એલીગેટર પ્રકારના મગર હોય છે.

★ મગર રાત્રિના અંધકારમાં પણ જોઈ શકે છે. તેની આંખો બિલાડીની જેમ ચમકે છે. તે દૂરના અવાજો અને ગંધ પણ ઓળખી શકે છે.

## વિશ્વની પ્રથમ યુનિવર્સિટી : નાલંદા

પ્રાચીનકાળમાં ભારત વિદ્યાનું કેન્દ્ર હતું. વિશ્વની પ્રથમ આંતરરાષ્ટ્રીય યુનિવર્સિટી પણ ભારતમાં હતી. પાંચમી સદીમાં મૌર્ય વંશના શાસન દરમિયાન સ્થાપવામાં આવેલી નાલંદા વિદ્યાપીઠમાં તે સમયે ૨૦૦ શિક્ષકો લગભગ ૧૦૦૦ વિદ્યાર્થીઓને જાતજાતની વિદ્યાઓ શીખવતા. ૧૨મી સદી સુધી ચાલુ રહેલી આ વિદ્યાપીઠમાં શ્રીલંકા, ઈન્ડોનેશિયા, ચીન અને કોરિયાના વિદ્યાર્થીઓ આવતા. નાલંદા વિદ્યાપીઠમાં બૌદ્ધ ધર્મના મહાયાન, હિનયાન તેમજ વૈદિક ગ્રંથોનો અભ્યાસ

થતો. તે ઉપરાંત અધ્યાત્મ, જ્યોતિષ, તર્કશાસ્ત્ર, શબ્દવિદ્યા કે વ્યાકરણ, ગણિત અને ચિકિત્સા એટલે કે ડૉક્ટરી વિદ્યા શિખાવાતી.

આજે બિહારમાં નાલંદા વિદ્યાપીઠના ખંડેરો જોવા મળે છે. તે સમયે બૌદ્ધ ધર્મ વધુ ફેલાયેલો હતો. નાલંદા વિદ્યાપીઠમાં નવ માળની લાઈબ્રેરી અને બૌદ્ધ સાધુઓને રહેવાની સગવડતા હતી. પાંચમીથી બારમી સદી સુધીના સમયગાળામાં થઈ ગયેલા તમામ રાજાઓએ નાલંદા વિદ્યાપીઠના વિકાસમાં ફાળો આપ્યો હતો. ચીનના વિખ્યાત પ્રવાસી હ્યુએન સાંગ અને ફીહયાન નાલંદાના પ્રસિદ્ધ વિદ્યાર્થીઓ હતા.

બિહારમાં આવેલા નાલંદાના અવશેષોમાં નવ મઠો અને અનેક બૌદ્ધ મંદિરો જોવા મળે છે. ખોદકામ દરમિયાન આ સ્થળે ઘણા પગથિયાવાળા બાંધકામ મળી આવ્યા હતા. નાલંદાના મુખ્ય સ્તુપમાં બુદ્ધની વિશાળ મૂર્તિ છે. નાલંદાનો અર્થ 'જ્ઞાન આપનાર' એવો થાય છે.

## વિશ્વનું સૌથી ભયંકર પક્ષી : કાસોવરી

વિશ્વનું ત્રીજા નંબરનું સૌથી કદાવર પક્ષી કાસોવરી ન્યુ ગિયાના અને ઓસ્ટ્રેલિયામાં જોવા મળે છે. શાહમૃગ જેવા દેખાવનું આ પક્ષી માણસો અને અન્ય પ્રાણીઓ પર ઘાતક હુમલા કરવા માટે જાણીતું છે.

કાસોવરી લગભગ છ ફૂટ ઊંચું હોય છે. તેના શરીર પર કાળા પીંછા અને ડોક પર ભૂરા રંગના પીંછા હોય છે. તે ૫૦ કિ.મી.ની ઝડપે દોડી શકે છે. તે છ ફૂટ ઊંચો કૂદકો મારી શકે છે. શાહમૃગ અને પેંગ્વિનની જેમ તે ઉડી શકતું નથી. કાસોવરીના માથે લાલ કલગી હોય છે.

કાસોવરીના પગ મજબૂત હોય છે. પગમાં ત્રણ આંગળી હોય છે. વચલી આંગળીમાં લાંબા તીક્ષ્ણ નહોર હોય છે. તે પાણીમાં તરી શકે છે. કાસોવરી ત્રણ જાતના જોવા મળે છે.

કાસોવરી વનસ્પતિ આહારી છે પરંતુ માણસ કે અન્ય પ્રાણી નજીક આવતાં જ તે ભયભીત થઈ હુમલો કરે છે. તેની જોરદાર લાત કૂતરા જેવા પ્રાણીને પણ પછાડી દે છે. હુમલા વખતે તે ધારદાર નખનો છરીની જેમ ઉપયોગ કરી શિકારને ચીરી નાંખે છે. ઓસ્ટ્રેલિયામાં કાસોવરીના હુમલામાં ઘણા લોકોનાં મોત થયાનું નોંધાયું છે. બીજા વિશ્વયુદ્ધમાં ઓસ્ટ્રેલિયા આવતા વિદેશી સૈનિકોને કાસોવરીથી બચીને રહેવાની ચેતવણી અપાતી. માદા કાસોવરી ૧૪ સે.મી. લાંબા લીલા રંગના ઇંડાં મૂકે છે. તે જમીન પર માટી અને પાંદડાનો માળો બનાવે છે. ■

## ફરિયાદ

મુક્ત ગગનમાં વિહરતા ઓ પંખીડા...
કદીક તો વાત મારી સાંભળ ઓ પંખીડા
થોડોક સમય મને દઈ દે તારી પાંખો ઓ પંખીડા
મારે પણ વિહરવું છે ગગનમાં ઓ પંખીડા
મને લાગી છે પ્રેમની તૃષા ઓ પંખીડા
મારે જાવું માનસવરોવર પાળ ઓ પંખીડા
અકળાઈ ગયો છું સમાજના બંધનોથી ઓ પંખીડા
તોડી દીવાલો સમાજની ઉડવા દેને ઓ પંખીડા
કદીક તો વાત મારી સાંભળ ઓ..

આ સાંભળી પંખી બોલ્યું,
સમાજના બંધન તોડવા તારા હાથમાં નથી ઓ માનવી
જીવે છે ત્યાં જ શાંતિથી જીવી લે ઓ માનવી
જાણે છે ભ્રમ છે, છતાં ભ્રમમાં ભ્રમણ કરી લે ઓ માનવી
ને ફરી એક વાર ફર...ર...ર... ઉડી ગયું દૂર...દૂર...
એને અનિમેષ નયને હું તાકી રહ્યો
તાકી રહ્યો... તાકી જ રહ્યો...
ને સ્વગત બબડક્યો
કદીક તો મારી વાત સાંભળ ઓ પંખીડા.

— અશ્વિન શાહ

|| Jai Jinendra ||
Ankit Shah
9512791651
SAMBHAV
MEDICAL STORES
GOVERNMENT APPROVED DRUGGIST & CHEMIST
Kidney, Cancer, Diabetes, B.P. &
All Life Saving Medicines
Surgical Items &
Expensive Injections are available at
SPECIAL RATE
FREE HOME DELIVERY on
Medicines of Rs. 1500/- Within 3 Km Area
Upto20% Discount on Medicine
on Purchase of Rs. 1500/- & Above
GF-3, Oasis Complex, Off Ankur School,
Fatehpura, Paldi, Ahmedabad-380 007.

# સવાલ અમારો... જવાબ તમારો.....

મણકો ૩૯

સંકલન - સંયોજક : રજનીકાંત પારેખ

*અહીં ૧૦ પ્રશ્નો આપવામાં આવેલા છે. તે તમામના સાચા જવાબ આપવાના છે. સાચા જવાબો આપનાર વાચકોમાંથી લક્કી ડ્રો કરી પાંચ વાચકોને યોગ્ય ઈનામ આપવામાં આવશે. વધુમાં વધુ સંખ્યામાં ભાગ લેવા વિનંતી.*

*તો આવો, આ એક નવીનતમ શ્રેણીના જવાબ આપવા થઈ જાઓ તૈયાર... ઉઠાવો કલમ...*

**★ આપે આટલું કરવાનું છે :**

- *આપના જવાબો, અંક મળ્યેથી ૧૦ દિવસમાં સમાજના પાલડી ભવન કાર્યાલયે મોકલી આપવાના છે.*
- *કવર ઉપર "સવાલ અમારો – જવાબ તમારો" સ્પર્ધા લખવાનું છે.*
- *જવાબના પત્ર ઉપર આપનું નામ, સરનામું, મોબાઈલ નંબર લખવો.*
- *આ એક ઉત્તમ પ્રયાસ છે. થોડી મહેનત કરશો. શોધખોળ કરશો... પ્રયત્ન કરશો... આપના જાણીતા અને અનુભવેલા પ્રશ્નો છે. આપને જરૂર આવડશે... આપનું નામ પ્રસિધ્ધ થશે... આપને આનંદ આવશે. સમાજ પ્રત્યે દિલચસ્પી વધશે.*

*તો આવો, તૈયારી કરીએ... જવાબ લખવાની...*

## ● આ અંકના સવાલો ●

૧. તા. ________________ના રોજ અમદાવાદમાં પ્લેન ક્રેશની દુર્ઘટના બનેલ હતી. (૧-૬-૨૦૨૫, ૧૨-૬-૨૦૨૫, ૨૨-૬-૨૦૨૫)

૨. પ્લેન ક્રેશની દુર્ઘટનામાં ____________ વ્યક્તિઓ મૃત્યુ પામેલ હતી. (૨૪૧, ૨૪૨, ૨૭૮)

૩. વર્ષ ____________ માં કચ્છ બ્રાંચ કેનાલનું કામ ચાલુ કરાવ્યું. (૨૦૦૪, ૨૦૦૩, ૨૦૦૨)

૪. તા. ____________ ના રોજ વિશ્વ ટેલિકોમ્યુનિકેશન દિવસ ઉજવવામાં આવે છે. (૭-૫, ૨૭-૫, ૧૭-૫)

૫. ખજૂરીના ઝાડ ________________ મીટર ઊંચા હોય છે. (૧૦થી ૧૫, ૧૫થી ૨૫, ૨૦ થી ૨૫)

૬. બાર યેહૂદા ઍરપોર્ટ દરિયાની સપાટીથી __________ મીટર નીચું છે. (૪૧૮, ૪૭૮, ૩૭૮)

૭. અવકાશી સંશોધનની શરૂઆત તા. ________________ ના રોજ થયેલી. (૧-૮-૧૯૫૬, ૨-૯-૧૯૫૭, ૧-૧૦-૧૯૫૮)

૮. નાસાએ ____________ માં લેન્ડસેટ સેટેલાઈટ લૉન્ચ કરેલો. (૧૯૫૮, ૧૯૭૦, ૧૯૭૨)

૯. સરદારધામ અમદાવાદ ફેઝ-૧ માં ____________ દીકરાઓ માટે નિવાસની વ્યવસ્થા છે. (૪૦૦૦, ૩૦૦૦, ૨૦૦૦)

૧૦. જગતની વસ્તી ____________ કરોડ પર પહોંચી ગઈ છે. (૮, ૯૨૦, ૮૨૦)

## • જૂન – ૨૦૨૬ના અંકના મણકા–૩૮ ના સવાલોના સાચા જવાબો •

૧. **ચીન**ના સંશોધકોએ રણની રેતી અને બાયો પોલીમરના ઉપયોગથી કાગળ બનાવવાનો પ્રયોગ કરેલ છે.
૨. ટ્રસ્ટ મંડળની મીટિંગમાં શ્રી દેવેનભાઈ છેડા તથા શ્રી ભરતભાઈ સંઘવીની **કો-ઓપ્ટ ટ્રસ્ટી** તરીકે નિમણુંક કરવામાં આવી હતી.
૩. **બોપલ** સેન્ટર પોતાની લેબોરેટરીને અપગ્રેડ કરવા NABLનું સર્ટીફિકેટ લઈ આવવાની તૈયારી બતાવે છે.
૪. **દીપકભાઈ વોરા**ના માર્ગદર્શનથી સુજલામ સુફલામ યોજના અંતર્ગત શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટીમાં જલમંદિર બનાવવામાં આવી રહેલ છે.
૫. ડૉ. **ભરત ભગત**ને સોલા ભાગવત વિદ્યાપીઠના શ્રીનાથજીની પ્રેરણા પ્રાપ્ત થઈ.
૬. ભગવાન મહાવીરનો જન્મ **કુંડલપુર** ખાતે થયો હતો.
૭. શ્રી માંડવગઢ તીર્થમાં **શ્રી સુપાર્શ્વનાથ** ભગવાન બિરાજમાન છે.
૮. તા. **૯ એપ્રિલ ૨૦૨૬**ના રોજ નવકાર મહામંત્રના અનુષ્ઠાનનું આયોજન કરવામાં આવ્યું.
૯. મુખપત્ર 'મંગલ મંદિર'ના સહતંત્રી **શ્રી દિનેશ મહેતા** છે.
૧૦. એન્યુઅલ સ્ટાફ મીટિંગ ૨૦૨૬ના કાર્યક્રમમાં સમાજના **૨** સભ્યોએ તેમના પ્રતિભાવ આપેલ છે.

*આપના જવાબો 'મંગલ મંદિર'ના છાપેલા કાગળ અથવા તેની ઝેરોક્સમાં જ મોકલશો. હાથે લખેલા ઉત્તરને ધ્યાનમાં લેવામાં આવશે નહીં.*

**મણકા-૩૮ (મંગલ મંદિર જૂન-૨૦૨૬ના અંકમાં પૂછાયેલા પ્રશ્નો)ના સાચા જવાબ આપનાર ભાગ્યશાળીઓના નામ નીચે મુજબ છે.**

૧. ફાલ્ગુની ડી. શાહ – નવરંગપુરા, અમદાવાદ
૨. નીલમ હિતેશ સંઘવી – શાહીબાગ, અમદાવાદ
૩. ગિરીશ દામજી પોલડિયા – સેટેલાઈટ, અમદાવાદ
૪. ક્રિષા નીલેશભાઈ કારાણી – બેંગ્લોર
૫. નીલેશ દીપકભાઈ કારાણી – બેંગ્લોર
૬. ચંદ્રા મહેન્દ્ર શાહ – પ્રહલાદનગર, અમદાવાદ
૭. સ્મિતા વિશાલ શાહ – પ્રહલાદનગર, અમદાવાદ
૮. દમયંતી દિલીપ દંડ – નારાણપુરા, અમદાવાદ
૯. અરવિંદ જયંતીલાલ ભટ્ટ – બોપલ, અમદાવાદ
૧૦. મહેન્દ્ર ડી. પૂજ – પાલડી, અમદાવાદ
૧૧. કામિની સ્નેહલભાઈ શેઠ – નવા વાડજ, અમદાવાદ
૧૨. અશોક વી. શાહ – ગાંધીનગર
૧૩. અલ્પા અમરેશ સંઘવી – પાલડી, અમદાવાદ
૧૪. ધર્મેશ અમરેશ સંઘવી – પાલડી, અમદાવાદ
૧૫. માનસી મંથન – રાણીપ, અમદાવાદ
૧૬. હેમાબેન જગતકુમાર શાહ – પાલડી, અમદાવાદ
૧૭. દિશા પટેલ – પાલડી, અમદાવાદ
૧૮. છાયા પટેલ – પાલડી, અમદાવાદ
૧૯. મિત્તલ એ. પટેલ – પાલડી, અમદાવાદ
૨૦. વંદના ટી. શાહ – પાલડી, અમદાવાદ
૨૧. મીનાક્ષી રજનીકાંત પારેખ – પાલડી, અમદાવાદ
૨૨. ઝરણા હેમાંગ પારેખ – પાલડી, અમદાવાદ
૨૩. નેહા ભાવેશ પારેખ – પાલડી, અમદાવાદ
૨૪. કુશલકુમાર બી. શાહ – પ્રહલાદનગર, અમદાવાદ
૨૫. અલ્પા એસ. શાહ – પાલડી, અમદાવાદ
૨૬. કિરણ મોહનલાલ શાહ – શેલા, અમદાવાદ
૨૭. હેતા કેતન દલાલ – સિંધુભવન રોડ, અમદાવાદ
૨૮. નવનીત ત્રિકમલાલ પટેલ – બોપલ, અમદાવાદ
૨૯. ઉર્મિલા નવનીત પટેલ – બોપલ, અમદાવાદ
૩૦. રીદ્ધિ આશિષ પરીખ – બોપલ, અમદાવાદ
૩૧. જ્યોતિ એલ. શાહ – મણિનગર, અમદાવાદ
૩૨. નરેન્દ્ર પ્રજાપતિ – પાલડી, અમદાવાદ
૩૩. અલ્કા દિનેશભાઈ વોરા – સેટેલાઈટ, અમદાવાદ
૩૪. મૈત્રી રીંકેશ જૈન – સેટેલાઈટ, અમદાવાદ
૩૫. ખુશી વિનીત દોશી – મુંબઈ
૩૬. નિકિતા સૌરભ શાહ – નારાણપુરા, અમદાવાદ

*ઉપરોક્ત નામોમાંથી ડ્રો કરવામાં આવતા નીચે મુજબના ૫ ભાગ્યશાળીઓ ઈનામને પાત્ર થયેલ છે.*

| | | | |
|---|---|---|---|
| ૧. | ફાલ્ગુની ડી. શાહ | – નવરંગપુરા, અમદાવાદ | મો. ૯૪૨૯૮ ૧૩૬૬૭ |
| ૨. | કામિની સ્નેહલભાઈ શેઠ | – નવા વાડજ, અમદાવાદ | મો. ૯૨૨૮૧ ૭૯૬૫૩ |
| ૩. | હેમાબેન જગતકુમાર શાહ | – પાલડી, અમદાવાદ | મો. ૬૩૫૪૩ ૧૧૦૮૯ |
| ૪. | ઉર્મિલા નવનીત પટેલ | – બોપલ, અમદાવાદ | મો. ૭૯૯૦૮ ૬૭૬૮૨ |
| ૫. | નિકિતા સૌરભ શાહ | – નારાણપુરા, અમદાવાદ | મો. ૯૭૨૭૧ ૫૫૧૧૦ |

*આ ભાગ્યશાળીઓએ પોતાના ઈનામ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી, અમદાવાદ ખાતેથી મેળવી લેવા વિનંતી કરવામાં આવે છે.*

**નોંધ :**

*(૧) આ પ્રશ્નો સમાજ, સમાજની પ્રવર્તમાન પ્રવૃત્તિ અને સમાજને લગતા પૂછવામાં આવ્યા છે. સમાજના મુખપત્ર તથા સમાજના સાહિત્યનો અભ્યાસ કરવાથી જવાબો મળી જશે. (૨) સૌને સમાજની કાર્ય પ્રવૃત્તિમાં જોડવા અને ઓતપ્રોત કરવા સમાજને સ્પર્શતા પ્રશ્નો પૂછવામાં આવ્યા છે. (૩) આ કોલમ / મણકા સંબંધી આપનાં કોઈ સૂચન હોય તો આવકાર્ય છે.*

## કચ્છવિષયક વૈવિધ્યપૂર્ણ પુસ્તકો

| | | |
|---|---|---|
| કચ્છીકથાઓ | સ્વામી સચ્ચિદાનંદ | 200 |
| કચ્છીબોલી | મહેન્દ્ર સાકરચંદ દોશી | 140 |
| ધીણોધર સંભરન (કચ્છ વિષયક વાર્તાઓ, નિબંધો) | સંપા. વીનેશ અંતાણી | 240 |
| કચ્છનું સંસ્કૃતિદર્શન | રામસિંહજી કા. રાઠોડ | 1000 |
| છેલ્લાં હજાર વર્ષનું કચ્છ | હરેશ ધોળકિયા | 110 |
| કચ્છ કેટલાંક અવલોકનો | હરેશ ધોળકિયા | 110 |
| ત્રિનેત્ર તેજ (કચ્છી મુક્તકો) | તેજપાલ ધા. શાહ, અનુ. કાશ્મીરા મહેતા | 150 |
| પરગણું (નવલકથા) | કાશીરામ વિ. પ્રજાપતિ | 270 |
| મહાબલિદાન | ગુણવંતરાય આચાર્ય | 325 |
| ગરવાઈ (કચ્છી મહિલાઓ વિશે ચરિત્રલેખો) | પૂજા કશ્યપ | 320 |













## ધ્યાન અને યોગ વિષયક સૌને ઉપયોગી સાહિત્ય

### સ્વામી અધ્યાત્માનંદ

| | |
|---|---|
| યોગ એ જ જીવન | 280 |
| જીવનયોગ | 150 |
| યોગ અને આરોગ્ય | 250 |
| યોગ અને સ્વાસ્થ્ય | 180 |
| योग और स्वास्थ्य | 350 |
| Yoga A way of life | 300 |
| Yoga for Better Living | 125 |
| Yoga and Health | 300 |

### ભાણદેવ

| | |
|---|---|
| શિક્ષણ અને યોગ | 75 |
| યૌગિક શોધનકાર્ય | 100 |
| યૌગિક બંધ અને મુદ્રા | 125 |
| અંતરંગ યોગ | 150 |

### ડૉ. હર્ષદ ભટ્ટ

| | |
|---|---|
| યોગશિક્ષણમાં શરીરરચના અને ક્રિયાવિજ્ઞાન | 225 |
| યોગમાં વિજ્ઞાન | 170 |













### સ્વામી શિવાનંદ

| | |
|---|---|
| યોગના પાઠ (પુ. 26) | 600 |

### પંકજ ભટ્ટ

| | |
|---|---|
| યોગ અને વ્યક્તિત્ત્વવિકાસ | 100 |

### શ્રી માતાજી

| | |
|---|---|
| યોગમાં સ્વાસ્થ્ય અને સારવાર | 150 |

### મહેન્દ્ર રાવલ

| | |
|---|---|
| શ્વાસથી સિદ્ધિ | 125 |

### શ્રી એમ, અનુ. નીતિન ભટ્ટ

| | |
|---|---|
| ધ્યાન વિશે ચિંતન | 200 |

### અરુણ ઠાકર

| | |
|---|---|
| યોગવિદ્યા | 280 |

### સાવિત્રી વ્યાસ

| | |
|---|---|
| મુક્તિપથના પ્રવાસી | 110 |

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

આ પુસ્તકોનાં પ્રાપ્તિ-સ્થાનો

**ગૂર્જર સાહિત્ય ભવન**
રતનપોળનાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ 380001
ફોન : 07922144663, 09227055777 e-mail : goorjar@yahoo.com
Website : www.gurjarbooks.com

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**
102, લૅન્ડમાર્ક બિલ્ડિંગ, સીમા હૉલ સામે, પ્રહ્લાદનગર, અમદાવાદ-380015
ફોન : 26934340, 98252 68759 Email. : gurjarprakashan@gmail.com

## NanoNine® શબ્દ રમત-૨૩૨

*સંકલન : રજનીકાંત પારેખ*

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | | ૪ | | ૫ | ૬ | | ૭ | ૮ |
| ૯ | | | ૧૦ | ૧૧ | | | | ૧૨ | ૧૩ | | |
| | | | ૧૪ | | | | ૧૫ | | | | |
| | ૧૬ | ૧૭ | | | | ૧૮ | | | | | ૧૯ |
| ૨૦ | | | | ૨૧ | | | | | | ૨૨ | |
| | ૨૩ | | ૨૪ | | | ૨૫ | | | ૨૬ | | |
| ૨૭ | | | ૨૮ | | ૨૯ | | | ૩૦ | | | |
| ૩૧ | ૩૨ | ૩૩ | ૩૪ | | ૩૫ | | ૩૬ | | | | |
| ૩૭ | | | | | ૩૮ | ૩૯ | | | | | ૪૦ |
| | | | | | | | | | ૪૧ | | |
| ૪૨ | | | ૪૩ | | ૪૪ | ૪૫ | | | ૪૬ | | |
| ૪૭ | | | | | ૪૮ | | | | | | |

શબ્દ રમત ભરનારનું નામ : ______________________

સરનામું : ______________________

______________________ ફોન/મો. ______________________

*આપશ્રીના જવાબો તા. ૩૧-૦૭-૨૦૨૬ સુધીમાં શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલાવવા વિનંતી.*

### આડી ચાવીઓ

૧. ઘેર બેઠા કરી શકાય એવો ઉદ્યોગ (૪)
૫. ગાય, ગૌમાતા (૨)
૭. દુઃખ, શોક, ખામોશી (૨)
૯. મક્કા-મદીનાની યાત્રા (૨)
૧૦. તબલાં - નગારા વગાડનાર (૪)
૧૨. કારીગરી, કસબ, બનાવટ, ચમત્કાર (૪)
૧૪. જેમાં પગ મૂકતાં કળી જવાય એવી જમીન (૩)
૧૫. સંસ્થાન, કોલોની, વસવાનું સ્થાન (૪)
૧૬. વૃદ્ધ, પાકી ઉંમરનું (૩)
૧૮. સુખડનું લાકડું (૩)
૨૦. છોકરીઓને પહેરવાનું એક વસ્ત્ર (૩)
૨૧. જન્મારો, સંસાર (૨)
૨૨. વસ્ત્રોનો વણાટ (૨)
૨૩. કમ તાકાત, દુર્બળ (૪)
૨૬. લટકા, શૃંગારિક ચેષ્ટા (૩)
૨૮. રાતે ક્યાંક મુકામ કરવો તે (૪)
૩૦. અડચણ, વિઘ્ન (૪)
૩૧. પક્ષીઓનો મધુર અવાજ (૪)
૩૬. ઈસ્લામી ન્યાયાધીશ (૨)
૩૭. શરાબનો એક પ્રકાર (૨)
૩૮. જૈનોનો એક મંત્ર (૪)
૪૧. વાસના, મનોભાવ, ઈચ્છા (૩)
૪૨. ધર્મના માટે લડનાર (અ) (૨)
૪૩. હાર, શ્રેણી, ઘણા સમયથી ચાલી આવતો રિવાજ (૪)
૪૬. મુલાકાત, મિલાપ, મળવું તે (૩)
૪૭. ગંદુ સ્થાન, ગંદવાડો (૪)
૪૮. ગજ ગતિથી ચાલનારી (૫)

### ઊભી ચાવીઓ

૧. સંસારી માણસ (૩)
૨. પાણીનો કુંડ (૨)
૩. નવાઈનો બનાવ (૪)
૪. ચલણી નાણું, કરન્સી (૩)
૬. ધંધામાં ખોટ જવી (૪)
૭. વિનોદ, મજા, હર્ષ (૩)
૮. અભિપ્રાય (૨)
૧૧. તાકાત, શક્તિ, જોર (૨)
૧૩. રસ્તો (૨)
૧૫. ચહેરો, મુખાકૃતિ (૩)
૧૬. ગ્રાહક, કસ્ટમર (૩)
૧૭. ગણિતના દાખલાની સંખ્યા (૩)
૧૯. આડે આવતું, વિઘ્નકર્તા (૪)
૨૧. કૈકેયીનો પુત્ર, રામનો ભાઈ (૩)
૨૨. પીળા રંગનું એક રત્ન (૪)
૨૪. તાકાતવાન, શક્તિવાન, જોરદાર (૪)
૨૫. દિવાળી તહેવારનો ગુજરાતી મહિનો (૨)
૨૬. નવું નમેલું (૨)
૨૭. વિદૂષક, મશ્કરો (અં) (૩)
૨૯. ભગવાન વિષ્ણુનો પાંચમો અવતાર (૩)
૩૦. એક સૂકો મેવો (૩)
૩૧. હાથ, વેરો (૨)
૩૨. માથાઝીંક (૫)
૩૪. વરરાજા, પતિ, વરદાન (૨)
૩૫. અંતઃકરણ, દિલ, ઈચ્છા, મરજી (૨)
૩૬. પિતાના નાના ભાઈ (૨)
૩૯. વનનો રાજા સિંહ (૪)
૪૦. પાઈનેપલ (૪)
૪૧. કામની સુંદરી, કામા (૩)
૪૨. અંતરનું એક પરિમાણ, બે માઈલ (૨)
૪૩. મોટું પડીકું કે ઝૂડો (૨)
૪૪. ચાલવાનો અવયવ (૨)
૪૫. રાજા (૨)

***નોંધ** : "શબ્દ રમત" તથા "સુડોકુ"ની સ્પર્ધામાં ભાગ લેનારે તેમના જવાબ નિયત સમય મર્યાદામાં શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મળી જાય તે રીતે મોકલી આપવા વિનંતી. સમય મર્યાદા પછી મળનાર જવાબો મોકલનાર વ્યક્તિઓને ઈનામો આપવા માટે ગણતરીમાં લેવામાં આવશે નહીં.*

## NanoNine® શબ્દ રમત-૨૩૧નો ઉકેલ

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| પ્રા | સા | દ | ■ | સેં | થી | ■ | શિ | બિ | ર | ■ | ર |
| ર | મ | લ | ■ | ■ | ર | શિ | યા | ■ | ■ | પ | થ |
| બ્ધ | ■ | પ | તે | તી | ■ | ખ | ળ | ખ | ળા | ટ | ■ |
| ■ | શાં | તિ | ■ | રં | ■ | ર | ■ | બ | ■ | લા | જ |
| વ | ર્ગ | ■ | મ | દા | ર | ■ | સ | ર | વા | ણી | ■ |
| ત્સ | ■ | અં | ગ | જ | ■ | ત્વ | રા | ■ | લો | ■ | છ |
| ર | વિ | ■ | ર | ■ | ન | ■ | ■ | ગો | ળ | ધા | ણા |
| ■ | કા | ન | મ | ■ | ર | વિ | ■ | ર | ■ | ન | વ |
| તા | સ | ■ | ચ્છ | ■ | ■ | સ | મિ | ધ | ■ | ■ | ટ |
| લા | ■ | ગ | ■ | ■ | સ્વ | ર્ગ | ■ | ન | મ | ણ | ■ |
| વે | પા | ર | ■ | ક | ચ્છ | ■ | ર | ■ | ચ્છ | ■ | મ |
| લી | ■ | જ | ■ | ■ | તા | ર | ણ | હા | ર | ■ | જા |

*મે-૨૦૨૬ના અંકમાં છપાયેલ નેનો શબ્દ-રમત ૨૩૦ના બધા સાચા ઉકેલ મોકલાવનારના નામ*

૧. સરલા ચંદ્રકાંત શાહ – અમદાવાદ
૨. ચંદ્રા મહેન્દ્ર શાહ – અમદાવાદ
૩. સ્મિતા વિશાલ શાહ – અમદાવાદ
૪. મહેન્દ્ર ડી. પૂજ – અમદાવાદ
૫. દમયંતી દિલીપ દંડ – અમદાવાદ
૬. અરવિંદ જયંતીલાલ ભટ્ટ – બોપલ, અમદાવાદ
૭. સિમ્પલ અલ્કેશ શાહ – અમદાવાદ
૮. હંસાબેન ઠાકોર – અમદાવાદ
૯. પ્રવીણ જેતશી દંડ – અમદાવાદ
૧૦. મીનાક્ષી રજનીકાંત પારેખ – અમદાવાદ
૧૧. ઝરણા હેમાંગ પારેખ – અમદાવાદ
૧૨. નેહા ભાવેશ પારેખ – અમદાવાદ
૧૩. કામિની સ્નેહલભાઈ શેઠ – અમદાવાદ
૧૪. લક્ષ્મી મહેશકુમાર ખત્રી – અમદાવાદ
૧૫. ચેતના પ્રફુલચંદ્ર વોરા – અમદાવાદ
૧૬. તૃપ્તિ વસંત સાવલા – અમદાવાદ
૧૭. જયશ્રી મોહન સાવલા – અમદાવાદ
૧૮. સંપ્રિતા જે. ચોક્સી – અમદાવાદ
૧૯. શાંતિલાલ રામજી લાલકા – હુબલી (કર્ણાટક)
૨૦. પ્રભા મહેન્દ્ર શેઠિયા – વલસાડ

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલાવનારમાંથી લક્કી ડ્રૉ કરતાં બે વિજેતાઓના નામ નીચે પ્રમાણે છે. તેમણે પોતાના ઈનામ સમાજના પાલડી ખાતેના કાર્યાલયમાંથી મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧ (સમય : સવારે ૯ થી ૧૨, સાંજે ૪ થી ૫) પર જાણ કરી મેળવી લેવા વિનંતી છે.*

__*વિજેતા*__ : (૧) ચેતના પ્રફુલચંદ્ર વોરા – અમદાવાદ
(૨) સંપ્રિતા જે. ચોક્સી – અમદાવાદ

**મે-૨૦૨૬ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૧૮૮ના બધા સાચા ઉકેલ મોકલનારનાં નામ**

૧. ચંદ્રા મહેન્દ્ર શાહ – અમદાવાદ
૨. સ્મિતા વિશાલ શાહ – અમદાવાદ
૩. મહેન્દ્ર ડી. પૂજ – અમદાવાદ
૪. અરવિંદ જયંતીલાલ ભટ્ટ – બોપલ, અમદાવાદ
૫. સિમ્પલ અલ્કેશ શાહ – અમદાવાદ
૬. હંસાબેન ઠાકોર – અમદાવાદ
૭. મીનાક્ષી રજનીકાંત પારેખ – અમદાવાદ
૮. ઝરણા હેમાંગ પારેખ – અમદાવાદ
૯. નેહા ભાવેશ પારેખ – અમદાવાદ
૧૦. કામિની સ્નેહલભાઈ શેઠ – અમદાવાદ
૧૧. ધ્રુવ પંકજકુમાર ગાલા – અમદાવાદ
૧૨. નયના જય ગોગરી – અમદાવાદ
૧૩. કાવ્યા વસંત સાવલા – અમદાવાદ
૧૪. મીનાબેન ધનેશભાઈ ખરીદીયા– અમદાવાદ
૧૫. ઈંદુબેન મનુભાઈ પટેલ – અમદાવાદ
૧૬. સુશાંત મોહન સાવલા – અમદાવાદ
૧૭. સંપ્રિતા જે. ચોક્સી – અમદાવાદ
૧૮. નીના અશોકભાઈ ગોરજી – અમદાવાદ
૧૯. સરોજ જયેશ શાહ – અમદાવાદ
૨૦. પ્રભા મહેન્દ્ર શેઠિયા – વલસાડ
૨૧. દ્રવ્ય પીયૂષ મોરબીયા – અમદાવાદ
૨૨. નયના ઉદય કારાણી – અમદાવાદ
૨૩. પારસ ગુણવંતલાલ શાહ – મુંબઈ

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલાવનારાઓમાંથી લક્કી ડ્રૉ કરતાં બે વિજેતાઓના નામ નીચે જણાવેલ છે. તેમણે પોતાના ઈનામ પાલડી ભવન ખાતેના કાર્યાલયમાંથી મોબાઈલ : ૯૮૯૮૦ ૫૩૫૨૧ (સમય સવારે ૯ થી ૧૨, સાંજે ૪ થી ૫) ફોન પર જાણ કરી મેળવી લેવા વિનંતી છે.*

__*વિજેતા*__ :

(૧) સિમ્પલ અલ્કેશ શાહ – અમદાવાદ
(૨) ધ્રુવ પંકજકુમાર ગાલા – અમદાવાદ

**ચૌલા કુરૂવા અને પ્રમીલા કુરૂવા ફાઉન્ડેશનના પ્રકાશનો**

■ આનંદ મંગલ : ......... 100/-
■ સત્યમ્ શિવમ્ સુંદરમ્ : ......... 100/-
■ આરોગ્યના અમૃત : ......... 150/-
■ આરોગ્ય હેલ્થ ટીપ્સ : ......... 100/-
■ સફળતા : .......... 75/-
■ પહેલું સુખ તે જાતે નર્યા : .......... 70/-
■ ગીત ગુંજન : ....... 150/-
■ સાપસીડી : ....... 250/-

WhatsApp 99130 12120

## NanoNine™ Sudoku

**મે-૨૦૨૬ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૧૮૮ના ઉકેલ મોકલનારનાં નામ માટે જુઓ પાના નં. – ૪૦**

જુઓ પાના નં. – ૪૦

## ભારતના શહેરોની વસ્તીની પરિસ્થિતિ

એક અહેવાલ મુજબ ભારતના શહેરમાં રહેનાર દર છઠ્ઠી વ્યક્તિ ઝુંપડી અથવા તો પછાત વિસ્તારમાં રહેવા મજબૂર છે. સરેરાશ જોવા જઈએ તો શહેરોની ૧૭ ટકા વસ્તી ઝુંપડામાં જ રહે છે.

મુંબઈમાં આવેલ "ધારાવી" વિશ્વની સૌથી મોટી ઝુંપડપટ્ટી છે. અહિંયા ૧૫ લાખ કરતાં વધારે લોકો રહે છે.

તેવી જ રીતે કોલકાતાની એક તૃતિયાંશ વસ્તી ઝુંપડા અથવા તો સ્લમ વિસ્તારમાં રહેવા માટે મજબૂર છે. અહિંયા "બસંતી સ્લમ" ખૂબ જ મોટો વિસ્તાર છે, જ્યાં લાખો લોકો સુવિધા વગરની જિંદગી પસાર કરે છે.

ચેન્નાઈની ૨૮ ટકા વસ્તી સ્લમ વિસ્તારોમાં રહે છે.

દિલ્હીમાં 'જે. જે. ક્લસ્ટર્સ' અને યમુના કિનારે 'ભલસ્વા' જેવા સ્લમ વિસ્તારમાં લોકો અત્યંત દુર્ગંધ મારતા પાણી અને કચરા વચ્ચે રહેવા માટે મજબૂર છે.

## NanoNine® Sudoku

રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

*સુડોકુ ક્રમાંક-૧૧૯૦ અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને 'મંગલ મંદિર' કાર્યાલય પર તા. ૩૧-૦૭-૨૦૨૬ સુધીમાં મોકલી આપવા વિનંતી.*

સુડોકુ ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________ ફોન/મોબાઈલ : ____________________

### ક્રમાંક - ૧૧૯૦

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 4 | | 3 | | | | | 8 | 2 |
| | | | 1 | 4 | | 3 | 7 | |
| 1 | | 2 | | 8 | 3 | | 5 | 9 |
| 6 | | 7 | | | 8 | | 3 | 1 |
| 2 | | 4 | 9 | 3 | 1 | 7 | | 5 |
| | 3 | | 2 | | | | | 4 |
| 3 | 4 | | | 2 | | 5 | | 8 |
| | 2 | 6 | | 1 | 5 | | | |
| 7 | 1 | | | | | 6 | | 3 |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 3 | | | | | 7 | | 6 | 5 |
| 1 | 8 | 5 | | | 2 | 9 | | |
| | | | | 8 | 5 | | 4 | |
| 4 | | 9 | 2 | 7 | | 6 | 1 | |
| | 1 | | 5 | | 8 | | 9 | |
| | 3 | 8 | | 9 | 1 | 2 | | 4 |
| | 9 | 3 | 7 | 5 | | 4 | | |
| | 2 | | | | | 5 | 7 | 9 |
| 5 | 7 | | 1 | | 9 | | | 6 |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 7 | | 9 | 1 | | 5 | | 8 |
| | 9 | 8 | 4 | | 3 | | 6 | |
| | 4 | | | 8 | | 9 | | 2 |
| 3 | | 4 | 7 | 9 | | | | 6 |
| | | 9 | 6 | | 2 | 4 | | |
| | | 2 | | 4 | 1 | 8 | | 9 |
| 6 | | | | 7 | | | 9 | 4 |
| | 2 | | 1 | | 4 | | 8 | |
| 4 | | 5 | 2 | | 9 | 3 | 1 | |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | 3 | 1 | 9 | 2 |
| 9 | | | 1 | 2 | | 5 | | |
| | 6 | 2 | 9 | | 4 | | 3 | |
| | 1 | | | 6 | | 2 | | 9 |
| | 2 | | 4 | 9 | 5 | | 1 | |
| 8 | | 9 | | 7 | | | 6 | |
| | 4 | | 5 | | 6 | 9 | 8 | |
| | | 3 | | 1 | 9 | | | |
| 5 | 9 | 1 | 8 | | | 6 | 7 | 3 |

### ઉકેલ : ક્રમાંક - ૧૧૮૮

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 8 | 1 | 5 | 4 | 2 | 3 | 9 | 7 | 6 |
| 2 | 9 | 6 | 1 | 7 | 5 | 4 | 8 | 3 |
| 4 | 7 | 3 | 8 | 9 | 6 | 2 | 1 | 5 |
| 1 | 6 | 4 | 5 | 3 | 8 | 7 | 2 | 9 |
| 5 | 2 | 7 | 6 | 1 | 9 | 3 | 4 | 8 |
| 3 | 8 | 9 | 7 | 4 | 2 | 5 | 6 | 1 |
| 9 | 4 | 8 | 3 | 6 | 7 | 1 | 5 | 2 |
| 7 | 5 | 2 | 9 | 8 | 1 | 6 | 3 | 4 |
| 6 | 3 | 1 | 2 | 5 | 4 | 8 | 9 | 7 |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 5 | 3 | 8 | 4 | 2 | 7 | 6 | 1 | 9 |
| 6 | 4 | 9 | 1 | 5 | 8 | 3 | 7 | 2 |
| 2 | 1 | 7 | 6 | 9 | 3 | 4 | 8 | 5 |
| 8 | 6 | 1 | 3 | 4 | 9 | 2 | 5 | 7 |
| 9 | 2 | 4 | 7 | 6 | 5 | 1 | 3 | 8 |
| 3 | 7 | 5 | 8 | 1 | 2 | 9 | 6 | 4 |
| 7 | 8 | 2 | 9 | 3 | 6 | 5 | 4 | 1 |
| 4 | 5 | 3 | 2 | 8 | 1 | 7 | 9 | 6 |
| 1 | 9 | 6 | 5 | 7 | 4 | 8 | 2 | 3 |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 9 | 2 | 8 | 7 | 4 | 6 | 5 | 3 | 1 |
| 4 | 5 | 1 | 2 | 3 | 8 | 7 | 9 | 6 |
| 7 | 3 | 6 | 9 | 5 | 1 | 4 | 2 | 8 |
| 2 | 1 | 7 | 8 | 6 | 9 | 3 | 4 | 5 |
| 8 | 4 | 3 | 1 | 2 | 5 | 6 | 7 | 9 |
| 6 | 9 | 5 | 3 | 7 | 4 | 8 | 1 | 2 |
| 5 | 7 | 9 | 6 | 1 | 3 | 2 | 8 | 4 |
| 3 | 8 | 4 | 5 | 9 | 2 | 1 | 6 | 7 |
| 1 | 6 | 2 | 4 | 8 | 7 | 9 | 5 | 3 |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 8 | 6 | 9 | 7 | 4 | 3 | 1 | 2 | 5 |
| 1 | 7 | 5 | 2 | 8 | 9 | 6 | 3 | 4 |
| 4 | 2 | 3 | 1 | 5 | 6 | 7 | 9 | 8 |
| 9 | 1 | 2 | 6 | 7 | 5 | 4 | 8 | 3 |
| 5 | 4 | 7 | 3 | 1 | 8 | 2 | 6 | 9 |
| 6 | 3 | 8 | 9 | 2 | 4 | 5 | 1 | 7 |
| 3 | 9 | 4 | 5 | 6 | 1 | 8 | 7 | 2 |
| 7 | 8 | 6 | 4 | 9 | 2 | 3 | 5 | 1 |
| 2 | 5 | 1 | 8 | 3 | 7 | 9 | 4 | 6 |

Nano 9® kitchenware in new avatar

NanoNine® INNOVATIVE KITCHENWARE Bana De Life Aasaan!

Mfg By: Shree Balaji Metal Industries, Vasai.
: (+91) 88792 99950 | E: care@nanonine.in | W: www.nanonine.in

AHMEDABAD: Authorised Distributors: Devam Enterprises : M. 96385 21024, 97245 00513
MUMBAI: Authorised Distributors: Vasant Marketing: (+91) 98206 72501 / KK Associates: (+91) 93234 04736

*With Best Compliments From*

**APAXON**

**HEALTHCARE**

B-3, Sunrise Shopping Center, B/s. Sales India,

Nr. Asia School, Drive-in Road,

Ahmedabad-380 052.

**Mobile : 84698 35054**

# થાળીમાં શું છે? સ્વાદ કે ભેળસેળ!

અતુલ સોની
પૂર્વ ફૂડ લેબોરેટરી ઓફિસર

સવારની ચા સાથેનું દૂધ, બપોરના ભોજનમાં વપરાતું તેલ, રસોડાના મસાલા અને તહેવારોની મીઠાઈઓ —આપણા રોજિંદા જીવનનો અભિન્ન ભાગ છે. પરંતુ એક પ્રશ્ન દરેક ગ્રાહકે પોતાની જાતને પૂછવો જોઈએઃ શું આપણે જે ખાઈ રહ્યા છીએ તે ખરેખર શુદ્ધ છે?

પણ આધુનિક જીવનમાં ખાદ્ય સુરક્ષા માત્ર સરકારની જવાબદારી નથી, પરંતુ દરેક ગ્રાહકની જાગૃતિ એટલી જ જરૂરી છે. ગુજરાત સહિત દેશભરમાં દૂધ, ઘી, તેલ, મસાલા અને મીઠાઈ જેવા રોજિંદા પદાર્થોમાં ભેળસેળના કિસ્સાઓ સમયાંતરે સામે આવતા રહે છે. દેખાવમાં આકર્ષક અને સસ્તા લાગતા ખાદ્ય પદાર્થો ક્યારેક સ્વાસ્થ્ય માટે ગંભીર જોખમ બની શકે છે.

મીઠાઈઓમાં કૃત્રિમ રંગો, સ્ટાર્ચ અને નીચી ગુણવત્તાની ચરબીનો ઉપયોગ થતો જોવા મળે છે. દૂધમાં પાણી, ડિટર્જન્ટ અથવા કૃત્રિમ દૂધ જેવા તત્ત્વો ભેળવવામાં આવતા હોવાના બનાવો પ્રકાશમાં આવ્યા છે. ઘી અને તેલમાં સસ્તા તેલો અથવા કૃત્રિમ સુગંધ ઉમેરીને ગ્રાહકોને છેતરવામાં આવે છે. મરી, મરચું અને હળદર જેવા મસાલાઓમાં રંગ, ભૂકી અથવા અન્ય સસ્તી સામગ્રી ભેળવવાના કિસ્સાઓ પણ જોવા મળે છે.

તાજેતરના વર્ષોમાં "એનલોગ" અથવા "નકલી પનીર" પણ ચર્ચાનો વિષય બન્યું છે. કેટલાક સ્થળોએ દૂધના બદલે વનસ્પતિ ચરબી, સ્ટાર્ચ અને અન્ય ઘટકો વડે પનીર જેવા દેખાતા ઉત્પાદનો વેચાતા હોવાનું જાણવા મળ્યું છે. આવા જંતુનાશક દવાઓના અવશેષો પણ ચિંતાનો વિષય છે. લાંબા ગાળે આવા અવશેષોના વધુ પ્રમાણમાં સેવનથી યકૃત, કિડની, હોર્મોનલ તંત્ર અને નર્વસ સિસ્ટમ પર પ્રતિકૂળ અસર પડી શકે છે.

### • દૂધ અને દૂધજન્ય પદાર્થોમાં ભેળસેળ

દૂધને સંપૂર્ણ આહાર ગણવામાં આવે છે, પરંતુ તેમાં પાણી, સ્ટાર્ચ, ડિટર્જન્ટ, યુરિયા અથવા કૃત્રિમ દૂધ જેવી ભેળસેળના બનાવો નોંધાયા છે. આવા પદાર્થો ખાસ કરીને બાળકો, વૃદ્ધો અને બીમાર વ્યક્તિઓ માટે નુકસાનકારક બની શકે છે.

માવો, પનીર અને ચીઝમાં પણ ભેળસેળ જોવા મળે છે. છેલ્લા કેટલાક વર્ષોમાં "એનલોગ પનીર" અથવા "નકલી પનીર" ચર્ચામાં રહ્યું છે. તે દેખાવમાં પનીર જેવું લાગે છે. પરંતુ દૂધના બદલે વનસ્પતિ ચરબી, સ્ટાર્ચ અને અન્ય સસ્તા ઘટકોમાંથી બનાવવામાં આવે છે. ગ્રાહકને તે પનીર તરીકે વેચવામાં આવે તો તે છેતરપીંડી ગણાય છે.

### • ઘી અને ખાદ્ય તેલ

ઘીનું નામ સાંભળતાં જ શુદ્ધતા અને પોષણનો વિચાર આવે છે. પરંતુ કેટલાક કિસ્સાઓમાં ઘીમાં સસ્તા તેલો, વનસ્પતિ ઘી અથવા કૃત્રિમ સુગંધ ભેળવવામાં આવે છે. તેવી જ રીતે ખાદ્ય તેલમાં પણ નીચી ગુણવત્તાના અથવા ભેળસેળયુક્ત તેલો મિશ્રિત કરવામાં આવે છે.

આવા તેલ અને ઘીનું લાંબા સમય સુધી સેવન હૃદયરોગ, કોલેસ્ટેરોલની સમસ્યા અને અન્ય ચયાપચય સંબંધિત રોગોનું જોખમ વધારી શકે છે.

### • મરી-મસાલા અને મીઠાઈઓ

હળદરને વધુ પીળી દેખાડવા કૃત્રિમ રંગો, મરચાંના પાવડરમાં રંગીન ભૂકી, ધાણાજીરામાં અન્ય સસ્તા પદાર્થો અને કાળા મરીમાં પપૈયાના બીજ ભેળવવાના કિસ્સાઓ નોંધાયા છે.

મીઠાઈઓમાં કૃત્રિમ રંગો, નીચી ગુણવત્તાની ચરબી અને કૃત્રિમ મીઠાશકારકોનો ઉપયોગ થતો હોય છે. ખાસ કરીને તહેવારો દરમિયાન માવો અને મીઠાઈની માંગ વધતાં ભેળસેળનું જોખમ પણ વધી જાય છે.

### • જંતુનાશક દવાઓના અવશેષો – એક અદૃશ્ય ખતરો

ખેતીમાં પાકને જીવાતોથી બચાવવા જંતુનાશક દવાઓનો ઉપયોગ જરૂરી છે, પરંતુ ભલામણ કરતાં વધુ માત્રામાં અથવા ખોટી રીતથી ઉપયોગ થાય ત્યારે તેના અવશેષો ફળો, શાકભાજી અને અનાજમાં રહી શકે છે.

લાંબા ગાળે આવા અવશેષો શરીરમાં એકઠા થતાં નીચેની સમસ્યાઓ સર્જાઈ શકે છેઃ

❊ યકૃત (લિવર) અને કિડની પર અસર
❊ હોર્મોનલ અસંતુલન
❊ નર્વસ સિસ્ટમને નુકસાન
❊ પ્રજનન ક્ષમતામાં ઘટાડો
❊ કેટલાક કિસ્સાઓમાં કેન્સરનું વધતું જોખમ

આથી ફળો અને શાકભાજીને વહેતા પાણીમાં સારી રીતે ધોવા અને શક્ય હોય ત્યાં સુધી ઋતુજન્ય તથા વિશ્વસનીય સ્ત્રોતમાંથી ખરીદવા જોઈએ.

- **ખાદ્ય પદાર્થ ખરીદતાં પહેલાં લેબલ પર શું વાંચવું?**

આજે બજારમાં મળતા મોટાભાગના પેકેજ્ડ ખાદ્ય પદાર્થો પર ઘણી માહિતી લખેલી હોય છે, પરંતુ ઘણા ગ્રાહકો માત્ર કિંમત અથવા સમાપ્તિ તારીખ (Expiry Date) જ જુએ છે. હકીકતમાં લેબલ ગ્રાહકનો સૌથી વિશ્વસનીય માર્ગદર્શક છે.

**૧. ઉત્પાદનનું નામ** (Name of Food)

સૌ પ્રથમ ખાદ્ય પદાર્થનું સાચું નામ વાંચો. ઉદાહરણ તરીકે "પનીર", "પ્રોસેસ્ડ ચીઝ", "ચીઝ સ્પ્રેડ" અથવા "એનલોગ ચીઝ" અલગ-અલગ ઉત્પાદનો છે. માત્ર ચિત્ર જોઈને ખરીદી ન કરવી.

**૨. ઉત્પાદકની માહિતી**

ઉત્પાદક અથવા પેકરનું નામ, સરનામું અને સંપર્ક વિગતો આપેલી હોવી જોઈએ. આ માહિતી ફરિયાદ કે માહિતી મેળવવા માટે ઉપયોગી બને છે.

**૩. FSSAI લાઇસન્સ નંબર**

ભારતમાં વેચાતા પેકેજ્ડ ખાદ્ય પદાર્થો પર ૧૪ અંકનો FSSAI લાઈસન્સ નંબર ફરજિયાત છે. તે દર્શાવે છે કે ઉત્પાદક ખાદ્ય સુરક્ષા નિયમો હેઠળ નોંધાયેલ છે.

**૪. ઉત્પાદન તારીખ અને સમાપ્તિ તારીખ**

- ❊ Manufacturing Date (MFD)
- ❊ Use By/Expiry Date

સમાપ્તિ તારીખ પસાર થયેલા ખાદ્ય પદાર્થો ક્યારેય ન ખરીદવા.

**૫. નેટ વજન (Net Quantity)**

ઉત્પાદનમાં ખરેખર કેટલું વજન અથવા જથ્થો છે તે દર્શાવે છે. જુદા-જુદા બ્રાન્ડની કિંમતની સરખામણી કરતી વખતે પ્રતિ કિલો અથવા પ્રતિ લિટર કિંમત પણ ધ્યાનમાં લેવી.

**૬. ઘટકોની યાદી (Ingredients List)**

ઘટકો મોટા પ્રમાણથી નાના પ્રમાણના ક્રમમાં લખાયેલા હોય છે. જો ખાંડ, ગ્લુકોઝ સિરપ, વનસ્પતિ ચરબી અથવા કૃત્રિમ ઉમેરણો યાદીમાં ઉપર હોય, તો તે વધુ માત્રામાં હોઈ શકે છે.

**૭. પોષણ મૂલ્ય (Nutrition Information)**

સામાન્ય રીતે પ્રતિ ૧૦૦ ગ્રામ અથવા પ્રતિ સર્વિંગ મુજબ દર્શાવવામાં આવે છે.

- ❊ ઊર્જા (કેલેરીઝ)
- ❊ પ્રોટીન
- ❊ કાર્બોહાઈડ્રેટ
- ❊ ખાંડ
- ❊ ચરબી
- ❊ ટ્રાન્સ ફેટ
- ❊ સોડિયમ

ખાસ કરીને વધુ ખાંડ, મીઠું અને ટ્રાન્સ ફેટવાળા ઉત્પાદનો મર્યાદિત પ્રમાણમાં લેવા.

**૮. શાકાહારી કે માંસાહારી ઓળખ**

*ભારતમાં:*

લીલો ડોટ = શાકાહારી

લાલ/ભૂરો ડોટ = માંસાહારી

**૯. એલર્જન માહિતી (Allergen Information)**

દૂધ, સોયા, ઘઉં (ગ્લુટેન), મગફળી, ડ્રાયફ્રૂટ્સ વગેરે વિશેની ચેતવણી ખાસ કરીને એલર્જી ધરાવતા લોકો માટે મહત્ત્વપૂર્ણ છે.

**૧૦. દાવાઓ (Claims) સમજદારીથી વાંચો**

"Natural", "Pure", "Healthy", "Low Fat", "Sugar Free" જેવા શબ્દો હંમેશાં સંપૂર્ણ આરોગ્યપ્રદ હોવાની ખાતરી આપતા નથી. Nutrition Facts અને Ingredients List પણ તપાસો.

- **ગ્રાહકો માટે પાંચ સુવર્ણ નિયમ :**

- ❊ હંમેશાં FSSAI લાઈસન્સ નંબર તપાસો.
- ❊ ઉત્પાદન અને સમાપ્તિ તારીખ વાંચો.
- ❊ ઘટકોની યાદી જરૂર વાંચો.
- ❊ પોષણ માહિતી સમજીને પસંદ કરો.
- ❊ ખરીદીની રસીદ સાચવો.

***યાદ રાખો :*** પેકેટ પર લખેલી માહિતી વાંચવામાં ખર્ચાયેલી એક મિનિટ, ભવિષ્યમાં સ્વાસ્થ્ય સંબંધિત ઘણી સમસ્યાઓથી બચાવી શકે છે.

- **ગ્રાહક શું કરી શકે?**

ભેળસેળ સામે લડવામાં ગ્રાહક સૌથી મહત્ત્વની કડી છે.

- ❊ વિશ્વસનીય દુકાન અને પ્રમાણિત બ્રાન્ડમાંથી ખરીદી કરો.
- ❊ પેકેટ પર ઉત્પાદન તારીખ, લેબલ અને FSSAI

લાઈસન્સ નંબર તપાસો.

❊ ખરીદીની રસીદ અવશ્ય લો અને સાચવો.

❊ અસામાન્ય રંગ, ગંધ અથવા સ્વાદ જણાય તો ઉત્પાદનનો ઉપયોગ ટાળો.

❊ શંકાસ્પદ ખાદ્ય પદાર્થોની ફરિયાદ સંબંધિત સત્તાધિકારીઓને કરો.

❊ ઘરગથ્થુ સ્તરે શક્ય હોય ત્યાં સુધી સરળ ભેળસેળ પરીક્ષણો અંગે માહિતી મેળવો.

***અંતમાં....***

ભેળસેળ માત્ર કાયદાનો ભંગ નથી; તે લોકોના આરોગ્ય સાથેનો ખેલ છે. શુદ્ધ ખોરાક દરેક નાગરિકનો અધિકાર છે અને સુરક્ષિત ખોરાક પૂરો પાડવો દરેક ઉત્પાદકની જવાબદારી. પરંતુ જ્યાં સુધી ગ્રાહક જાગૃત નહીં બને, ત્યાં સુધી ભેળસેળ સામેની લડાઈ અધૂરી રહેશે.

ગ્રાહક તરીકે આપણું કર્તવ્ય છે કે પ્રમાણિત બ્રાન્ડ, વિશ્વસનીય દુકાનો અને યોગ્ય લેબલવાળા ઉત્પાદનો ખરીદીએ. ખરીદીની રસીદ સાચવવી, શંકાસ્પદ ખાદ્ય પદાર્થોની ફરિયાદ કરવી અને ખોરાક અંગે જાગૃત રહેવું એ સ્વસ્થ સમાજ તરફનું મહત્ત્વનું પગલું છે. યાદ રાખો – જાગૃત ગ્રાહક જ ભેળસેળ સામેનું સૌથી શક્તિશાળી હથિયાર છે.

***યાદ રાખો** : ચમકદાર દેખાવ કરતાં ગુણવત્તા વધુ મહત્વની છે. જાગૃત ગ્રાહક, સ્વસ્થ પરિવાર અને સુરક્ષિત સમાજનું નિર્માણ કરે છે.*

## મજા પડી

જંગલના રાજા સંગાથે ચાલવાની મજા પડી,
સાવ નજીક જઈ શ્વાસ રોકવાની મજા પડી.

આખું જંગલ ગૂંજે છે, જેની એક ગર્જનાથી,
લાકડીના સહારે એને ડરાવવાની મજા પડી.

ત્રાડ સાંભળી હાંજા ગગડે પોચા માણસના,
નજરમાં નજર મિલાવી જોવાની મજા પડી.

પ્યાર, મહોબ્બતને નથી નડતાં કોઈ સીમાડા,
સાવ અનોખો અનુભવ માણવાની મજા પડી.

'કેતુ' ગુમાની માણસ નાહક ફરે છે ગુમાનમાં,
જાજરમાન રૂવાબ નિહાળવાની મજા પડી.

*કેતના છેડા 'કેતુ'*
*મો. ૯૮૧૯૮ ૪૨૫૩૦*

## વિનાશ જો વેર વારેતી હી લુખ

વિનાશજો વેર વારેતી હી લુખ
આંધરા પણ બારેતી હી લુખ.

અખીયેં અંધારા અચેં એડી લગેતી લુખ,
ન મનકે ચેન, ન કમમેં ચેન, એડી લગેતી લુખ.

પંખા, એ.સી., કૂલર હુંધે લગેતી લુખ,
આંજા ક્યા અંઇ ભોગવ્યો ઈં ચેતી હી લુખ.

ઝાડેં કે કપે ટાણે ન ક્યાં વિચાર,
તેં સે વધી વેઈ અજ હી લુખ.

ન ચેતીંધા અંઇ ત, પૃથ્વી જે વિનાશ કે
નોતરીંધા પણ અંઇ ઈં ચેંતી હી લુખ.

હાય તોબા તોબા તી હી લુખ
માળુ સ્વભાવસેં ભનેતો લુખ, તિં
કુદરત પણ કેરક ભની વેનેતી લુખ.

*શાંતિલાલ રામજી લાલકા - હુબલી*
*મો. ૯૨૪૨૨ ૨૦૮૦૩*

**ડૉ. ગાર્ગીબેન વસાવડા**
બી.એસ.એ.એમ.

**ઓનલાઈન આયુર્વેદિક સલાહ**

**તમારા આરોગ્ય માટે હવે ઘર બેઠા મેળવો નિષ્ણાત સલાહ**

☞ આયુર્વેદિક સારવાર
☞ વાળ અને ત્વચાની કાળજી
☞ પંચકર્મ થેરાપી
☞ ઓનલાઇન કન્સલ્ટેશન

• અહિંયા પણ મળશે •

**આયુર્વેદ વિભાગ**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ
૪૪, બ્રાહ્મણ મિત્ર મંડળ સોસાયટી, પાલડી.
**સોમવારથી શનિવાર : સવારે ૧૦ થી ૧**

**આજે જ એપોઇન્ટમેન્ટ બુક કરો : 98980 10809**
**વેબસાઈટ : www.ayuraksha.com**
**ઈ-મેઈલ id : ayurakshaofficial@gmail.com**

# અન્ય સંસ્થાઓના સમાચાર

## શિક્ષણ, સંસ્કાર અને શિસ્તનો અદભુત ત્રિવેણી સંગમ શ્રી વર્ધમાન જૈન બોર્ડિંગના નૂતન ચંચળબા વિદ્યાલય સંકુલનું ભવ્ય ઉદ્‌ઘાટન...

કટારિયા (ભચાઉ, કચ્છ): કચ્છની પવિત્ર ધરા પર શિક્ષણ અને સંસ્કારની જ્યોત છેલ્લા ૮૪ વર્ષોથી અવિરત પ્રજ્વલિત રાખતી સુપ્રસિદ્ધ સંસ્થા 'શ્રી વર્ધમાન જૈન બોર્ડિંગ અને વિદ્યાલય'ના ઈતિહાસમાં ગત શનિવારે વધુ એક સુવર્ણ પૃષ્ઠ ઉમેરાયું. સંસ્થાના નવનિર્મિત 'ચંચળબા વિદ્યાલય સંકુલ'ના અત્યાધુનિક શૈક્ષણિક બિલ્ડિંગનું ગરિમાપૂર્ણ સમારોહમાં અનાવરણ કરવામાં આવ્યું.

સાંજે ૭.૩૦ કલાકે શરૂ થયેલા આ કાર્યક્રમમાં "ભણતર અને ગણતર : સિક્કાની બે બાજુ"ના ગહન અને ઉમદા સૂત્રને સાર્થક કરતા સમગ્ર પંથકમાંથી અગ્રણીઓ, વાલીઓ, વિદ્યાર્થીઓ, દાતાઓ અને શિક્ષણપ્રેમીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સૌથી ખાસ બાબત એ રહી કે જૈન, હિંદુ, મુસ્લિમ, કચ્છી અને અન્ય તમામ સમાજના અગ્રણીઓ એક મંચ પર એકઠા થયા હતા, જેને કારણે કાર્યક્રમની ગરિમા અનેકગણી વધી ગઈ હતી. દીપ પ્રાગટ્ય અને સરસ્વતી વંદનાથી શરૂ થયેલા આ સમારોહે સમગ્ર વાતાવરણને ઉત્સવમય અને ભક્તિમય બનાવી દીધું.

- **૮૪ વર્ષની ગૌરવગાથા**

૧૯૪૨માં શરૂ થયેલી આ સંસ્થા આજે ૮૪ વર્ષની ગૌરવગાથા ધરાવે છે. કચ્છના ગ્રામીણ વિસ્તારના કુલ ૩૨ ગામના હજારો વિદ્યાર્થીઓને મફત રહેઠાણ, ભોજન અને શિક્ષણ આપીને આ સંસ્થાએ અનેક પેઢીઓનું ઘડતર કર્યું છે. અનેક વિદ્યાર્થીઓ આજે ડોક્ટર, એન્જિનિયર, શિક્ષક, વેપારી અને સમાજસેવક તરીકે દેશ-વિદેશમાં નામના મેળવી રહ્યા છે.

ટ્રસ્ટીઓએ કહ્યું કે, "આ ૮૪ વર્ષની યાત્રા સંઘર્ષ, સમર્પણ અને સેવાની યાત્રા છે. આજનું નૂતન સંકુલ એ જ પરંપરાને આગળ વધારવાનું એક પગલું છે."

- **પ્રેરણા અને સાહિત્યનો ભવ્ય ડાયરો**

આ મંગલમય પ્રસંગને દીપાવવા માટે ગુજરાતના જાણીતા પ્રખર વક્તા શ્રી વિરાજ પી. શાહ અને લોકપ્રિય લોકસાહિત્યકાર શ્રી રાજભા ગઢવી ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્ય વક્તા વિરાજ પી. શાહે પોતાના ધારદાર પ્રવચનમાં જણાવ્યું કે, "આજના આધુનિક યુગમાં માત્ર અક્ષરજ્ઞાન પૂરતું નથી. સાચું શિક્ષણ એ છે જે માણસને ગણતર આપે, જીવન જીવવાની કળા શીખવે, નિર્ણય શક્તિ વિકસાવે અને સંસ્કારનું સિંચન કરે."

લોકસાહિત્યકાર રાજભા ગઢવીએ દુહા, છંદ અને શૌર્યરસની સરવાણી વહાવીને ઉપસ્થિત જનમેદનીને મંત્રમુગ્ધ કરી દીધા. તેમણે કહ્યું, "શિક્ષણ સાથે માતૃભાષા અને સંસ્કૃતિનું જતન કરવું એ જ સાચી દેશભક્તિ છે."

- **સર્વ સમાજના અગ્રણીઓ એક મંચ પર**

આ કાર્યક્રમની સૌથી મોટી વિશેષતા રહી સામાજિક સમરસતાનું દર્શન. જૈન સમાજના અગ્રણીઓની સાથે-સાથે હિંદુ, મુસ્લિમ, કચ્છી, લોહાણા, પટેલ, રબારી સહિતના તમામ સમાજના આગેવાનો, સરપંચો અને રાજકીય આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

ઉપસ્થિત મહેમાનોએ કહ્યું કે, "શિક્ષણ જ એવું માધ્યમ છે જે સમાજને જોડે છે. શ્રી વર્ધમાન જૈન બોર્ડિંગે ૮૫ વર્ષથી આ એકતાનું ઉદાહરણ પૂરું પાડ્યું છે."

- **ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું ભાવુક સ્નેહ મિલન**

આ મહોત્સવનું સૌથી હૃદયસ્પર્શી પાસું રહ્યું શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની ગરિમાપૂર્ણ હાજરી. વર્ષો પહેલાં અહીં અભ્યાસ કરી ચૂકેલા વિદ્યાર્થીઓ દેશ-વિદેશમાંથી ખાસ સમય કાઢીને શાળાના આંગણે પધાર્યા હતા.

તેમણે હોસ્ટેલની મસ્તી, મોડી રાત સુધીનો અભ્યાસ, વહેલી સવારે પ્રાર્થના સભા અને શિક્ષકોની વ્હાલભરી ટકોરને યાદ કર્યા. અનેક વિદ્યાર્થીઓએ કહ્યું કે આજે તેઓ જીવનના જે પણ મુકામ પર સફળ છે, તેનો પાયો આજ શ્રી વર્ધમાન જૈન બોર્ડિંગમાં નંખાયો હતો.

- **આધુનિક સુવિધાઓથી સજ્જ નૂતન સંકુલ**

સંસ્થાના પદાધિકારીઓએ જણાવ્યું કે ગ્રામીણ બાળકોને વૈશ્વિક સ્તરનું શિક્ષણ મળે તે હેતુથી આ 'ચંચળબા વિદ્યાલય સંકુલ'નું નિર્માણ કરવામાં આવ્યું છે.

આ નવું બિલ્ડિંગ સ્માર્ટ ક્લાસરૂમ, સાયન્સ-કોમ્પ્યુટર લેબોરેટરી, સમૃદ્ધ લાઈબ્રેરી, ડિજિટલ લર્નિંગ સેન્ટર, ઓડિયો-વિઝ્યુઅલ રૂમ અને આધુનિક રમત-ગમતના સાધનોથી સજ્જ છે.

સંકુલનું નામકરણ 'ચંચળબા વિદ્યાલય' એ દાતા

પરિવારના માનમાં રાખવામાં આવ્યું છે, જેમણે શિક્ષણ કાર્યમાં ઉદાર દાન આપીને આ સ્વપ્નને સાકાર કર્યું.

- **આભાર વિધિ અને સમાપન**

કાર્યક્રમના અંતે શાળા પરિવાર અને ટ્રસ્ટી મંડળ દ્વારા તમામ આમંત્રિત મહેમાનો, દાતાઓ, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને ઉપસ્થિત જનસમુદાયનો હૃદયપૂર્વક આભાર માનવામાં આવ્યો હતો.

રાષ્ટ્રગીત ગાન બાદ કાર્યક્રમનું ભવ્ય સમાપન થયું હતું. સૌ મહેમાનો માટે સ્વાદિષ્ટ ભોજનની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી.

આ ઉદ્‌ઘાટન માત્ર એક બિલ્ડિંગનું ઉદ્‌ઘાટન નહોતું, પરંતુ કચ્છના હજારો બાળકોના ઉજ્જવળ ભવિષ્યના દ્વાર ખૂલવાનો પ્રસંગ હતો. ૮૪ વર્ષ જૂની આ સંસ્થા હવે નવા જોશ અને નવી સુવિધાઓ સાથે આવનારી પેઢીને ઘડવા તૈયાર છે.

## પાલીતાણા ખાતે વાગડ સાત ચોવીસી જૈન અતિથિ ગૃહનું લોકાર્પણ કરાયું

### અતિથિ ભવન એ માનવસેવા-પરોપકારની અભિવ્યક્તિ

*"જૈન સમાજ માટે ધર્મશાળા કે અતિથિગૃહ એ માત્ર ઈંટ અને સિમેન્ટનું માળખું નથી પરંતુ સેવા, કરુણા, આતિથ્ય સત્કાર અને સમાજહિતનાં મૂલ્યોને ઉજાગર કરતી માનવસેવા અને પરોપકારની અભિવ્યક્તિ છે."* જૈનોના તીર્થધામ દ્વારા નિર્માણ પામેલ ચંચળબા નૂતન યાત્રિક ભવનનું લોકાર્પણ કરતાં ગુજરાત હાઈકોર્ટના પૂર્વ જજ અને કચ્છી અગ્રણી સતીષભાઈ વોરાએ અતિથિ વિશેષ પદેથી આ મુજબ જણાવ્યું હતું.

વિશાળ અતિથિ ભવનના લોકાર્પણ અવસરે કેન્દ્રીયમંત્રી નીમુબેન બાંભણિયા, મહેન્દ્ર સરવૈયા, પાલીતાણાના ધારાસભ્ય ભીખાભાઈ બારૈયા, પૂર્વ નાણાંમંત્રી અને કચ્છી અગ્રણી બાબુભાઈ શાહ, નગરપાલિકા પ્રમુખ સુલોચનાબેન મકવાણા, ઉપપ્રમુખ નરેન્દ્ર સરવૈયા, હાઈકોર્ટના પૂર્વ જજ કાંતિભાઈ પૂજ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. સમારંભના અધ્યક્ષ તરીકે ધીરજલાલ સંઘવી હાજર રહ્યા હતા.

સમગ્ર સંકુલના મુખ્ય દાતા કચ્છ વાગડના ફતેહગઢના હાલ અમદાવાદ વસતા માતુશ્રી ચંચળબેન ઉગરચંદ પોપટલાલ ગઢેચા પરિવાર રહ્યો હતો.

તા. ૨૦ તથા ૨૧ – એમ બે દિવસ ઉજવાયેલા લોકાર્પણના કાર્યક્રમ અંતર્ગત તા. ૨૦ના સુનીલ સોની તથા ગૌરાંગ સોની તથા સાથીદારોએ ભક્તિસભર સ્તવન રજૂ કર્યા હતા તથા દાતાઓનું સન્માન કરાયું હતું. તા. ૨૧ના મુખ્ય સમારોહ સવારે ૧૧ વાગે યોજાયો હતો.

આ પ્રસંગે ચાવીરૂપ વક્તવ્ય આપતાં સતીષભાઈએ આ અતિથિ ભવનનો લોકો બહોળા પ્રમાણમાં લાભ લે અને આ ભવન કાયમ સેવા, સદ્‌ભાવના અને સંસ્કાર પ્રદાન કરનારું બની રહે એવી શુભેચ્છા પાઠવી હતી.

આ અવસરે જૈન મુનિ વિજયકનકસૂરિ મહારાજ, દેવેન્દ્રસૂરિશ્વરજી મહારાજ, વિજયકલાપૂર્ણ સૂરિશ્વરજી, વિજયકલ્પતરુ સૂરિશ્વરજી, વિજયકીર્તિચંદ્ર સૂરિશ્વરજીએ આશીર્વાદ પાઠવ્યા હતા, તો વિજયશ્રવણચંદ્ર સૂરિશ્વરજી, વિજય શ્રુતચંદ્ર સૂરિશ્વરજી વિશેષ ઉપસ્થિત રહ્યા હતા અને આશીર્વાદ પાઠવ્યા હતા.

વિવિધ વક્તાઓએ આ યાત્રિક ભવનનો બહોળો ઉપયોગ કરાય એવી શુભેચ્છાઓ પાઠવી હતી.

આ પ્રસંગે વર્ધમાનભાઈ પૂજ, જખશીભાઈ મહેતા, રમેશભાઈ કોઠારી, ભોગીલાલ મગવાણી, કલ્પેશ મગવાણી, દક્ષેશભાઈ સંઘવી, સુરેશભાઈ વારૈયા, જયસુખભાઈ ઘોડા, કમલભાઈ મહેતા સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

સુરેશભાઈ સંઘવી, રસિકલાલ મહેતા, રવિલાલ પૂજ, સચીનભાઈ કાકરેચા, શૈલેષભાઈ ચંદુરા વગેરેએ આયોજન વ્યવસ્થા સંભાળી હતી.

***'કચ્છમિત્ર'ના સૌજન્યથી***

## સેવા અને સ્નેહનું સંયોજન એટલે ભોજાય હોસ્પિટલ દર્શક ફાઉન્ડેશન દ્વારા ભોજાય સર્વોદય ટ્રસ્ટ તથા સર્જક મોહન પરમારને 'દર્શક' ઍવોર્ડ એનાયેત કરાયા

ભોજાય (તા. માંડવી), તા. ૧૪ : આજે લીલુંછમ કચ્છ ભલે એક વખત સૂકો પ્રદેશ કહેવાતો હશે પરંતુ અહીં માનવતાની લીલોતરીના કાયમ દર્શન કર્યાં છે અને એમાં પણ દરિયાદિલ 'અધા'એ કચ્છની પ્રજાને પિતાનું વાત્સલ્ય આપ્યું છે એ જોઈ આંખો વધારે લીલપ અનુભવે છે. ભોજાય સર્વોદય હોસ્પિટલ ખાતે લીલાધર ગડા 'અધા'ના પ્રેમીઓથી ઉભરાયેલા વિશાળ શમિયાણામાં અમદાવાદના દર્શક ફાઉન્ડેશન દ્વારા ઍવોર્ડ વિતરણ સમારોહના અધ્યક્ષસ્થાનેથી જાણીતા સાહિત્યકાર, જ્ઞાનપીઠ ઍવોર્ડ મેળવનારા એકમાત્ર ગુજરાતી સર્જક રઘુવીર ચૌધરીએ આ મુજબના ઉદ્‌ગારો વ્યક્ત કરી

અધાના ભોજાય સર્વોદય ટ્રસ્ટ હોસ્પિટલના ઓવારણા લીધાં હતા. આ સમારોહમાં પ્રતિવર્ષ અપાતો ગ્રામપુનર્રચના ઍવોર્ડ ભોજાય હોસ્પિટલને તથા સાહિત્ય ઍવોર્ડ ગુજરાતના જાણીતા સર્જક મોહન પરમારને એનાયત કરવામાં આવ્યો હતો. દર્શક ફાઉન્ડેશન દ્વારા સાહિત્ય, શિક્ષણ તથા ગ્રામપુનર્રચના ક્ષેત્રે ઉત્તમ કામગીરી કરનારને પ્રતિવર્ષ આ ઍવોર્ડ આપી સન્માનિત કરાય છે. અત્યાર સુધી કચ્છમાં આ ઍવોર્ડ મેળવનારા ભાગ્યશાળીઓમાં ડૉ. ધીરેન્દ્ર મહેતા, વીનેશ અંતાણી, ગ્રામ સ્વરાજ સંઘ, નીલપર તથા કાંતિસેન શ્રોફનો સમાવેશ થાય છે. ભોજાય હોસ્પિટલને મળેલો આ કચ્છનો પાંચમો દર્શક ઍવોર્ડ છે. ભોજાય ખાતે ઍવોર્ડ મેળવનાર પ્રત્યેકને સ્મૃતિ ચિહ્ન, શાલ, પુસ્તક તથા રૂપિયા એક લાખની રાશિ ઉપસ્થિત મહાનુભાવોના હાથે અર્પણ કરાઈ હતી.

સમારોહના અધ્યક્ષ રઘુવીરભાઈએ ભોજાય હોસ્પિટલમાં વહેતી પ્રેમની સરવાણીની ભૂરી ભૂરી પ્રસંશા કરતાં કહ્યું કે, એક નાના ટચુકડા ગામમાંથી વહેતી આ સરવાણી તથા અધાનો 'થઈ જશે' શબ્દ વિશ્વમાં આત્મવિશ્વાસનો સંદેશ આપે છે. એમણે ભોજાય હોસ્પિટલમાંથી માનવતાની મહેકની વાત કરતાં તેમણે કચ્છના એક ખુણામાં રહીને અશક્ય એવું કાર્ય કરી બતાવ્યું છે. ભોજાયને ઍવોર્ડ એ નિમિત્ત માત્ર છે. હકીક્તમાં આ ઍવોર્ડ લીલાધરભાઈને જ અપાય છે. એવું જણાવી અધાના પુસ્તકો 'પગમેં ભમરી', 'થઈ જશે!'ની સરાહના કરતાં ઍવોર્ડ મેળવનારા સર્જક મોહનભાઈ પરમાર તથા ભોજાય હોસ્પિટલના ટ્રસ્ટીઓ અને સ્ટાફને અભિનંદન આપ્યા હતા.

આરંભમાં ઉપસ્થિત મહાનુભાવોના હાથે દીપ પ્રાગટ્ય કરી સમારોહને ખૂલ્લો મૂકાયો હતો.

સર્જક અને દર્શક ફાઉન્ડેશનના ટ્રસ્ટી સંજય ચૌધરીએ સમગ્ર આયોજનની ભૂમિકા આપી મોહન પરમાર તથા ભોજાય હોસ્પિટલને અપાયેલા આ ઍવોર્ડ પસંદગીની પ્રક્રિયાની સમજ આપતાં લીલાધરભાઈ ગડાની આલ્બર્ટ સ્વાઈજર સાથે તુલના કરી હતી. તો ભોજાય હોસ્પિટલને પ્રેમ, કરુણા અને વહાલનો પર્યાય લેખાવી કચ્છ માટે અફાટ રણમાં લીલા દ્વિપ સમાન ગણાવી હતી.

જાણીતા સર્જક મનસુખભાઈ સલ્લાએ પોતાના વકતવ્યમાં દર્શક ફાઉન્ડેશન દ્વારા અપાતા સાહિત્ય, શિક્ષણ અને ગામપુનર્રચનાના ઍવોર્ડના આરંભની વિગતો આપતાં મનુષ્યની સંવેદનાને ઘાટ આપવાનું કાર્ય સાહિત્ય કરે છે તો સમાજમાં ફેલાયેલાં અંધારા દૂર કરવાનું કામ ભોજાય જેવી સંસ્થાઓ કરતી હોવાનું જણાવી ભોજાય હોસ્પિટલે સામાજિક વિષમતાને દૂર કરવાનું કાર્ય કર્યું હોવાની પોતાની વાત મૂકતા તેના દાખલા અને પ્રમાણો આપ્યાં હતા.

ઍવોર્ડી ભોજાય હોસ્પિટલ વતી સન્માનનો પ્રતિભાવ આપતાં લીલાધર ગડાએ માત્ર ૧૩૦૦ની વસ્તીવાળા એક અંતરિયાળ નાના એવા ગામમાં થતી મૂક સેવાની નાની જ્યોત તરફ નજર નાંખનાર દર્શક ફાઉન્ડેશનના ઍવોર્ડ પસંદગી સમિતિના સભ્યો તથા તેના ટ્રસ્ટીઓને સાચા ઉષ્ણ ગણાવી આભાર માન્યો હતો. અધાએ ભોજાય હોસ્પિટલના ઓગણત્રીસ વર્ષના ઈતિહાસને ટૂંકમાં વર્ણવી સેવા અને સ્નેહનું મિક્ષણ ભોજાયને બીજા બધાયથી જુદું પાડતું હોવાનું કહેતાં દર્દી સાથે જ્યાં સુધી નિસ્બત ન કેળવવામાં આવે ત્યાં સુધી થતું તમામ કામ લૂખું લેખાવ્યું હતું. તેમણે આ ઍવોર્ડ ભોજાયમાં સારવાર મેળવનારા તમામ લાખો દર્દીઓ, તબીબો, કર્મચારીઓ, ટ્રસ્ટીઓને અર્પણ કરતાં ઍવોર્ડ મેળવતી વખતે તમામ સાથીઓને મંચ પર બોલાવ્યા હતા. આ અવસરે સર્જક મોહન પરમારે પણ પ્રતિભાવ આપી ફાઉન્ડેશનનો આભાર માની પોતાની સર્જન યાત્રાની વિગતે વાત કરી હતી.

ભોજાય હોસ્પિટલ સાથે સંકળાયેલા જાણીતા તબીબ અને ભોજાય હોસ્પિટલમાં ૯૦ ઑપરેશન કરી લીમ્કા બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં નામ દાખલ કરાવનારા ડૉ. કૌશિક શાહે ભોજાય હોસ્પિટલને એક વિશ્વ વિદ્યાલય લેખાવતાં હોસ્પિટલની દીર્ઘ યાત્રાનો પરિચય આપી પોતાને મળેલી સિદ્ધિ માટે ટ્રસ્ટનો આભાર માન્યો હતો.

અગ્રણી સુષ્મા આયંગરે પોતાના પ્રાસંગિક વકતવ્યમાં ભોજાય હોસ્પિટલને કચ્છના ફેમિલી ડૉક્ટર લેખાવતાં અહીં સામાજિક પરિવર્તનનું કાર્ય થતું હોવાનું જણાવ્યું હતું.

ઍવોર્ડ મેળવનાર મોહન પરમારનો પરિચય સર્જક અજય રાવલે તથા ભોજાય સર્વોદય ટ્રસ્ટનો પરિચય કચ્છના લેખક, સર્જક અને ચિંતક હરેશભાઈ ધોળકિયાએ આપ્યો હતો. કાર્યક્રમના અંતે લાલ રાંભિયા અને સાથીદારોએ ગ્રામીણ મહિલાની વ્યથાના ગીતો 'મૂંગી રે વેદના' રજૂ કર્યો હતો.

કચ્છ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. મોહનભાઈ પટેલ મંચસ્થ રહ્યા હતા. સમારોહનું સંચાલન ડૉ. રમજાન હસણિયાએ તથા આભારવિધિ સંજય ચૌધરીએ કરી હતી.

આ અવસરે શ્રોફ પરિવારના દીપેશભાઈ શ્રોફ, અશ્વિનભાઈ શ્રોફ, રાજ્યના પૂર્વ નાણામંત્રી અને પૂર્વ સાંસદ બાબુભાઈ શાહ, ભોજાય સર્વોદય ટ્રસ્ટના ચેરમેન લહેરચંદભાઈ નાગડા, ભુજના પૂર્વ નગરપતિ અરુણભાઈ વચ્છરાજાની, પૂર્વ કુલપતિ ડૉ. કાંતિભાઈ ગોર, સર્જક ડૉ. ધીરેન્દ્ર મહેતા, ડૉ. દર્શના ધોળકિયા, માંડવીના અગ્રણી વાડીલાલ દોશી, મુલેશ

દોશી, દિનેશભાઈ શાહ, ગોરધન પટેલ 'કવિ', દલપત દાણીધારિયા, સંજય ઠાકર, નરેશ અંતાણી, વિશ્રામ ગઢવી, ભોજાય હોસ્પિટલના ટ્રસ્ટીઓ, તબીબો, લીલાધરભાઈના પરિવારજનો, માંડવી શહેર અને તાલુકાના અગ્રણીઓ, સ્નેહીઓ સહિતના હાજર રહ્યા હતા.

*– નરેશ અંતાણી*

## અમદાવાદ એજ્યુકેશન સોસાયટી *સંચાલિત* જૈન વિદ્યાર્થીઓ માટે પ્રોફેસર એમ. જી. શાહ ઉચ્ચ શિક્ષણ લોન સહાય યોજના

પ્રોફેસર એમ. જી. શાહે કોલેજકાળ દરમિયાન એચ. એલ. કોમર્સ કોલેજ અમદાવાદમાં અભ્યાસ કર્યો હતો. એની ઋણ મુક્તિ સ્વરૂપે જૈન વિદ્યાર્થીઓ માટે ગ્રેજ્યુએશન પછીના ઉચ્ચ અભ્યાસક્રમ માટે તેમણે ઉદારતાપૂર્વક લોન સહાય યોજના રજૂ કરી છે આ માટે તેમણે સંસ્થાને રૂપિયા ૫૦ લાખની માતબર રકમનું ડોનેશન આપેલ છે. આ સખાવત થકી IIM, IIT, NID જેવી રાષ્ટ્રીય સ્તરે કાર્યરત અને નામાંકિત સંસ્થાઓમાં ઉચ્ચ અભ્યાસ માટે તથા CA, CMA, CS, CFA અને તેના જેવા વ્યવસાયિક અભ્યાસક્રમો તેમજ ટેકનોલોજી, વિજ્ઞાન, એન્જિનિયરિંગ, સાહિત્ય અને જૈન ધર્મના ક્ષેત્રમાં મૂળભૂત સંશોધનના હેતુ પી.એચડી.ના અભ્યાસ માટે વગર વ્યાજે લોન આપવામાં આવશે.

લાભાર્થી વિદ્યાર્થીઓએ અભ્યાસ પૂર્ણ થયા પછી અનુકૂળતા મુજબ નક્કી કરેલા હપ્તામાં લોન પરત ચૂકવવાની રહેશે. જે વિદ્યાર્થીઓને આ યોજનાનો લાભ લેવો હોય તેમણે નીચેના ઈમેલ એડ્રેસ ઉપર સંપર્ક કરવો.

***info@aesahd.edu.in***

### સવિશેષ માહિતી

*શ્રી કચ્છી અચલગચ્છ જૈન સંઘ - વડોદરાના પ્રમુખશ્રી જણાવે છે કે...*

૧. પ્રો. મનસુખભાઈ શાહે તેમની જિંદગી પર્યંતની બચત જૈન સમાજના જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓ / વિદ્યાર્થિનીઓના શિક્ષણ માટે આપી છે. ઉપરોક્ત યોજના પણ પ્રો. શાહના ડોનેસનથી શરૂ થઈ છે.

૨. પાલીતાણા જૈન ગુરૂકુળમાં બુક-બેંક કાયમી ફંડ શરૂ કરી સંસ્થામાં રહીને અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને નિઃશુલ્ક પાઠ્ય પુસ્તકો આપવામાં આવે છે. તદુપરાંત અમદાવાદ એચ.એલ. કોમર્સ કોલેજમાં સ્કોલરશિપ ફંડ શરૂ કરી દર વર્ષે જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓ / વિદ્યાર્થિનીઓને શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. એ સિવાય જૈન યુવક સંઘ - મુંબઈને શિક્ષણ સહાય પેટે કોરપસ ફંડમાં રકમ આપેલ છે.

૩. પ્રો. શાહ જૈન દર્શનના અભ્યાસી હોવા ઉપરાંત ધર્મિષ્ઠ અને સાદગીભર્યું જીવન ગાળી રહ્યા છે અને સેવાભાવના તેમના જીવનમાં વણાયેલી છે. નિવૃત્તિ બાદ છેલ્લા ૩૫ વર્ષથી 'માનવ જ્યોત' સંસ્થા - મુલુંડ (વેસ્ટ), મુંબઈના સેવાભાવી કાર્યકર તરીકે જોડાયેલા છે અને ગુજરાતમાં સેવાની અનેક નાની-મોટી પ્રવૃત્તિઓમાં સક્રિય રહ્યા છે.

## છ ફૂટ

અમુક લોકો પૈસા કમાય છે;
અમુક લોકો નામ કમાય છે;
પણ છેલ્લે બધા માટે છ ફૂટ જગ્યા રખાય છે.

ભેગું કરવા માટે કુતરા જેવી જિંદગી જીવાય છે;
વાપરવાનું થાય તો મારો બેટો જીવ કપાય છે;
પણ છેલ્લે બધા માટે બાળવાની રીત સરખી રખાય છે.

જાત જાતના ને ભાત ભાતના તો મોહ રખાય છે;
છે એના કરતા તો બીજો દેખાડો વધારે કરાય છે;
પણ છેલ્લે બધા માટે મોં સફેદ કપડાથી જ ઢંકાય છે.

આખી જિંદગી બીજાની અદેખાઈ કરાય છે;
પોતાની પાસે જે છે એમાં ક્યાં સંતોષ રખાય છે;
પણ છેલ્લે બધા માટે શબ વાહિની જ લવાય છે.

નાની નાની વાતે લોકો સાથે વેર બંધાય છે;
ખબર નહિ શી વાત પર આટલો ઘમંડ રખાય છે;
પણ છેલ્લે બધા માટે છ ફૂટ જગ્યા રખાય છે.

પોતાના કર્યા પર ક્યાં અફસોસ કરાય છે;
છતાંય લોકોની ભૂલો તો જલદી દેખાય છે;
પણ છેલ્લે બધા માટે એક સરખી ઠાઠડી રખાય છે.

હવે લોકો ભગવાનથી ક્યાં બીવાય છે;
મનુષ્યને જ તો ભગવાન મનાય છે;
પણ છેલ્લે બધા માટે અગ્નિદાહ સ્મશાનમાં જ અપાય છે.

ખબર નહિં કેમ આટલું બધું ગુમાન રખાય છે;
ગમે તેવું અસ્તિત્વ હોય અંતમાં રાખ થવાય છે;
છેલ્લે બધા માટે અગ્નિદાહ સ્મશાનમાં જ અપાય છે.

*– ચિંતન ઠક્કર*

# પ્રતિભાવ

જૂન-૨૦૨૬નો 'મંગલ મંદિર'નો કુલ ૬૪ પૃષ્ઠનો દળદાર અંક પ્રકાશિત કરવા બદલ તંત્રી મંડળની અથાગ મહેનત દેખાઈ આવે છે. રાહત દરે ચાલતા મેડિકલ સેન્ટરોને સ્થાન આપી સેવાની સુવાસ વધારે ફેલાવી છે. ટ્રસ્ટી મંડળની બેઠકમાં 'મંગલ મંદિર'ની ૧૩૦૦ કોપીઓ છપાય છે, તો ખરેખર કેટલી જરૂરિયાત છે તે મુદ્દે ચર્ચા વિચારણા થઈ તે મહત્ત્વનો મુદ્દો છે. અંકમાં વધારે પૃષ્ઠ હોય ત્યારે હાર્ડ કોપી જ વાંચવામાં સરળતા રહે. જરૂર જણાયે, અમુક વિભાગો ઘટાડી પ્રકાશન ચાલુ રાખવું જોઈએ. તંત્રીલેખમાં કચ્છના વિકાસની હરણફાળની ઉમદા અને ઉત્સાહજનક વાત રજૂ કરવામાં આવી છે. વાંચવા, સમજવા અને શૅર કરવા જેવી લાઇનો ખરેખર શ્રેષ્ઠ અને માર્મિક છે. ડૉ. હરિ દેસાઈનો કચ્છને નર્મદાના પાણી બાબતનો ઇન્ટરવ્યુ ઘણી સત્ય હકીકતો ઉજાગર કરે છે. કચ્છના ખેડૂતોને અંદાજે વર્ષે રૂા. ૪૦૦ કરોડના નુકસાનની બાબત પણ નોંધનીય છે. એપ્રિલ ૨૦૨૬ દરમિયાન વિવિધ પ્રકારની સેવાઓનો લાભ લેનાર કુલ ૩૫,૮૧૬ વ્યક્તિઓ હતી, જે નોંધનીય કહી શકાય. સમાજની દૈનિક ડાયરીમાં વિવિધ મેડિકલ સેન્ટરોમાં ચાલતી ગતિવિધિનો અહેવાલ પ્રાપ્ત થાય છે. અતીતના ઓવારેથી કોલમમાં સને ૧૯૭૦થી ૧૯૮૫ સુધીના હોદ્દેદારો અને કારોબારી સભ્યોના યાદી પ્રકાશિત કરી, સમાજના ઇતિહાસ તરફ નિર્દેશન કરેલ છે. જ્ઞાન વિજ્ઞાન - વૈજ્ઞાનિક માહિતીમાં ખજૂર, વિશ્વના વિશિષ્ટ ભૌગોલિક સ્થળો, નાનકડા પણ જોરદાર જીવડા, હિપ્પોપોટેમસ, સાઈકલ, કરોળિયા, સ્મોક ડિટેક્ટર, નાસા અંગે વિસ્મયજનક જાણકારી પ્રાપ્ત થઈ. સુંદર માહિતીપ્રદ લેખમાળા છે. કે.ડી. શાહ દ્વારા 'યાત્રા ખૂબ જ ટૂંકી છે' સુંદર બોધકથા છે. જૂન ૨૦૨૬નો 'મંગલ મંદિર'નો અંક સમાજના સમાચારો, રસપ્રદ તથા લોકપ્રિય વિભાગોથી તથા તંત્રી મંડળની અથાગ મહેનતથી કચ્છી ખારેકની જેમ સુવાસ ફેલાવે છે.

*અશોક વી. શાહ - ગાંધીનગર*
*મો. ૯૩૨૮૯ ૨૬૮૫૯*

★

***Dear Hirenbhai,***

My wife and I visited Navneet Medical Center - Bopal on Saturday, June 13, 2026 for a comprehensive health check-up and we were thoroughly impressed by the exceptional quality of care.

A special note of gratitude goes to the Medical Officer Dr. Riddhi and her entire team. Their professionalism, warmth and dedication made our visit comfortable and reassuring. Dr. Riddhi and her team ensured that every step of screening was handled with precision and care.

We underwent an extensive range of diagnostics including blood reports, ECG, ECHO, Sonography and X-rays. The specialised dental, eye and skin consultations were also incredibly thorough. Managing so many departments can often feel overwhelming, but the team made the entire process completely seamless and efficient.

The center is pristine, well organised and equipped with excellent facilities. We left feeling extremely satisfied and confident in our health assessments.

We highly recommend Navneet Medical Center to anyone looking for a top-tier, stress-free and holistic health screening. Thank you Dr. Riddhi and the entire team for your exemplary service and kind hospitality.

With warm regards.

***Hina and Jatin Nagori***

***[Jatin Nagori***
***Retd. General Manager, PGPX***
***Indian Institute of Management - Ahmedabad]***

★

Belated Birthday wishes M'am.

I know I'm too late, but better late than never.

I guess it was 20th June.

I wish all your dreams come true in years to tome.

Wish you to work more and more vigorously to shape the center as per your dream.

I know, under your leadership, the center is scaling new heights in a short time.

Its really incredible that you handle all different skills and brains and amidst all odds your focus is never displaced.

I truely admire your vision and capabilities, though I was hard critic of yours in initial years of starting the center, now turned into a fan and

a strong admirer.

You know that I never flatter anyone, nor am I a diplomatic mortal like all nagars – my cast fellows are but these are very true and sincere words of appreciation from bottom of my heart.

May God bless you and your family (we all KJSSites are your extended family members.)

*આપણા બોપલમાં આવેલ નવનીત મેડિકલ સેન્ટરના મેડિકલ ઓફિસર ડૉ. રીધ્ધિબેનનો તા. ૨૧-૬ના રોજ બર્થ-ડે હતો. એમણે પોતાના ભૂતપૂર્વ વિઝિટીંગ ડૉક્ટર તરફથી મેળવેલ **Wish** આપણને બધાને ગૌરવ અપાવે તેવી છે.*

*– મુખ્યતંત્રી*

★

Our stay at Kutchhi Vishram Gruh was good. We acknowledge the service rendered here to us. Also the room service was good & the quality of food provided here was good.

Overall good maintain service & hygiene.

***Hemant Jahogirdar***

★

Myself Jatin Joshi from Mumbai. I stay at your Shri Kutchhi Vishram Gruh - Shahibaug in Room No. 303 today.

I want to express my sincere appreciation for wonderful experience. The room was fully clean, well maintained and thouroughly equipped (AC). The view ambie and housekeeping were all excellent.

Stay like this are what travel memorable. Please convey my thanks to entire team from front desk (Kiritbhai to everyone) for making my visit comfortable.

My father also visited 2 months back and stay here for more than one week and they refer me this place. I will also recommend to our Kutchhi Friends and family.

Once again thank you.

***Jatin Joshi***
***M. 98707 67712***

★

હું છેલ્લા ૧૦ વર્ષ જેટલા સમયથી આવું છું. શ્રી કચ્છી વિશ્રામ ગૃહની સેવા બહુ જ સરાહનીય છે અને મને અહીં ઘર જેવું જ વાતાવરણ મળે છે. ખાસ તો સ્ટાફ બહુ જ સારો છે અને ખૂબ સાથ સહકાર આપે છે. તેમજ હોસ્પિટલમાં આવતા દર્દીઓ માટે પણ વરદાન સમાન છે. ખાસ કરીને મોદીભાઈ અને પ્રદીપભાઈનો સ્વભાવ ખૂબ જ સારો લાગ્યો.

***હિતેશકુમાર પી. સોની***

★

Nice service, Co-ordination is good, easy accessibility. We visited yesterday and we had very awesome experience.

Food of Canteen is also good. AC is also working properly.

Will definitely suggest this place to everyone visiting Ahmedabad. Thank you.

***Vaishali Pratik Jain***
***M. 77440 50473***

## પ્રતિષ્ઠિત પદ મેળવનાર પ્રથમ ગુજરાતી

| | | |
|---|---|---|
| ૧. | પ્રથમ ગુજરાતી વડાપ્રધાન | **મોરારજી દેસાઈ** |
| ૨. | પ્રથમ ગુજરાતી નાયબ વડાપ્રધાન | **સરદાર વલ્લભભાઈ પટેલ** |
| ૩. | લોકસભાના પ્રથમ ગુજરાતી સ્પીકર | **ગણેશ વાસુદેવ માવલંકર** |
| ૪. | સુપ્રીમ કોર્ટના પ્રથમ ગુજરાતી મુખ્ય ન્યાયાધીશ | **હરિલાલ કેનિયા** |
| ૫. | ભારત રત્ન મેળવનાર પ્રથમ ગુજરાતી | **સરદાર પટેલ, મોરારજી દેસાઈ** |
| ૬. | પ્રથમ ગુજરાતી આર્મિ ચીફ | **ફિલ્ડ માર્શલ જનરલ માણેક શૉ** |
| ૭. | પ્રથમ પાઈલોટ | **જહાંગીર રતનજી ટાટા (૧૯૩૨)** |
| ૮. | આર.બી.આઈ.ના પ્રથમ ગુજરાતી ગવર્નર | **આઈ. જી. પટેલ** |
| ૯. | પ્રથમ ગુજરાતી અખબાર શરૂ કરનાર | **ફરદુનજી મર્ઝબાન (મુંબઈ સમાચાર)** |

## કચ્છ બ્રાંચ કેનાલના નર્મદાના પાણી પ્રશ્ને
## ડૉ. હરિ દેસાઇએ લીધેલ અશોક મહેતાનો ઓનલાઇન ઇન્ટરવ્યુ ● શુક્રવાર, તા. ૨૨-૦૫-૨૦૨૬

# ઓનલાઇન ઇન્ટરવ્યુના પ્રતિભાવો

શ્રી અશોક મહેતાનો પહેલો પૉડકાસ્ટ સાંભળીને એટલું બધું ગમ્યું કે એમ થયું કે નર્મદા ઉપર તેઓએ જે રીસર્ચ કર્યું છે તે કાબિલેદાદ છે અને તેમની જો થોડા લોકો સાથે આ વિષય ઉપર સિરીઝ રાખવામાં આવે તો ચોક્કસ કેટલાયના રસનો વિષય બની જાય અને કદાચ આજ રીતે સરકાર સુધી વાત પહોંચાડવાની એક રીત બની જઈ શકે!

તેમણે શ્રી કચ્છી જૈન સેવા સમાજ તથા કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલમાં રહીને સરકારને જે રજૂઆત કરી હશે તે કેવી આંકડાકીય માહિતીથી ભરપૂર અને સચોટ હશે?

તેમની વાત બિલકુલ સાચી છે કે આપણે કચ્છની સંલગ્ન સામાજિક સંસ્થાઓ સાથે મળીને નર્મદા નિગમને રજૂઆત કરવી જોઈએ અને આની વધુને વધુ માહિતી મંત્રીઓ તથા અધિકારીઓને પહોંચાડવી જોઈએ.

તેમને દીર્ઘાયુની શુભેચ્છાઓ સાથે

*હિરેન કે. શાહ*
*મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ*
*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ*

★

જૂન-૨૦૨૬ના ‘મંગલ મંદિર’માં ‘કચ્છ બ્રાંચ કેનાલના નર્મદાના પાણીના પ્રશ્નો’ અંગે સંસ્થાના પૂર્વ પ્રમુખ શ્રી અશોકભાઈ મહેતાનો ડૉ. હરિભાઈ દેસાઈએ લીધેલ ઓનલાઈન ઈન્ટરવ્યુ વાંચ્યો. તેમાં તેઓએ જે કંઈ માહિતી આપેલ છે, એ એકદમ સચોટ અને તેઓની વર્ષોની મહેનત અને કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ તથા શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ વતી કચ્છને નર્મદાના પાણી મળી રહે તે માટે કરેલ સંકલ્પ, સામાજિક સેવા અને વારંવારની રજૂઆતો થકી નર્મદાના પાણી કચ્છ સુધી પહોંચે તેવા પ્રયાસો રૂપે આજે કચ્છ સુધી નર્મદાના પાણી તો પહોંચ્યા પરંતુ નર્મદાના પાણી હજુ સુધી ખેડૂતો સુધી નથી પહોંચ્યા, એ એક વણઉકેલ્યો પ્રશ્ન સરકાર તરફથી રહ્યો છે. નર્મદાના પાણી જો ખેડૂતોના ખેતરો સુધી પહોંચે તો કચ્છનો ઔદ્યોગિક વિકાસ થયો છે તેમ કૃષિ ક્ષેત્રે પણ વિકાસ થાય એવી અપેક્ષા કરીએ છીએ.

આ સામાજિક પ્રશ્ન માટે નવી પેઢી જો રસ દાખવે તો આ પ્રશ્ન પણ જલ્દી હલ થઈ શકે અને કચ્છના જે વિસ્તારના ખેડૂતો પાણી વગર સિંચાઈ નથી કરી શકતા અને તેઓને જે નુકસાન થઈ રહ્યું છે એ ના થાય. એ દિશા તરફ આગળ વધી નર્મદાના પાણી કચ્છના ખેડૂતો સુધી પહોંચાડવાના પ્રયત્નો કરવા જોઈએ.

આ ઈન્ટરવ્યુ થકી સમાજના કે બીજા સામાજિક કાર્યકરો ઉપરોક્ત નર્મદાના પાણી ખેડૂતો સુધી પહોંચાડવાના પ્રયાસોમાં આગળ આવી કાર્યવાહી કરવા સાથ-સહકાર આપે એવી અમારી મનોકામના છે. અને એક દિવસ જરૂરથી આ પ્રશ્ન હલ થશે અને કચ્છના ખેડૂતો ખુશખુશાલ થશે.

શ્રી અશોકભાઈ મહેતા આ જૈફ વયે પણ કચ્છનાં પ્રશ્નોમાં રસ લઇ રહ્યા છે તે કાબિલે દાદ છે. અમારી શુભેચ્છા છે કે શ્રી અશોકભાઈ દીર્ઘ આયુ પ્રાપ્ત કરે, તંદુરસ્ત રહે અને માદરે વતનની વધારેમાં વધારે સેવા કરતા રહે.

*પ્રતાપ નારાણજી દંડ*
*પૂર્વ મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ*
*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ*

★

***વિષય : કચ્છ બ્રાંચ કેનાલના નર્મદાના પાણી પ્રશ્ને ડૉ. હરિ દેસાઈએ લીધેલ અશોક મહેતાનો ઓનલાઈન ઈન્ટરવ્યુ બાબતનો પ્રતિભાવ***

આજે તા. ૧૫મી જૂન ૨૦૨૬ ના રોજ ‘મંગલ મંદિર’ મુખપત્રના પાના નં ૨૦ તથા ૨૨ના અભ્યાસ કરેલ. તેમાં વિષય ઉલ્લેખન કચ્છ જિલ્લાની જીવાદોરી સમાન કચ્છ બ્રાંચ કેનાલ નર્મદાના પાણી પ્રશ્ને ડૉ. હરિ દેસાઈએ લીધેલ અશોક મહેતાનો ઓનલાઈન ઈન્ટરવ્યુ બાબતનો અહેવાલ વાંચ્યો. તેનો મારી દૃષ્ટિએ જણાવ્યા મુજબનો પ્રતિભાવ રજૂ કરું છુ.

આદરણિય શ્રી અશોક મહેતા સાહેબ કે જેઓ કચ્છી જૈન સેવા સમાજના અગ્રણી અને ‘કચ્છશ્રુતિ’ના પૂર્વ મુખ્યતંત્રી અને ‘મંગલ મંદિર’ કે જે કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું મુખપત્ર છે એના સૂત્રધાર છે, તેઓશ્રી સાથે હું છેલ્લા ઘણા વર્ષોથી સંપર્કમાં રહ્યો છું. તેમાં નર્મદાના રેગ્યુલર એટલે નિયમિત અને વધારાના પાણી એટલે કે ચોમાસા દરમિયાન

દરીયામાં વહી જતા નર્મદાના નીરનો લાભ કચ્છ જિલ્લાના દુષ્કાળગ્રસ્ત વિસ્તાર અને સરહદી વિસ્તારને વહેલામાં વહેલી તકે મળે અને નિર્ધારીત જથ્થા પ્રમાણે નિર્ધારીત સઘળા વિસ્તારને મળે તે માટે અમો એકબીજા સાથે અવારનવાર ટેલીફોન પર ચર્ચાઓ કરતા અથવા એકબીજાના પત્ર વ્યવહારથી ચર્ચા કરતા.

શ્રી અશોકભાઈએ પોતાના ઈન્ટરવ્યુમાં જણાવ્યું છે કે તેઓશ્રી અવારનવાર ગાંધીનગર નર્મદાની મુખ્ય ઓફિસે પત્રવ્યવહાર કરતા અને પોતે મુખ્ય અધિકારીશ્રીઓને રૂબરૂ મળી અને કચ્છ જિલ્લાને નર્મદાના નીરનો લાભ સત્વરે અને પર્યાપ્ત જથ્થામાં મળે તે માટે સતત પ્રયત્નશીલ રહેતા – આ વાતનો હું સાક્ષી છું. તેના અસંખ્ય પુરાવાએ કચ્છ જિલ્લાનું ખ્યાતનામ અખબાર 'કચ્છમિત્ર'માં અવારનવાર અહેવાલો પ્રસિધ્ધ થતા અને તેઓશ્રી મારફતે કરવામાં આવતી નોંધો અખબારમાં પ્રસિધ્ધ થતી. તેના ઘેરા પ્રત્યાઘાત પડતા અને અહેવાલો સંદર્ભ સંબંધિત વિભાગોને તેનો રદિયો આપવો પડતો તેમજ કરવામાં આવતા સૂચનો/ટકોરોનું અમલીકરણ કરવા માટે ટોચના લેવલથી સૂચન થતાં તેમજ જવાબદાર અધિકારીશ્રીઓનું પૂછાણું પણ લેવામાં આવતું. શ્રી અશોકભાઈ પોતે સ્વાભાવે નીડર અને સ્વાભિમાની સ્વભાવના હોવાથી નર્મદા પ્રત્યેની સાચી હકીકતોનું ધ્યાન દોરવામાં તેઓ જરાય પણ સંકોચ રાખતા નહીં. રાજકીય પક્ષ તેમજ સત્તાધારી પક્ષોનું પણ તેઓશ્રી બરાબર ધ્યાન દોરતા અને રાજકીય ઈચ્છાશકિતના અભાવે કચ્છ જિલ્લાને નર્મદાના નીરના મળનાર લાભોમાં વિલંબ થાય છે તેવું અખબારોના માધ્યમથી જાહેર કરતા. આથી રાજકીય વ્યકિતઓને પણ નર્મદા પ્રત્યે જાગૃત કરતા અને સમાંતર જરૂરિયાત પ્રમાણે આક્ષેપો પણ કરતાં. બીજું, કે નર્મદાની નહેરોના કામો ઝડપી થાય અને ગુણવત્તાયુક્ત થાય તે માટે અવારનવાર ધ્યાન દોરતા. તેઓશ્રીના મતે કચ્છ જિલ્લામાં નર્મદાના નીર નિર્ધારીત નહેરોના નેટવર્ક મારફતે એટલેકે ખેતરે ખેતરથી નાની મોટી નહેરો મારફત ગ્રેવિટી એટલે કે ડાયરેકટ પાણીનો પ્રવાહ કુંડીઓ મારફતે ખેડૂતોના ખેતરમાં ગ્રેવિટીથી એકપણ ખેતરમાં પહોંચ્યા નથી તેવો શ્રી અશોકભાઈનો આક્ષેપ છે. આ આક્ષેપ પણ મહંદઅંશે સત્ય છે. કારણકે મારા અનુભવો તેમજ મારી જાણ મુજબ ખરેખર પેટા કેનાલો મારફતે ખેડૂતોને વારાબંધી પધ્ધતિથી ખેતરે-ખેતર ગ્રેવિટીથી પાણી પહોંચાડવા જે નહેરોનું નેટવર્ક બનાવવાનું પૂર્વ આયોજન છે તેમાં મોટાભાગનું નેટવર્ક તેની પૂર્ણ કક્ષાએ પૂર્ણ થયેલ નથી અથવા જો થયેલ હોય તો અમુક વિસ્તારમાં તેનો લાભ મળ્યો છે. બાકી કચ્છ જિલ્લાના ખમીરવંતા અને સાહસિક ખેડૂતોએ પોતાન સ્વખર્ચે કચ્છ બ્રાંચ મારફતે વહન થતા નર્મદાના નીર વિવિધ સાધનોનો ઉપયોગ કરી અને લીફ્ટથી નર્મદાના નીરની સિંચાઇ માટે લાભ લીધો છે. આથી કારમી મોંઘવારીમાં પાણી લીફ્ટ કરી અને પોતાના ખેતરો સુધી પહોંચાડવા પાઈપો નાખ્યાનો ખર્ચ, ડીઝલ એન્જિન અથવા ઈલેકટ્રીક મોટરનો ખર્ચ આર્થિક રીતે ઘણો જ મોંઘો પડે છે, તેમ છતાં ખેડૂતો વિશાળ દિલ રાખીને સ્વખર્ચે નર્મદાના નીરની સિંચાઈ માટે લાભ મેળવી રહ્યા છે. જો કે આ લાભ બીજા ખેડૂતોને જયારે અને જેટલો જથ્થો પાણીનો જોઇએ તે પૂરતા પ્રમાણમાં અને જોઈએ ત્યારે મળવામાં વિલંબીત થાય છે.

શ્રી અશોકભાઈ મહેતાના કચ્છ જિલ્લાને નિર્ધારીત જથ્થો સમયસર મળતો નથી તેથી કરોડો રૂપિયાની આવક ખેડૂતો ગુમાવી રહ્યા છે. તે આ વાત સમજે છે.

કચ્છ જિલ્લાને નર્મદાના નીર નિર્ધારીત જથ્થામાં નિર્ધારીત વિસ્તારને મળતા થાય તે માટે ઈન્ટરવ્યુમાં જણાવે છે કે જૂની ટીમ ઉંમરલાયક થયેલ હોઈ હવે નવી ટીમ તૈયાર થાય અને સક્રિય થાય તો કચ્છ જિલ્લાને તેનો લાભ મળતો થાય. આ બાબતનો મારો અભિપ્રાય મુજબ હાલમાં એવા કોઇ અનુભવી વ્યક્તિઓ, અનુભવી સંગઠનો કે અનુભવી સંસ્થાઓ આવા પ્રકારની કાર્યવાહી કરે તેવું જણાતું નથી પરંતુ અનુભવી અને પ્રભાવશાળી વ્યકિતઓ સંગઠનો કે સંસ્થાકીય પ્રતિનિધિઓએ આ બાબતે મનોમમંથન કરવા કચ્છ જિલ્લાના મુખ્ય મથક એવા ભુજ ખાતે તાકીદની બેઠક બોલાવવી જોઇએ અને ચર્ચાઓ વિચારણાઓ કરવી જોઈએ. આ બેઠક કરતા પહેલા નર્મદા નિગમની હેડ ઓફિસ પાસેથી અત્યાર સુધીના કરેલા કામો તેમજ હવે પછીના આયોજનોની વિગતો લેખિતમાં મેળવવી જોઈએ. આયોજન મુજબ કરવાના થતા કામોને પૂર્ણ કરવામાં જો કોઇ અવરોધ હોય, કોઈ ખૂટતી કડીઓ હોય, તેની સચોટ અને અદ્યતન માહિતી સંબધિત વિભાગો પાસેથી મેળવી લેવી જોઈએ અને ત્યારબાદ બેઠક યોજવી જોઇએ જેથી કરીને સચોટ આયોજન કરી શકાય.

મારા મત પ્રમાણે નર્મદા નીર ખેતરે ખેતર પહોંચાડવામાં નર્મદા નિગમે પૂર્વ આયોજન મુજબ સરકારી વિવિધ મંડળીઓ મારફતે પાણીની વિતરણ વ્યવસ્થા કરવાના આયોજન બાબતે સચોટ માહિતી મેળવવી અને પિયત સહકારી માળખા મારફતે પાણીની વિતરણ વ્યવસ્થા ગોઠવવામાં આવે તે માટે ટોચ લેવલે ચર્ચાઓ આયોજનો કરવા જોઈએ. રાજકીય ઉદાસીનતા દૂર કરવા અહેવાલોના માધ્યમથી રાજકીય લોકો જાગૃત થાય તેવા અહેવાલો પ્રસિધ્ધ કરવા જોઇએ. આનાથી વિધાનસભાની ચૂંટણીમાં નર્મદાના મુદ્દાને મુખ્ય મુદ્દો બનાવવો જોઈએ જેથી કરીને દરેક રાજકીય પક્ષો જાગૃત થાય અને પોતપોતાની ફરજ

બજાવવા મજબુર થાય.

બીજું કે કચ્છ જિલ્લામાં જે નર્મદા નીર સિંચાઈ માટે કે પીવા માટે વાપરવામાં આવે છે તે અતિ ખર્ચાળ છે. જે માટે ખેતીમાં વપરાતા નર્મદા નીર ડ્રીપ ઈરીગેશન પધ્ધતિ કે ફુવારા પધ્ધતિ એટલે કે માઈક્રો ઈરીગેશન પધ્ધતિથી પાણી વાપરવામાં આવે છે. તે માટે જનજાગૃતિ અભિયાન વ્યવસ્થાપન ચાલુ કરવું જોઈએ, જેથી કરીને ઓછા પાણીના જથ્થામાં વધુ વિસ્તારને સિંચાઈનો લાભ મળે તેમજ વધુ પડતા વપરાતા પાણીના જથ્થાના કારણે જે જમીનમાં ક્ષાર વધતો જાય છે અને બિનઉપજાઉ થઈ જાય છે તેનું પ્રમાણ ઘટે અને લીફટ કરવા જે કરોડો રૂપિયાની વિજળી વાપરવામાં આવે છે તેમાં ઘટ આવે એટલે સરકારને આર્થિક રીતે થતા મસમોટા નુકસાનથી બચાવી શકાય.

મારા મત મુજબ શ્રી અશોકભાઈ મહેતા સાહેબે પોતાના ઈન્ટરવ્યુમાં જે હૈયાવરાળ કાઢી છે તે બાબતે દરેક મુદ્દાઓનો જવાબ નર્મદા નિગમ પાસેથી મુદ્દાવાર મેળવવો જોઈએ. જેથી કરીને સત્ય હકીકતની ખબર પડે.

*છગનભાઈ બી. પરડવા - આદિપુર, કચ્છ*
*નિવૃત્ત અધિક મદદનીશ ઇજનેર (નર્મદા વિભાગ)*

★

*"કચ્છમાં નર્મદાનાં પાણી પહોંચ્યાં, પણ ખેતરો સુધી તો હજુ નહીં જ! સીધું ને સટ્ટ"* – *ડૉ. હરિ દેસાઈ*

તાજેતરમાં એક પૉડકાસ્ટમાં ડૉ. હરિભાઈ દેસાઈએ આપણા કચ્છી સમાજ - અમદાવાદના અશોકભાઈ મહેતાનો ઈન્ટરવ્યૂ લીધો છે. જે યુ-ટ્યુબ ઉપર ઉપલબ્ધ છે. આ વિષય ઉપર જો કોઈ અધિકારીક માહિતી આપી શકે તેમ હોય તો તે શ્રી અશોકભાઈ મહેતા જ છે. વર્ષો સુધી નર્મદા અને કચ્છ અંગે જેટલી પણ ચર્ચા વિચારણા થઈ હશે તેની માહિતી શ્રી અશોકભાઈ પાસે હોય જ. નર્મદા વિશે મારી માહિતી ખૂબ જ અલ્પ છે. તે પણ જ્યારે હું ગ્લોબલ કચ્છ સાથે જોડાયો ત્યાર પછીની છે. તેમ છતાં જે મારી માહિતી છે તે પ્રમાણે આ વીડિયોનો પ્રતિભાવ આપું છું.

**૧. નર્મદાનું પાણી કચ્છ સુધી પહોંચ્યું છે?**

હા, આ દાવો સાચો છે.

૨૦૨૨માં નર્મદા કેનાલ સિસ્ટમની કચ્છ બ્રાંચ કેનાલ (Kutch Branch Canal) મારફતે નર્મદાનું પાણી કચ્છના માંડવી વિસ્તાર સુધી પહોંચ્યું હતું. આ ઘટનાને સ્થાનિક સ્તરે ઐતિહાસિક સિદ્ધિ તરીકે જોવામાં આવી હતી.

**૨. શું કચ્છના દરેક ખેડૂતને નર્મદાનું સિંચાઇનું પાણી મળી રહ્યું છે?**

ના, સંપૂર્ણપણે નથી મળતું.

મુખ્ય કેનાલ પહોંચવી અને ખેતર સુધી પાણી પહોંચવું બે અલગ બાબતો છે.

ખેતર સુધી પાણી પહોંચાડવા માટેઃ ડિસ્ટ્રિબ્યુટરી કેનાલ, માઇનર કેનાલ, સબ-માઇનર નેટવર્ક, પાઇપલાઇન સિસ્ટમ પૂર્ણ હોવી જરૂરી છે. ઘણા વિસ્તારોમાં હજુ પણ આ નેટવર્ક અધૂરું અથવા મર્યાદિત છે.

**૩. શું કચ્છમાં હજુ પાણીની તંગી છે?**

કેટલાક વિસ્તારોમાં હા.

ગુજરાત સરકારે ૨૦૨૫માં ખડિર અને અન્ય વિસ્તારોમાં નર્મદાનું વધારાનું પાણી તળાવો અને સિંચાઈ યોજનાઓ સુધી પહોંચાડવા માટે રૂા. ૪૫૧ કરોડથી વધુની નવી યોજના મંજૂર કરી હતી. જો બધે પૂરતું પાણી પહેલેથી જ પહોંચી રહ્યું હોત તો આવી યોજનાઓની જરૂર ન પડત.

કચ્છમાં નર્મદા કેનાલનું વાસ્તવિક ચિત્ર સમજવા માટે સૌથી મહત્ત્વની વાત એ છે કે નર્મદા કચ્છના બધા તાલુકાઓમાં સમાન રીતે પહોંચી નથી. કેનાલનું મૂળ Command Area મુખ્યત્વે પૂર્વ અને મધ્ય કચ્છમાં કેન્દ્રિત છે.

## કચ્છ બ્રાન્ચ કેનાલ – સત્તાવાર કવરેજ

સરકારી આંકડા મુજબ કચ્છ બ્રાંચ કેનાલ દ્વારા કુલ ૧,૧૨,૭૭૮ હેક્ટર કમાન્ડ એરિયા અને ૧૮૨ ગામો આવરી લેવામાં આવ્યા છે. મુખ્ય લાભાર્થી તાલુકાઓ આ છેઃ

| *તાલુકો* | *લાભાર્થી ગામો* | *કમાન્ડ એરિયા (હેક્ટર)* |
|---|---|---|
| રાપર | ૪૭ | ૩૮,૫૬૦ |
| ભચાઉ | ૩૩ | ૨૫,૯૩૫ |
| મુંદ્રા | ૩૪ | ૧૮,૨૪૦ |
| અંજાર | ૨૪ | ૧૩,૩૬૭ |
| માંડવી | ૩૦ | ૧૧,૧૯૮ |
| ગાંધીધામ | ૮ | ૪,૧૩૫ |
| ભુજ | ૬ | ૧,૩૪૩ |
| *કુલ* | *૧૮૨* | *૧,૧૨,૭૭૮ હેક્ટર* |

## તાલુકાવાર વિશ્લેષણ

**૧. રાપર – સૌથી મોટો લાભાર્થી**

રાપર કચ્છમાં નર્મદા સિંચાઈનો સૌથી મોટો લાભ

મેળવનાર તાલુકો છે. કચ્છ બ્રાંચ કેનાલ અને તેની સબ-બ્રાંચોનો મુખ્ય પ્રભાવ અહીં જોવા મળે છે. ખેતી માટે પાણીની ઉપલબ્ધતા અન્ય તાલુકાઓ કરતાં વધુ સારી છે.

સ્થિતિઃ સૌથી વધુ કવરેજ

**૨. ભચાઉ**

ભચાઉમાં પણ નોંધપાત્ર કમાન્ડ એરિયા છે. ખાસ કરીને વાગડ વિસ્તારના ખેડૂતોને નર્મદા પાણીનો સીધો લાભ મળ્યો છે. છતાં તમામ ગામો સુધી વિતરણ નેટવર્ક પૂર્ણ નથી.

સ્થિતિ : સારો લાભ, પરંતુ સંપૂર્ણ નહીં.

**૩. મુંદ્રા**

મુંદ્રામાં કૃષિ ઉપરાંત ઔદ્યોગિક અને પીવાના પાણી માટે પણ નર્મદાનું મહત્ત્વ વધી રહ્યું છે. કેનાલ નેટવર્કનો લાભ દરિયાકાંઠાના વિસ્તારો સુધી પહોંચ્યો છે.

સ્થિતિ : મધ્યમથી સારો લાભ

**૪. અંજાર**

અંજાર અને ગાંધીધામ પટ્ટામાં કૃષિ કરતાં ઔદ્યોગિક અને શહેરી પાણી પુરવઠાનો લાભ વધુ જોવા મળે છે.

સ્થિતિ : લાભ મળ્યો છે

**૫. માંડવી**

માંડવીમાં ૩૦ ગામો કમાન્ડ એરિયા હેઠળ આવે છે. તાજેતરના વર્ષોમાં કેનાલ વિસ્તરણથી અહીં પાણી પહોંચ્યું છે, પરંતુ તાલુકાના તમામ વિસ્તારોમાં સમાન લાભ નથી. દરિયાકાંઠાના કેટલાક વિસ્તારો હજુ વરસાદ અને ભૂગર્ભ જળ પર આધારિત છે.

સ્થિતિ : આંશિક લાભ

**૬. ભુજ**

ભુજ તાલુકાને સત્તાવાર રીતે માત્ર ૬ ગામો અને ૧,૩૪૩ હેક્ટર જેટલો સીધો સિંચાઈ લાભ દર્શાવવામાં આવ્યો છે. એટલે ભુજ શહેર સુધી પાણી પહોંચે છે. પરંતુ સમગ્ર ભુજ તાલુકાની ખેતીને કેનાલ આધારીત સિંચાઈ ઉપલબ્ધ નથી.

સ્થિતિઃ મર્યાદિત સિંચાઈ લાભ

સૌથી મહત્ત્વનો મુદ્દો

**૭. નખત્રાણા**

નખત્રાણા કચ્છ બ્રાન્ચ કેનાલના સત્તાવાર કમાન્ડ એરિયામાં સમાવાયેલ નથી.

અહીંના ખેડૂતો હજુ પણ મુખ્યત્વે વરસાદ, ચેકડેમ, તળાવો, ભૂગર્ભ જળ પર આધારિત છે.

સ્થિતિ : સીધી કેનાલ સિંચાઈ લગભગ નથી

**૮. અબડાસા**

અબડાસા જિલ્લાનો પશ્ચિમ ભાગ છે અને કચ્છ બ્રાંચ કેનાલના મૂળ કમાન્ડ એરિયા બહાર છે.

અહીં પીવાના પાણી માટે નર્મદા આધારિત યોજનાઓનો લાભ મળે છે, પરંતુ મોટા પાયે કેનાલ સિંચાઈ ઉપલબ્ધ નથી.

સ્થિતિ : સીધી સિંચાઈ મર્યાદિત

**૯. લખપત**

લખપત કચ્છનો સૌથી પશ્ચિમ અને સરહદી વિસ્તાર છે. કચ્છ બ્રાંચ કેનાલનું પરંપરાગત નેટવર્ક અહીં સુધી પહોંચતું નથી.

સરકાર દ્વારા ભવિષ્યમાં પાઈપલાઈન અને તળાવ ભરવાની યોજનાઓ દ્વારા પાણી પહોંચાડવાના પ્રયાસો થાય છે, પરંતુ સીધી કેનાલ સિંચાઈ હજુ વ્યાપક નથી.

સ્થિતિ : સૌથી ઓછો લાભ

- **સારાંશ :**

*સૌથી વધુ લાભ મેળવનારા તાલુકા : રાપર, ભચાઉ, મુંદ્રા.*

*મધ્યમ લાભ મેળવનારા તાલુકા : અંજાર, ગાંધીધામ, માંડવી.*

*મર્યાદિત લાભ મેળવનારા તાલુકા : ભુજ*

*હજુ પણ મોટા પ્રમાણમાં બાકી : નખત્રાણા, અબડાસા, લખપત.*

તો તાલુકાવાર આંકડાઓ જોતાં આ નિવેદન મોટાભાગે સાચું લાગે છે. કચ્છના પૂર્વ ભાગ (રાપર - ભચાઉ)ને સૌથી વધુ લાભ મળ્યો છે જ્યારે પશ્ચિમ કચ્છ (નખત્રાણા - અબડાસા - લખપત) હજુ પણ સંપૂર્ણ કેનાલ સિંચાઈથી વંચિત છે.

આપણી તકલીફ એ છે કે આપણે પોતે કચ્છ માટે માહિતી મેળવવાને બદલે સમાચારનું વિવરણ કરી સંતોષ માણીએ છીએ.

***કચ્છ માટે આપણે બધા જાગૃત થઈએ.***

**– મયૂર દેઢિયા**

Shailen Vijaysen Shah
M. 98240 01166

SPACE UNLIMITED
REAL ESTATE CONSULTANT
DEALING IN PALDI AREA

*"પાણી હોય ત્યાં જીવન હોય, અને જીવન હોય ત્યાં સમૃદ્ધિ હોય."*

કચ્છી જૈન સમાજના અગ્રણી આગેવાન તેમજ 'મંગલ મંદિર' મુખપત્રના મુખ્યતંત્રી માનનીયશ્રી અશોકભાઈ મહેતાએ નર્મદાના પાણીના પ્રશ્ન અંગે મીડિયામાં કરેલી રજૂઆત ખરેખર કચ્છના ખેડૂતોના હિતની ચિંતા દર્શાવતી અને સમાજને દિશા આપનારી છે.

કહેવાય છે કે, "જેને પોતાની ધરતીની ચિંતા હોય, તે જ સાચો સમાજસેવક ગણાય." અમદાવાદમાં રહીને પણ કચ્છની ધરતી, ખેડૂતો અને ગામડાંઓના વિકાસ માટે સતત ચિંતિત રહેવું એ શ્રી અશોકભાઈ મહેતાના કચ્છપ્રેમનું જીવંત ઉદાહરણ છે.

તેમણે ખૂબ જ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે નર્મદાનું પાણી કચ્છમાં પહોંચ્યું છે, પરંતુ હજુ દરેક ખેતર સુધી તેનો લાભ પહોંચ્યો નથી. હવે સમય માત્ર આનંદ વ્યક્ત કરવાનો નથી, પરંતુ પાણી ખેતરો સુધી પહોંચે તે માટે સામાજિક સંસ્થાઓ, જનપ્રતિનિધિઓ, આગેવાનો અને ખેડૂતો સૌએ મળીને સંકલ્પબદ્ધ પ્રયાસો કરવાનો છે.

"એકતા હોય ત્યાં શક્તિ હોય, અને શક્તિ હોય ત્યાં સફળતા અવશ્ય મળે" – આ વિચારને આગળ વધારતાં શ્રી અશોકભાઈ મહેતાએ સમગ્ર સમાજને એક મંચ પર આવી કચ્છના પાણીના પ્રશ્ને સંગઠિત થવાનો સંદેશ આપ્યો છે.

આ પ્રસંગે શ્રી બિદડા સર્વોદય ટ્રસ્ટના ચેરમેન શ્રી વિજયભાઈ છેડાએ શ્રી અશોકભાઈ મહેતાનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરતાં જણાવ્યું કે, 'વતનની ચિંતા કરનાર વ્યક્તિ ક્યારેય પોતાના માટે જીવતો નથી, તે સમગ્ર સમાજ માટે જીવતો હોય છે.'

કચ્છના ખેડૂતોના હિત માટે આપ દ્વારા મીડિયામાં રજૂ કરાયેલા વિચારો અને માર્ગદર્શન ખૂબ જ મૂલ્યવાન છે. નર્મદાનું પાણી માત્ર કેનાલોમાં નહીં પરંતુ કચ્છના છેવાડાના ખેડૂતના ખેતર સુધી પહોંચે, તે જ સાચા અર્થમાં વિકાસ ગણાશે.

'વૃક્ષ પોતાના ફળ ખાતું નથી, નદી પોતાનું પાણી પીતી નથી; મહાન વ્યક્તિઓ હંમેશાં બીજાના કલ્યાણ માટે જ કાર્ય કરે છે.'

આ ઉક્તિને સાર્થક કરતાં શ્રી અશોકભાઈ મહેતા સતત કચ્છના હિત માટે અવાજ ઉઠાવી રહ્યા છે. તેમના આ પ્રયાસો બદલ શ્રી બિદડા સર્વોદય ટ્રસ્ટ પરિવાર તથા ચેરમેન શ્રી વિજયભાઈ છેડા તરફથી હાર્દિક આભાર, અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવવામાં આવે છે.

"કચ્છની સમૃદ્ધિમાં જ કચ્છવાસીઓની સમૃદ્ધિ છે અને ખેડૂતની ખુશીમાં જ દેશની ખુશી છે."

*શ્રી બિદડા સર્વોદય ટ્રસ્ટ*
*ચેરમેન શ્રી વિજયભાઈ છેડા*

★

હાલમાં ડૉ. હરિભાઈ દેસાઈએ કચ્છના નર્મદા પાણીના પ્રખર અભ્યાસુ અને કચ્છી સમાજ - અમદાવાદના પૂર્વ મેનેજિંગ ટ્રસ્ટી એવા માનનીય શ્રી અશોકભાઈ મહેતાનો "કચ્છના ખેતરો સુધી નર્મદાના પાણી પહોંચ્યા કે કેમ?" એ વિશે લીધેલો ઇન્ટરવ્યુ જોયો અને સાંભળ્યો...

અશોકભાઈએ સ્પષ્ટ ભાષામાં અને શબ્દો ચોર્યા વિના આ બાબતે છણાવટ કરી. આ ઇન્ટરવ્યુ દ્વારા સ્પષ્ટ થઈ ગયું કે કચ્છના ખેડૂતોને નર્મદા નિગમ અને સરકાર દ્વારા સરાસર અન્યાય થાય છે અને કચ્છના કિસાનો દર વરસે કરોડો રૂપિયાની આવક ગુમાવે છે. જાહેરાતો એવી થાય છે કે કચ્છના છેવાડા સુધી નર્મદાના પાણી પહોંચી ગયા છે, પરંતુ આ અર્ધસત્ય છે. કચ્છના ખેતરોમાં સિંચાઈ માટે હજુ એક પણ એકરમાં નર્મદાના પાણી પહોંચ્યા નથી! ખેતરો સુધી પાણી પહોંચાડવા જરૂરી માઈનોર અને સબ માઈનોર કેનાલોનું કામ હજુ થયું જ નથી.

જો ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રમાં 'સુજલામ્ સુફલામ્' અને 'સૌની' યોજના હેઠળ સમયસર કામ પૂરા થઈ શકતા હોય, તો કચ્છને નર્મદાના પાણીમાં વિલંબ શા માટે?

અહીં એક આડ વાત. થોડા સમય પહેલાં શ્રી અશોકભાઈએ કચ્છમાં નર્મદાના કામોમાં પ્રગતિ વિશે RTI હેઠળ અમુક મુદ્દા ઉઠાવ્યા. અતિ વિલંબ બાદ મળેલ જવાબમાં સ્પષ્ટતાનો અભાવ હતો. અતિ આઘાતજનક બાબત એ હતી કે ખેડૂતોને પાણી મળે તે માટે જરૂરી એક પણ ખેડૂત મંડળી હજુ કાર્યરત નથી! કચ્છ માટે કુલ ૭૧૯ મંડળીઓની રચના કરવાની હતી તેમાંથી ૧૮૬ની રચના થઇ ગયેલ પરંતુ કોઈ કાર્યરત થાય એ પહેલાં ગાંધીનગર કચેરી દ્વારા તા. ૦૮-૦૪-૨૦૨૨થી આ કામગીરી સ્થગિત કરી દેવામાં આવી છે.

હાલે રાપર તથા ભચાઉ બાજુ નર્મદા કેનાલમાંથી પાણી

*(અનુસંધાન : જુઓ પાના નંબર – ૬૧ ઉપર)*

શુભેચ્છા સહ...
**મનીષ આર. સાવલા**
**અરિહંત ઇન્ડસ્ટ્રીઝ,** વટવા, અમદાવાદ.


Sanghavi Finserv
Your Trusted Partner for Complete Financial Solutions
We offer a wide range of Investment and Financial Services to help you grow and secure your wealth
Investment & Financial Services
Mutual Funds
AIF (Alternate Investment Funds)
Corporate Fixed Deposits (FD)
NCD (Non-Convertible Debentures)
Equity Broking Services
SIF (Specialised Investment Funds)
NPS (National Pension Scheme)
LIC Agent
Life Insurance from Leading Private Companies
(All types of Life Insurance solutions available)
AMFI Registered Mutual Fund Distributor
IRDAI Certified
PLAN YOUR INVESTMENTS SMARTLY, SECURE YOUR FUTURE CONFIDENTLY.
Bharat Prabhulal Sanghavi (Rapar)
+91 96199 12184
Office: 90827 07478
Expert Guidance
Trusted Service
Long-term wealth creation
Disclaimer - Sanghavi Finserv is distributor of financial products and a Mutual Fund Distributor. ARN: 337985 | EUIN: E642525. Mutual Fund investments are subject to market risks. Insurance products are subject to policy terms & conditions. Other market-linked investments carry risk. No guaranteed returns.




# Ahmedabad Institute of Technology

(NBA Accredited)

(AICTE Approved & GTU Affiliated)



21 Year of Academic Excellence

**BE | BBA | BCA**
**ME | MBA | MCA**
**Diploma**

## COURSES OFFERED

**B.E. Programs**
- Computer Engineering
- Information Technology
- Artificial Intelligence and Machine Learning
- CSE (Cyber Security)
- CSE (Data Science)
- Automobile Engineering
- Mechanical Engineering
- Electronics & Communication Engg.
- Electrical Engineering
- Civil Engineering

**Diploma Programs**
- Computer Engineering
- Information Technology

**M.E. Programs**
- Mechanical Engineering
- Electrical Engineering
- Computer Engineering

**BBA, BCA, MBA, MCA**

Near Vasantnagar Township, Gota-Ognaj Road, Nr. S G Highway, Ahmedabad, Gujarat - 380060
**Ph. :** 024172411325, 9510900587 **E-mail :** admission@aitindia.in • info@aitindia.in **Website :** www.aitindia.in



ANJALEE JEWELLERS
Opp. Lal Bunglow, C.G. Road, Ahmedabad. Ph: 26564791/92/93

Dr. ROHAN K PATEL
MBBS, MS ENT (Gold Medalist)
Ear, Nose, Throat & Head-Neck Surgeon
Aarvi Hospital
ENT AND DENTAL CARE
+91 98250 18678
healthcare@aarvihospital.com
www.aarvihospital.com
504-506, Copper Leaf,
Opp. Sarvopari Mall,
Bhuyangdev Cross Road,
Sola Road, Ahmedabad-380063.

Dev Morabia
96249 47491
Viren Morabia
98252 27499
MORBIA GROUP
Morbia Estate
APEX IT RENTAL
WORLD LINK
Kiddos Club



સ્મરણાર્થે...
ગાંધી જયાબેન રમણલાલ
ગાંધી રમણલાલ પાસુભાઈ
(ગામ : માનકુવા, હાલે : અમદાવાદ)

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના
માસિક મુખપત્ર "મંગલ મંદિર"
ને ખૂબ ખૂબ શુભેચ્છા...



(એક વાચક સભ્ય તરફથી)

Vipul M Shah
M. : 9321277711
9321277712
Elite Enterprises
SUPPLIERS OF ELECTRONICS
SPARE PARTS AND COMPONENTS.
3, Madan Mansion, 1st Floor, Shamrao Vithal Lane,
Lamington Road, Grant Road (East), Mumbai - 400 007.
Ph. : (O) (022) 4881 6231 ● Email : vipulelite@rediffmail.com

Best wishes from
Mukesh Mulji Champshi Savla



Sagar Mukesh Savla 98791 13094
Neel Mukesh Savla 96870 05406

Scarlet Hospital
Dr. Sharad Purohit
M. +91 98790 07908
M.S.(Ortho.) DNB(Ortho.) FARS(Germany)
Joint Replacement & Reconstructive Surgeon
NABH Accredited Hospital
ISO 9001:2015 Certified Hospital
Hospital : +91 9879807908
079-2667 0908
dr_sharadpurohit@hotmail.com
www.scarlethospital.com
2nd Floor, Scarlet Business Hub,
Opp. Ankur School,
Nr. Mahalakshmi Five Roads,
Paldi Bhattha Road, Paldi,
Ahmedabad, Gujarat 380007.
Reporting Time : Mor. 10.15 am to 1.45 pm and Eve. 5.15 pm to 8.00 pm

છેલ્લા આઠ વર્ષથી
જોઇએ તે જથ્થામાં નેપિયર
ઘાસ સેવા સ્વરૂપે આપવામાં આવી રહેલ છે.
કોઇને પણ નેપિયર ઘાસ ઉગાડવું હોય
તો તેની કલમો મેળવવા માટે
સંપર્ક કરો.
મો. ૯૬૫૩૨ ૦૫૦૬૦

Sheth info
Reliable • Reasonable • Refurbished
Refurbished IT Products - Sales & Rental
Laptops • Desktops • Workstation • Servers • Apple Products
Jodhpur Char Rasta, Satellite, Ahmedabad.
Mob :- 7405732001 ● E-mail : info@shethinfo.com

Opti Matrix
Turns idea into Reality
- Premium Website Design
- Web Based Customize Software
- Mobile App Development
- Digital Marketing & Promotion

Opti Matrix Solutions
Ahmedabad : +91 81283 61116
706, Indraprastha Corporate, Opp. Shell Petrol Pump,
Prahlad Nagar, Ahmedabad, Gujarat - 380015
Bhuj : +91 75750 58824
207, Merry Rajaram Complex,
Hospital Road, Bhuj-Kutch, Gujarat - 370001
SCAN FOR DIGITAL CARD

॥ શુભેચ્છા સહ ॥

રતનબેન પાસુભાઇ પૂંજા શાહનંદ
અમદાવાદ

કોઇ પણ પ્રસંગે ભેટ આપવા લાયક...
ચિત્રસેન શાહ - ગાંધીનગરના
હાસ્ય કટાક્ષના પુસ્તકો
(૧) ધણીને ધાકમાં રાખો!
(૨) સ્વર્ણિમ ગુજરાતમાં ૨૪ કેરેટનું હાસ્ય
(૩) ચાલો, ખવડાવો આઇસ્ક્રીમ!
(૪) સ્મશાનમાં સ્વયંવર
સંપર્ક : ૬૩૫૩૧ ૪૦૫૭૬

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના
માસિક મુખપત્ર
"મંગલ મંદિર"
ને હાર્દિક શુભેચ્છા...

॥ એક શુભેચ્છક ॥


ઘર ઘરની મીઠાઈ...
હાથી છાપ ગોળ
શાહ હાથીભાઈ અજરામલદાસ
૧૧૦૩, જૂના માધુપુરા, દિલ્હી દરવાજા બહાર,
અમદાવાદ-૩૮૦ ૦૦૪. મો. ૯૭૧૨૩ ૬૫૪૦૦

*"Knowledge and brotherhood is key to success for the members of Jain Samaj."*
**Justice S. H. Vora**
Former Judge
High Court of Gujarat

## ઓનલાઈન ઇન્ટરવ્યુના પ્રતિભાવો

(અનુસંધાન : પાના નંબર – ૫૬ ઉપરથી ચાલુ)

ખેંચીને ખેડૂતો ખેતી કરે છે. આમાં જરૂરી હોય એનાથી અનેકગણા પાણીનો વેડફાટ થાય છે. વળી આમાં નર્મદા નિગમને કાંઈ વળતર પણ મળતું નથી.

ગુજરાતમાં તળિયાથી ટોચ સુધી વરસોથી એક જ પક્ષની સરકાર છે. કચ્છના બધા ધારાસભ્યો અને સાંસદ પણ એ જ પક્ષના છે. છતાં કચ્છના ખેડૂતોને નર્મદાના પાણીથી વંચિત રહેવું પડતું હોય તો દોષ કોને દેવો?

અહીં એક કહેવત યાદ આવે છે : "હથ્થો પૂછે મથ્થાને, લાડુ કરવા કેવા?" મથ્થો જવાબ આપે છે : "આપણા બેના લચપચતા, બાકી જેવા તેવા." સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતના ખેડૂતો નર્મદાના પાણીથી ધૂમ કમાય છે અને બિચારું કચ્છ...?

*કિશોર કે. જોબનપુત્રા - ભુજ, કચ્છ*
*મો. ૯૮૨૫૮ ૩૩૭૫૫*

★

### *નર્મદાનું જળ કચ્છ માટે 'હજી' મૃગજળ??*

'મંગલ મંદિર'ના ગયા અંકમાં અશોકભાઈ મહેતાના નર્મદા અંગેના વરિષ્ઠ પત્રકાર હરિ દેસાઈ સાથેના ઇન્ટરવ્યુવાળા લેખમાં વ્યક્ત કરેલી ચિંતા કચ્છ જિલ્લાના વર્તમાન અને ભવિષ્ય સાથે સંકળાયેલી છે. સિંચાઈ માટેની મુખ્ય કેનાલ મોડકુબા (માંડવી) સુધી પહોંચી ગઈ છે. પરંતુ આ કેનાલનું જળ કચ્છના રાપર ભચાઉના વિસ્તારને બાદ કરતા તેના કમાન્ડ વિસ્તારમાં આવતા બાકીના તાલુકા અંજાર, મુંદ્રા અને માંડવીના ખેડૂતો અને ખેતી માટે હજી મૃગજળ જેવું છે. જ્યારે કચ્છ જિલ્લાના અન્ય ૫ તાલુકાઓ ભુજ, નખત્રાણા, અબડાસા, લખપત અને ગાંધીધામ – આ કેનાલના કમાન્ડ વિસ્તારમાં આવતા નથી. સીધી વાત કરીએ તો કચ્છના કુલ ૧૦ પૈકી ૫ તાલુકાનો નર્મદાના કમાન્ડ વિસ્તારમાં સમાવેશ થાય છે જ્યારે અન્ય ૫ તાલુકા તેમાંથી બાકાત છે.

જે ૫ તાલુકાનો સમાવેશ થાય છે તેમાં રાપર, ભચાઉ, અંજાર સુધી સપ્લાય નિયમિત છે જ્યારે મુંદ્રા માંડવી સુધી નિયમિત પાણી સપ્લાય નથી. હવે જે મુખ્ય કેનાલ છે તેનું બાંધકામ નબળું હોઈ અનેકવાર તેમાં ગાબડા પડવાની અને કેનાલના પાણી ખેતરોમાં ભરાઈ જવાથી ખેતર અને પાક ધોવાઈ જવાના કારણે ખેડૂતોને નુકસાન થાય છે. મુખ્ય કેનાલનું સમારકામ બરાબર થવું જોઈએ.

હવે મૂળ વાત બ્રાન્ચ કેનાલની. નર્મદા યોજનાની પાયાની આ મુખ્ય યોજનાનું કામ હજી થયું નથી. પરિણામ? નર્મદા ડેમના પાણી બ્રાન્ચ કેનાલ વાટે તેના કમાન્ડ વિસ્તારના ખેતરો સુધી પૂરતા પહોંચતા નથી. રાપર, ભચાઉમાં ખેડૂતો પોતાની રીતે પંપ લગાવી પાણી ખેતરો સુધી તો પહોંચાડે છે પણ એમાં પાણીનો બગાડ વધુ થાય છે.

કચ્છમાં ઔદ્યોગિકીકરણ બાદ ખેતીની જમીન બિન ખેતીમાં ફેરવવાનું પ્રમાણ વધ્યું છે. ઉદ્યોગો ભૂતળનું પાણી ખેંચે છે. એટલે બોરવેલના કૂવાના પાણી ઊંડા થયા છે, ખારા થયા છે. એ જોતા પાણી માટેની મુશ્કેલી થકી કચ્છ જિલ્લાની ખેતી ઉપર જોખમ ઝળુંબી રહ્યું છે. જો, નર્મદાના બ્રાન્ચ કેનાલના કામ સો ટકા પૂરા થઈ જાય તો એ કચ્છની ખેતી તેમ જ કચ્છના ખેડૂતોના વર્તમાન અને ભવિષ્ય માટે અતિ જરૂરી અને મહત્ત્વનું છે. આ માટેની પહેલ કચ્છના ચૂંટાયેલા પ્રજાકીય પ્રતિનિધિઓએ કરવી પડશે.

*વિનોદ ગાલા – ભુજ, કચ્છ*
*વરિષ્ઠ પત્રકાર*

★

***Dear Honorable Shri Ashokbhai,***

I listened to your interviews and would like to salute your dedicated efforts to ensure that Narmada was reaches every farm in the Kutch region. Such initiatives have the potential to transform the lives of countless farmers and strengthen rural prosperity.

At the same time, I feel deeply concerned and somewhat disheartened. Despite the tireless efforts of many individuals, social workers and non-profit organizations over the years, it appears that the welfare of the common citizen has not always received the attention it deserves. In many cases, the focus seems to remain on the allocation and distribution of funds rather than on achieving tangible outcomes for the people.

It is unfortunate that even after decades of planning and expenditure, many ordinary

• શુભેચ્છા સહ •

વિશનજી ઉમરશી ગડા – કોડાય

citizens are yet to experience the full benefits of such development projects. This raises important questions about efficiency, accountability and the effective utilization of public resources.

I sincerely hope that under committed leadership and with greater transparency, these initiatives will continue to deliver real and lasting benefits to the people they are intended to serve.

With regards and best wishes...

***Himanshu Thakkar***
***Trainor, Educationist***
***પૂર્વ માનદ્ મંત્રી, શ્રી કચ્છી સમાજ - અમદાવાદ***

★

મુ. અશોકભાઈ મહેતા, પત્રકાર હરિભાઈ દેસાઈ સાથેનો આપનો કચ્છ અને નર્મદાના પાણી અંગેનો વાર્તાલાપ સાંભળ્યો. ઘણા વર્ષોથી આપ આ બાબત અંગે ચિંતિત છો અને જુદા જુદા સ્તરે આપે જુદા જુદા માધ્યમો દ્વારા આ અંગે વિસ્તૃત અને ગહન અભ્યાસ કરી રજુઆતો અને ચર્ચાઓ કરેલ છે. આપે સંવાદમાં સ્પસ્ટપણે એ વિગત દર્શાવવાનો પ્રયત્ન કરેલ કે રાજ્ય સરકાર જો ગંભીરતા અને વહીવટી કુશળતાથી કામ કરે તો કચ્છ પ્રદેશને મોટો આર્થિક અને પ્રાકૃતિક ફાયદો થવામાં વિલંબ થઇ રહ્યો છે તે વહેલો થઇ શકે. નર્મદાના વધારાના પાણીનો મોટો ફાયદો કચ્છને થઇ શકે. પાણી તો પહોંચી ગયુ છે પણ અસરકારક અને યોગ્ય પાણી ખેતરો સુધી પહોંચે તે જરૂરી છે. આપે રજૂ કરેલ માહિતી તથા હવે કેવી રીતે આગળ વધી શકાય તે બાબતે સ્પસ્ટ અભિપ્રાય રજૂ કર્યો. નીતિ વિષયક બાબત કરતાં પણ હવે અમલીકરણની વાત અગત્યની બને છે. કેનાલના બાકી કામો પૂરા કરી ખેતી અને જળાશયોમાં પાણી પહોંચાડવું જરૂરી છે, તે બાબતે આંકડાકીય માહિતી સહ આપના અભિપ્રાય આપ્યા તે ખૂબજ પ્રશંસનીય છે. આશા રાખું કે આપના પ્રયત્નો જલ્દી ફલીત થાય. આ બાબતે જન પ્રતિનિધિઓ, સામાજિક સંસ્થાઓ અને સરકાર સાથે રહીને મક્કમતાથી કાર્ય કરશે તો આ કામ અશક્ય નથી. આવું સ્પષ્ટ મંતવ્ય આપવા બદલ અભિનંદન સહ આભાર.

***બી. કે. પટેલ - અમદાવાદ***
***માનદ્ મંત્રી – સરદાર ધામ***

★

માનનિય તંત્રીશ્રી મંગલ મંદિર, અમદાવાદ. ગુજરાતમાં દર વર્ષે ૮૦૦થી વધુ સામયિકો પ્રકાશિત થાય છે. એ પૈકી શ્રી કચ્છી જૈન સેવા સમાજનું ૫૧ વર્ષથી પ્રસિદ્ધ માસિક છે ‘મંગલ મંદિર.’ જે વાચકોમાં આગવી અને અનન્ય ભાત ધરાવે છે. કોઈપણ સામયિકનો આધારસ્તંભ હોય છે તેના તંત્રી અને સંપાદક. મંગલ મંદિરના તંત્રી મંડળમાં સાત સભ્યો છે દરેક પત્રકારત્વ અને સામાજિક ક્ષેત્રમાં આગવું નામ ધરાવે છે. મુખ્ય તંત્રી છે અશોકભાઈ મહેતા. તેઓ અધ્યયનશીલ વ્યક્તિત્વનાં સ્વામી છે. જીજ્ઞાસુને તેની પ્રતીતિ થાય છે. જૂન ૨૦૨૬ના અંક દ્વારા અહીં વરિષ્ઠ પત્રકાર, રાજકીય વિશ્લેષક, ચિંતક અને સ્પષ્ટ વક્તા ડોક્ટર હરિભાઈ દેસાઈએ ભારતની પાંચમો ક્રમ ધરાવતી નર્મદા નદીના નીર સરહદી વિસ્તાર કચ્છને પહોંચાડવા માટે કચ્છ બ્રાન્ચ કેનાલ અંગે નીડર અને સંવેદનશીલ પત્રકાર અશોકભાઈ સાથેના ઇન્ટરવ્યૂનો સમાવેશ થાય છે. સરદાર સરોવર યોજના થયાને લગભગ ૪૦ વર્ષ થયા છે. મુખ્ય કેનાલ ૪૮૫ કિલોમીટર તૈયાર થઈ ગઈ છે, તેની ૩૦ બ્રાન્ચ કેનાલ પણ શરૂ થઈ ગઈ છે. પરિણામે ગુજરાતના અનેક વિસ્તારોમાં ખેતીની ઉત્પાદકતા વધી છે. પણ કચ્છ બ્રાન્ચ કેનાલની કામગીરી ક્યાં પહોંચી તેના તારણો આ ઈન્ટરવ્યુ દ્વારા સ્પષ્ટ થાય છે.

હરિભાઈના પ્રશ્નોના જવાબમાં સાત બાબતો અશોકભાઈ સ્પષ્ટ કરે છે :

૧. કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ અને શ્રી કચ્છી જૈન સેવા સમાજના પ્રયાસોને પરિણામે છેક ૨૦૦૨માં કચ્છ બ્રાંચ મેઈન કેનાલનો શુભારંભ થયો જે ૨૪ વર્ષના દીર્ઘકાળ પછી માંડવી પાસે મોડકુવા ગામ સુધી પહોંચી ગઈ છે. આ પાણીની વહન ક્ષમતા ૧૫ લાખ એકર ફૂટ છે. ટપ્પર ડેમ સુધી પાણી પહોંચ્યા છે.
૨. હા, કેનાલ માંથી બ્રાન્ચ, સબ બ્રાન્ચ અને નાની કેનાલની કામગીરી હજુ બાકી છે. પરિણામે કચ્છના ખેડૂતો નર્મદાના પાણીથી પૂરેપૂરા વંચિત છે.
૩. બીજી તરફ કેટલાક ખેડૂતો ગેરકાયદેસર રીતે કેનાલમાં ડીઝલ પંપ મૂકીને પોતાના ખર્ચે પાણી લઈ જાય છે.
૪. નર્મદાનું પાણી જો બધા જ ખેડૂતોને મળે તો ૧૩ લાખ એકર જમીનમાં સિંચાઈ થાય અને કૃષિ ઉત્પાદનમાં

સૌ કચ્છી જૈનોને હાર્દિક શુભકામનાઓ....
**માતુશ્રી શાંતાબેન ખીમજી પ્રેમજી મહેતા પરિવાર (બેલા વાળા)** અમદાવાદ – ભુજ
**અલકા - રસિકભાઈ મહેતા ★ નીલમ - રજનીકાંત મહેતા ★ મીના - હસમુખ મહેતા**

અંદાજે ૪૦૦ કરોડ રૂપિયાની વૃદ્ધિ થાય.

૫. કમનસીબે આ પ્રશ્ન અંગે કચ્છના આગેવાનો કે ભાજપના ધારાસભ્યોમાં હજુ સુધી સભાનતા આવી નથી.

૬. નર્મદાનું પાણી ઔદ્યોગિક એકમો મેળવી રહ્યા છે અને

૭. હવે જયારે કચ્છી સમાજના પ્રમુખ તરીકે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અને અનુભવી કૈલાસદાનભાઈ ગઢવીની વરણી થઈ છે ત્યારે તેમની પાસે અપેક્ષા સેવવામાં આવે છે કે તેઓ આ ગંભીર સમસ્યાને પોતાના એજન્ડામાં સમાવેશ કરી અને અલગ અલગ પક્ષો અને મહાનુભાવોને સાથે રાખી તાત્કાલિક નર્મદાના નીર કચ્છના તમામ ખેડૂતોને પ્રાપ્ત થાય તે માટે આગેવાની લે. આશા રાખીએ કે મંગલ મંદિરના આ ઈન્ટરવ્યુને પરિણામે સૌમાં સભાનતાનું સર્જન થશે.

*પ્રવીણચંદ્ર ઠક્કર*
*પૂર્વ નિયામક, લોકભારતી વિદ્યાપીઠ*
*સણોસરા, જિલ્લો : ભાવનગર*

★

***શ્રી અશોકભાઈ સહિતના પાણી વાંચ્છુઓએ નર્મદાના નીર કચ્છ સુધી પહોંચાડાવ્યા પણ હવે ૧૦૦ ટકા પરિપૂર્ણ ક્યારે...? નિવારણ જ ચિંતાનો જવાબ...***

સમકાલીનના પૂર્વ તંત્રી અને વરિષ્ઠ પત્રકાર ડૉ. હરિ દેસાઈએ નર્મદા અને કચ્છને સાંકળીને અમદાવાદના મૂળ કચ્છી અને નર્મદા પ્રકરણોના વિશેષ અભ્યાસુ શ્રી અશોક મહેતાનો સોશિયલ ઈન્ટરવ્યુ કર્યો. કચ્છ અને નર્મદા ચર્ચાની એરણે પૂરક રહેતા આવ્યા છે.

સરદાર સરોવરના નિર્માણ પાછળના મુખ્ય કારણોમાં કચ્છ સુધી પાણી પહોંચાડવું પણ એક કારણ હતું...

કચ્છીઓ અને બૃહદ્ કચ્છીઓએ બહુ રાહ જોયા બાદ માંડ પીવાના નિયમિત પાણી મળ્યા.

શ્રી અશોકભાઈ મહેતા સહિતના ઘણા લોકોએ આ માટે પ્રયાસો કર્યા છે. ૧૫ મિનિટનો તેમનો ઈન્ટરવ્યુ અલ્પ જ કહેવાય કારણ કે તેમની પાસે એટલી માહિતી છે કે કચ્છના નર્મદાના પ્રકરણો ઉપર ૧ થી વધુ એપિસોડ બની શકે. ખેર, તેમની લાગણીઓ સાચી છે. શ્રી અશોકભાઈ સહિતના પાણી વાંચ્છુઓએ નર્મદાના નીર પહોંચાડાવ્યા પણ હવે ૧૦૦ ટકા પરિપૂર્ણ ક્યારે...? આ સવાલના જવાબ માટે તેઓ પણ ઈન્ટરવ્યુમાં ચિંતિત દેખાયા.

જુલાઈ ૨૦૨૨માં નર્મદાની કચ્છ મુખ્ય શાખા નહેરના છેલ્લા પોઈન્ટ માંડવી તાલુકાના મોડકુબા સુધી પાણી વહ્યા બાદ જાણે પૂર્ણવિરામ આવી ગયું છે.

કામ જાણે પૂરું થઈ ગયું હોય એમ ખેતરે ખેતરે આજ દિવસ સુધી સત્તાવાર રીતે નિગમે પૈસા લઈને પાણી નથી આપ્યા. કામ પણ પૂરતા ન થયાં અને સરકારને પાણી પેટે રકમ પણ ન મળી. ખેડૂતો સબમર્સીબલથી પાણી ખેંચવા મજબૂર માની શકાય.

અશોકભાઈની પેઢી કામ કરી ગઈ. પણ હવે...? કચ્છમાં પાણી, શિક્ષણ અને આરોગ્ય માટે તો કોઈએ આગળ આવવું પડશે. જેમાં સરકારમાં હોય અને સરકારને સાચી રીતે કહી શકે અથવા સરકારમાં ન હોય તેમ છતાં સરકારને સમજાવીને કચ્છના આવા પ્રશ્નોનો ઉકેલ લાવી આપે.

કચ્છીઓના વખાણ સાંભળીને કે સંભળાવીને કામ ન થાય એ પણ નૈતિક અન્યાય કરવા સમાન છે એમ માનવું રહ્યું.

*ભાવિન કે. વોરા*
*વરિષ્ઠ પત્રકાર - ભુજ, કચ્છ*

★

'મંગલ મંદિર'ના જૂન-૨૦૨૬ના અંકમાં પત્રકાર હરિભાઈ દેસાઈએ 'મંગલ મંદિર'ના મુખ્યતંત્રી અશોકભાઈ મહેતાની લીધેલી મુલાકાત વાંચીને આનંદ થયો.

વધુ આનંદ એ વાતનો છે કે, મારા એક વડીલ મિત્રએ મારા બીજા વડીલ મિત્ર સાથે સાક્ષાત્કાર કર્યો છે. હરિભાઈ અને અશોકભાઈ બન્ને સાથે મારે અઢી દાયકાથી વધારે જૂના સંબંધો છે. હરિભાઈ સાથે તો કદાચ એથીય વધારે તેઓ સમકાલીનના તંત્રી હતા ત્યારે પરોક્ષ સંબંધ હતા. સમકાલીન મુંબઈમા તેમણે મારા કચ્છના ઈતિહાસને લગતા લેખ સ્વીકાર્યા છે અને છાપ્યા પણ છે. તો અશોકભાઈ સાથે કચ્છના ધરતીકંપ પછી સીધા નીકટના સંબંધ બંધાયા, જે આજે એક પિતા પુત્ર સમાન બની રહ્યા છે.

સાક્ષાત્કારની વાત કરીએ તો હરિભાઈ ગુજરાતના તટસ્થ પત્રકારો પૈકીના છે, કોઈનીય સાડાબારી રાખ્યા સિવાય બેધડક લખનારા મુઠ્ઠીભર પત્રકારોમાં એમની ગણના થાય છે. તો

એક શુભેચ્છક તરફથી

અશોકભાઈ પણ કચ્છ માટે કચ્છના પ્રશ્નો – ખાસ કરીને નર્મદાનું પાણી અને ઉદ્યોગો સંબંધમાં અમદાવાદ રહીને સરકાર સામે લડતા રહ્યા છે કે આ વિષયમાં જનજાગૃતિ કેળવવા અમદાવાદ, ભુજ કે મુંબઈમાં સેમિનાર કે પરિસંવાદ યોજતા રહ્યા છે. સેમિનારમાંથી નીપજતા સવાલોની સરકાર સમક્ષ રજૂઆત કરતા રહ્યા છે.

કચ્છના નર્મદાના પ્રશ્ને તો અશોકભાઈ ખૂબ ઊંડા ઉતર્યા છે. આરંભથી અત્યાર સુધીની રજેરજ આંકડાકીય માહિતીનો ભંડાર એમની પાસે છે. પત્રકારો પણ એમની પાસેથી માહિતી મેળવતા હોય છે. આ મુલાકાતમાં નર્મદાના નીર અંગે એમની કચ્છ માટેની ચિંતા સ્પષ્ટ દેખાઈ આવે છે. મુલાકાત દરમિયાન નર્મદા સવાલે એમણે કરેલી કાર્યવાહી, સરકાર સમક્ષ કરેલી રજૂઆતની પણ વિગતો મળે છે. નર્મદા અંગે હરિભાઈએ સવાલોની પસંદગી પણ ઉત્તમ કરી છે જેથી અશોકભાઈ પાસે રહેલી તમામ વિગતો અને આ પ્રશ્ને એમણે કરેલા પ્રયત્નોની પણ જાણકારી મળી રહે છે.

આપણે ઈચ્છીએ કે આ મુલાકાત ગાંધીનગરના સત્તાધીશો અને કચ્છના જનસેવકો સુધી પહોંચે અને આ પ્રશ્ને બાકી રહેતી કામગીરીમાં ઝડપી નિર્ણયો લેવાય અને કામગીરી સંપન્ન થાય. બંને વડીલ મિત્રોને અભિનંદન સાથે મારા વંદન.

*નરેશ અંતાણી*

*વરિષ્ઠ પત્રકાર – ભુજ, કચ્છ*

★

આદરણીય મુરબ્બી વડીલ શ્રી અશોકભાઈનો બેબાક ઈન્ટરવ્યુ વાંચ્યો અને જાણવા મળ્યું કે કચ્છના લોકોને છેવાડા સુધી હજી પણ નર્મદાનું પાણી મળ્યું નથી. તેમણે ડૉ. હરિ દેસાઈના દરેક ટેકનિકલ પ્રશ્નોના જવાબ સવિસ્તાર વૈજ્ઞાનિક ધોરણે ઉદાહરણ સહિત સમજાવ્યા છે અને પોતાના દરેક જવાબમાં તેમની કચ્છ પ્રત્યેની લાગણી અને નિષ્ઠા જોવા મળે છે. આ ઉંમરે પણ તેઓ આવા સક્રિય છે, તો પોતાની યુવાનીના દિવસોમાં કેવાં સક્રિય રહ્યા હશે એ પણ સમજી શકાય છે. અમારા જેવા દરેક નવ યુવાનોને તેમનો ઈન્ટરવ્યુ પ્રેરણાદાયી છે અને પોતાના ગામ અને પોતાના સ્થાનને હંમેશાં વફાદાર રહો એવી વાત તેમની સમજવા જેવી છે. ઉપરાંત, આ ઉંમરે પણ નર્મદાના પાણી માટે તેઓ ગુજરાત સરકાર અને ભારત સરકાર સાથે પ્રતિનિધિઓ સાથે કાર્યરત છે એ એક ગૌરવની વાત છે. ખરેખર તો નર્મદાના યોગદાન માટે તેઓએ સવાયા કચ્છી બનીને અવિરત કામ કર્યું છે અને કરતા રહ્યા છે જે તેમની મહાનતા દર્શાવે છે. કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારે તેમના આ કાર્યની કદર કરવાની જરૂર છે અને તેમના આ ભગીરથ કાર્યમાં સાથ આપવાની જરૂર છે. કચ્છના પ્રતિનિધિઓ દરેક વખતે ધબડકો વાળે છે એ પણ એમની વાતમાં દમ છે. કોઈ જન પ્રતિનિધિઓ પોતાની જવાબદારી સમજીને કાર્ય કરતો નથી નહિંતર આટલા સમય સુધી નર્મદાના પાણી કચ્છ સુધી પહોંચી ગયા હોત – આ વાતમાં તેમની અસહ્ય પીડા ઉદ્ભવે છે જે તેમની એક કચ્છ પ્રત્યેની લાગણી અને નિષ્ઠા દર્શાવે છે. દરેક કચ્છીએ તેમના આ ભગીરથ કાર્યમાં સાથ આપવાની જરૂર છે. નવ યુવાનોને આ કાર્યને કચ્છના જન પ્રતિનિધિઓ સાથે રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારને રજૂઆત કરીને કચ્છને નર્મદા મામલે થયેલો અન્યાય દૂર કરવાની જરૂર છે.

ફરીથી અભિનંદન ડૉ. હરિ દેસાઈને આદરણીય મુરબ્બી શ્રી અશોકભાઈનો ઈન્ટરવ્યુ લેવા બદલ...

*ડૉ. મિહિર વોરા – ભુજ, કચ્છ*

★

## *કચ્છને નર્મદાજળ : હકીકતો અને આંકડા*

લેખન જગતમાં રૂબરૂ મુલાકાત કે સાક્ષાત્કાર (ઇન્ટરવ્યુ) પણ એક મહત્ત્વનું માધ્યમ ગણાય છે. તેમાં મુલાકાત લેનાર અને આપનાર બંનેની ‘વિષય-સજ્જતા’નો ખ્યાલ મળે છે. અમદાવાદ સ્થિત કચ્છી જૈન સમાજના અગ્રણી, તેના મુખપત્ર ‘મંગલ મંદિર’ના તંત્રી, કચ્છી સમાજના મુખપત્ર ‘કચ્છશ્રુતિ’ના પૂર્વ તંત્રી અને કચ્છની જીવાદોરી સમી નર્મદા યોજનાના અભ્યાસુ એવા અશોકભાઈ સાકરચંદ મહેતાની કચ્છ બ્રાંચ કેનાલનાં નર્મદાજળ પ્રશ્ને જાણીતા પત્રકાર ડૉ. હરિ દેસાઈએ ગત ૨૨મી મેના લીધેલ ઑનલાઈન મુલાકાતનો વિશદ લેખ ‘મંગલ મંદિર’ના જૂન ૨૦૨૬ના અંકમાં વાંચવા મળ્યો.

અશોકભાઈ મહેતા છેક ૨૦૦૦ અગાઉથી કચ્છને નર્મદાજળ પહોંચાડવાના પ્રયત્નોના સાથી અને સાક્ષી રહ્યા છે. તો, હરિભાઈ દેસાઈ પણ આ બાબતે મુંબઈમાં થતી ગતિવિધિઓ-આંદોલનોથી માહિતગાર રહ્યા છે. ડૉ. દેસાઈ આરંભે જ નર્મદાજળ કચ્છમાં પહોંચી ગયાંની, કચ્છ નંદનવન બની ગયાની બહાર જે ‘છાપ’ ઊભી થઈ તેનો સ્પષ્ટ ઉલ્લેખ કરી આ બાબતે અશોકભાઈને પહેલો જ સીધો પ્રશ્ન (યોજના માત્ર કાગળ ઉપર છે કે પછી મર્યાદિત વિસ્તારમાં જ પાણી પહોંચ્યાં છે) પૂછી હકીકત જણાવવા કહે છે.

અશોકભાઈ સ્પષ્ટવક્તા તરીકે જાણીતા છે. એમણે જે કેફિયત રજૂ કરી છે તે જો ખરી હોય તો સંબંધિતો સૌની આંખ ઉઘાડનારી બની રહે છે. યોજનાની ૩૧ શાખા નહેરોમાંથી માત્ર કચ્છ શાખા નહેર ચાલુ ન થતાં કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ અને કચ્છી જૈન સેવા સમાજના નેજા તળે નર્મદા નિગમ જોડે ચર્ચા કરી તેનું કામ ચાલુ કરાવેલ, જે આજે મોડકુબા (તા.માંડવી) સુધી પહોંચી તો ખરી; પણ તેમાંથી

નાની નહેરો દ્વારા તેનું પાણી ખેતરો સુધી પહોંચ્યું નથી. તેથી ક્યાંક ખેડૂતો સ્વખર્ચે પાણી ખેતરમાં લઈ જાય છે.

ટપ્પર બંધ (તા. અંજાર)માંથી પાણી આપવા શાખા નહેરોનાં કામો પૂરાં ન થતાં પાણી આગળ વધ્યાં નથી. આ બાબતે નિગમને રજૂઆત છતાં કોઈ કાર્યવાહી થઈ નથી. લોકપ્રતિનિધિઓ પણ આ બાબતે કંઈ કરી શક્યા નથી. પાણીની અપ્રાપ્યતાને કારણે ૧૩ લાખ એકરમાં સિંચાઈ થઈ શકતી નથી અને કચ્છના ખેડૂતોને વર્ષે ચાર અબજની આવક ગુમાવવી પડે છે. ઉદ્યોગોના હિતને પ્રાધાન્ય મળે અને ખેડૂતો વંચિત રહે એવું બને છે.

કચ્છના લોકપ્રતિનિધિઓ અને શાસન એક જ પક્ષનાં હોતાં આ કામ સહેલાઈથી ઉકેલાઈ જવાને બદલે લંબાયું તે વાતે અશોકભાઈ આશ્ચર્ય અને ચિંતા વ્યક્ત કરે છે. ઉક્ત બે સંસ્થાના નેજા તળે એમણે અને સાથીદારોએ જે જહેમત ઉઠાવી તે પ્રશંસનીય છે. હવે નવા યુવાન સભ્યોએ આગળ આવવાનું એમનું સૂચન લક્ષે લેવા જેવું છે. સમાપને બંને જણા એક હકીકત તરફ ધ્યાન દોરે છે કે ખેતરોને પાણી પહોંચાડતી નહેરો નથી બંધાઈ એટલે પાણી પહોંચતું નથી. “સૌની યોજના, સુજલામ્ સુફલામ”ની જેમ રાજકીય નેતાઓ, આગેવાનો અને અધિકારીઓના સંયુક્ત પ્રયત્નો થકી જ આ મુદ્દો ઉકેલાઈ શકે. કચ્છ માટે મહત્ત્વની એવી નર્મદા યોજના અંગે શ્રી મહેતા અને શ્રી દેસાઈએ સારું એવું મનોમંથન કર્યું છે અને જાહેરમાં આ બાબત મૂકી છે ત્યારે આપણે પણ એમની સાથે સૂર પુરાવીએ કે ખેડૂતોનાં ખેતરો સુધી નર્મદાનીર પહોંચે અને થતું નુકસાન અટકે.

*ભરત‘કુમાર’ પ્રાણલાલ ઠાકર – અંજાર, કચ્છ*

*મો. ૯૪૨૭૨ ૨૩૧૫૦*

★

‘મંગલ મંદિર’ નો જૂન-૨૦૨૬નો અંક વૈવિધ્યસભર તો છે જ. બબ્બે તંત્રીલેખો સકારાત્મક વિચારો દર્શાવે છે. સમાજના મુખ્ય હોદ્દેદારો અને કાર્યકર્તાઓએ કચ્છના સ્થાનિક લોકપ્રતિનિધિઓનો સત્કાર કરતું આવકાર્ય ઔચિત્ય દાખવ્યું છે. માહિતી અને આવશ્યક સમાચાર-વૈવિધ્ય પણ સુચારુ છે.

આ અંકમાં વિશેષ વાત કચ્છની ખેતીવાડીને જીવનદાયિની અને અનિવાર્ય તૃષા તૃપ્તિ માટે જલમાતા નર્મદાનાં નીરથી હજુય વંચિત રહી કઠોરતમ પરિસ્થિતિ વેઠવી પડે છે અને જે નુકસાન થયું છે અને થઈ રહ્યું છે તે વિશે સમાજના પૂર્વ પ્રમુખ શ્રી અશોકભાઈ મહેતાનો વરિષ્ઠ પત્રકાર શ્રી હરિભાઈ દેસાઈના વીડિયો-વાર્તાલાપનું શબ્દશઃ અવતરણ-પ્રકાશન અભિનંદનને પાત્ર છે. શ્રી અશોકભાઈએ આ બાબતે ખૂબ ઊંડાણમાંથી ખોતરામણ કરીને ઘણી મથામણ કરી છે. શ્રી કચ્છી જૈન સેવા સમાજે એનું નેતૃત્વ કરી ઉત્તમ કાર્ય કર્યું છે. આ બાબતે તેઓ આધારભૂત જ્ઞાતસૂત્રો છે. વાર્તાલાપનું તારણ સ્પષ્ટ છે કે માંડવી તાલુકાના મોડકૂવા સુધી નર્મદાનાં નીર પહોંચી તો ગયા પણ કૃષિભૂમિ અને કૃષિકારને ભૂખ્યા-તરસ્યા રાખીને. હજારો એકર જમીન બંજર રહેવાથી કરોડોનું મહેસુલી અને ખેતીને નુકસાન થયું છે કે થાય છે. પાણીની ચોરી થાય છે તો ઉદ્યોગો પણ ગેરલાભ ઉઠાવે છે. લોકપ્રતિનિધિઓનો સતત અપરાધી ઉપેક્ષાભાવ પણ ઈચ્છિત અને અપેક્ષિત પરિણામમાં અવરોધક બન્યો છે જે હજુ યથાવત જેવી સ્થિતિમાં છે. કચ્છી પ્રજાના નવા લોકપ્રતિનિધિઓના પ્રભાવહીન ચારિત્ર્ય વિશેની વાત એક ઊંડી અંતર્વેદનાનો ઈશારો કરી રહ્યો છે. નવી ચેતનાને આવાહન તો કર્યું છે અને એ ઊભરતી શક્તિ પરિણામ લાવી શકે એવી અવધારણા પણ છે.

વાસ્તવમાં આ વાર્તાલાપનું તારણ નકારાત્મક નથી પણ પડકારથી ઓછું પણ નથી. શ્રી અશોકભાઈ અને એમના સમકાલીન સહયોગીઓ વયમર્યાદાને લીધે સક્રિય ન હોય તો પણ નિષ્કાળજી ન સેવાય એવી અપેક્ષા તો સેવે જ છે.

આ વાર્તાલાપનું પ્રકાશન આવકાર્ય છે અને અમારા જેવાઓ માટે ઘણું ઉપયોગી અને માહિતીપ્રદ છે.

પુનઃ વૈવિધ્યસભર અંક માટે આનંદ અને અનેરી ખુશી.

*જગદીશ શાહ – વડોદરા*

★

*નર્મદા નીર અને તરસ્યું કચ્છ!*

‘મંગલ મંદિર’ના જૂન ૨૦૨૬ના અંકમાં ડૉ. હરિ દેસાઈએ, મંગલ મંદિરના મુખ્ય તંત્રી શ્રી અશોકભાઈ મહેતાના તા. ૨૨-૫-૧૨૦૨૬ના રોજ લીધેલ એક ઈન્ટરવ્યુને લેખ સ્વરૂપે પ્રકાશિત કર્યો છે. જેનો મુખ્ય વિષય બીજ છે નર્મદા ડેમનાં પાણી કચ્છ માટે ફાળવાયા છતાં આજ સુધી ત્યાંના ખેતરોમાં પહોંચ્યા નથી!

આ લેખથી વાચકોને ખ્યાલ આવશે કે ગુજરાત રાજ્યમાં નર્મદા નિગમ જેવા સરકારી વિભાગો ૧૯૮૦ની સાલ પહેલાંથી અસ્તિત્વમાં છે. જેમના અધિકારીઓ સાથે કચ્છી સમાજના અગ્રણીઓ સતત સંપર્કમાં રહી, નર્મદા કેનાલનું કચ્છમાં વિસ્તરણ કાર્ય આગળ વધારવા પ્રયત્નશીલ રહ્યા છે. છતાં આજના દિવસે પણ કચ્છ તરસ્યું છે!

કચ્છના વિધાયકો તથા સાંસદોને જો કેનાલના કામ માટેના જવાબદાર અધિકારી વર્ગ ગાંઠતા ના હોય તો આ નેતાગીરીની નબળાઈ છે. કચ્છ જનતાના હિત માટેના કામોના આયોજન કરી અને પૂર્ણ કરાવવા આ નેતાઓ ચૂંટાય છે. જો તેઓ અસમર્થ હોય તો કેન્દ્ર સરકારની સહાયતા લઈને પણ આવા જનહિતના કાર્યો પૂર્ણ કરાવવા જોઈએ.

હાલના કચ્છી સમાજ - અમદાવાદના પ્રમુખ પદે બિરાજતા શ્રી કૈલાસદાન ગઢવી સાહેબ જ્યારે કોંગ્રેસ છોડી આપ પાર્ટીમાં જોડાયા ત્યારે જ મેં લખ્યું હતું કે આવા કર્મઠ અને બાહોશ રાજકારણી ખોટી પાર્ટીમાં સામેલ થયા એ એમની ભૂલ થાય છે. ખેર, એમને ગમ્યું એ ખરું. એક શિક્ષિત, નીડર અને અનુભવી રાજકારણી શ્રી કૈલાસદાન ગઢવી સાહેબ, રાજકીય પક્ષોના વૈમનસ્ય વિસરી, કચ્છી સમાજના પ્રમુખની રૂએ, એમણે કચ્છ માટે નર્મદાના પાણી મેળવવા સક્રિય થઇ યોગ્ય જોરદાર પ્રયાસ સાથે રાજ્ય સરકાર તેમજ કેન્દ્ર સરકાર સમક્ષ રજૂઆત કરવી જોઈએ એવી અપેક્ષા દરેક કચ્છી રાખે જ.

ગ્લોબલ કચ્છ અને જૈન યુથ ફોરમ જેવી સંસ્થાઓ, જે કચ્છીઓને કચ્છમાં લાવવાના પ્રયત્ન કરે છે તેમણે આ નર્મદાના નીર કચ્છમાં લાવવાના કાર્યમાં જોડાઈ જવું જોઈએ. યુવાનોને અર્થહીન કાર્યોમાં ન જોડતાં, એમના પુરુષાર્થને અર્થપૂર્ણ કાર્યો માટે પ્રેરિત કરવાની જરૂર છે.

સમાજના વયસ્કોએ જે કામ પોતાની મહેનતથી શરૂ કર્યું છે તે કાર્ય હવે યુવાનોએ ઉપાડી લઈ પૂર્ણ કરાવવું પડશે.

*વસંત 'કચ્છ કેસરી' – મુલુંડ, મુંબઈ.*

★

માનનીયશ્રી અશોકભાઈ મહેતા, આપને કચ્છ અને કચ્છની પ્રજાના શુભચિંતક તરીકે હાર્દિક અભિનંદન.

આપનો ડૉ. હરિભાઈ દેસાઈ સાથેનો ઓનલાઈન સાક્ષાત્કાર જોયો - સાંભળ્યો ત્યારે એક કચ્છી તરીકે આપના હ્રદયમાં કચ્છને મળવા જોઈતા નર્મદાના પાણી અને તેનાથી ત્યાંના ખેડૂતોને થનારા લાભો અને કચ્છના વિકાસ માટેની ચિંતા ઉજાગર થાય છે. એક સાચા શુભચિંતક તરીકે જે સ્પષ્ટતાથી આપે આપનો જે અભિપ્રાય આપી અને આપની હિંમતનું ઉદાહરણ આપેલ છે. ૨૭ વર્ષ પહેલા આપની સાથે થયેલ ઓળખાણ અને પછી કાળક્રમે આપને જોવા, જાણવા અને સમજવાના મારા સદ્નસીબે જે અવસરો મળ્યા તે આપના વ્યક્તિત્વના અનેક પાસાઓને વધુ નજીકથી ઓળખવાનો લાભ મળ્યો. તેના આધારે એટલું જ કહીશ કે આપને શત-શત નમન.

પ્રભુ આપને દીર્ઘાયુ કરે અને સવિશેષ કચ્છ માટે આપનું યોગદાન મળતું રહે. બસ, અહીં મારા શબ્દોને વિરામ આપું છું, વધુ ફરી ક્યારેક.

*કિરણ ભોગીલાલ મહેતા*

*પ્રમુખ, શ્રી કચ્છી જૈન ગૂર્જર મંડળ – અમદાવાદ*

★

અશોકભાઈ, ડૉ. હરિભાઈ દેસાઈ સાથેનો આપનો વાર્તાલાપ સાંભળ્યો. વિષય હતો : ''નર્મદાના નીર કચ્છ સુધી તો પહોંચ્યા છે પણ કચ્છના ખેતરો સુધી પહોંચ્યા છે કે કેમ?''

ડૉ. હરિભાઈએ પૂછેલા સવાલોના આપે આપની જેટલી જાણકારી- હતી તે મુજબ સ્પષ્ટ જવાબો આપ્યા છે.

### *આ વાર્તાલાપ પર મારું તારણ છે :*

૧. નર્મદાની મુખ્ય કેનાલનું કામ મહદઅંશે પૂરું થયું છે પણ પેટા કેનલોના કામ અધૂરા છે કે કેટલાક વિસ્તારોમાં શરૂ જ નથી થયા.

૨. ડીઝલ પંપ લગાવી મુખ્ય કેનાલની આસપાસના ખેડૂતો ખેંચે છે. પરિણામે નર્મદા નિગમને આવક થતી નથી અને પાણી વપરાશની સાથે વેડફાઈ પણ જાય છે.

૩. કચ્છમાં ઔદ્યોગિક વિકાસ થયો છે અને ઉદ્યોગો ભૂજળ કે નર્મદાના જળનો ઉપયોગ કરે છે.

૪. ઔદ્યોગિક વિકાસ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુવિધા વધવાથી જનસંખ્યા કચ્છમાં વધતા ઘરઘરાઉ પાણીનો વપરાશ પણ વધ્યો છે.

૫. આપે ૨૦૦૨માં પી.કે. લહેરી સાહેબ સમક્ષ રજૂઆતો કરી કચ્છ નર્મદા કેનાલનું કામ શરૂ કરાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી અને હવે ઉંમર ખૂબ વધી જવાથી વારંવાર ગાંધીનગર ધક્કાઓ ખાવા સક્ષમ નથી અને ઈચ્છો છો કે હવે આ જવાબદારી કચ્છના પ્રતિભાશાળી યુવાનો આ જવાબદારી ઉઠાવે.

૬. કચ્છી સમાજના પ્રમુખ આમ આદમી પાર્ટીના નેતા છે.

૭. નર્મદાનું પાણી કચ્છના ખેતરો સુધી ન પહોંચવાથી ખેડૂતોને વાર્ષિક ૪૦૦ કરોડનું નુકસાન થાય છે.

### *ચાલો, મારા સજેશન પણ આપી દઉં.*

૧. સરકાર સમક્ષ રજૂઆત માટે એક કમિટી બનાવવી જોઈએ. જેમાં ઔદ્યોગિક એશોશિએશન, ખેડૂત સંગઠનના બે થી ત્રણ પ્રતિનિધિ હોય. ચુંટાયેલા ધારાસભ્ય કે સાંસદ, કચ્છના નામી સોશિયલ વર્કર (બે થી ત્રણ) કાયદાકીય નિષ્ણાત, નર્મદા નિગમના રીટાયર્ડ થયેલા બે ઉચ્ચ અધિકારી, બે રીટાયર્ડ સિવિલ એન્જિનિયર, કલેક્ટર ઓફિસના રીટાયર્ડ ઉચ્ચ અધિકારી, કચ્છી વિદ્વાન શ્રેષ્ઠીઓ (જે ફંડ આપી શકે) તેમને કમિટીના ચેરમેન બનાવવા. આ કમિટીનુ મુખ્ય કામ સરકાર અને નર્મદા નિગમ સાથે વાટાઘાટો કરી પેટા કેનલોનું કામ ઝડપી બને તે જોવાનું રહેશે. કમિટીની રચના કચ્છી જૈન સેવા સમાજના એક ભાગરૂપે કરવી જેથી ઈચ્છિત લક્ષ્યો હાંસલ થાય પછી તે આસાનીથી વિખેરી શકાય. દર મહિને એકવાર કમિટીના સદસ્યો ભેગા થઈ પેટા કેનાલોના કામમાં કેટલી પ્રગતિ થઈ તેનુ એનાલિસિસ

અને ભાવિ કાર્યક્રમ નક્કી કરે.

કચ્છી જૈન સમાજના ત્રણ યુવકો ફેસિલિટેટર તરીકે કામ કરે. દરેક મીટિંગ કચ્છી જૈન સમાજના બિલ્ડિંગમાં યોજવી. તમે હવે આ આયોજન પૂરતું જ ધ્યાન આપો. સાથે કોઇને આસિસ્ટન્ટ રાખી શકો છો. કચ્છી જૈન સેવા સમાજ ફક્ત મિડિયેટરનો રોલ ભજવે.

૨. કચ્છી સમાજના પ્રમુખશ્રીને બને ત્યાં સુધી દૂર રાખવા. તેઓ આમ આદમી પાર્ટીના સક્રિય સભ્ય છે. એટલે ભાજપા સરકાર એમને જશ મળે તેવું કદી નહીં કરે. ઉપરથી કામ બગડશે.

૩. આખરી ફાયદો ખેડૂતોનો છે તો એમને હંમેશાં આગળ ધરવા.

*શરદ શાહ - નારાણપુરા, અમદાવાદ*

★

શ્રી હરિભાઈ દેસાઈ સાથે શ્રી અશોકભાઈનો ‘મંગલ મંદિર’ના પાના નં. ૨૧ થી ૨૪ નો વાર્તાલાપ વાંચ્યો. શ્રી કચ્છી જૈન સેવા સમાજમાં પાંચ દાયકાથી કચ્છના નર્મદાના નીર માટે સતત અભ્યાસ બાદ મુદ્દાઓસર રજૂઆતો કરી છે. કચ્છને નર્મદાના પાણી મળી રહે તે માટેની સચોટ રજૂઆતોની નોંધ લેવાયેલ છે. સરકારી તંત્ર અને ચૂંટાયેલા પ્રતિનિધિઓની કાર્યપદ્ધતિ અને જાગૃતિ બાબત પણ હિંમત સાથે ક્ષતિઓની નોંધ લઇ રજૂઆત કરી છે. ઉંમર સાથે શારીરિક ક્ષમતાને કારણે આગળનું કાર્ય નવયુવાન વર્ગને સક્રિય થવાની અપીલ કરેલ છે, જે માર્ગદર્શન માર્ગદર્શક છે, વતન પ્રત્યેનો પ્રેમ પ્રકાશિત થાય છે. શ્રી અશોકભાઈ અને શ્રી હરિભાઈ દેસાઈના આ વાર્તાલાપ સમાજને આપેલ જાણકારી અને સંદેશ આપતાં અભિનંદન સાથે વંદન.

*મધુકર પ્રેમજીભાઈ ઠક્કર – ભુજ, કચ્છ*

★

નર્મદાનું પાણી કચ્છમાં આવે તે માટેના તમારા પ્રયત્નો અને તે અંગેના અભ્યાસ અને અવલોકનો સરાહનીય છે.

ભાજપના પદાધિકારીઓ માટેના તમારા મત અને જાહેરમાં એ મત વ્યક્ત કરવા માટેની તમારી હિંમત માટે સલામ.

*જગદીશ ભાનુશાળી*

★

શ્રી હરિ દેસાઈ – જાણીતા અને વરિષ્ઠ પત્રકાર દ્વારા વડીલ તંત્રી શ્રી અશોકભાઈનો ઓનલાઈન તા. ૨૨/૫ના લેવાયેલ ઈન્ટરવ્યુ ખૂબ જ ખાસ કહી શકાય એવો પહેલી નજરે વાંચતા જ લાગે છે.

ખાસ તો એટલે કે કચ્છને માટે પ્રાણ સમાન નર્મદા નહેરને તેની કેનાલો વિષે રસપ્રદ અને માહિતગાર કરતી છણાવટ આમાં મુખ્ય છે. આમ તો આ લેખ નર્મદા વિષયક જ છે. આખો જ લેખ ખરેખર વિચાર કરતા કરી મૂકે તેમ છે.

શ્રી અશોકભાઈ દ્વારા નર્મદાને કરછ સુધી પહોંચાડાય તે માટે શરૂઆતથી જ ‘મંગલ મંદિર’ અને ‘કચ્છશ્રુતિ’માં રીતસર ઝુંબેશ જ ચલાવવામા આવી છે જે સૌ કોઈ જાણે છે. એટલું જ નહીં વખતોવખત ગાંધીનગર મંત્રીશ્રીઓ પાસે સમાજના મોવડી મંડળ સાથે જઈ મીટિંગો કરવી ને અધિકારીઓ અને સચિવો સાથે બેઠકો કરવામાં આવતી હતી તેનાથી પણ આપણે માહિતગાર છીએ. એક રીતનુ કચ્છ માટે નર્મદાનું અભિયાન જ તેઓશ્રીએ આ સમય દરમિયાન ચલાવ્યું છે તેમ કહેવામાં ખોટુ નથી. છતાં આટલા વરસો પછી પણ નર્મદાના પાણી કચ્છના ખેડૂતોને નિયમિત કે પ્રમાણસર મળતા નથી તે પણ એક હકીકત છે.

નર્મદાના પાણીની વહેંચણી અને જરૂર ન હોય તો પણ વાપરવાની આ પધ્ધતિ માત્ર કચ્છને જ નહીં પણ આખા ગુજરાત અને અન્ય સંબંધિતોને પણ નુકસાન કારક છે.

શ્રી અશોકભાઈએ કહ્યું તેમ કેનાલોનું કામ હજુ પણ બાકી રહી ગયું છે અને એજ મોટું નુકસાનકારક છે. કચ્છના ખેડૂતોને વ્યવસ્થિત રીતે કેનાલો દ્વારા પાણી મળે એવા પ્રયાસો નર્મદા નિગમ દ્વારા હાથ ધરાશે તેવી આશા છે.

આ સબંધે હવે સમાજના સૌએ પ્રયાસ કરવા રહ્યા. જેથી કચ્છના હિતમાં નર્મદા નહેરના કેનાલોના બાકી કામો વહેલી તકે પૂરા થાય.

ફરી એકવાર કહીએ કે આ આંખ ખોલતા ઈન્ટરવ્યુ માટે બંનેને – શ્રી હરિ દેસાઈ અને તંત્રી શ્રી અશોકભાઈને ખૂબ ખૂબ અભિનંદન અને આભાર...

*ચૌલા કુરૂવા – અમદાવાદ*

★

## વર્ષોથી પાણી માટે તરસતું કચ્છ

કચ્છ પ્રદેશ માટે સરકારની ફરજ છે અને તે માટે એક કચ્છી તરીકે કચ્છ જિલ્લા માટે સારી લાગણી અને ચિંતા ઉપજે છે. કચ્છને નર્મદાનું પાણી મળે તે માટે અશોકભાઈ મહેતા તેમજ તેમની ટીમ વર્ષોથી રજૂઆત તથા પ્રદર્શન કરેલ તે બદલ તેમના પ્રયત્નો માટે અભિનંદન. કચ્છના દરેક વિસ્તારમાં ચેક ડૅમ, તળાવમાં પાણી કેટલું આપવું તો ખેતી તથા ઉદ્યોગને જે ફાયદો થાય તે માટે વિસ્તૃત આંકડાકીય વિગત, એ અશોકભાઈનો ઊંડો અભ્યાસ નોંધપાત્ર છે. ઉંમર સાથે દોડધામ ન થાય પણ તમારા અનુભવથી તમે આ ઉંમરે પણ જે પ્રયત્નો કરો છો તથા તમારા અનુભવનો લાભ યુવાઓને આપી કચ્છના વિકાસ માટે જે લાગણી બતાવો છો તે માટે આપશ્રીને વંદન.

*ઘનશ્યામ ઠક્કર - અમદાવાદ*

★

શ્રી અશોકભાઈ મહેતાએ શ્રી હરિભાઈ દેસાઈને આપેલ ઈન્ટરવ્યૂ ખુબ સરસ રહ્યો છે. કચ્છને નર્મદાના પાણી પૂરતા પ્રમાણમાં મળે તે માટેના તેમના અવિરત પ્રયોસો પ્રશંસનીય છે.

અગાઉના વર્ષોમાં પછાત ગણાતું કચ્છ હવે પ્રગતિના પંથે હરણફાળ ભરી રહ્યું છે. નર્મદાના પાણીથી ખેતી અને તે ઉપરાંત પ્રવાસન અને ઉદ્યોગિક વિકાસે કચ્છની સકલ બદલી છે. નાના મોટા ગામોમાં તે વિકાસ દષ્ટિગોચર થાય છે. એક સમયે મોટાભાગે દુષ્કાળથી ઝઝુમતા કચ્છ પર હવે કુદરત પણ મહેરબાન લાગે છે. એક સમય કચ્છની જીવાદોરી મનાતી નર્મદા યોજના દરેક આયોજનની રજૂઆતમાં કેન્દ્ર સાથે રહેતી પરંતુ હવે સમય બદલાતા જાણે કચ્છ અને કચ્છીઓ માટે પહેલા જેટલો પ્રાણ પ્રશ્ન નથી લાગતો તેથી તેના પરથી ધ્યાન ઓછું થઈ ગયું જણાય છે. આવા સમયે મુરબ્બી શ્રી અશોકભાઈ મેહતાએ શ્રી હરિભાઈ સાથેના ઈન્ટરવ્યુમાં તેમના વર્ષોના અભ્યાસ તથા તેમના દ્વારા થયેલ કાર્યોને યાદ કરી નર્મદા યોજનાના અમલમાં રહી ગયેલ અધૂરાશ પ્રત્યે ધ્યાન આકર્ષિત કરવાનો પ્રયાસ કરેલ છે જે નોંધપાત્ર છે.

***અતુલ સોની***
***ઉપપ્રમુખ, શ્રી કચ્છી સમાજ - અમદાવાદ***

★

*આદરણીય શ્રી અશોકભાઈ મહેતા,*

ડૉ. હરિભાઈ દેસાઈ (સીધું ને સટ) સાથેના આપના ઈન્ટરવ્યુ સંદર્ભે, 'મારા પ્રતિભાવ' વિશે આપના બે-ત્રણ મેસેજ આવી ગયા. સંજોગોવસાત સમયનો અભાવ અને ખરું કહું તો પ્રતિભાવ નહીં આપવાની મૂંઝવણ હતી.

ખેર, આપની વાતચીત દરમિયાન (સવાલ-જવાબ) કચ્છના અંતરિયાળ ગામો સુધી એક યા બીજા કારણોસર નર્મદાનાં નીર હજુ પહોંચી શક્યા નથી અને એ સંદર્ભે "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"ના નેજા હેઠળ આપશ્રીએ અને આપની સાથે જે તે સમયે શ્રી કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ અને શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સભ્યોએ ઘણી મહેનત કરી છે. કચ્છના અંતરિયાળ ગ્રામ્ય વિસ્તારોમાં સબ-કેનાલ દ્વારા નર્મદાનું પાણી પહોંચે, એ માટે આપની લાગણીઓ વ્યાજબી જ છે, એમાં ના નહીં. પરંતુ સમગ્ર વાતચીત દરમિયાન કચ્છના ભામાશા અને પ્રતિષ્ઠિત એન્કરવાલા પેઢીના પ્રણેતા, જાણીતા દાનવીર તથા ઉદ્યોગપતિ સ્વ.શ્રી દામજીભાઈ શાહ (એન્કરવાલા), કે જેમણે વર્ષ ૧૯૯૦માં 'નર્મદા સમર્થન અભિયાન' સંદર્ભે ભવ્ય રેલીનું આયોજન કર્યું હતું. આ 'રેલી'ના શંખનાદનો પડઘો સમસ્ત ગુજરાતી અખબારો ઉપરાંત તમામ હિંદી/અંગ્રેજી અખબારોમાં મોટે પાયે પડ્યો હતો.

આપ પણ આ વિશે સારી રીતે વાકેફ છો. ખરેખર તો ડૉ. હરિભાઈ દેસાઈએ પોતાની વાતચીતમાં, આ 'નર્મદા સમર્થન રેલી' અને ત્યારબાદ કચ્છની જનતા સુધી નર્મદાનાં નીર પહોંચાડવામાં સ્વ. શ્રી દામજીભાઈએ કરેલી મહેનત વિશેનો ઉલ્લેખ કરવામાં આવ્યો હોત તો સારું થાત. માફ કરશો. લાગણીવશ થોડું વધારે લખાઈ ગયું.

***શૈલેષ કંસારા***

***(નોંધ : શ્રી દામજીભાઈ એન્કરવાલાની લડત મેધા પાટકરના નર્મદા ડૅમ ના બનવો જોઈએ તેવા નકારાત્મક વલણની સામે મુખ્યત્વે હતી અને જરૂરી ઊંચાઈનો ડૅમ બનાવી, સમગ્ર ગુજરાતને તથા કચ્છને પણ નર્મદા નદીના ખેતી માટેના પાણી મળે તે માટેની હતી.***
***– અશોક મહેતા)***

★

ડૉ. હરિ દેસાઈએ લીધેલો ઈન્ટરવ્યુ રસપ્રદ રહ્યો. આટઆટલા સમયથી અને આટલા બધા આંદોલનો થયા પછી નર્મદાના સિંચાઈના પાણીનો પ્રશ્ન હજી પણ વણઉકેલાયો રહ્યો છે એ જાણીને દુઃખદ આશ્ચર્ય થયું.

આપે જે જવાબો આપ્યા એના પરથી નર્મદા વિશેનો આપનો અભ્યાસ હજુ પણ (વર્તમાન સમયના અનુસંધાને) તલસ્પર્શી છે.

આપે ઈન્ટરવ્યુમાં કહ્યું કે ભાજપનાં ધારાસભ્યોનું કંઈ ઉપજતું નથી અથવા આ પ્રશ્ને કંઈ બોલી શકતા નથી, તો સવાલ એ થાય છે કે કચ્છના ખેડૂતોનો અવાજ કેમ નથી ઉઠતો? ખેડૂતોને બોલતા કોણ રોકી રહ્યું છે? હાલમાં જ યોજાયેલી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં પણ સર્વત્ર ભાજપનો જ વિજય થયો છે, તો પછી હવે આ મુદ્દો મારી દષ્ટિએ અપ્રસ્તુત છે. ખેડૂતો નર્મદાના પ્રશ્ને જો ખરેખર નારાજ હોય તો ચૂંટણીઓના આવા પરિણામો કઈ રીતે શક્ય બને?

જ્યારે કચ્છના ખેડૂતો જ કોઈ અવાજ ના ઉઠાવી શકતા હોય તો કચ્છની બહારની સંસ્થાઓ (જેવી કે કચ્છી સમાજ - અમદાવાદ વગેરે) આ મુદ્દે શું કરી શકે?

બે ત્રણ બાબતો આ ઈન્ટરવ્યુનાં સંદર્ભમાં ખૂંચી છે.

એક તો આપ કચ્છી સમાજ સાથે હાલમાં કે ભૂતકાળમાં ક્યારેય સંકળાયેલા હતા કે છો એવો કોઈ ઉલ્લેખ આપે કેમ કર્યો નહીં અને એ ઉપરાંત ડૉ. હરિ દેસાઈ એવું બોલ્યા કે 'કચ્છશ્રુતિ' હવે બંધ થયું, તો એની આપે સ્પષ્ટતા કેમ ન કરી?

***ભરત ઓઝા***
***માનદ્ મંત્રી, શ્રી કચ્છી સમાજ - અમદાવાદ***

***(નોંધ : આપશ્રીને 'મંગલ મંદિર' જૂન-૨૦૨૬ના પાના નં. ૨૧થી ૨૪ વાંચી જવા વિનંતી. આપશ્રીને મુંઝવતી વસ્તુનો જવાબ તેમાંથી મળી રહેશે.***
***– અશોક મહેતા)***

Shailesh Mehta
Mo : 9427061996
7984472249

NAVKAR
T-A-X
CONSULTANCY

Income Tax Return and Audit

- GST Return
- ROC Work
- Loan
- Financial Planning
- Insurance
- Mutual Fund / SIP

202, Shoppers Plaza-4, Opp BSNL Exchange, C. G. Road
Ahmedabad-380009

Vinod Dedhia
M. : 98240 27041

इंडियन ऑयल
Indian Oil

Jay Ambe Petroleum Service

Dealer : Indian Oil Corporation Ltd.

State Highway-41, Kalol, Dist. : Gandhinagar (N.G.) 382 721 India.




# ડેન્ટોલ આઈકોન

મલ્ટી સ્પેશ્યાલીટી ડેન્ટલ ક્લિનિક એન્ડ ઈમ્પ્લાન્ટ સેન્ટર

ડૉ. સૂચી હિતેન્દ્ર શાહ (B.D.S., M.D.S.)

ડૉ. હિતેન્દ્ર એમ. શાહ (B.D.S., M.D.S.)

**ક્લિનિક ૧**

ઝલક કોમ્પ્લેક્ષ, પહેલો માળ, ભઠ્ઠા ચાર રસ્તા,
અંજલી ચાર રસ્તા પાસે, વાસણા, અમદાવાદ.
મો. ૬૩૫૨૩ ૧૫૪૭૮

**ક્લિનિક ૨**

૩, પાયલ પાર્ક સોસાયટી, ઈસ્કોન પ્લાઝાની સામે,
સ્ટાર બજારની બાજુમાં, સેટેલાઈટ,અમદાવાદ.
મો. ૯૫૧૨૩ ૪૦૩૦૩, ૯૫૧૨૩ ૪૦૩૦૫

# Sahjanand

Fracture & Orthopaedic Hospital

# સહજાનંદ ઓર્થોપેડિક હોસ્પિટલ

ડૉ. રાજેશ વી. પરીખ (M.S. Ortho)

સ્પાઈન અને સાંધાના રોગોનું નિદાન અને સારવાર

૩૦૧, સહજાનંદ પેલેસ, ગોપી રેસ્ટોરન્ટની ઉપર, રાહુલ ટાવરની સામે,
૧૦૦ ફૂટ આનંદનગર રોડ, સેટેલાઈટ, અમદાવાદ.
ફોન : (૦૭૯) ૨૬૯૩૦૮૦૯ ● મો. ૯૮૨૫૩ ૫૪૧૮૩

Since 1985
INDOTEX PAINTS
• Durable • Decorative • Protective • Anti-fungus
• Heat, Scrub and UV resistant • All weather proof
PRODUCTS • Exterior & Interior Emulsion • Textures • Putty • Distemper
• Primers • Enamel • Damp Proof • Satin Enamel • Zinc Yellow • Red Oxide
• Wood Primers • Road Marking • Aluminium Paint • Black Board Paint
• Touch wood • Epoxy enamels • Thinners
Contact No.: 9825033596 • 9712133596 • 9909444598
Web : www.indotexpaints.com • E-mail : indotexpaints@yahoo.co.in

Bharat B. Gala
M. : 93270 05460
SHREE Raju ENTERPRISE
RE-ROLLING & JOB WORKS, S.S. PATTA-PATTI
323, G.V.M. M.S.A.V. Ltd., Odhav, Ahmedabad - 382 415.
E-mail : shreerajuenterprise@yahoo.co.in

CA. TUSHAR SHAH
KHANDHAR MEHTA AND SHAH
CHARTERED ACCOUNTANTS
AHMEDABAD
tushar@kmsindia.in
+91 98980 26360

CA INDIA
CA. B. K. Patel
B.Com., LL.B., F.C.A.
Partner
(M) 98250 33927
B. K. PATEL & CO.
CHARTERED ACCOUNTANTS
401-404, Vraj Valencia, B/h. Mahindra Show Room, Nr. Sola Overbridge,
S. G. Highway, Sola, Ahmedabad-380 060. Gujarat
Ph. : 079-2970 0974/75 • Email : bkptelandco@gmail.com
SARDARDHAM
CA. B. K. Patel
Hon. Secretary
Sardardham, Vaishnodevi Circle, Ahmedabad-382421. Ph. : 7575001548/1596/1438
Mobile : 9825033927 E-mail : info.sardardham@gmail.com | secretary@sardardham.org
Website : www.sardardham.org

Nipun Solanki
CHASE INNOVATION
M. 92277 22408

વિકાસ શાહ
એચ. શાહ એન્ડ કું.
ડાયાલિસિસ મટીરીયલ સપ્લાયર્સ
મો. ૯૮૨૪૦ ૦૧૯૩૮

સુનીલભાઈ ઠક્કર
ઘનશ્યામ ઈલેક્ટ્રીકલ્સ
ઈલેક્ટ્રીકલ સામાનના વહેપારી
મો. ૯૪૨૭૫ ૦૮૭૭૭

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના
માસિક મુખપત્ર "મંગલ મંદિર"ને
ખૂબ ખૂબ શુભેચ્છા...
(એક વાચક સભ્ય તરફથી)

શુભેચ્છા સહ
હસમુખ ઉગરચંદ ગઢેચા પરિવાર
અમદાવાદ

BMCB BANK
ESTD 1995
Multi-State Bank
ધી ભુજ મર્કેન્ટાઈલ કો-ઓપ. બેંક લિ.
મીઠાખળી છ રસ્તા, અમદાવાદ–૬.
Tel. : 26400969 ● www.bhujbank.com
બેંકની વિવિધ સગવડો
■ FDR વ્યાજ દર upto 9.00% (as on 10-03-2026) @ with montly Interest.
■ Flexi ચાલુ ખાતા અને બચત ખાતામાં વ્યાજ Max 5.5%@★
■ RTGS / NEFT / DD / IBC / Ch. Book Chages : Nil★
■ ATM Card ■ Lockers ■ Free SMS Alert ■ e-Stamping
■ રૂા. ૧૩ કરોડ સુધીની બિઝનેસ લોન.
■ ડિવીડંડ : વર્ષ ૨૦૨૩ / ૨૦૨૪ / ૨૦૨૫ : ૧૨.૦૦%
■ IMPS, UPI, BBPS, Voice Box, QR Code Facility
■ બેંકના રોકડ કામકાજનો સમય : સવારે ૧૦ થી સાંજે ૫
★ Conditions apply

Chandrakant K. Gada
+91-9825069290
BLUE STAR INDUSTRIES
Stainless Steel Re-Rollers
Plot No. 130. G.I.D.C. Estate, Kalol - 382721,
Gandhinagar. Phone : (02764) 220330, 224330
E-mail : bluestar.indu1@gmail.com

SCHÖN SALONS
REDEFINED
VIJAY CROSS ROAD BRANCH
+91 7801 901 091
SCIENCE CITY BRANCH
+91 7801 901 355
ISKCON AMBLI BRANCH
+91 9904 406 604
Transform your look with expert hair, skin, and makeup services.
Becasue at Schön Salons, every detail of your beauty matters.
with warmest regards,
PRATIK HARIA
franchise opportunity
+91 9998 709 888

Best Compliments From
SUJAKO
MANUFACTURERS OF
MODULAR FURNITURE
OFFICES | KITCHENS | WARDROBES
WWW.SUJAKO.COM

JAY ENTERPRISE
Products : Salt Speckles, Rock Salt (Sendha Namak),
Rock Salt Sujji, Black Salt (Sanchar) &
All Types of Edible & Industrial Salt
C/3, Bharat Small Industrial Estate, B/h. Gujarat Offset,
Nr. Railway Over Bridge Road, Vatva, Ahmedabad-382 445.
E-mail : jay.enterprise@hotmail.com ■ Mobile : 99989 90899

● શુભેચ્છા સહ ●
પ્રભુલાલ એમ. સંઘવી
ઘાટકોપર, મુંબઈ.
મો. ૯૮૨૦૦ ૩૭૪૭૬

ફ્યુઝન કિડની કેર પ્રા. લી.
FUSION KIDNEY INSTITUTE
Full UroNephro Solutions
ડો.હિમાંશુ શાહ [ M.S. Mch.(યુરોલોજી) ] ગોલ્ડ મેડાલીસ્ટ
ડાયરેક્ટર, ફ્યુઝન કિડની ઈન્સ્ટીટ્યૂટ, વતન – માંડવી, કચ્છ
પથરી, પ્રોસ્ટેટ, કિડની, બ્લેડર કેન્સર, મૂત્રમાર્ગ ના રોગ,
બાળકો ના પેશાબ ના રોગ ના નિષણાંત
ગુલબાઇ ટેકરા BRTS બસ સ્ટેન્ડ ની સામે, પાંજરાપોળ યુનિવર્સિટી રોડ, આંબાવાડી, અમદાવાદ - ૩૮૦૦૧૫
એપોઇન્ટમેન્ટ માટે : ૦૭૯-૬૧૩૪૬૧૩૪ ૦૭૯-૨૬૩૦૫૦૬૦,
સોમવાર થી શુક્વાર સવારે ૧૧:૦૦ થી ૦૧:૦૦ સાંજે ૦૪:૦૦ થી ૦૫:૦૦, શનિવાર સવારે ૧૧:૦૦ થી ૦૧:૦૦
Website : www.fusionkidney.com Email : info@fusionkidney.com

*If undelivered please return to :*

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**શ્રી કચ્છી જૈન ભવન,**

૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
નવચેતન હાઈસ્કૂલની સામે, પાલડી - એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૪૮૯૦ ૬૦૦૧ થી ૬૦૦૬

**To,**

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના

**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી હિરેન કુંવરજી શાહ
મો. ૯૮૨૫૦ ૧૩૭૧૫

**ઉપપ્રમુખ-૧**
શ્રી શાંતિલાલ મુળજી સાવલા
મો. ૯૮૨૫૦ ૪૮૬૪૫

**ઉપપ્રમુખ-૨**
ડૉ. હિતેન્દ્ર મોહનલાલ શાહ
મો. ૯૮૯૮૧ ૯૮૬૧૬

**માનદ્ મંત્રી**
શ્રી રજનીકાંત ધરમશી પારેખ
મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧

**સહમંત્રી**
શ્રી વિશાલ મહેન્દ્ર શાહ
મો. ૯૪૨૮૩ ૫૦૦૩૮

**ખજાનચી**
શ્રી વિમેશ ગુલાબચંદ શાહ
મો. ૯૮૭૯૧ ૧૦૪૬૭

**સહ ખજાનચી**
શ્રી દેવેશ દિલીપ દંડ
મો. ૯૩૨૭૯ ૧૮૫૭૭


**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪.
ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે,
સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા,
અમદાવાદ-૩૮૦ ૦૨૨.
ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦

**'મંગલ મંદિર'ના અંકો સમાજની વેબસાઈટ**
**www.kjss.org**
**ઉપર... *ઉપરાંત*....**
**www.hellokutchis.com**
**ઉપર વાંચી શકાય છે.**

## મંગલ મંદિર ● જુલાઇ-૨૦૨૬

## ભાગ-૨ : લેખો તથા અન્ય વિગતો

## અનુક્રમણિકા

### એરિસ્ટોક્રેટ્સ


● એરિસ્ટોક્રેટ્સ
પ્રકરણ-૨૨ : શેઠશ્રી અમૃતલાલ હરગોવનદાસ – ૩ .................................. **દેવેન્દ્ર પટેલ**..... ૭૪


### સ્વાતંત્ર્ય સંગ્રામના ૭૫ શૂરવીરો


● મણકો-૨૫ : કેપ્ટન લક્ષ્મી સહેગલ............ **રાજ ભાસ્કર/અનંત શુક્લ/મધુકાંત પ્રજાપતિ**..... ૭૬

★

● અંજાર એ ભયાનક દિવસને ક્યારેય નહીં ભૂલે ...................................... **નરેશ અંતાણી**..... ૭૭

● શ્રી વર્ધમાન જૈન બોર્ડિંગ અને વિદ્યાલય – કટારિયા ........................................................ ૮૦

● બંગાળમાં મમતાની હારના કારણો .......................................... **ડૉ. મિહિર એમ. વોરા**..... ૮૧

● વિશ્વ પર્યાવરણ દિન :
ભુજમાં સિંદુર વન નજીક સાકાર પામ્યું છે એક સુંદર વન...................... **જગદીશચંદ્ર છાયા**..... ૮૨

● જૈન સંસ્કૃતિ દર્શન મ્યુઝિયમ – કોબા : એક દૃષ્ટિપાત .......................... **જિતેન્દ્ર વી. શાહ**..... ૮૩

● જૈન દર્શનના મહાવ્રતોની પ્રસ્તુતતા ............................................. **પ્રા. પ્રવીણચંદ્ર ઠક્કર**..... ૮૫

● કચ્છનું અનોખું કચ્છી ચલણ ............................................................ **મહેન્દ્ર રાઠોડ**..... ૮૭

● તીર્થ દર્શન ........................................................................ **પ્રેષક : કે.ડી. શાહ**..... ૮૮
તીર્થ દર્શન-૧૦૪ : શ્રી કુંભોજગિરી તીર્થ (શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ ભગવાન)
તીર્થ દર્શન-૧૦૫ : શ્રી થાણા તીર્થ (શ્રી મુનિસુવ્રત ભગવાન)

● બોધકથા : ભક્તિમાં નિયમનું મહત્ત્વ ................................... **વિનોદભાઈ માછી નિરંકારી**..... ૮૯

● જૂની આયુર્વેદિક કહેવતો અને તેમનો ભાવાર્થ.................................. **જિતેન્દ્ર વી. શાહ**..... ૯૦

● અન્નના કણ કણમાં છે ભગવાન,
એટલે તેનો બગાડ ન થાય તેનું ધ્યાન રાખો ...................................**મનીષ જોષી 'મૌન'**..... ૯૧

● કચ્છ અંગેની જૂની વાતો ................................................................. **મધુકર ઠક્કર**..... ૯૨

● વર્ષાઋતુમાં સ્વાસ્થ્યની સંભાળ ...................................................... **ડૉ. મહેન્દ્ર ઠક્કર**..... ૯૩

● કચરો : ઘરની માટે શ્રાપ કે સોનાની ખાણ? ............................................ **કલ્પના મહેતા**..... ૯૪

● પાર્કિન્સન : મગજનો રોગ કંપવાત ....................................... **ડૉ. કમલેશ એન. શાહ**..... ૯૫

● पशुबली निषेध..................................................................... प्रवीणचंद्र एच. शाह......९७



Printed & Published by : **Mr. Pratap Dand,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**.
Printed at : **Gajanand Offset,** Amraiwadi, Ahmedabad.
Published at : **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. ● **Editor : Mr. Pratap Dand** ● **Yearly Subscription : Rs.150/-**

## એરિસ્ટોક્રેટ્સ : પ્રકરણ-૨૨ ★ શેઠશ્રી અમૃતલાલ હરગોવનદાસ – ૩

# અમદાવાદના પાઘડીવાળા છેલ્લા શેઠ અમૃતલાલ હતા

● લેખક ●
દેવેન્દ્ર પટેલ

૧૯૫૬ના મહાગુજરાતના આંદોલનના દિવસોમાં અમદાવદની સ્થિતિ ખૂબ વણસી જવા પામી હતી, ત્યારે શ્રી મોરારજીભાઈના ઉપવાસ છોડાવવા જે પ્રયાસો થયેલા તેમાંય તેમની આ વિચક્ષણ તેમજ વ્યવહારિક બુદ્ધિ કામે લાગી હતી. પોલીસના કાર્યની પ્રશંસાવાળા મુસદ્દા ઉપર સહી કરવા કોઈ તૈયાર નહોતું અને બાજી બગડતી હતી. ત્યારે શેઠશ્રી અમૃતલાલે મુત્સદ્દીભરી વાત કહી, 'ઢેબરભાઈ, આ વાત જ જવા દો. અમે કોરા પાને સહીઓ આપીએ અને પછી તમે તમને ઠીક લાગે તે લખી લેજો.' ઘડીભર બધા સ્તબ્ધ થઈ ગયા. સૌ કોઈ આ મર્મને સમજી શક્યા અને પોલીસોની પ્રશંસાવાળા કાગળ ઉપર સહી કરવાનો પ્રશ્ન જ ઊડી ગયો. અંતે શ્રી મોરારજીભાઈને શ્રી અમૃતલાલભાઈના હસ્તે જ નારંગીનો રસ અપાયો હતો.

### અનોખું વ્યક્તિત્વ

શેઠશ્રી કસ્તુરભાઈની ગેરહાજરીમાં શેઠશ્રી અમૃતલાલભાઈ પાસે સૌ જતા અને એ બધાને તેમનું સચોટ માર્ગદર્શન મળી જતું.

છેલ્લા દાયકામાં પાઘડીવાળા શેઠ એકલા અમૃતલાલભાઈ જ હતા એમ કહી શકાય. તેમને પાઘડી વગરના કલ્પવા એ જ અશક્ય છે. એમની પાઘડી એમને માટે સાચે જ પર્યાયવાચક બની ચૂકેલ હતી. ગાંધીજીએ તેમને તેમની પાઘડી છોડવા આગ્રહ કરેલો, પણ તેમણે જે રીતે ના પાડેલી તે આજેય યાદ રાખવા જેવી બીના છે.

૧૯૨૯માં ગાંધીજીનો કેસ ચાલતો હતો. તેમને સજા થઈ, એટલે તેમને સાબરમતી જેલમાં રાખવામાં આવેલા. સ્વ. ગજ્જરને તેમનાં દર્શન કરવાં હતાં તે ઇચ્છા અતૃપ્ત રહી, તેથી તેમણે અમૃતલાલ શેઠની આગળ વિનંતી મૂકી. આ કામ ઘણું કપરું હતું, છતાં તેમણે પ્રયત્ન કરી જોયો. ત્યારે ગાંધીજીએ તેમને પાઘડી મૂકી દેવા કહેલું. હવે રાષ્ટ્રીય પોશાક તો ખાદીની ટોપી જ હતી. તેમણે તે ઉપરથી કહ્યું કે પાઘડી જ એ અમારો રાષ્ટ્રીય પોશાક છે. હા, પણ ત્યારથી તેમણે દેશી સૂતરની જ પાઘડી અને પોશાક પહેરવાનો ચાલુ રાખ્યો હતો. અમદાવાદમાં જે જુદા ધંધાઓનાં મહાજનો છે તેમને વ્યવસ્થિત કરવામાં અને આ મહાજનોનાં બંધારણો તૈયાર કરવામાં તથા લોકશાહીની રીતે મહાજનોની ચૂંટણીનો પાયો નાખવામાં શેઠશ્રી અમૃતલાલભાઈ સૌથી મોખરે તરી આવતા હતા. શેઠશ્રીએ જિંદગીના છેલ્લા દિવસ સુધી ગુજરાતના વિકાસના પ્રશ્નોમાં સક્રિય રીતે ખૂબ રસ લીધો છે. ગુજરાતભરનાં વેપારી મહાજનોને આ પ્રશ્ન અંગે દોરવણી આપવામાં તેમનો ફાળો અમૂલ્ય જ છે. આ અંગે જ્યારે જ્યારે જરૂર પડી છે ત્યારે એમણે પોતાનો મત નિર્ભય અને સચોટ રીતે રજૂ કરેલો જ છે. ગુજરાતના બુઝુર્ગ મોવડી તરીકે આખા હિન્દુસ્તાનમાં એ જાણીતા છે. ગુજરાતના સીમારક્ષણ માટે મહાગુજરાત સીમા સમિતિની સ્થાપનામાં ખૂબ રસ લીધો હતો અને ઉપાધ્યક્ષપદે રહીને મહાગુજરાતની સીમાઓ માટે કેન્દ્ર સરકાર સમક્ષ બુલંદ રીતે ગુજરાતનો અવાજ રજૂ કરેલો. અમૃતલાલ શેઠની સાદાઈ પાર વગરની હતી. તેઓ નિરાડંબરી હતા અને સૌને પોતે નિરાડંબરી ઇચ્છતા હતા. તેમના ઘેર જનાર સૌને તેમના ફર્નિચર ઇત્યાદિથી આ વાતનો પરિચય થઈ શકતો. તેમને ત્યાં જે કોઈ ફેરફાર જણાતો તેમાં કસ્તુરભાઈ શેઠનો આગ્રહ કારણભૂત હતો.

તેમની વાતચીત હંમેશાં સીધી, મુદ્દાસરની અને હેતુલક્ષી રહેતી. જે કોઈ તેમની પાસે આવે તે આટલી તૈયારી સાથે જ આવે, તેમ હંમેશાં ઇચ્છતા. વ્યર્થ આલોચના કે આડે રસ્તે દોરનારી વાતો તેમને અપ્રિય પડતી. તેમ છતાં સામો માણસ એટલું ન સમજે તો તેમનામાં એક વિચક્ષણ કળા એવી હતી કે હસીને તેઓ વાતનો વધતો વ્યાપ તેઓ એકદમ થંભાવી શકતા. આ તેમની આવડત સાચે જ અનોખી અને અજોડ હતી.

આવી નાની મોટી તેમની બીજી ઘણી ખાસિયતો દ્વારા તેમાંથી આપણે ઘણું ઘણું મેળવી શકીએ એમ છીએ.

### સંકટરાહત

૧૯૫૪માં ગુજરાત ચેમ્બરે રેલ રાહત સમિતિ શરૂ કરી હતી; અને તેના દ્વારા સમગ્ર દેશભરમાં જુદાં જુદાં રાજ્યોના અસરગ્રસ્ત વિસ્તારોમાં રાહત અને સહાયની પ્રવૃત્તિ ઉપાડી લેવામાં આવી હતી.

આ બધામાં વિશેષ કરીને ૧૯૬૮ની સુરતની રેલસંકટ, ૧૯૭૨નો ભીષણ દુષ્કાળ અને ૧૯૭૩માં આવેલી રેલ વગેરેમાં તેઓએ સક્રિય ભાગ લીધો હતો.

### ગુજરાતના વિકાસના પ્રશ્નો

ગુજરાતના વિકાસ વિષયક પ્રશ્નોમાં તેઓએ અપ્રતિમ

રસ દાખવ્યો હતો. ૧૯૭૩ના પહેલા બે-ત્રણ માસ દરમિયાન ગુજરાતની જીવાદોરી નર્મદા યોજનાની શિલારોપણ વિધિથી તેમના જીવનકાળ દરમિયાન ખૂબ રસ દર્શાવ્યો હતો. ૧૯૬૬માં ગુજરાત ચેમ્બરનો બુલેટીનનો નર્મદા યોજના વિશેષાંક પ્રસિદ્ધ કરવામાં, ફૉરમ ફૉર ડેવલપમેન્ટની રચના કરીને આ અને આવા પ્રશ્નો ઉપર પ્રકાશ પાડવામાં શેઠશ્રીનું મૂલ્યવાન માર્ગદર્શન સાંપડ્યું હતું. નર્મદાના ઊકળતા પ્રશ્ન અંગે તેમણે ૧૯૭૨-૭૩માં ગુજરાતની ચેમ્બરોના અગ્રણીઓની તથા નાગરિકોની જાહેર-જીવનના અગ્રણી નાગરિકોની એમ બે મીટિંગ બોલાવી હતી અને આ મીટિંગમાં નર્મદા અંગેનો વડાપ્રધાનશ્રીનો ચુકાદો વહેલો આવે તે માટે સર્વસ્પર્શી ઠરાવ કરવામાં આવ્યો હતો. આના અનુસંધાનમાં ગુજરાતના પાર્લમેન્ટના સભ્યો સાથે દિલ્હીમાં ચર્ચા કરી હતી.

ગુજરાત ચેમ્બર ઑફ કૉમર્સ ઍન્ડ ઇન્ડસ્ટ્રીના રૌપ્ય મહોત્સવ પ્રસંગે તા. ૬ઠ્ઠી જાન્યુઆરીના રોજ જેનું ઉદ્‌ઘાટન દેશના અગ્રણી ઉદ્યોગપતિ શ્રી જી. ડી. બિરલાજીએ કર્યું હતું, તે પ્રસંગે તેઓએ નાદુરસ્ત તબિયત હોવા છતાં હાજરી આપી હતી. આ અંગે યોજાયેલા ગુજરાત વેપાર-ઉદ્યોગ સંમેલનમાં નર્મદા અંગેનો પ્રથમ-ઠરાવ તેઓએ રજૂ કરતાં એક કલાક સુધી એકધારું પ્રવચન કર્યું હતું અને કમિટીના નવાગામ બંધની ઊંચાઈ અંગેની ભલામણ ધ્યાનમાં લઈને વડાપ્રધાનને તેઓનો ઍવોર્ડ સત્વરે જાહેર કરવા તેઓએ હૃદયસ્પર્શી અપીલ કરી હતી. સંમેલનની સાંજની બેઠકમાં પણ તેઓએ ખાસ હાજર રહીને 'વેપારીઓ સમક્ષના પડકારો' એ ઠરાવ ઉપર બોલતાં વેપારી વર્ગને પલટાતી પરિસ્થિતિના સંદર્ભમાં પોતાનો વ્યવહાર ગોઠવવા અને એને અનુકૂળ આચારસંહિતા અનુસરવા તેઓએ ભારપૂર્વક અનુરોધ કર્યો હતો.

### સાદગી અને સામર્થ્ય

તેઓશ્રી ચાણક્ય બુદ્ધિના હતા. નેક અને નિખાલસ પણ હતા. આથી કોઈ પણ વ્યક્તિ પોતાના દિલની વાતો સરળતાથી એમની સમક્ષ વ્યક્ત કરતાં ખચકાતી નહોતી. એમનું જીવન તથા રહેણીકરણી શુદ્ધ અને સાદગીયુક્ત હતી. પ્રતિભાવંત અને જાજરમાન વ્યક્તિત્વ, વાચાળ પ્રકૃતિ હોવા છતાં તેઓની રજૂઆત હંમેશાં મુદ્દાસરની રહેતી, વેપાર - ઉદ્યોગના અગ્રણીઓ તથા અન્ય ક્ષેત્રના અગ્રણીઓ તેમના માર્ગદર્શન અને વચનોમાં અતૂટ શ્રદ્ધા અને વિશ્વાસ ધરાવતા. અમદાવાદનાં જુદાં જુદાં મહાજનોનાં બંધારણ તૈયાર કરવામાં તેમજ લોકશાહી રીતે ચૂંટણી પદ્ધતિ દાખલ કરવામાં તેઓ મોખરે હતા.

તેમના કુટુંબમાં પણ સૌ સુમેળથી કામ કરતા હતા. શેઠ અમૃતલાલની દાન પ્રવૃત્તિને એમના વડીલ બંધુ શ્રી ત્રિભોવનદાસનો સહૃદયથી સહકાર મળતો હતો. એમના સુપુત્ર શ્રી ઇંદ્રદમનભાઈએ કેટલાંક વર્ષોથી તેમનો કાર્યભાર હળવો કર્યો હતો.

ગુજરાતની અનેકવિધ સામાજિક, શૈક્ષણિક અને વ્યાપાર ઉદ્યોગની પ્રવૃત્તિઓના ચાહક, પોષક, પ્રોત્સાહક શેઠશ્રી અમૃતલાલ હરગોવનદાસ તા. ૧૧-૩-૧૯૭૪, સંવત ૨૦૭૦ મહા વદી ૧૪ – મહા શિવરાત્રીના દિને પોતાની જીવનલીલા સંકેલી ચિરનિદ્રામાં પોઢી ગયા. ■

## વિશ્વની હાલની વસ્તી

જગતના ૧૯૫ દેશની ટોટલ વસ્તી ૮૩૦ કરોડની છે.

જગતની વસ્તી વધારાનો વાર્ષિક દર ૦.૮૪ ટકા છે.

જગતની વસ્તી ૨૦૩૭માં ૯૦૦ કરોડ પર પહોંચી જશે.

જગતના કેટલાક દેશોની વસ્તી નીચે મુજબ છે.

- ભારત : ૧૪૭ કરોડ
- ચીન : ૧૪૧ કરોડ
- યુ.એસ.એ. : ૩૪.૯ કરોડ
- રશિયા : ૧૪.૪ કરોડ
- યુ.કે. : ૬.૯૯ કરોડ
- ફ્રાન્સ : ૬.૬૭ કરોડ
- ઇટાલી : ૫.૯૯ કરોડ
- કેનેડા : ૪.૦૦ કરોડ
- સ્વિડન : ૧.૦૭ કરોડ
- પોર્ટુગલ : ૧.૦૪ કરોડ
- ગ્રીસ : ૯૮ લાખ
- સ્વિટ્ઝરલેન્ડ : ૯૦ લાખ
- ડેન્માર્ક : ૬૦ લાખ
- નોર્વે : ૫૬.૫ લાખ
- ફીનલેન્ડ : ૫૬ લાખ

*ઉપરોક્ત દેશોની વસ્તી સામે ભારતના કેટલાક રાજ્યોની વસ્તી*

- ઉત્તર પ્રદેશ : ૨૪.૩ કરોડ
- બિહાર : ૧૩.૨૯ કરોડ
- ગુજરાત : ૭.૪૩ કરોડ

સ્વાધીનતા સંગ્રામના ૭૫ શૂરવીરો

## સ્વાધીનતા સંગ્રામના ૭૫ શૂરવીરો
# મણકો - ૨૫ : કેપ્ટન લક્ષ્મી સહેગલ

• લેખક •
રાજ ભાસ્કર / અનંત શુક્લ / મધુકાંત પ્રજાપતિ

*જન્મ : ૨૪ ઑક્ટોબર, ૧૯૧૪*

*મહાપ્રયાણ : ૨૩ જુલાઈ, ૨૦૧૨*

કેપ્ટન લક્ષ્મીનું નામ યાદ કરતાંની સાથે જ સુભાષચંદ્ર બોઝની આઝાદ હિંદ ફોજ યાદ આવી જાય છે. તેમનો જન્મ ૨૪મી ઑક્ટોબર, ૧૯૧૪ના રોજ થયો હતો. તેમના પિતા સ્વામીનાથન જાણીતા બેરિસ્ટર હતા અને માતાનું નામ હતું સુબમ્મા. સુબ્રમ્મા કોંગ્રેસ (મદ્રાસ)ના જાણીતાં કાર્યકર હતાં. કેપ્ટન લક્ષ્મીનું મૂળ નામ હતું લક્ષ્મી એસ. સ્વામિનાથન. સમય હતો બીજા વિશ્વયુદ્ધનો. સુભાષચંદ્ર બોઝે જે જે દેશો બ્રિટનની વિરુદ્ધમાં હતા તેવા દેશોનો સાથ મેળવ્યો અને તેમની સાથે શરત કરેલી કે ભારતની આઝાદી માટે પણ આ યુદ્ધ નિર્ણાયક બનવું જોઈએ. આઝાદ હિંદ ફોજમાં ભારતના હજારો યુવાનો અને યુવતીઓ જોડાયાં હતાં, જેઓ શિસ્ત અને સંપૂર્ણ દેશભક્તિને વરેલાં હતાં. આ ફોજીઓ આરપારની લડાઈ માટે તૈયાર હતાં. આ ફોજમાં નવયુવતીઓની પણ સેના હતી. એના કેપ્ટન હતાં લક્ષ્મી. લોકો તેમને કેપ્ટન લક્ષ્મીના નામથી જ ઓળખતા હતા. કેપ્ટન લક્ષ્મી, સુભાષચંદ્ર બોઝે વિદેશોમાં ઊભી કરેલી ભારતીય સેનાઓના સૈનિકોની મદદ માટે સિંગાપુર પહોંચી ગયાં હતાં. ત્યાં તેમણે સૌ પ્રથમ સૈનિકો માટે હોસ્પિટલ ઊભી કરી. ઘાયલ સૈનિકોની સેવામાં તેઓ લાગી ગયાં હતાં. સાજા થતા સૈનિકોને તે આઝાદીના મોરચે મોકલવા લાગ્યા. તે સમયમાં નેતાજીએ ભારતીય સ્વાતંત્ર્ય સંઘની સ્થાપના કરી. બહાદુર કેપ્ટન લક્ષ્મી તેમાં પણ જોડાયાં હતાં. એટલું જ નહીં, તેઓ રૂબરૂ નેતાજીને મળ્યાં અને એક મહિલા રેજિમેન્ટ સ્થાપવાની માગણી કરી.

૨૨ ઑક્ટોબર, ૧૯૪૩ના દિવસે તેમણે આવી એક મહિલા ફોજ તૈયાર કરી નાંખી, જેનું નામ આપ્યું 'રાણી ઝાંસી રેજિમેન્ટ.' આ રેજિમેન્ટ પણ મહારાણી ઝાંસીની જેમ દેશની આઝાદી માટે સમર્પિત હતી. ૧૭૫ જેટલી ભારતીય યુવાન મહિલાઓથી શરૂ થયેલી આ ફોજમાં જોતજોતામાં તો બે હજાર મહિલાઓ જોડાઈ ચૂકી હતી. બધાંને પૂરી લશ્કરી તાલીમ આપવામાં આવેલી હતી. બ્રહ્મદેશમાં બ્રિટિશરોના લશ્કર સામે પૂરી તાકાતથી તે લડી. ઈમ્ફાલની પ્રસિદ્ધ લડાઈમાં તો તેમણે બ્રિટિશ લશ્કરને મારી હઠાવ્યું હતું. એક સમયે તો આ શૂરવીર મહિલાઓની ફોજે સુભાષચંદ્ર બોઝને પણ રક્ષણ પૂરું પાડ્યું હતું. બ્રિટનની આખરે જીત થઈ અને બ્રિટિશરોએ આઝાદ હિંદ ફોજને ગેરકાયદેસર ઠરાવી. ફોજનાં ત્રણ કેપ્ટનો લક્ષ્મી, ધિલોન અને શાહનવાઝ સામે ખટલો ચાલ્યો. દેશની જનતાએ આની સામે આંદોલનો શરૂ કરી દીધાં. આખરે ૧૯૪૬માં આ ત્રણેય કેપ્ટનોને છોડી મૂકવામાં આવ્યાં. આઝાદી પછી પણ કેપ્ટન લક્ષ્મી દેશસેવામાં લાગેલાં રહ્યાં. અને ૨૩મી જુલાઈ, ૨૦૧૨ના રોજ તેમનું અવસાન થયું. ■

## ભારતે વર્ષ ૨૦૨૫-૨૬માં ૧૮,૦૦૦ કરોડ યુનિટ સૌર ઊર્જાનું ઉત્પાદન કર્યું

ભારત બિનપરંપરાગત ઊર્જાના ઉત્પાદનમાં સતત વૃદ્ધિ કરી રહ્યું છે. વર્ષ ૨૦૨૫-૨૬માં ૧૮,૦૦૦ કરોડ યુનિટ સૌર ઊર્જા અને ૮,૫૦૦ કરોડ યુનિટ પવન ઊર્જાનું ઉત્પાદન કરેલ છે. આ સમયગાળામાં સૌર ઊર્જા ઉત્પાદન ક્ષમતામાં ૪૫ ગીગાવોટનો અને પવન ઊર્જા ઉત્પાદન ક્ષમતામાં ૬.૦૫ ગીગાવોટનો વધારો કરેલ છે. ભારતે રીન્યુએબલ એનર્જીની ક્ષમતામાં વૃદ્ધિ કરવામાં બ્રાઝીલને પાછળ રાખીને વિશ્વમાં ત્રીજું સ્થાન પ્રાપ્ત કરેલ છે. ભારતમાં ગુજરાત, રાજસ્થાન અને મહારાષ્ટ્રે સૌર અને પવન ઊર્જાના ઉત્પાદનમાં નોંધપાત્ર પ્રગતિ કરી છે.

## જિંદગીની ચાર લાઈન

- જિંદગીને જીવ
  એને 'સમજવાની' કોશિશ ના કર.
- ચાલતા સમય સાથે તું પણ ચાલ
  સમયને 'બદલવાની' કોશિશ ના કર.
- દિલ ખોલીને તું શ્વાસ લે,
  અંદર ને અંદર 'ગુંગળાવાની'
  કોશિશ ના કર.
- કેટલીક વાતો તું ઈશ્વર પર છોડી દે
  તું બધું પોતે 'ઉકેલવાની'
  કોશિશ ના કર.

*પ્રેષક : નવનીત ટી. પટેલ - બોપલ, અમદાવાદ*

# અંજાર એ ભયાનક દિવસને ક્યારેય નહીં ભૂલે

નરેશ અંતાણી

કચ્છ પ્રદેશ, એ ભૂકંપનો વિસ્તાર છે. આ પ્રદેશે આજ સુધી અનેક નાના મોટા ભૂકંપના આંચકાઓ સહન કર્યા છે પરંતુ ત્રણ મહાવિનાશક ભૂકંપ તો આ જિલ્લો ક્યારેય નહીં વિસરી શકે. કચ્છમાં છેલ્લા ૨૦૦૧માં વિનાશક ભૂકંપ આવ્યો એ અગાઉ ઈ.સ. ૧૮૧૯ તથા ઈ.સ. ૧૯૫૬માં મોટાં ભૂકંપોનો ભોગ આ જિલ્લો બન્યો છે.

આ ભૂકંપો પૈકી તા. ૨૧ જુલાઈ ૧૯૫૬ના દિવસે કચ્છમાં વિનાશક ભૂકંપ આવ્યો હતો, જેની અસર કચ્છના અંજાર ઉપરાંત ભુજ તથા ભચાઉ તાલુકામાં વ્યાપક પ્રમાણમાં થઈ હતી; તેમાંય અંજાર શહેર તથા તાલુકામાં તેની અસરકારતા વ્યાપક પ્રમાણમાં થઈ હતી. આ ધરતીકંપને કારણે એક નવા જ અંજાર શહેરનો જન્મ થયો હતો જે નવા અંજાર તારીકે આજે ય જાણીતું છે.

એ વર્ષે કચ્છમાં વરસાદ પણ પ્રમાણમાં સારો થયો હતો, આથી જિલ્લાના ખેડૂતો તથા વેપારીઓ સારા વર્ષથી આનંદમાં હતા. ખેડૂત વર્ગ વાવણીમાં વ્યસ્ત હતો. વેપારીઓ સારા વેપારની આશામાં આનંદિત હતા. પાણી અને ઘાસચારાની સમસ્યા પણ હળવી બનતાં આખુંય કચ્છ ખુશહાલ હતું. તેવા સારા સમયે જ કચ્છમાં કુદરતનો ખોફ વરસ્યો હતો.

૨૧મી જુલાઈ ૧૯૫૬, શનિવારના એ ગોઝારા દિવસે રાત્રિના નવ વાગ્યે ૩ થી ૧૦ સેકંડ સુધી કચ્છની ધરા ધ્રુજી. જેની અસર આખાય કચ્છમાં ઓછેવત્તે વર્તાઈ, પરંતુ અંજાર શહેર ઉપર તો જાણે કાળ ત્રાટક્યો. રાત્રિના એ સમયે કેટલાય ઘરોમાં રાત્રિનું ભોજન ચાલી રહ્યું હતું, તો ક્યાંક લોકો આંગણે બેસી વાતો કરતાં હતા. નાના બાળકો નિદ્રાધીન હતા. તો કેટલાક વેપારીઓ દુકાન વધાવી પોતાના ઘર તરફ નીકળી રહ્યા હતા. એવા સમયે ચોમાસાની કાળી ડીબાંગ રાત્રે થોડી જ સેકંડોમાં અંજારને હતું ન હતું કરી નાખ્યું. કાળી રાત્રે લોકોને શું કરવું એ જ સમજ પડતી નહતી. ભચાઉ અને ભુજ તાલુકામાં પણ આ ધરતીકંપની અસર વર્તાઈ હતી. સમગ્ર શહેરમાં વીજળીના થાંભલાઓ પણ પડી જવાને કારણે અંધારપટ્ટ છવાઈ ગયો હતો. સમગ્ર શહેર કાટમાળમાં ફેરવાઈ ગયું હતું.

આ ધરતીકંપ પછી રાહતકાર્ય તથા નવનિર્માણની સંપૂર્ણ વિગતો આપતી એક પુસ્તિકા એ સમયના જિલ્લા પંચાયતની રચના પહેલાનાં જિલ્લા લોકલ બોર્ડે ૧૯૫૮માં 'કચ્છનો ભૂકંપ' એ નામે પ્રકાશિત કરી છે. આ પુસ્તિકામાં નુકસાની, રાહત તથા નવનિર્માણની રસપ્રદ વિગતો આપવામાં આવી છે. જેનો અહીં આધાર લેવામાં આવ્યો છે.

વિનાશક ભૂકંપમાં અંજાર શહેરમાં ૧૦૭ લોકોના મૃત્યુ થયાં હતા, ૬૩ને ગંભીર ઈજા તથા ૧૨૬ને સામાન્ય ઈજાઓ થઈ હતી. જ્યારે અંજાર તાલુકામાં અંજાર શહેર સહિત કુલ ૧૧૪ લોકો મરણ પામ્યા હતા. કચ્છના કુલ ૧૫૨ ગામોને આ ભૂકંપની નાની મોટી અસર થઈ હતી. ૨૨૨૫ ઘરો જમીનદોસ્ત થયા હતાં તો ૬ હજારથી વધારે મકાનોમાં નુકસાન થયું હતું. ભુજ તાલુકાના ૭૪, અંજાર તાલુકાના ૬૦ અને ભચાઉ તાલુકાના ૧૮ ગામોને આ ભૂકંપમાં નુકસાન થયું હતું. શહેરમાં માત્ર એક અંજારને જ ભારે નુકસાની ભોગવવી પડી હતી.

તાત્કાલિક રાહતકામમાં વરસતા વરસાદે જિલ્લાભરના સ્વયંસેવકો, સેવાભાવી સંસ્થાઓના કાર્યકરો લોકોને તાત્કાલિક રાહત પહોંચાડવાના કામે લાગી ગયા. કાટમાળ દૂર કરી રસ્તા સાફ કરવા વગેરે કામગીરી તાત્કાલિક હાથ ધરવામાં આવી. દેશ વિદેશથી રાહત સામગ્રીઓ દવા, બિસ્કીટના ડબ્બા, ચાય-દૂધ-પાવડરના ટીન, ખાદ્ય સામગ્રીઓ, કપડાં, ધાબડા, તાલપત્રીઓ, તાત્કાલિક હંગામી આવાસ બનાવવા માટે વાંસ, વડા અને વંજીઓ જેવી અનેક રાહત રાહત સામગ્રીઓનો પણ જાણે વરસાદ વરસ્યો હતો.

તાત્કાલિક રાહત પછી કાયમી આવાસ તથા અન્ય આર્થિક મદદના આયોજન માટે ૨૫મી જુલાઈના કચ્છ સરકારે (કચ્છ એ સમયે 'ક' વર્ગનું કેન્દ્રશાસિત રાજ્ય હતું) એક સમિતિની કચ્છ રાજ્યના ચીફ કમિશ્નર એસ.એ. ઘાટગેના અધ્યક્ષ સ્થાને રચના કરી. આ સમિતિમાં કચ્છ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ ભવાનજી અરજણ ખીમજી, કમિશ્નરના સલાહકારો પ્રેમજીભાઈ ઠક્કર, જમિયતરાય વૈદ્ય, કચ્છના લોકસભાના સભ્યો ગુલાબશંકર ધોળકિયા તથા લવજીભાઈ ઠક્કર, જિલ્લા લોકલ બોર્ડના અધ્યક્ષ હીરજીભાઈ કોટક, ડૉ. મહિપતરાય મહેતા, ભાઈ પ્રતાપ, કુંદનભાઈ ધોળકિયા, કાંતિપ્રસાદ અંતાણી, જિલ્લા કલેક્ટર, કાર્યપાલક ઈજનેર, જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારી સહિત અન્ય ૧૪ સભ્યોની વરણી કરવામાં આવી હતી. જોકે આ રાહત તથા પુનઃવર્સનની કામગીરી દરમિયાન જ કચ્છ 'ક' વર્ગનું રાજ્ય મટી મુંબઈ રાજ્યમાં ભળી

જતાં આ સમિતિના અધ્યક્ષ સ્થાને કમિશ્નરને બદલે મુંબઈ રાજ્યના નાયબ પ્રધાન અને કચ્છના આગેવાન નેતા પ્રેમજીભાઈ ઠક્કરની વરણી કરવામાં આવી હતી. અને કેટલાક નવા સભ્યો પણ ઉમેરવામાં આવ્યા હતા. આ ઉપરાંત સ્થાનિક કક્ષાએ મામલતદારના અધ્યક્ષ સ્થાને તાલુકા સમિતિઓની પણ રચના કરવામાં આવી હતી.

આ સમિતિઓની દેખરેખ હેઠળ આરંભમાં ૩૧મી ઓગસ્ટ સુધી ઉભા કરવામાં આવેલા રાહત કેમ્પોમાં જીવન જરૂરી વસ્તુઓ અનાજ, દૂધ, બળતણ, શાકભાજી, કેરોસીન, ઘી તથા તેલ વગેરે વસ્તુઓ વિનામૂલ્યે પહોંચાડવામાં આવી હતી. કેમ્પમાં રહેતા દરેક પરિવારને વ્યકિતદીઠ પાંચવાર કાપડ અને પાંચ પાંચ રૂપિયા કેશડોલ્શ પણ તાત્કાલિક આપવામાં આવ્યા હતા. અંજાર શહેરમાં આવા ૩૯ કેમ્પ ઉભા કરવામાં આવ્યા હતા જેમાં દરેક પરિવારને છાપરાવાળા હંગામી આવાસ તૈયાર કરી આપવામાં આવ્યા હતા. જેમાં ૪૬૦૩ લોકોએ આશરો મેળવ્યો હતો. દરેક કેમ્પમાં સાર્વજનિક રસોડાં શરૂ કરવામાં આવ્યા હતા. આ કેમ્પમાં દરેક પરિવારને પોતાના લતા મુજબ અથવા જ્ઞાતિ મુજબ દરેકની પસંદગી મુજબ આવાસ આપવામાં આવ્યા હતા. કેટલીક જ્ઞાતિઓએ જાતે પણ પોતાના કેમ્પ શરૂ કર્યા હતા.

ભૂકંપમાં પોતાના પરિવારજનો ગુમાવનાર દરેક પરિવારને રોકડ આર્થિક સહાયની પણ આ સમિતિના નેજા હેઠળ ચૂકવણી કરવામાં આવી હતી. જેમાં મૃત્યુ પામનારની ઉંમરને ધ્યાનમાં લઈને ૨૦૦ રૂપિયાથી લઈને ૧૮૦૦ રૂપિયા સુધીની મૃત્યુ પામનાર વ્યકિતદીઠ પ્રત્યેક પરિવારને આપવામાં આવી હતી. નાના બાળકના ૨૦૦ થી ૫૦૦ રૂપિયા, કમાનાર પરિવારના આધારસમાન વ્યકિતને ૧૮૦૦ રૂપિયા તથા સાંઈઠ વર્ષથી ઉપરનાને ૬૦૦ રૂપિયા અને અઢારથી સાંઈઠ વર્ષની મહિલાના પરિવારને ૯૦૦ રૂપિયાની રોકડ સહાય આપવામાં આવી હતી. આ માટે કુલ ૭૯,૦૦૦ નો ખર્ચ કરાયો હતો. ભૂકંપમાં ઈજા પામેલ દરેક વ્યકિતને ૫૦૦ રૂપિયાની સહાય આપવામાં આવી હતી. જેમાં કુલ ૨૫,૦૦૦નો ખર્ચ કરાયો હતો.

દેશ વિદેશની અનેક જાહેર સંસ્થાઓ અને વ્યકિતગત રીતે રોકડ આર્થિક દાનની સરવાણી વહી હતી જાહેર કરાયેલા આંકડા મુજબ ચીફ કમિશ્નરના રાહત ફંડમાં ૧૫,૯૮,૪૨૫ રૂપિયા તથા કોંગ્રેસ રાહત ફંડમાં ૧૦,૫૮,૮૦૫ એક કુલ ૨૬ લાખથી વધારે રોકડ સહાય સરકારી દફતરે જમા થઈ હતી. ચાલુ રાહતકાર્ય દરમિયાન કચ્છ ‘ક’ વર્ગનું રાજ્ય મટી મુંબઈ રાજ્યમાં સમાવાતાં આ રાહત પૈકી કેટલોક ખર્ચ કેન્દ્ર સરકારે કર્યો જ્યારે બાકીનો ખર્ચ મુંબઈ સરકારે કર્યો હતો.

રાહત કાર્યના આરંભમાં ૩.૨૯ લાખના ખર્ચે હંગામી આવાસ અંજાર અને અન્ય વિસ્તારો મળીને કુલ ૧૮૪૦ હંગામી આવાસ બાંધવામાં આવ્યાં હતા.

### ● નવા અંજારની રચના :

તળ અંજાર ગામ ભૂકંપમાં નષ્ટ થતાં અંજારના બેઘર લોકોને શહેરથી બહાર નયા અંજારની રચના કરવામાં આવી અને જેમાં બેઘર પરિવારો માટે કુલ ૫૭૯ મકાનો ૯.૨૩ લાખના ખર્ચે તૈયાર કરવામાં આવ્યા હતા. તૈયાર કરવામાં આવેલા તમામ મકાનો પાકાં, સુવ્યવસ્થિત, નવા નગર આયોજન મુજબ, હવા ઉજાસવાળા અને ભૂકંપ પ્રતિરોધક બનાવાયાં હતા. નવા અંજારમાં મુખ્ય માર્ગો, આંતરિક માર્ગો તથા શેરીઓની પણ સુંદર રીતે રચના કરવામાં આવી હતી.

### ● નવા ગામોનું નિર્માણ :

ભૂકંતગ્રસ્ત ગ્રામ્ય વિસ્તારોમાં ૧૫૨ ગામોમાંથી ૧૪ ગામોને નુકસાન થયું જે પૈકી ત્રણ ગામો તો સંપૂર્ણ નાશ પામ્યા હતાં તે ધમડકા, ઝુરણ તથા મોખાણા – એ ત્રણે ગામોનું નવનિર્માણ કરવામાં આવ્યું હતું. ધમડકાને વિવેકાનંદ નગર નામ આપવામાં આવ્યું, ઝુરણને જવાહરનગર નામ આપવામાં આવ્યું હતું. આ પૈકી વિવેકાનંદનગર (ધમડકા)નું નવ નિર્માણ રામકૃષ્ણ મિશને કર્યું હતું તો સુખપર, ભુજપર તથા ધાણેટી ગામોમાં નવા મકાનોનું નિર્માણ મિશને જ કર્યું હતું.

ભૂકંપ રાહત કામગીરી તથા નવનિર્માણની કામગીરી જોવા તત્કાલિન વડાપ્રધાન જવાહરલાલ નેહરુ તા. ૧૮મી ઓગસ્ટ ૧૯૫૬ના કચ્છ આવ્યા હતા. તેમણે અંજાર, ભુજ તથા કેટલાક ગ્રામ્ય વિસ્તારોની મુલાકાત લીધી હતી. તેમના હાથે જ સુરણ (જવાહરનગર)નું તોરણ બાંધવામાં આવ્યું હતું.

### ● ૧૮૧૯નો ભૂકંપ અને તેનો શિલાલેખઃ

આજથી બરાબર ૨૨૬ વર્ષ પહેલા ૧૬મી જૂન ૧૮૧૯ના દિવસે પણ કચ્છમાં વિનાશક ભૂકંપ આવ્યો હતો, જેમાં આખાય કચ્છમાં ૧૫૪૩ લોકોના મરણ થયા હોવાની નોંધ કચ્છના તત્કાલીન બ્રિટીશના રાજકીય પ્રતિનિધિ કેપ્ટન મેકમર્ડોએ કરી છે. આ ભૂકંપમાં સૌથી વધારે ૧૧૪૦ લોકોના ભુજમાં મરણ થયા હતાં. એ પછી ૧૬૫ લોકો અંજારમાં મૃત્યુ પામ્યા હતા. આ આંકડો ૧૯૫૭ના ભૂકંપ કરતાં વધારે છે. ૧૮૧૯ના એ ભૂકંપમાં અંજાર નગરનો કિલ્લો ધ્વસ્ત થયો હતો. આ કિલ્લાનો જીર્ણોદ્ધાર ઈ.સ. ૧૮૨૬ આજથી બરાબર બસો વર્ષ અગાઉ મહારાવ દેશળજીના સમયમાં કરાયો હતો. આ જીર્ણોદ્ધારની નોંધ ધરાવતો બે શતાબ્દી જૂનો અગત્યનો શિલાલેખ હાલે અંજાર શહેરના બગીચામાં જાહેરમાં એક

ઓટલા પર ચણી દેવામાં આવ્યો છે અને તેના પર ઓઈલ પેઈન્ટ લગાવી તેની અસલીયતને ભારે નુકસાન પહોંચાડવામાં આવ્યું છે. આ શિલાલેખ ૨૦૦૧ના ધરતીકંપ પહેલાં શહેરના ટીબી કોઠા પર હતો. પરંતુ ૨૦૦૧ના ધરતીકંપમાં ટીબીકોઠાને નુકસાન થતાં તે અહીં ચણી દેવાયો છે. જાહેરમાં ખુલ્લામાં આ શિલાલેખને ભારે નુકસાન થવાની દહેશત રહે છે. તેને વધારે નુકસાન થાય એ પહેલાં રાજ્યનું પુરાતત્ત્વ ખાતું કે સંગ્રહાલય ખાતું પોતાના હસ્તક કરી લે એ જરૂરી છે.

શુદ્ધ દેવનાગરી લિપિમાં ગુજરાતીમાં લખાયેલા આ શિલાલેખમાં સંવત ૧૮૭૫, ઈ.સ. ૧૮૧૯માં પૃથ્વીકંપથી પડી ગયેલા અંજારના કિલ્લાનો જીર્ણોદ્ધાર ઈ.સ ૧૮૮૨ના વર્ષમાં આરંભ કરાયાનો ઉલ્લેખ છે. જેમાં તેના નિર્માણ કર્તા વગેરે સહિતની રસપ્રદ વિગતોની નોંધ કરાઈ છે. રાવ દેશળજીના સમયમાં પંચાયતના હુકમથી તેને ચણાવાયો હોવાની નોંધ સાથે એ સમયે કારભારી તરીકે મેતા પ્રજારામ રાજારામ હતા અને કિલ્લાને ચણનાર ગઈધર તરીકે જગમાલ પિતાંબરના નામનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. પંચાયતના હુકમનો ઉલ્લેખ છે એટલે અંજારમાં એ સમયે પંચાયત હશે એવું જણાય છે. આ શિલાલેખ વધારે સમય જો ખુલ્લામાં પડી રહેશે તો તેને નુકસાન થવાની સંભાવના છે આથી તેને વહેલી તકે સુરક્ષિત સ્થાને અથવા ભુજના કચ્છ સંગ્રહાલયમાં પ્રદર્શિત કરાય તો જાહેર જનતા એક મહત્ત્વના દસ્તાવેજ સમા શિલાલેખને નિહાળી શકે.

## શિલાલેખનું લખાણ

*શ્રી મહાગુણાધીપતયે નમઃ ॥ શ્રી આશાપુરા સત્ય છે ॥ શ્રી માધવરાય સત્ય છે ॥ શ્રી અજેપાલજી સત્ય છે ॥ સંવત ૧૮૭૫ના વર્ષે જ્યેષ્ઠ વદ બુધ દિને પૃથ્વીકંપ થીયો તવારે શ્રી અંજારનો કિલો પડી ગયો હતો તે મહારાજાધિરાજ રાઉશ્રી દેશળજીની વારમાં પંચાયતને હુકમે કિલો ચણાવ્યાનો હુકમ થયો સ્વસ્તિશ્રાઉન પવિત્ર માસે સમય.. તિત.. સંવત ૧૮૮૨ના વર્ષે શાકે ૧૭૪૭ પ્રવર્તમાન્યે મિતિ શ્રાઉન માસે... ભૃગુવાસરે તે દિને કિલો ચણાવ્યાનો પ્રારંભ કિધો વેપારી રૈયત સર્વેને... તથા સહેરની આબાદી સારુ મેતા પ્રજારામ રાજારામ રેવાસી... શ્રી અંજારનો કિલો-ચણાવી દુરસ્ત કિધો છે ગઈધર જગમાલ પિતાંબર.*

*'ભૂમા નિકેતન', ૨૨/બી, શિવમ પાર્ક,*
*નાના યક્ષ મંદિર પાસે, ભુજ - માધાપર રીંગ રોડ,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૨૨૦. ● મો. ૯૯૯૮૨ ૨૦૪૭૮*

## શ્રી વર્ધમાન જૈન બોર્ડિંગ અને વિદ્યાલય – કટારિયા

**(અનુસંધાન : પાના નં. – ૮૦ ઉપરથી ચાલુ)**

★ *કુમાર છાત્રાલય.*

★ *અમદાવાદ છાત્રાલય સંકુલ.*

★ *ભુજ શ્રી કટારિયા સંકુલ.*

★ *શ્રી કટારિયા વિદ્યાલય.*

આજે આ સંસ્થામાં સર્વ સમાજના આશરે ૧૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે.

● **અમૃત મહોત્સવ અને નૂતન સંકલ્પઃ**

વર્ષ ૨૦૧૬માં સંસ્થાએ પોતાના ૭૫ વર્ષ પૂર્ણ કર્યા અને આ સુવર્ણ અવસરે ભવિષ્યને ધ્યાનમાં રાખીને એક આધુનિક અને સર્વ સુવિધા સંપન્ન નૂતન વિદ્યાલયના નિર્માણનો દૂરંદેશી સંકલ્પ લેવાયો હતો. સૌના સહયોગથી આ સંકલ્પ આજે સાકાર થયો છે, જેમાં વિશાળ કોરિડોર, આધુનિક ઍડમિન ઓફિસ, સુવિધા સભર ક્લાસરૂમ, અદ્યતન લેબોરેટરી, કોમ્પ્યુટર લેબ અને સમૃદ્ધ લાઈબ્રેરી બનાવવામાં આવી છે.

● **ભવિષ્યના 3 મહત્ત્વપૂર્ણ સંકલ્પો (વિઝન):**

★ આવનારી પેઢીના સર્વાંગી વિકાસ માટે સંસ્થાએ ભવિષ્યના ત્રણ લક્ષ્યો નક્કી કર્યા છેઃ

★ સીબીએસઇ (CBSE) બોર્ડ આધારિત અંગ્રેજી માધ્યમની શાળાની સ્થાપના કરવી.

★ શ્રેષ્ઠ શિક્ષકો અને સ્ટાફને અનુકૂળ વાતાવરણ પૂરું પાડવા માટે સુવિધાસભર સ્ટાફ ક્વાર્ટર્સનું નિર્માણ કરવું.

સંસ્થાની વિશાળ જમીનનો સદુપયોગ કરી, રમતગમતને પ્રોત્સાહન આપવા માટે આધુનિક સુવિધાઓથી સજ્જ સ્પોર્ટ્સ ઍકેડેમિ સ્થાપવી.

● **ઉપસંહાર અને આશીર્વાદઃ**

"આ મારી પ્રિય ભૂમિ છે, આ મારી સાધનાની ભૂમિ છે અને આ ભૂમિમાં ભક્તિ અને શિક્ષણનો વિકાસ થાય એવા મારા આશીર્વાદ છે." વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ અને સમાજની પ્રગતિ એ જ સંસ્થાનો અવિરત સંકલ્પ છે.

*દૂધ, દહીં, છાશ, માખણ, ઘી વગેરે એક જ કુળના હોવા છતાં બધાની કિંમત એક સરખી નથી હોતી, કેમ કે શ્રેષ્ઠતા જન્મથી નહીં પરંતુ કર્મથી પ્રાપ્ત થાય છે.*

# શ્રી વર્ધમાન જૈન બોર્ડિંગ અને વિદ્યાલય – કટારિયા

## ભૂતકાળ અને ભવિષ્યની એક સંસ્મરણ અને વિઝનની ઐતિહાસિક ઝલક

● **કટારિયા ગામમાં મુનિરાજનું આગમનઃ**

કટારિયા ગામના એક મનોહર દૃશ્ય સાથે વાર્તા શરૂ થાય છે. પંજાબ કેસરી સમુદાયના પૂજ્ય મુનિરાજ શ્રી કનકવિજયજી મહારાજ સાહેબ વિહાર કરીને સંધ્યાકાળે કટારિયા ગામમાં પધારે છે. તેમને પ્રેરણા મળે છે કે આ પ્રાચીન તીર્થનો જીર્ણોદ્ધાર કરાવી આ શુભ કાર્યના તેઓ નિમિત્ત બને.

● **દિવ્ય સ્વપ્ન અને જીર્ણોદ્ધારનો સંકલ્પઃ**

બીજા દિવસે સવારે મુનિરાજ ગ્રામજનોને જૈન પરિવારો વિશે પૂછે છે, ત્યારે તેમને માળિયાવાળા શેઠ જાદવજી રાઘવજી મહેતાની પેઢી પર જવાનું માર્ગદર્શન મળે છે. મુનિરાજ જાદવજીભાઈની પેઢીએ પહોંચે છે અને જણાવે છે કે, ગત રાત્રે તેમને ગામના પ્રાચીન જિનાલયના જીર્ણોદ્ધાર માટેનું એક દિવ્ય સ્વપ્ન આવ્યું હતું. જાદવજીભાઈ પણ આશ્ચર્ય સાથે કહે છે કે તેમને પણ બરાબર એ જ દિવ્ય સ્વપ્ન આવ્યું હતું. ત્યારબાદ બંને જણા જિનાલય તરફ જાય છે અને તેની જર્જરીત હાલત જોઈને મનોમન જીર્ણોદ્ધારનો પવિત્ર સંકલ્પ કરે છે. ભગવાન મહાવીર સ્વામીની પ્રતિમાને વાજતે-ગાજતે વાંઢીયાથી લાવી કટારિયા દેરાસરમાં પ્રતિષ્ઠિત કરવામાં આવે છે.

● **શિક્ષણ સંસ્થાની પ્રેરણા અને બીજરોપણઃ**

જીર્ણોદ્ધાર બાદ શ્રી કનકવિજયજી મહારાજ સાહેબ તેમના ગુરૂ વિજયવલ્લભ સુરીશ્વરજીને પત્ર લખે છે. પ્રત્યુત્તરમાં ગુરૂદેવ સંદેશ મોકલે છે : "આપ આ તીર્થના શ્રાવકોને શિક્ષણના કાર્ય માટે પ્રેરિત કરો અને 'જિનાલય ત્યાં વિદ્યાલય' સૂત્રને ચરિતાર્થ કરો."

● **સમાજનું સંમેલન અને ઐતિહાસિક નિર્ણયઃ**

તે જ અરસામાં બકુતરા મુકામે શ્રી વાગડ સાત ચોવીસી સમાજનું સંમેલન ચાલતું હતું. જેમાં ચર્ચા થઈ કે વાગડ પ્રદેશમાં શિક્ષણની ઉણપને કારણે વિકાસ સીમિત છે. સમાજમાં જ્ઞાનનો પ્રકાશ ફેલાવવા માટે સંમેલને શિક્ષણપ્રેમી અને રાજકીય આગેવાન શેઠ શ્રી અમૃતલાલભાઈ જાદવજીભાઈ મહેતા (માળિયા) ને તાર દ્વારા બકુતરા બોલાવ્યા. તેમણે ગાડાની મુસાફરી કરી ત્યાં પહોંચીને નવી પેઢીમાં જ્ઞાન અને સંસ્કાર સિંચનની વ્યવસ્થા ઊભી કરવા સંમતિ આપી. આમ, કટારિયાજી તીર્થમાં શિક્ષણ સંસ્થા ચાલુ કરવાના બીજરોપણ થયા.

● **ફંડ એકત્રિત કરવાની મથામણ અને કમિટીની રચનાઃ**

શરૂઆતમાં જોતજોતામાં ૨૩,૦૦૦ કોરીનું ફંડ એકત્રિત થયું. પણ બોર્ડિંગના સંચાલન માટે તે પૂરતું ન હોવાથી ૫ સભ્યોની એક કમિટી નિયુક્ત કરવામાં આવીઃ

*શેઠ શ્રી મકનજીભાઈ ફૂલચંદભાઈ સંઘવી (સાંતલપુર)*

*શ્રી અમૃતલાલભાઈ જાદવજીભાઈ મહેતા (માળિયા)*

*શ્રી દેવકરણભાઈ રવજીભાઈ પોરા (દૂધઈ)*

*શ્રી ચુનીલાલભાઈ વાલજીભાઈ પૂજ (ઘુટકિયા)*

*શ્રી પ્રેમચંદભાઈ આશકરણભાઈ લોદરિયા (વિજપાસર)*

આ કમિટીએ સંવત ૧૯૯૮ ના મહા સુદ તેરસના રોજ લાકડિયા ગામથી શિક્ષણ ફંડની શરૂઆત કરી. ટાઢ-તડકો વેઠીને, ગાડાની મુસાફરી કરી વાગડ પંથકમાંથી તે સમયે ૫૬,૦૦૦ કોરીનું ફંડ એકત્રિત કર્યું.

● **માત્ર ૪ વિદ્યાર્થીઓથી શરૂઆત અને વિકાસઃ**

બોડિંગની શરૂઆત શ્રી વર્ધમાન આણંદજી પેઢીની ધર્મશાળાના એક ઓરડામાં માત્ર ચાર વિદ્યાર્થીઓ સાથે થઈ હતી. ત્યારબાદ સંચાલકોના પ્રયત્નોથી એક વિશાળ જગ્યામાં વિદ્યાર્થી ગૃહો, અન્નપૂર્ણા ગૃહ અને વિદ્યાલયની સુવિધાઓ ઊભી કરી બોડિંગને નવી જગ્યાએ ખસેડવામાં આવી. તારીખ ૧૪ એપ્રિલ ૧૯૪૨ (સંવત ૧૯૯૮, ચૈત્ર વદ તેરસ) ના રોજ સંસ્થાના પ્રથમ કાર્યવાહક પ્રમુખ મુરબ્બી શ્રી વખતચંદભાઈ મકનજીભાઈ સંઘવી (સાંતલપુર) ના શુભ હસ્તે બોર્ડિંગનું ઉદ્ઘાટન થયું.

● **શિક્ષણનો વ્યાપ અને આજની સ્થિતિઃ**

પરમપૂજ્ય મુનિરાજ શ્રી કરપૂર વિજયજી મહારાજ સાહેબની પ્રેરણાથી પ્રથમ વાંચનાલય (લાઇબ્રેરી) શરૂ કરાયું શરૂઆતમાં ધોરણ ૫ થી ૭ ના વર્ગો હતા, જે વધીને ધોરણ ૫ થી ૧૦ અને સાલ ૧૯૬૨ માં ધોરણ ૧૧ (જૂની SSC બોર્ડ) નો પ્રારંભ થયો.

ચાર વિદ્યાર્થીઓથી શરૂ થયેલી આ યાત્રા આજે ચાર મોટા સંકુલ સુધી વિસ્તરી છે.

**(અનુસંધાન : જુઓ પાના નં. – ૭૯ ઉપર)**

# બંગાળમાં મમતાની હારના કારણો

ડૉ. મિહિર એમ. વોરા

તાજેતરમાં જે રાજયોની વિધાનસભા ચૂંટણીના પરિણામ આવ્યા તેમાં સૌથી વધારે વિશ્વ આખાની નજર બંગાળ ઉપર હતી. જો બંગાળમાં ભાજપ હાર્યું હોત તો કેન્દ્ર સરકારમાં નરેન્દ્ર મોદી ઉપર માછલાં ધોવાત કારણકે આ વખતે બંગાળ ઉપર ખાસ મોદી, અમિત શાહ અને સંઘની વધારે મહેનત હતી. ભાજપે ૨૦૦થી વધુ બેઠકો મેળવીને પ્રથમ વખત રાજયમાં પૂર્ણ બહુમતી સાથે સરકાર બનાવી છે.

આ ચૂંટણીમાં હિંદુ મતદારોએ ખૂલીને ભાજપને મત આપ્યા હતા. ભાજપ શરૂઆતથી જ કહેતો આવ્યો હતો કે સનાતનની રક્ષા માટે હિંદુ મતદારોએ એકજૂથ થઈને મમતા વિરુદ્ધ મતદાન કરવું પડશે. ભાજપે મમતાની TMC સરકારને 'હિંદુ વિરોધી' તરીકે રજૂ કરી અને રાજયની હિંદુ વસ્તીને એવો વિશ્વાસ અપાવવામાં સફળ રહી કે તેમના હિત માત્ર ભાજપ સાથે જ સુરક્ષિત છે. બંગાળમાં ૨૫-૩૦% મુસ્લિમ મતદારો છે. ભાજપે બાકીની વસ્તીનું મજબૂત ધ્રુવીકરણ કર્યું અને તેમના મતો વિભાજિત થવા દીધા નહીં. અન્ય રાજયોમાં નોકરી કે મજૂરી કરતા બંગાળના હિંદુ મતદારોને પણ ભાજપ એ સમજાવવામાં સફળ રહ્યો કે આ ચૂંટણીમાં તેમની ભાગીદારી કેમ જરૂરી છે. મોટી સંખ્યામાં પ્રવાસીઓ ઘરે પરત ફર્યા અને ભાજપની તરફેણમાં મતદાન કર્યું. મમતા બેનર્જીને આનો અંદાજ હતો. તેથી તેમણે આચારસંહિતાના ઉલ્લંઘનનો આરોપ લગાવતા દાવો કર્યો હતો કે ભાજપે પ્રવાસી મજૂરોને પાછા લાવવા માટે ઘણી વિશેષ ટ્રેનો ચલાવી છે.

આર.જી. કર મેડિકલ કોલેજ અને દુર્ગાપુર ગેંગરેપ જેવી ઘટનાઓએ રાજયની કાયદો અને વ્યવસ્થા પર ગંભીર સવાલો ઉભા કર્યા હતા. આ ઉપરાંત, મમતા બેનર્જીની છોકરીઓને રાત્રે બહાર ન નીકળવાની સલાહ પણ લોકોને પસંદ પડી નહીં. આ નિવેદનથી એવો સંદેશ ગયો કે એક મહિલા મુખ્યપ્રધાન મહિલાઓની સુરક્ષાને લઈને ગંભીર નથી.

આર.જી. કર મેડિકલ કોલેજનો મામલો ૨૦૨૪નો હતો અને સામાન્ય રીતે સમય જતાં ઘટનાની તીવ્રતા ઓછી થતી જાય છે. પરંતુ ન તો ભાજપે આવું થવા દીધું, ન તો મમતા સરકારે કાયદો વ્યવસ્થા સુધારીને તેને એક અપવાદ સાબિત કરવાની કોશિશ કરી.

૨૦૨૫માં દુર્ગાપુરમાં MBBS વિદ્યાર્થિની પર થયેલા કથિત ગેંગરેપે કાયદો વ્યવસ્થાને ફરી મોટો મુદ્દો બનાવી દીધો. બીજી તરફ, ભાજપે આર.જી. કર પીડિતાની માતા રત્ના દેબનાથને પાનીહાટી બેઠક પરથી ઉમેદવાર બનાવીને એ દર્શાવ્યું કે તેઓ આવા મુદ્દાઓ પર કેટલા ગંભીર અને સંવેદનશીલ છે.

તૃણમૂલ કોંગ્રેસમાં આંતરિક કલહ પણ મમતા બેનર્જીની હારનું એક મુખ્ય કારણ છે. TMC ઘણી હદ સુધી બે ભાગમાં વહેંચાઈ ગઈ હતી. એક તરફ મહુઆ મોઇત્રા અને અભિષેક બેનર્જી જેવા નેતાઓ હતા, જેઓ મમતાના અત્યંત ખાસ છે. બીજી તરફ એવા નેતાઓનું જૂથ એકઠું થયું જેમને પાર્ટીમાં અપેક્ષિત સન્માન મળ્યું ન હતું.

આ કારણે ચૂંટણી કાર્યોમાં જે એકજૂથતા દેખાવી જોઈતી હતી તે જોવા મળી નહીં અને પાર્ટીએ તેનું નુકસાન ભોગવવું પડ્યું. સાંસદ કલ્યાણ બેનર્જીના મામલે પાર્ટીમાં કલહ વધુ ઘેરો બનાવ્યો હતો. કલ્યાણે લોકસભામાં પાર્ટીના ચીફ વ્હીપ પદ પરથી રાજીનામું આપવું પડ્યું હતું, કારણ કે મહુઆ મોઇત્રા અને તેમની વચ્ચે તકરાર હતી અને મમતાનું વલણ મોઇત્રા તરફ હતું.

મમતા બેનર્જી સતત ૧૫ વર્ષ સત્તામાં રહ્યા, તેથી મતદારોમાં સરકાર વિરોધી લહેર ઉભી થવી સ્વાભાવિક હતી. આવી સ્થિતિમાં મમતાએ મતદારોને એ સમજાવવાનું હતું કે તેમનું ચોથી વાર સત્તામાં આવવું કેમ જરૂરી છે, પરંતુ તેઓ તેમાં નિષ્ફળ રહ્યા. મમતા પાસે કોઈ નક્કર મુદ્દા નહોતા. જ્યારે બીજી તરફ ભાજપે મહિલા સન્માન, સુરક્ષા, ધર્મ અને બાંગ્લાદેશી ઘૂસણખોરોને બહાર કાઢવાના નામે વોટ માંગ્યા હતા.

મમતાની હારમાં ભાજપની લોકલોભામણી જાહેરાતો પણ મુખ્ય રહી હતી. ભાજપે મહિલાઓને દર મહિને આર્થિક સહાય આપવાનું એલાન કર્યું હતું. દર મહિને ૩૦૦૦ રૂપિયાની જાહેરાતે બંગાળની મહિલા મતદારોને ભાજપ તરફ આકર્ષી હતી.

આ ઉપરાંત ભાજપે રાજયમાં ઉદ્યોગો અને રોકાણને પ્રોત્સાહન આપવાનું પણ વચન આપ્યું હતું. પાર્ટીનું કહેવું હતું કે બંગાળમાં બંધ થઈ ગયેલા ઉદ્યોગોને ફરીથી શરૂ કરવામાં આવશે અને નવા રોકાણકારોને આકર્ષવામાં આવશે.

**(અનુસંધાન : જુઓ પાના નં. – ૮૪ ઉપર)**

# વિશ્વ પર્યાવરણ દિન : ભુજમાં સિંદુર વન નજીક સાકાર પામ્યું છે એક સુંદર વન

જગદીશચંદ્ર છાયા

ભુજના જયનગરમાં નિર્માણ પામેલા એક હરિયાળા પ્રોજેક્ટની પ્રગતિ ધ્યાનાકર્ષક છે. વડાપ્રધાન મોદીજીનાં સ્વપ્નસમા, સૂચિત 'સિંદૂરવન' થી નજીક આ 'સુંદર વન'નું નવનિર્માણ થયું છે. એમાં ઉછરતાં સેંકડો લીલાંછમ્મ વૃક્ષો હરખની હેલીમાં લહેરાઈ રહ્યાં છે. એનાં નિર્માણમાં જેમનો મુખ્ય હિસ્સો છે ભુજના અનોખા પર્યાવરણ પ્રેમી ૮૦ વર્ષીય 'યુવાન' ભાણજીભા જાડેજાનો. તેઓ 'છોડમાં રણછોડ' ઉક્તિ સાર્થક કરી રહ્યા છે.

ભુજમાં જયનગર મંગળમૂર્તિ હનુમાનજી મંદિર પાછળ બિનઉપયોગી પડેલી ડુંગરાળ, ગાંડા બાવળથી ગ્રસ્ત જમીનને મહામહેનતે સમથળ બનાવી, એમાં વૃક્ષો વાવીને એને નવપલ્લવિત કરવાનું બીડું ઝડપ્યું છે. નિષ્ઠાપૂર્વક આદરેલાં કાર્યને સારો આવકાર મળી રહ્યો છે. એને સાકાર કરવા "સિનિયર સિટીઝન વનસમિતિ"ની રચના કરી, નિવૃત્તિને અર્થપૂર્ણ હેતુ આપ્યો છે. આ સમિતિના વરિષ્ઠો નિવૃત્તિ એટલે ફક્ત આરામ નહીં પણ નિજાનંદ મળે એવી રચનાત્મક પ્રવૃત્તિમાં શક્ય યોગદાન આપવા સાથે સંસ્કૃતિ, પ્રકૃતિ, પર્યાવરણ અને પક્ષીપ્રેમ જેવા ઉમદા વિચારો ધરાવે છે. તેઓ સેવા પ્રવૃત્તિ દ્વારા જીવન સંધ્યાને સોહામણી બનાવી રહ્યા છે. પર્યાવરણનાં રક્ષણ માટે પોતાની જાતને સમર્પિત કરી દેતાં, પ્રકૃતિ સાથે સુંદર સુમેળ રચાયો છે. હરિયાળી, સ્વચ્છ હવા અને સમૃદ્ધ જૈવવિવિધતા સાથે દોસ્તી બાંધી દીધી છે.

ભાણજીભા એંસી વર્ષે યુવાનોને શરમાવે એવી સ્ફૂર્તિ ધરાવે છે. તેઓ દવાખાનાંનો રસ્તો ભૂલી ગયા છે. "કુદરતે શરીર સ્વસ્થ રાખ્યું છે તો એનો લાભ સમાજને આપવો જોઈએ" એવી એમની માન્યતા છે. કુટુંબમાં પ્રસંગોની સ્મૃતિ રૂપે અહીં વૃક્ષ વાવેતર અને માવજત-ઉછેર માટે લોકો પ્રેરાય તો આ પ્રવૃત્તિને વિશેષ વેગ મળે.

ભુજના ધારાસભ્ય કેશુભાઈ પટેલ દ્વારા આ માટે આઠ લાખ રૂપિયા ફાળવવામાં આવ્યા. જંગલ ખાતું પશ્ચિમ વિભાગના નાયબ વન સંરક્ષક યુવરાજસિંહ ઝાલા, રેન્જ ફોરેસ્ટ ઓફિસર હિતેન્દ્રસિંહ ચુડાસમાનો સહયોગ મળતાં, પર્યાવરણ જાળવણી સાથે પક્ષીઓને ખોરાક મળે અને શીળી છાયા આપે એવાં પાંચસો જેટલાં ફળાઉ વૃક્ષો કેરી, ગુંદી, લીમડો, પીપળો, વડ, ખાટી મીઠી આમલી, ગુલમહોર, આસોપાલવ અને અર્જુન, અરડૂસી, સરગવો, આમળાં, કરંજ જેવા ઔષધીય છોડ, ફૂલોના છોડ મળીને કુલ ૨૨૦૦ જેટલી વનસ્પતિ વૈવિધ્યથી શોભતું વડીલોનું આ 'તપોવન' પક્ષીઓ અને અન્ય વિવિધ જીવો માટે કુદરતી નિવાસસ્થાન બની ગયું છે. પંખીઓની તરસ છીપાવવા ઠેર ઠેર પાણીનાં મોટાં કુંડાં મૂકવામાં આવ્યાં છે. ઉપરાંત પંખીઓ નિર્ભય રીતે મુક્તપણે ચણી શકે એ માટે પણ ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. તેથી મોટી સંખ્યામાં આવતાં પંખીઓના કલબલાટથી ગૂંજતો આ વિભાગ જાણે 'પક્ષી તીર્થ' બની ગયો છે. આ બિનઉપજાઉ ભૂમિમાં નવી ચેતનાનો સંચાર થયો છે. ખેડૂત પુત્ર ભાણજીભા જાડેજાએ આ મહત્ત્વના પ્રોજેક્ટને સફળ બનાવવા સંકલ્પ લીધો છે. તેથી ઓફિસો, કાર્યાલયોમાં વખતોવખત જવું, દાતાઓને પ્રોજેક્ટનું મહત્ત્વ સમજાવીને સહયોગ લેવો આ વરિષ્ઠ વયે સરળ ન હોય, પણ સમર્પિત ભાવ સાથે મનમાં ગાંઠ વાળી હતી તો સફળતા મળી. વ્યક્તિ ધારે તો વરિષ્ઠ વયે પણ પ્રકૃતિ સાથે સુમેળમાં રહી શકે છે એનું આ દૃષ્ટાંત છે. પર્યાવરણ પ્રેમીઓ માટે પ્રેરણાનું કેન્દ્ર છે. નિષ્ઠાપૂર્વકના સહિયારા પ્રયાસો અવશ્ય સફળ થાય છે.

હાલમાં પચાસ હજાર લીટરનો પાણીનો ટાંકો અને ફરતી બાઉન્ડ્રી, વરસાદી પાણીના સંગ્રહ હેતુ તળાવડી ઊંડી કરવા સાથે વૃક્ષ આચ્છાદિત કાચો વૉક-વે બની ગયો છે. બાંકડાની સુવિધા થઇ ગઈ છે. પાકો વૉક વે બનાવવા ભુજ નગરપાલિકાએ વચન આપ્યું હતું, હવે એ પૂર્ણ થાય એની પ્રતિક્ષા છે.

આ વિવિધલક્ષી પ્રોજેક્ટ માટે દાતાઓનો સારો સહયોગ મળી રહ્યો છે.

હજુ વિશેષ સુવિધાઓ ઉભી કરવા તેમજ જાળવણી હેતુ દાનની અપેક્ષાએ ભુજને હરિયાળું બનાવવાની નેમ સાથે કાર્ય આગળ ધપી રહ્યું છે. વરિષ્ઠોએ શરૂ કરેલાં આ અભિયાનને યુવા વર્ગનો સહયોગ મળતાં સોનામાં સુગંધ ભળી છે. સહિયારા પ્રયત્નોને અવશ્ય સફળતા મળે છે.

ભુજનું પ્રવેશદ્વાર ગણાતાં જયનગર મહાવીર નગર વાલદાસ નગર નાકા નજીક સાકાર થતો આ પ્રકલ્પ પૂર્ણ થતાં આ વિસ્તાર સાથે ભુજ શહેરને એક નવલું આકર્ષક નજરાણું પ્રાપ્ત થશે. ■

# જૈન સંસ્કૃતિ દર્શન મ્યુઝિયમ – કોબા : એક દૃષ્ટિપાત

જિતેન્દ્ર વી. શાહ

'મ્યુઝિયમ' શબ્દ 'મ્યુઝિસ' પરથી આવ્યો છે. 'મ્યુઝિસ' એ પ્રાચીન ગ્રીસ શબ્દ છે. તેનો અર્થ થાય છે 'કલા તેમજ વિજ્ઞાનની નવ અધિષ્ઠાત્રી દેવીઓ માટેનું મંદિર.'

કલા, વારસો, સંસ્કૃતિ અને પરંપરાનો સમન્વય એટલે સંગ્રહાલય. સંગ્રહાલયોને માનવતાની ભવ્ય વિરાસત તરીકે ઓળખવામાં આવે છે. મ્યુઝિયસ એ વિશ્વભરના વ્યક્તિઓ વચ્ચે પોતાના દેશ-ધર્મની આગવી સંસ્કૃતિનું આદાનપ્રદાન સુનિશ્ચિત કરવાનું કામ કરે છે. આપણી આજની યુવાપેઢી માટે એક મજબૂત આધાર સ્તંભનું કામ કરે છે. આપણે આપણી સંસ્કૃતિ, ઈતિહાસ, રાજા રજવાડાઓ જાણીએ છીએ તેનું જ સંવર્ધન કરે છે. આ સંગ્રહાલય જેમાં વિવિધ દેશ વિદેશની સંસ્કૃતિ, તામ્રપત્રો, હસ્તપત્રો તેમની કલા કારીગરી, પહેરવેશ, રહેણીકરણીનું આગવું પ્રદાન જોવા મળે છે.

પ્રકૃતિ અને સંસ્કૃતિનો સંબંધ પ્રસ્થાપિત કરવા અનેક સ્થળોની મુલાકાત લેવી જરૂરી છે. પણ બધા માટે એ શક્ય નથી. આથી પ્રકૃતિ અને સંસ્કૃતિના પુરાવારૂપ મૂળ વસ્તુઓનો પ્રત્યક્ષ પરિચય આપવાના સાધન તરીકે સંગ્રહાલય કે મ્યુઝિયમનું વિશિષ્ટ સ્થાન છે. વિસ્મય અને આનંદ સાથે કૂતુહલ-પ્રેરકતાથી મળતા જ્ઞાનનું સંગ્રહાલયની વિભાવનમાં અગત્યનું સ્થાન હોવાથી વિવિધ સંગ્રહાલયોની મુલાકાત લેતા પ્રેક્ષકોની વિચારોની તુલના કરવાની શક્તિ, કલ્પના શક્તિ અને સંશોધન ક્ષમતા અનોખી છે. જ્ઞાન, રોમાંચ અને આશ્ચર્યથી ભરપૂર જૈન સંસ્કૃતિ દર્શન મ્યુઝિયમ કોબા વિશે વિગતવાર માહિતી મેળવીએ.

ગુજરાતના પાટનગર ગાંધીનગરની નજીક કોબા જૈન તીર્થ ખાતે ૯૫ હજાર ચોરસ ફૂટમાં બનેલા ત્રણ માળના સમ્રાટ સંપ્રતિ મ્યુઝિયમનું ભગવાન મહાવીરના જન્મકલ્યાણકના શુભ અવસરે તા. ૩૧-૦૩-૨૦૨૬ના રોજ માનનીય વડાપ્રધાન શ્રી નરેંદ્રભાઈ મોદીના હસ્તે ભારતીય વિરાસતના ગૌરવ જૈન સંસ્કૃતિને સમર્પિત વિશ્વસ્તરીય ભવ્ય **"સમ્રાટ સંપ્રતિ મ્યુઝિયમ"**નો લોકાપર્ણ સમારોહ યોજાયો હતો. ઈતિહાસનું નવું પ્રકરણ આલેખાયું છે. અહિયા મૂલ્યોનું સંરક્ષણ થાય છે, સંસ્કારોને સબંધ મળે છે અને જ્ઞાનનું પોષણ થાય છે. જે આપણી સભ્યતાનો મજબૂત પાયો છે. "વિકાસ ભી, વિરાસત ભી" જોવા મળે છે.

આચાર્ય ભગવંત શ્રી પદ્મસાગર સૂરિશ્વરજી મહારાજે ૬૦ વર્ષ સુધી પદવિહાર કરીને દેશના ખૂણે ખૂણેથી શોધી કાઢેલી તાડપત્રો અને ભોજપત્રો પર લખાયેલી ૩ લાખથી વધુ પ્રાચીન હસ્તપ્રતો આ મ્યુઝિયમનું ઘરેણું છે. તક્ષશિલા અને નાલંદા જેવી વિદ્યાપીઠોના નાશ બાદ જે હસ્તપ્રતો બચી હતી તેને સામાન્ય લોકો અને સંતોએ પેઢી દર પેઢી સાચવી રાખી છે, જે હવે પછી અહીં સુરક્ષિત રહેશે. જે ભારતના ભૂતકાળ, વર્તમાન અને ભવિષ્ય માટે પ્રેરક સ્મારક સમાન છે.

ઈ.સ. ૧૯૯૩માં નાનકડા મ્યુઝિયમથી શરૂઆત થઈ, પરંતુ સમય સાથે કલેક્શન એટલું વધ્યું કે આજે કોબામાં ૯૫ હજાર સ્કેવર ફૂટમાં ફેલાયેલુ ત્રણ માળનું મ્યુઝિયમ ઊભું થયુ જેમાં સાત ગેલેરી છે. મ્યુઝિયમની ખાસિયત એ છે કે અહીં માત્ર જોવાનું નથી, અનુભવવાનું છે. અહીં ઓડિયો વિઝ્યુઅલ ટેક્નોલોજી, AR-VR અનુભવ, ૨૦ ફૂટનો વીડિયો હોલ, મંત્રોના મધુર સ્વર અને ભકિત સંગીત સાથે એક આધ્યાત્મિક વાતાવરણ સર્જાયું છે.

આ મ્યુઝિયમમાં સંપ્રતિ મહારાજની વિરાસત પ્રદર્શિત કરતી વિવિધ સાત ગેલેરી છે. ઈ.સ. પૂર્વે ૨૨૪ થી ૨૧૫ દરમિયાન શાસન કરનાર જૈન ધર્મની મહાન વિભૂતિ અને અહિંસાના પ્રચારક સમ્રાટ અશોકના પૌત્ર એવા સમ્રાટ સંપ્રતિ મહારાજના પ્રેરણાદાયી જીવન અને મૂલ્યોને ઉજાગર કરતા આ મ્યુઝિયમમાં જુદી જુદી સાત ગેલેરી છે. આ મ્યુઝિયમ આપણા સહિયારા વારસાની દીવાદાંડી બનશે અને આવનારી પેઢીઓને ભારતની આધ્યાત્મિકતા, સંસ્કૃતિ અને કલા વિશે ઊંડાણપૂર્વક જાણવાની પ્રેરણા આપશે. અહીંની સાત ગેલેરીઓ રાષ્ટ્રની વિવિધતા અને સાંસ્કૃતિક સમૃદ્ધિ દર્શાવે છે. જેમાં નવપદ અર્થાત અરિહંત, સિધ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ, દર્શન જ્ઞાન, ચરિત્ર અને તપની સાથે તીર્થંકરોની વાર્તાઓ અને ઉપદેશોને કલાત્મક રીતે જીવંત કરે છે. આ ભારતના અતીતનું ગૌરવ છે.

આ મ્યુઝિયમની સાત ગેલેરી ભારતની હજારો વર્ષ જૂની સંસ્કૃતિ અને જૈન ધર્મની યાત્રાને જીવંત સ્વરૂપે સામે લાવે છે. પ્રથમ ગેલેરીમાં ભગવાન ઋષભદેવ (પ્રથમ તીર્થંકર) થી લઈને ભગવાન નેમિનાથ (બાવીસમા તીર્થંકર) સુધીના તમામ તીર્થંકરના જીવન અને ઉપદેશોને દર્શાવવામાં આવ્યા છે. બીજી ગેલેરીમાં ૨૩મા તીર્થંકર ભગવાન પાર્શ્વનાથના જીવન અને તેમની આધ્યાત્મિક પરંપરાને સમર્પિત છે. અહીં ધાતુ અને

પથ્થરની પ્રાચીન મૂર્તિઓની સાથે ધરણેન્દ્ર અને પદ્માવતી જેવા દેવ-દેવતાઓની પ્રતિમાઓ અને ચિત્રપટ દર્શાવવામાં આવ્યા છે. ત્રીજી ગેલેરીમાં ૨૪મા તીર્થંકર ભગવાન મહાવીર સ્વામીના ૭૨ વર્ષના જીવનનો જન્મથી લઇને નિર્વાણ સુધીનો ગાળો દર્શાવવામાં આવ્યો છે. ચોથી ગેલેરીમાં ૧૩મી અને ૧૭મી સદીના એ સમયને દર્શાવે છે જેમાં વિપરીત પરિસ્થિતિઓ છતાં પણ જૈન ધર્મનો વિકાસ થયો. પાંચમી ગેલેરીમાં ૧૮મી અને ૨૦ સદીની જૈન કલા, સાહિત્ય અને ધાર્મિક પરંપરાઓને પ્રસ્તુત કરે છે. છઠ્ઠી ગેલેરીમાં ૮મી અને ૨૦મી સદી સુધીના પ્રાચીન સિક્કા, વેદ પુરાણ અને આયુર્વેદ વિશેના ગ્રંથ તથા પારંપરિક હસ્તકળાના નમૂના દર્શાવવામાં આવ્યા છે. જ્યારે સાતમી અને અંતિમ ગેલેરીમાં શત્રુંજય ગિરિરાજ, ગિરનાર, રાણકપુર જેવા પવિત્ર જૈન તીર્થસ્થળોની ડિજિટલ પ્રસ્તુતિ દર્શાવવામાં આવી છે. જે દર્શકોને આધ્યાત્મિક અનુભવ કરાવશે.

વિશ્વનું સૌથી મોટું એવું આ મ્યુઝિયમ એ માત્ર પ્રદર્શન નથી પણ સાંસ્કૃતિક દસ્તાવેજોનો ખજાનો છે જેમાં અંદાજે ૩ લાખથી વધારે હસ્તપ્રતો સુરક્ષિત કરવામાં આવી છે. જે આપણા સૌના માટે ગૌરવ સમાન છે. ભાષા, વાણી, લિપિ જેટલી જ તાકાત ચિત્રમાં સમાયેલી છે. પ્રાચીન કલાઓ અને સાહિત્યના પ્રસાર પ્રચારમાં ચિત્રોનો બહુ મોટો ફાળો છે. ધર્મને સુપેરે સમજાવી જાણે છે. ચિત્રો માત્ર ગ્રંથો જ નહીં ૮૦૦ થી ૧૪૦૦ વર્ષ જૂની મૂર્તિઓ અને કલાવારસો અહીં ભેગો થયો છે.

ભારતનો સમૃદ્ધ વારસો હવે જૈન હેરિટેજ મ્યુઝિયમ દ્વારા આવનારી સદીઓ માટે સાચવવામાં આવી રહ્યો છે, જે નવી પેઢીને સતત પ્રેરણા આપતો રહેશે. આ મ્યુઝિયમ જૈન દર્શન, ભારતીય સંસ્કૃતિ આપણા પ્રાચીન વારસાનું પવિત્ર કેન્દ્ર છે. મ્યુઝિયમ એ ઈતિહાસનું દર્પણ છે. મ્યુઝિયમ એ ઈતિહાસના અભ્યાસમાં સહાયરૂપ થતુ અગત્યનું ઉપયોગી સાધન છે. માનવજાતનો સૌથી અગત્યનો વારસો ઈતિહાસ છે. આ વારસાને જાળવી રાખવામાં મ્યુઝિયમ એક અદકુ કામ કરી જાય છે ઈતિહાસ, પુરાતત્ત્વ અને મ્યુઝિયમ એ ત્રણેય કરોડરજ્જુની માફક એકબીજા સાથે ગુંથાયેલ છે. પ્રાચીન અને અર્વાચીન ઈતિહાસનું પ્રતિબિંબ અને તેની પૂર્તિ માટે મ્યુઝિયમ ઘણો જ મહત્ત્વનો ભાગ ભજવે છે. મ્યુઝિયમોને વણદેખ્યા ડેસ્ટીનેશન તરીકે માણવાની મજા લઈ લેવા જેવી છે. ફરવાના સ્થળોનો આનંદ ક્ષણિક અને થાક આપનારો હોઈ શકે. મ્યુઝિયમ નિહાળવાનો લ્હાવો જીવનસંગિની બની શકે છે તે અનુભવસિધ્ધ છે.

સમ્રાટ સંપ્રતિ મ્યુઝિયમ એ માત્ર મ્યુઝિયમ નથી, પરંતુ આપણા જ્ઞાન અને આસ્થાનો જીવંત વારસો છે. આજે આ વિશ્વનું સૌથી મોટુ મેન્યુસ્ક્રીપ્ટ કલેક્શન સેન્ટર બની ગયું છે (World Biggest Centre of Manuscript Collection). મ્યુઝિયમો હવે માત્ર અજાયબઘર સંગ્રહસ્થાન નથી રહ્યા. મ્યુઝિયમ એ શાળાકીય, ઉચ્ચશિક્ષણ અને લોકશિક્ષણનું અસરકારક માધ્યમ બન્યું છે. એટલે જ મ્યુઝિયમ વધુ લોકાભિમુખ બને તેવા ઉદ્દેશ્યથી ભારતમાં દર વર્ષે ૮ જાન્યુઆરીથી ૧૪ જાન્યુઆરી સુધી "અખિલ ભારતીય મ્યુઝિયમ સપ્તાહ" ઉજવવામાં આવે છે. દરેક પેઢીના લોકોએ પરિવાર સાથે આ મ્યુઝિયમની અવશ્ય મુલાકાત લેવી જોઈએ. જેથી તેઓ આપણા ગૌરવશાળી વારસાને સમજી શકે... આ તો માત્ર એક ઝલક છે! અહીં એવા સુંદર અને આશ્ચર્ય ઉપજાવતા શિલ્પો, હસ્તપ્રતોની છાબડી વાચકો માટે લઈ આવ્યો છું, જેનો લાભ લેવાનો સમય દરરોજ સવારે ૧૦ થી ૧ અને બપોરે ૨ થી ૫ સુધીનો છે. દર સોમવારે જાહેર રજા રહેશે.

*સ્વસ્તિક સોસાયટી, બ્લોક નંબર-૧૦૯૧,*
*સેક્ટર-૨૭, ગાંધીનગર-૩૮૨ ૦૨૮.*
*મો. ૯૪૨૮૮ ૦૩૨૫૮*

## બંગાળમાં મમતાની હારના કારણો

**(અનુસંધાન : પાના નં. – ૮૧ ઉપરથી ચાલુ)**

ભાજપના નેતાઓએ વારંવાર કહ્યું કે ઉદ્યોગ-ધંધા આવવાથી રાજ્યમાં યુવાનોને રોજગારી મળશે અને બેરોજગારીમાં ઘટાડો થશે. યુવાનો અને વેપાર સાથે જોડાયેલા લોકો વચ્ચે આ મુદ્દો ચર્ચાનો વિષય બન્યો રહ્યો હતો. આ ઉપરાંત, ભાજપે ખેડૂતોને તેમની ઉપજના યોગ્ય ભાવ અપાવવાનું વચન આપ્યું હતું, જેણે ક્યાંક ને ક્યાંક ખેડૂત વર્ગને પ્રભાવિત કર્યો હતો.

પશ્ચિમ બંગાળમાં તૃણમૂલ કોંગ્રેસના પરાજય બાદ મુખ્ય મંત્રી મમતા બેનરજીએ કહ્યું હતુ કે તેઓ ચૂંટણી હાર્યા નથી અને તેથી રાજીનામું નહીં આપે. ચૂંટણી હાર્યા બાદ પોતાની પહેલી પ્રેસ કોન્ફરન્સમાં તેમણે ભાજપ પર ખોટી રીતે ચૂંટણી જીતવાનો આરોપ લગાવ્યો હતો. તે જ સમયે. ભાજપે કહ્યું છે કે બંધારણીય પ્રક્રિયામાં વિશ્વાસ રાખનાર કોઈ પણ વ્યક્તિ આવી વાત ન કહી શકે.

તમિલનાડુમાં વિજયની ટીવીકે ગઠબંધનની સરકાર, કેરલમમાં કોંગ્રેસની ગઠબંધનની સરકાર, જયારે આસામ, પોન્ડિચેરી, બંગાળમાં એનડીએની સરકાર બની છે .

*સંદર્ભ : વિવિધ અખબારી અહેવાલ અને વિકિપીડિયા.*

*"પરમેશ્વરી", પ્લોટ નંબર ૧૬૫, હોસ્પિટલ રોડ,*
*વિજયનગર એરિયા, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. ● મો. ૯૪૨૮૦ ૭૭૨૯૫*

# જૈન દર્શનના મહાવ્રતોની પ્રસ્તુતતા

પ્રા. પ્રવીણચંદ્ર ઠક્કર
પૂર્વ નિયામક, લોકભારતી

• **ભૂમિકા :**

આશરે ૬૦૦૦ વર્ષ પૂર્વે પ્રથમ તીર્થંકર ઋષભદેવજી સ્થાપિત જૈન ધર્મના અનુયાયીઓની સંખ્યા અંદાજે ૬૦ લાખ છે. તેમ છતાં જૈન દર્શનમાં અનેકાંતવાદ, આત્માની સર્વોચ્ચતા, કર્માબંધન, શ્રાવક અને શ્રમણ પરંપરા તેમજ પાંચ મહાવ્રતોની જે વિભાવના છે તે આજેય સમગ્ર વિશ્વ માટે પથદર્શક છે. અહીં આપણે મહાવ્રતોની પ્રભાવકતા અંગે સવિસ્તર વિશ્લેષણ કરીશું. ૨૨૦૦ વર્ષ પૂર્વે વિદ્વાન પતંજલિ ઋષિએ તેમના ગ્રંથ 'યોગસૂત્ર'માં અષ્ટાંગયોગની જે ચર્ચા કરી છે તે પૈકી પ્રથમ અંગ 'યમ'માં પણ આ ચિરંતન મૂલ્યોનો સમાવેશ થાય છે. આ મહાવ્રતો છે : અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ. આ તમામ વ્રતો પરસ્પર જોડાયેલા છે.

**૧. અહિંસા :**

અહિંસાની સરળ વ્યાખ્યા છે હિંસાનો અભાવ. હિંસાનો અર્થ થાય છે કોઈપણ જીવને શારીરિક કે માનસિક દુઃખ પહોંચાડવું તે. કોઈ વ્યકિતને શારીરિક હાનિ પહોંચાડીએ, પશુ કે પ્રાણીની કતલ, વૃક્ષોનો વિનાશ તે દેખીતી સ્થૂળ હિંસા છે પણ વાણી, વર્તન કે વ્યવહારથી કોઈ વ્યથાગ્રસ્ત થાય તે ભયાનક સૂક્ષ્મ હિંસા છે. ભારતમાં સેંકડો વર્ષો સુધી ચોક્કસ જ્ઞાતિ સાથે કહેવાતા ઉચ્ચવર્ગોએ જે તિરસ્કૃત, અભદ્ર, અપમાનજનક વ્યવહાર કર્યો તેનાથી વિશેષ હિંસા કઈ હોઈ શકે? પરિવારના કોઈ સભ્ય કે વડીલની અવગણના થાય કે કોઈની સાથે અનાવશ્યક ક્રોધ કરીએ તે પણ હિંસા છે.

હવે આત્માની શક્તિ સમાન અહિંસાની વિભાવના તપાસીએ. અહિંસા એટલે પરમાત્માએ સર્જેલા આ વિશ્વમાં કોઈપણ નિર્જીક કે સજીવ જીવને આનંદમાં રહે તે માટે તેમને પ્રત્યક્ષ કે પરોક્ષપણે મદદરૂપ થવું. અહીં બે ઉદાહરણો લઈએ. દક્ષિણ આફ્રિકામાં અશ્વેત આફ્રિકન લોકોની ૯૦% વસતી હતી અને છતાં બ્રિટીશ સલ્તનત દ્વારા ૧૦% લઘુમતી ગોરા લોકો શાસન કરતા હતા. આ રંગભેદ, હિંસકવૃત્તિ અને શોષણ સામે નોબેલ સન્માન પ્રાપ્ત ક્રાંતિકારી નેતા નેલ્સન મંડેલા (૧૯૧૮થી ૨૦૧૩)એ આફ્રિકન નેશનલ કોંગ્રેસના ઉપક્રમે અંગ્રેજ સામ્રાજ્ય સામે લડત અહિંસક માર્ગે આપી. ૨૭ વર્ષ જેલમાં રહ્યા. તપશ્ચર્યા કરી. સત્યનો વિજય થયો. દક્ષિણ આફ્રિકાના રાષ્ટ્રપતિ તરીકે ૧૯૯૪માં તેમની વરણી થઈ. પોતાના પ્રથમ પ્રધાનમંડળમાં કોઈ રાગદ્વેષ રાખ્યા વિના અંગ્રેજ રાજનેતા કલાર્કનો સમાવેશ કર્યો. સંયુક્ત રાષ્ટ્રસંઘ દ્વારા મંડેલાના જન્મદિવસ ૧૮ જુલાઈને આંતરરાષ્ટ્રીય 'શાંતિ દિવસ' તરીકે ઉજવવામાં આવે છે.

સંયુક્ત રાષ્ટ્ર અમેરિકાની ૧૭૭૬માં રચના થઈ ત્યારે તેના સ્થાપકોએ સૂત્ર આપ્યું હતું : "ઓલ આર ક્રિએટેડ ઈક્વલ – બધા સમાન છે." પણ આ લોકશાહી રાષ્ટ્રમાં છેક ૧૯૫૫ સુધી ગોરા અને બિનગોરા વચ્ચે બસ, ટ્રેન, શાળા, કોલેજ સર્વત્ર ભેદભાવપૂર્ણ અન્યાયી વ્યવહાર કરવામાં આવતો હતો. દરેક સ્થળે 'ફોર બ્લેક્સ' બોર્ડ લાગેલા હતા. આ અરસામાં ૧૯૫૦માં માર્ટિન લ્યુથર કિંગે(જુનિયર) હાર્વર્ડ યુનિ.ના વડા જહોન્સનનું ગાંધી પ્રેરિત અહિંસા અને સત્યાગ્રહ વિષયક પ્રવચન સાંભળ્યું. તેનાથી પ્રેરાઈને ૧૯૫૫માં માર્ટિને 'બસ બોયકોટ' આંદોલન શરૂ કર્યું. ૩૮૨ દિવસ ચાલ્યું. અંતે ૧૯૫૬માં નિગ્રો અને ગોરાઓને બસમાં સમાનપણે બેસવાનો અધિકાર મળ્યો. ૧૯૫૫થી ૧૯૬૮ સુધી ૧૩ વર્ષ તેઓ અન્યાય સામે પ્રતિકાર કરતા રહ્યા. ૧૯૬૮માં ભારતમાં દાંડી કૂચની જેમ, 'વોશિંગ્ટન કૂચ' પ્રયોજી. ૨.૫૦ લાખ લોકો તેમના પ્રવચનો 'આઈ હેવ અ ડ્રીમ'થી પ્રભાવિત થયા અને અમેરિકન સરકારને તમામ સમાનતામૂલક કાયદાઓ અમલમાં મૂકવાની ફરજ પડી. ૧૯૬૪માં ૩૫ વર્ષની વયે તેઓ શાંતિ માટેના નોબેલ ઈનામના સૌથી નાની વયના હકદાર બનેલા. હાર્વર્ડ યુનિ.નું ઈ.સ. ૧૯૦૦થી ૨૦૦૬ દરમિયાન વિશ્વમાં થયેલા ૩૨૩ આંદોલનોના અભ્યાસ પછી તારણ છે કે અહિંસક આંદોલનોમાંથી ૫૪% સફળ થયા છે અને તે દેશમાં સ્થિર અને સફળ લોકશાહીની સ્થાપના થઈ છે.

**૨. સત્ય :**

અહિંસા અને સત્ય એક સિક્કાના બે પાસાં છે. જે અહિંસક હોય તે જ સત્યનું આચરણ કરી શકે. સત્ય એટલે સત્. જે છે તે. એટલે મુંડક ઉપનિષદમાં કહ્યું છે કે "સત્યેન ધારયતે પૃથ્વી, સત્યેન તપતે રવિ, સત્યમેવ જયતે." આ સત્યથી જ પૃથ્વીનું અસ્તિત્વ ટકી રહ્યું છે તેથી ગાંધીજીએ પ્રતિપાદિત કર્યું કે સત્ય એજ ઈશ્વર છે. સત્ય એટલે જેવું છે

તેવું વિચાર, વાણી અને વર્તન દ્વારા રજૂ કરવું. જે વ્યક્તિ અસત્ય બોલે છે તે સતત તાણ અને વિષાદમાં રહે છે. એક અસત્ય બીજા અનેક અસત્યને જન્મ આપે છે. તેથી તે સતત અપરાધભાવ અનુભવે છે. સત્યાચરણના ફલસ્વરૂપ એકાગ્રતા, અભય, નમ્રતા, નિરહંકાર અને શાંતિ જેવા ગુણો ખીલે છે. જીવનમાં સંતુલન સાધી શકાય છે. સત્યને આત્મસાત્ કરનારનું સમાજ સન્માન કરે છે.

**૩. અસ્તેય :**

અસ્તેયનો અર્થ થાય છે વસ્તુ, વિષય કે વિચારોની ચોરી ન કરવી. આ રીતે અસ્તેય એટલે માત્ર સ્થૂળ પદાર્થો છીનવી લેવા તે માત્ર નહીં પણ કોઈ અનુવાદક અંગ્રેજી લેખનો ભાવાનુવાદ કરીને મૂળ સંદર્ભનો ઉલ્લેખ કર્યા વિના તે પ્રકાશિત કરે તે સૂક્ષ્મ ચોરી જ ગણાય.

અપ્રામાણિકતા, લાંચ, રુશવત, ભ્રષ્ટાચારથી મેળવેલા નાણાં તાત્કાલિક લાભનો આભાસ કરાવે પણ લાંબેગાળે ચારિત્ર્યનું પતન થશે. સતત અશાંતિ અને અજંપાના ઝેરી ચક્રમાં ફસાયેલા રહેવું પડશે. કાયદા-કાનૂનનો ભય રહેશે અને કર્મબંધન તો થશે જ.

**૪. બ્રહ્મચર્ય :**

બ્રહ્મચર્યની સ્થૂળ વ્યાખ્યા છે : જનનેન્દ્રિયનો સંયમ, અવિવાહિત જીવન કે પ્રજોત્પતિનો અસ્વીકાર. માનવીય ઊર્જાના સંરક્ષણ માટે કામ ઉપર નિયમન જરૂરી છે પણ બ્રહ્મચર્યની વ્યાખ્યા સૂક્ષ્મ અને વિશાળ છે. સંસારની તમામ જવાબદારીઓ નિભાવતા રહીને પણ પરબ્રહ્મમાં જ ચોવીસે કલાક જેનું મન રમ્યા કરે તે અવસ્થા. મિથિલાના રાજા જનક (મૂળ નામ સિરધ્વજ) કુશળ અને આદર્શ શાસક હતા. ઉપરાંત તત્ત્વચિંતક બ્રહ્મર્ષિ હતા. સાંસારિક મોહ-માયાથી અલિપ્ત હોવાને કારણે તેઓ વિદેહી તરીકે પ્રખ્યાત થયા છે. અષ્ટાવક્ર મુનિ તેમના સલાહકાર હતા. વર્તમાન સમયમાં આવું જ ઉદાહરણ છે ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામનું (૧૯૩૧ થી ૨૦૧૫). તેઓ પ્રખર વૈજ્ઞાનિક હતા. રાષ્ટ્રપતિ પદે ૨૦૦૨થી ૨૦૦૭ બિરાજમાન હતા અને છતાં સત્તા અને સંપત્તિના મોહથી મુક્ત હતા. તેથી 'પીપલ્સ પ્રેસિડેન્ટ' તરીકે ઈતિહાસમાં તેમનું ગૌરવાન્વિત નામ અંકિત થઈ ગયું છે. તેમના યુવાનો પ્રત્યેના પ્રેમને કારણે સંયુક્ત રાષ્ટ્ર સંઘ દ્વારા તેમનો જન્મદિવસ ૧૫ ઓકટોબર 'વિશ્વવિદ્યાર્થી દિવસ' તરીકે ઉજવાય છે.

*યોગથી તે વશે રાખી રહેવું મત પરાયણ*
*ઈન્દ્રિયો સંયમે જેની તેની પ્રજ્ઞા થઈ સ્થિર*

*– ગીતાજી અધ્યાય : ૨/૬૧.*

**૫. અપરિગ્રહ :**

અપરિગ્રહની વ્યાખ્યા સમજતા પૂર્વે પરિગ્રહની વિભાવના તપાસીએ. પરિગ્રહ એટલે દેહભાવને કારણે વસ્તુ અને વ્યવસાયમાં સર્જાતી સંગ્રહવૃત્તિ, આસક્તિ. પરિગ્રહના મૂળમાં છે સ્વાર્થ, લોભવૃત્તિ, સંકુચિતતા, આત્મવિશ્વાસનો અભાવ અને પરમાત્મા ઉપરની અશ્રદ્ધા. પરિગ્રહના પરિણામો છે નૈતિક મૂલ્યોનો હ્રાસ, અસત્ય, હિંસક આચરણ, ગ્રાહકો અને કર્મચારીઓનું શોષણ, તાણ અને વિષાદ અને અંતે આર્થિક, સામાજિક અસમાનતા. અપરિગ્રહનો અર્થ થાય છે ભૌતિક સંપત્તિ, પદાર્થો, પદ અને પ્રતિષ્ઠાના માલિકીપણાના આસક્તિમાંથી મુક્તિ. આ સંદર્ભમાં ઈશ ઉપનિષદનો પ્રેરણાદાયી મંત્ર તપાસીએ.

*ઈશાવાસ્યમ્ ઈદં સર્વ*
*યત્કિંચ જગત્યાં જગત્,*
*તેન ત્યક્તેન ભુઞ્જીથા*
*મા ગૃધઃ કસ્ય સ્વિદ્ધનમ્*

આ જગતના કણે કણમાં ઈશ્વરનો આવાસ છે. તેઓ તમામ સંસાધનોના સ્વામી છે. તેથી આપણે કર્તાભાવ, મમત્વભાવ છોડીને ભોગવવાનું છે.

*જીંદગીમાં જે મળ્યું, સારું છે સમજી માણીએ*
*આપણાથી છે દુઃખી, ઝાઝા જગે તે જાણીએ.*

*– સતીષ પરીખ*

નોબેલ પારિતોષિક વિજેતા મહાન ભૌતિકશાસ્ત્રી આલ્બર્ટ આઈન્સ્ટાઈને (૧૮૭૯ થી ૧૯૫૫) કહેલું કે, "અત્યારે આપણી પાસે જે કંઈ સત્તા કે સંપત્તિ છે તે માત્ર વ્યક્તિગત પુરુષાર્થને કારણે જ નથી પણ અનેક દિવંગત અને વર્તમાન લોકોના સહયોગને આભારી છે. તેથી આપણી આજની અને આવતીકાલની જરૂરિયાતોનો સલામતી પૂરતા સાધનોનો અવશ્ય પરિગ્રહ કરીએ, ભોગવીએ પણ જે અધિશેષ કે વિશેષ હોય તેનો સહજભાવે ત્યાગ કરીને બીજાને, વંચિતોને આપીને આનંદ, શાંતિ અને સંતોષ મેળવીએ."

ભારતીય ઉદ્યોગના ભીષ્મપિતામહ જમશેદજી તાતાએ છેક ૧૮૯૨માં 'તાતા ટ્રસ્ટ'ની સ્થાપના કરેલી. આજે આ ટ્રસ્ટ ભૂખમરો, કુપોષણ નાબૂદી, કેન્સર કેર, આરોગ્ય, શૈક્ષણિક

ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ગ્રામીણ ઉત્થાન જેવા અનેક ઉદ્દેશ્યો માટે દર વર્ષે ૧૦૦૦ કરોડ રૂપિયાથી વધુ રકમની ફાળવણી કરે છે. ૧૯૯૪માં માઈક્રોસોફ્ટ અમેરિકાના સ્થાપક બિલ ગેટ્સે અપરિગ્રહના સિદ્ધાંતનામાંથી પ્રેરણા મેળવીને 'ગિવીંગ પ્લેજ' ની સંકલ્પના પ્રસ્તુત કરી. બીલ એન્ડ મેલિન્ડા ગેટ્સ ફાઉન્ડેશનની રચના કરી. પોતાની ૭૫% સંપત્તિ આ ફાઉન્ડેશનને સુપ્રત કરી. વિશ્વમાં ગરીબી, ચેપી રોગોની નાબૂદી અને શિક્ષણ સુધારણા જેવા કામો માટે આ રકમનો સદુપયોગ થાય છે.

● **સમાપન :**

મહાવ્રતોનું પાલન કરવા માટે આવશ્યક સતત સ્વાધ્યાય, વૈરાગ્ય, રાગ-દ્વેષનો અભાવ, આત્મનિરીક્ષણ, સાક્ષીભાવથી નિષ્કામ કર્મ, પ્રજ્ઞાનવાન બુદ્ધિ અને અદ્વૈતભાવ. નિયમિત પ્રાર્થના, જપ, નામ-સ્મરણ, સત્સંગ અને મૌન દ્વારા આ મહાવ્રતોના પાલન માટેની શકિત પ્રાપ્ત કરીને નિરંતર આનંદમય અવસ્થામાં રહી શકીશું.

*ડી-૨૦૪, અભિષેક એન્ટીલિયા,*
*સમા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ સામે, પુનિત નગર,*
*ન્યુ સમા રોડ, વડોદરા-૩૯૦ ૦૨૪. ● મો. ૯૪૨૬૪ ૬૧૦૯૦*

## કચ્છનું અનોખું કચ્છી ચલણ

ભારતનાં ૫૬૦ દેશી રજવાડા પૈકી માત્ર ૧૩ રજવાડાને પોતાના ચલણી સિક્કા બહાર પાડવાની છૂટ હતી અને એમાંનું એક આપણું અણનમ "કચ્છ" હતું! કચ્છમાં પૂરા ૩૩૦ વર્ષ સુધી પોતાનું આગવું ચલણ રહ્યું.

આ ઈતિહાસના કેટલાક સુવર્ણ પૃષ્ઠો પર નજર કરીએઃ

★ *ઈ.સ. ૧૬૧૭ :* રાવશ્રી ભારમલજીએ મોગલ બાદશાહ જહાંગીર પાસેથી સિક્કા પડાવવાની મંજૂરી મેળવી.

★ *ઈ.સ. ૧૮૬૦ સુધી :* સિક્કાઓ પર બાદશાહનાં નામ છપાતા હતા.

★ *ઈ.સ. ૧૯૪૮ :* આઝાદી પછી ઐતિહાસિક 'જયહિંદ કોરી' બહાર પડી.

★ *ઈ.સ. ૧૯૪૯ :* કચ્છી કોરીને બદલે ભારતીય રૂપિયાનું ચલણ શરૂ થયું અને કચ્છી ચલણનો વિધિસર અંત આવ્યો.

● **કચ્છી સિક્કાઓનું અનોખું લશ્કર**

મહારાઓશ્રી દેશળજીએ સોનાના સિક્કા છાપવાનું ચાલુ રાખ્યું પણ પ્રાગમલજીએ તે બંધ કર્યું હતું. પાછળથી રાવ ખેંગારજી ત્રીજાના સમયમાં ફરી સોનાની કોરી છપાઈ. કચ્છના સિક્કાઓ અને લશ્કરના હોદ્દાઓને જોડતી એક અદ્‌ભુત કવિતા / લોકોક્તિ અહીં સચવાઈ છે.

❀ 'બારવીસું પાયદલ અને છ વીસું ઘોડેસવાર, ચાર વીસુ ઊંટ ને લશ્કર લારોલાર.

❀ બે વીસુ નાયક અને દસ જમાદાર, સમસ્ત કચ્છના સૈન્યમાં, પાંચ પાંચ સૂબેદાર.

❀ બે મેજરને તે ઉપર એક કર્નલ, સરદાર અડતાલીસમાં ખપી ગયા.

કચ્છડાના ગુંજાર એવા કચ્છી સિક્કાના આ લશ્કરની ગોઠવણી સમજવા જેવી છે.

★ પાયદળ (સૌથી નાના તાંબિયા) : બાર વીસુ એટલે ૨૪૦.

★ ઘોડેસવાર (દોકડા) : છ વીસુ એટલે ૧૨૦.

★ ઊંટ સવાર (ઢીંગલા) : ચાર વીસુ એટલે ૮૦.

★ નાયક (ઢબુ) : બે વીસુ એટલે ૪૦.

★ જમાદાર (આધિયા) : ૧૦

★ સૂબેદાર (કોરી) : ૫

★ મેજર (અઢિયા) ૨

★ કર્નલ સરદાર (પાંચિયો) : આ બધાની ઉપર એક કર્નલ એટલે 'પાંચિયો!'

સન ૧૯૪૮માં આ કચ્છી બહાદુર સિક્કાઓ ઈતિહાસના પાને વિલીન થઈ ગયા.

● **એક વિરલ ઇતિહાસ**

કચ્છના ઈતિહાસમાં 'રાવશ્રી ખેંગારજી' અને બ્રિટનના રાજા આઠમા એડવર્ડ (Edward VIII)ના નામવાળા સિક્કા અતિશય દુર્લભ (Rare) ગણાય છે કારણકે આઠમા એડવર્ડે ઈંગ્લેન્ડની ગાદીનો ત્યાગ કર્યો હોવાથી ખુદ ઈંગ્લેન્ડમાં પણ તેમના નામના સિક્કા નહોતા પડાયા, પણ કચ્છના સિક્કા પર તેમનું નામ અંકાઈ ગયું હતું.

*ધન્ય છે કચ્છની આ ધરા અને તેના વૈભવી ઈતિહાસને!*

*– મહેન્દ્ર રાઠોડ*

# તીર્થ દર્શન

## તીર્થ દર્શન-૧૦૪

### શ્રી કુંભોજગિરી તીર્થ
### (શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ ભગવાન)



श्री जगवल्लभ पार्श्वनाथ भगवान-कुंभोजगिरि

મહારાષ્ટ્રના કોલ્હાપુર - મીરજ રોડ પર આવેલા હાથકલંગડા રેલવે સ્ટેશનથી આ તીર્થ સ્થળ ફક્ત ૮ કિ.મી. દૂર આવેલું છે. જંગલમાં કંભોજ ગામની પાસે આવેલી નાનકડી ટેકરી પર શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ ભગવાનનું સુંદર અને ભવ્ય જિનાલય આવેલું છે. ટેકરી પરથી આસપાસના જંગલો અને ખેતરોનું દૃશ્ય ચિત્તને આહલાદ આપે છે. આ ટેકરીને કેટલાક બાહુબલિની ટેકરીના નામે ઓળખે છે. આ ટેકરી પર ચઢવા માટે પગથિયા છે. પંદરેક મિનિટમાં આ પગથિયા ચડી શકાય છે. અહીં શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ ભગવાનની શ્વેત વર્ણની એક મીટર ઊંચી પ્રતિમા આવેલી છે. મૂળ નાયકની પલાંઠી પર વિ.સં. ૧૯૨૬નો લેખ છે. મંદિરમાં ચાર દેરીઓ છે. બે દેરીઓમાં તીર્થંકરની પ્રતિમાઓ છે. જ્યારે બીજી દેરીઓમાંની એકમાં શ્રી પદ્માવતીદેવી અને બીજી દેરીમાં શ્રી મણિભદ્રયક્ષની મૂર્તિ છે. એક પ્રાચીન ધાતુ પ્રતિમા વિ.સં. ૧૩૨૩ની છે. વળી નીચે ભોંયરામાં શ્રી અજિતનાથ ભગવાન બિરાજમાન છે જ્યારે ત્રીજે માળે શ્રી ચંદ્રપ્રભ પ્રભુ બિરાજમાન છે. વિ.સં. ૧૯૨૬ના મહા સુદ-૭ ને સોમવારે તીર્થનો છેલ્લો જીર્ણોધ્ધાર થયો હતો અને તે સમયે પૂજ્ય શ્રી વિજયાનંદસૂરિજીએ તેની પ્રતિષ્ઠા કરાવી હતી. આને કેટલાક દક્ષિણ મહારાષ્ટ્રનો શત્રુંજય માને છે. કારતકી પૂનમે, ચૈત્રી પૂનમે તેમજ માગશર વદ દસમે અહીં મેળો ભરાય છે. આ સમયે અનેક ભાવિકજનો પ્રભુ ભક્તિનો ઉમંગભેર લાભ લે છે.

*કર્મ મુજબ ફળ મળતા હોય તો એમાં ઈશ્વર પણ શું કરવાનો?*
*ચેક હશે આપણો હજારનો તો મેનેજર લાખ ક્યાંથી આપશે?*

## તીર્થ દર્શન-૧૦૫

### શ્રી થાણા તીર્થ
### (શ્રી મુનિસુવ્રતસ્વામી ભગવાન)



આ તીર્થ હજારો વર્ષ જૂનું છે. નવપદના અનન્ય ઉપાસક મહારાજા શ્રીપાળની સ્મૃતિને આ તીર્થ જગાડે છે. મૂળનાયક ભગવાન મુનિસુવ્રતસ્વામીની પ્રતિમા ભવ્ય અને દર્શનીય છે. મંદિર પણ ભવ્ય અને કલાપૂર્ણ છે. અહીં પથ્થરમાં શ્રીપાળ રાજા અને મયણા સુંદરીના જીવન પ્રસંગો કલામય રીતે કંડારવામાં આવ્યા છે. શાસન સમ્રાટ આ.શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજે અહીં જિનબિંબોની અંજનશલાકા કરી હતી. વિ.સં. ૧૯૬૦માં આ તીર્થનો પુનઃ જીર્ણોધ્ધાર થયો. આ ભવ્ય પ્રતિમાનું દર્શન કરીને વ્યક્તિ પુણ્યોપાર્જન કરે છે.

*પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ*
*મો. ૯૪૨૭૩ ૯૦૦૦૭*

*"હું છું", "મારું છે", "મેં કર્યું"*
*આ ત્રણેય બાબત છોડતા શીખો.*
*આ ત્રણેય દુઃખી થવાનું મૂળ છે.*
*આપણે કોઈ કંઈ છીએ જ નહીં.*
*માત્ર ઈશ્વર રચિત સૃષ્ટિના અંશ છીએ.*
*જે કંઈ થાય છે કે નથી થતું*
*એ બધું એમની કૃપા અને ઈચ્છા પર આધારિત છે.*
*એટલે...*
*હવેથી કંઈ સારું બને તો "પ્રભુ કૃપા" અને*
*ધાર્યું ન થાય તો "એમની ઈચ્છા"*
*એ બોલવાની આદત પાડવી જોઈએ.*

*પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ*

બોધકથા

# ભક્તિમાં નિયમનું મહત્ત્વ

વિનોદભાઈ માછી નિરંકારી

એક સંત એકવાર એક ખેડૂતના ઘેર જાય છે. ખેડૂત સંતનું ભવ્ય સ્વાગત કરે છે અને ભોજન કરાવે છે. સંતના સંગમાં સાત ડગલાં ચાલીએ અથવા સંત કોઇના ઘરનું ભોજન કરે તો તેના હિતનો વિચાર કરતા હોય છે. સંતે કહ્યું કે તમે દરરોજ ભગવાનનું નામ સુમિરણ કરવાનો નિયમ લો. ત્યારે ખેડૂત કહે છે કે બાબા મને તો સમય જ મળતો નથી. સંત કહે છે કે નામ-સુમિરણ માટે સમય ના મળે તો દરરોજ ભગવાનના મંદિરમાં જઇ ભગવાનના દર્શન કરવાનો નિયમ લો. ત્યારે ખેડૂત કહે છે કે હું તો ખેતરમાં રહું છું અને ભગવાનનું મંદિર તો ગામમાં છે. તો કેવી રીતે દરરોજ ભગવાનના દર્શન કરવા જાઉં?

સંતે ઘણા સાધન બતાવ્યા. પરંતુ ખેડૂત કોઇ નિયમ લેવા તૈયાર થતો નથી. ત્યારે સંતે કહ્યું કે, તમારે કોઇક તો નિયમ લેવો પડશે જ..! પરંતુ ખેડૂત કહે છે કે મહારાજ, તમે બતાવેલ કોઇ સાધન મારાથી બની શકે તેમ નથી. હું ખેતરોમાં કામ કરું કે માળા લઇને જપ કરું? આટલો સમય મારી પાસે નથી. હું તમારા જેવો બાવો નથી કે એકાંતે બેસીને ભજન કરી શકું. મારે બાળ-બચ્ચાઓનું પાલનપોષણ કરવાનું હોય છે, પશુઓનું પાલન-પોષણ કરવાનું હોય છે, ખેતીવાડી કરવાની હોય છે. ત્યારે સંત કહે છે કે તું શું કરી શકે તેમ છે તે મને બતાવ. ત્યારે ખેડૂત કહે છે કે મારી પડોશમાં એક કુંભાર રહે છે અને તે મારો ખાસ મિત્ર છે અને મારા અને તેના ખેતરો પણ નજીક છે. હું દરરોજ તેને જોયા પછી જ ભોજન કરીશ આ નિયમ લઉં છું. ત્યારે સંતે કહ્યું કે ભલે, આજથી તેને જોયા વિના તેના દર્શન કર્યા વિના ભોજન નહીં કરવાનો આજથી નિયમ લો.

એક દિવસ ખેડૂતને ખેતરમાં જવાની ઉતાવળ હતી એટલે ભોજન પણ જલ્દીથી બનાવડાવ્યું. ખેડૂતે ઘરની બહારની કંપાઉન્ડવોલ ઉપર ચઢીને જોયું તો કુંભાર ઘેર દેખાયો નહીં. તપાસ કરતાં ખબર પડી કે કુંભાર તો માટી લેવા નજીકના જંગલમાં ગયો છે. ખેડૂત મનોમન ગાળો બોલે છે કે ક્યાં મરી ગયો હશે? કમ-સે-કમ એકવાર તેને જોઇ લીધો હોત તો ભોજન લઇને ખેતરમાં જઇ શકાય. નિયમની પાલના કરવા તે દોડતો જંગતની તરફ દોટ મૂકીને જાય છે. આ બાજુ કુંભારને માટી ખોદતાં એક તાંબાની હાંડી મળે છે જેની અંદર જાતજાતના રત્નો અને જૂના જમાનાના સોનાના સિક્કા ભરેલા હતા. કુંભાર મનમાં વિચાર કરે છે કે જો કોઇ જોઇ જશે તો મુશ્કેલી થશે, આવું વિચારીને તે ખાડામાંથી બહાર આવે છે. તે સમયે ખેડૂત દોડતો આવતો દેખાય છે.

ખેડૂતને ખેતરમાં જવાની ઘણી જ ઉતાવળ હોવાથી કુંભારને જોઇને ખેડૂત તરત જ પાછો વળી જાય છે ત્યારે કુંભાર વિચાર કરે છે કે મને જે જાતજાતના રત્નો અને જૂના જમાનાના સોનાના સિક્કા ભરેલી હાંડી મળી છે તે ખેડૂતે જોઇ લીધી છે એટલે તે મુસીબત ઉભી કરશે. ખેડૂતને ઉભો રહેવા કુંભાર બૂમો પાડે છે ત્યારે ખેડૂત કહે છે કે બસ જોઇ લીધા... જોઇ લીધા... ત્યારે કુંભાર કહે છે કે ભલે જોઇ લીધું... તો જે કંઇ મળ્યું છે તેમાંથી અડધું તારું અને અડધું મારું... પણ હવે બીજા કોઈને કહેશો નહીં.

ખેડૂત ખેતીવાડીનું કામ પરવારી સાંજે ઘેર આવે છે તો તેને કુંભારને માટી ખોદતાં પડેલ ખાડામાંથી મળેલ ધનમાંથી અડધું ધન મળે છે. તે સમયે ખેડૂત વિચાર કરે છે કે સંતના કહ્યા અનુસાર નિયમ લીધો તો આટલો મોટો ફાયદો થયો. તો હંમેશાં માટે સંત સદ્‌ગુરુની આજ્ઞાનું પાલન કરું તો કેટલો બધો લાભ થાય? આવો વિચાર કરીને ખેડૂત અને તેનો મિત્ર કુંભાર બંને સંતની શરણાગતિ સ્વીકારી ભગવાનના ભક્ત બની ગયા.

કહેવાનો ભાવ એ છે કે જો અમે દ્રઢતાથી એક ઉદ્દેશ્ય બનાવી લઇએ, કોઇ નિયમ ધારણ કરીએ તો તે અમારી ડૂબતી નાવને ભવસાગરથી પાર કરાવી શકે છે, અમારો આલોક અને પરલોક સુધારે છે.

પરમાત્માની સાથે આપણો સબંધ જોડે તેવા સંત મહાપુરુષોનો સમાગમ જીવનની કાયાપલટ કરી દે છે. આવા સંતોનો સમાગમ ન મળે તો કુસંગ તો ન જ કરવો પરંતુ અસંગ એટલે સંગ વગરના અથવા એકલા રહી પ્રભુ નામ-સુમિરણનો સહારો લેવાથી લાભ થાય છે, સમય તથા શક્તિ બચી જાય છે. સંત થયા વગર સંતને ઓળખી શકતા નથી કે સંત મળતાં નથી. સંત થવા મનને સુધારવાની જરૂર છે, ભક્તિની જરૂર છે.

*નવી વાડી, તા. શહેરા, જિ.પંચમહાલ*
*મો. ૯૭૨૬૧ ૬૬૦૭૫*

*કર્મ મુજબ ફળ મળતા હોય તો એમાં ઈશ્વર પણ શું કરવાનો?*
*ચેક હશે આપણો હજારનો તો મેનેજર લાખ ક્યાંથી આપશે?*

# જૂની આયુર્વેદિક કહેવતો અને તેમનો ભાવાર્થ

જિતેન્દ્ર વી. શાહ

★ *ઘઉં ખાવાથી શરીર ફૂલે, જવ ખાવાથી ઝૂલે;*
*મગ ને ચોખા ના ભૂલે, તો બુદ્ધિના બારણા ખૂલે.*

★ *ઘઉં તો પરદેશી જાણું, જવ તો છે દેશી ખાણું;*
*મગની દાળ ને ચોખા મળે, તો લાંબુ જીવી જાણું.*

★ *ગાયના ઘીમાં રસોઈ રાંધો, તો શરીરનો મજબૂત બાંધો;*
*તલના તેલની માલીશથી, દુઃખે નહીં એકેય સાંધો.*

★ *ગાયનું ઘી છે પીળું સોનુ, મલાઈનું ઘી ચાંદી;*
*હવે વનસ્પતિ ઘી ખાઈને, થાય સારી દુનિયા માંદી.*

★ *મગ કહે : હું લીલો દાણો, ને મારે માથે ચાંદું;*
*બે ચાર મહિના મને ખાય, તો માણસ ઉઠાડું માંદું.*

★ *ચણો કહે : હું ખરબચડો, મારો પીળો રંગ જણાય;*
*જો રોજ પલાળી મને ખાય, તો ઘોડા જેવા થવાય.*

★ *રસોઈ રાંધે જો પીત્તળમાં, ને પાણી ઉકાળે તાંબામાં;*
*જો ભોજન કરે કાંસામાં, તો જીવન માણે લાબામાં.*

★ *ઘર - ઘરમાં રોગનાં ખાટલાં, ને દવાખાનામાં બાટલા;*
*ફ્રીજનાં ઠંડા પાણી પીને, ભૂલી ગયા છે માટલા.*

★ *પૂર્વે ઓશિકે વિદ્યા મળે, દક્ષિણે ધન કમાય;*
*પશ્ચિમે ચિંતા ઉપજે, ને ઉત્તરે હાનિ થાય.*

★ *ઊંધો સુવે તે અભાગ્યો, ચત્તો સુવે તે રોગી;*
*ડાબે તો સૌ કોઈ સુવે, જમણે સુવે તે યોગી.*

★ *આહાર એ જ ઔષધ છે, ત્યાં દવાનું શું કામ;*
*આહાર-વિહાર અજ્ઞાનથી, દવાખાના થાય છે જામ.*

★ *રાત્રે વહેલા જે સુવે, વહેલા ઉઠે તે વીર;*
*પ્રભુ ભજન પછી ભોજન કરે, એ નર છે વીર.*

★

આ આયુર્વેદિક કહેવતો વાસ્તવમાં આપણા પૂર્વજોના હજારો વર્ષના અનુભવ અને વિજ્ઞાનનો અદ્‌ભુત નીચોડ છે. કહેવતોમાં દર્શાવેલી અનાજ, કઠોળ, ઘી અને વાસણો અંગેની વાતો આજે પણ સ્વાસ્થ્ય માટે એટલી જ સાચી સાબિત થાય છે.

મગ અને ચોખાને આયુર્વેદમાં પચવામાં સૌથી હળવા અને શ્રેષ્ઠ માનવામાં આવ્યા છે, જ્યારે ચણા શરીરમાં ઘોડા જેવી શક્તિ આપે છે. ગાયનું ઘી અને તલનું તેલ શરીરના સાંધાઓને મજબૂત રાખે છે, જ્યારે વનસ્પતિ ઘી અને ફ્રીજનું ઠંડું પાણી માણસને બીમાર પાડે છે.

તાંબા, પિત્તળ અને કાંસાના વાસણોનો ઉપયોગ ખોરાકના પોષક તત્ત્વોને જાળવી રાખે છે, તે જ રીતે સુવા માટે પૂર્વ કે દક્ષિણ દિશામાં માથું રાખવું એ વૈજ્ઞાનિક દૃષ્ટિએ મગજ અને લોહીના દબાણને સંતુલિત રાખવા માટે બહુ જ ઉત્તમ માનવામાં આવે છે.

સુવાની પદ્ધતિ વિશેની કહેવતમાં એક નાનો સુધારો સમજવા જેવો છે. આયુર્વેદ અને વિજ્ઞાન અનુસાર ડાબે પડખે સુવું એ પાચનક્રિયા અને હૃદય માટે સૌથી શ્રેષ્ઠ છે, જેને શાસ્ત્રોમાં વામકુક્ષી પણ કહેવામાં આવે છે.

જ્યારે યોગીઓ માટે જમણે પડખે સુવું અનુકૂળ માનવામાં આવ્યું છે. જમણે પડખે સુવાથી ચંદ્રનાડી સક્રિય થાય છે, જે મનને શાંત કરી ધ્યાનની અવસ્થામાં લઈ જાય છે. યોગીઓ બહુ ઓછું ખાતા હોવાથી તેમને પાચન કરતાં મનની સ્થિરતાની વધુ જરૂર હોય છે.

આમ, સામાન્ય માણસ માટે અન્ન પચાવવા ડાબે પડખે સુવું ઉત્તમ છે, જ્યારે સાધકો માટે મનની શાંતિ માટે જમણે પડખે સુવું અનુકૂળ છે.

જો આપણો આહાર અને વિહાર શુદ્ધ તથા ઋતુ અનુસાર હશે તો આપણું શરીર ક્યારેય રોગી નહીં બને. આ તમામ નિયમોને જો જીવનમાં ઉતારવામાં આવે તો દવાખાનાના ચક્કર કાપવામાંથી કાયમ માટે મુક્તિ મળી શકે છે.

## કોચિંગ ક્લાસ

*એક અંદાજ મુજબ દેશનો કોચિંગ ઉદ્યોગ વર્ષે ૬૦,૦૦૦ કરોડનું ટર્નઓવર કરે છે.*

*એકલા અમદાવાદમાં કોચિંગ ક્લાસીસ વર્ષે ૧૫૦૦ કરોડ રૂપિયાનું ટર્નઓવર કરે છે.*

*એક અંદાજ મુજબ પટણામાં ૩૦૦૦થી વધુ કોચિંગ ક્લાસીસ છે.*

# અન્નના કણ કણમાં છે ભગવાન, એટલે તેનો બગાડ ન થાય તેનું રાખો ભાન

મનીષ જોષી 'મૌન'

***કોઈપણ પ્રસંગમાં નોતરું મળે અને ન જવાનું હોય તો અગાઉથી જણાવી દેવાથી અન્નનો બગાડ થતો અટકી શકે***

વિશ્વમાં એક તરફ યુદ્ધના પડઘમ વચ્ચે દિન પ્રતિદિન પેટ્રોલ, ડીઝલના ભાવ વધી રહ્યા છે. તેના કારણે દવા, પ્લાસ્ટિકના ભાવ વધ્યા છે. તેની સીધી અસરથી ખાદ્ય ચીજ વસ્તુઓ, દૂધ, દહીં, શાકભાજી સહિતના પદાર્થોના ભાવનો ગ્રાફ ઉપર ચડતો જાય છે. તેને કારણે ગરીબ અને મધ્યમ વર્ગને મોંઘવારીનો માર સહન કરવો પડે છે.

વિશ્વના તમામ ધર્મના લોકો એક વાતથી તો સહમત છે જ, કે અન્ન અને જળનો બગાડ થતો અટકવો જોઈએ, અટકાવવો જોઈએ. કેટલાક લગ્ન અને મરણ પ્રસંગમાં બુફે ડિનરના આયોજનમાં વ્યાપક પ્રમાણમાં અન્ન અને જળનો બગાડ થતો હોય છે. દરેક વ્યક્તિએ એ વાત યાદ રાખવી જોઈએ કે, "અન્નના કણ કણમાં છે ભગવાન, એટલે તેનો બગાડ ન થાય તેનું રાખો ભાન."

કારણ પૃથ્વી પર ત્રણ ભાગ પાણી અને એક ભાગ જમીન છે. હા, જમીનમાં ખેતીની જમીન દિન પ્રતિદિન ઘટતી જાય છે. ધરતી પુત્રોને હવે ખેતીમાં રસ રહ્યો નથી. તેના કારણોમાં પડવું નથી. પરંતુ જો ખેતીની જમીન ઘટતી જશે, તો અનાજ ઉગશે કઈ રીતે? એ એક વિચારવા જેવો પ્રશ્ન છે.

એ જ રીતે ભૂગર્ભમાંથી જળને આપણે ખેંચતા જઈએ છીએ. તેને કારણે પાણી પણ ઘટતું જાય છે. કુવા, વાવ, તળાવનું પણ પુરાણ કરતા જઈએ છીએ અને નદીના પટને સીમિત કરતા જઈએ છીએ. ત્યારે ત્રીજું વિશ્વયુદ્ધ પાણી માટે થશે જ. એના ભણકારા પણ વાગી રહ્યા છે.

આજ કોલમમાં અગાઉ હિમાલયમાં પણ પાણી કેટલાક વિસ્તારમાં મળતું નથી એના ફોટા સાથેનો ઉલ્લેખ કર્યો હતો. ત્યારે આપણે ભલે બીજું કંઈ ન કરી શકીએ પરંતુ અન્ન અને જળ બચાવવા માટે આપણે આટલું તો જરૂર કરી શકીશું કે કોઈપણ પ્રસંગમાં નોતરું મળે અને ન જવાનું હોય તો અગાઉથી જણાવી દેવાથી અન્નનો બગાડ થતો અટકી શકે.

- **સંવેદના:**

બગીચામાં પાંદડાની બહુમતી અને પુષ્પોની લઘુમતિ હોય છે. છતાં ચર્ચા પુષ્પોની જ થતી હોય છે કારણ વાત ગુણવત્તાની થાય, જથ્થાની નહીં.

*'મેઘવર્ષા', ૧૪, સપ્તગિરિ સોસાયટી વિભાગ-૩,*
*સાંઇ મંદિર અને બગીચાની પાછળ,*
*વિશ્વામિત્રી ક્રોસિંગ, માંજલપુર, વડોદરા-૩૯૦ ૦૦૧.*
*મો. ૯૯૨૫૬ ૨૮૪૯૮*
*ઈ-મેઈલ : maunjoshi@gmail.com, maun_66@yahoo.co.in*

## ઔષધીય ગુણોથી ભરપૂર કચ્છની ઊંટડીનું દૂધ હવે વૈશ્વિક ફલક પર

*એક સમયે કચ્છની ઊંટડીનું દૂધ ૨૦થી ૨૫ રૂપિયે લીટર વેચાતું હતું. પરંતુ તેના ઔષધીય ગુણને કારણે તેની માંગ હવે દિવસે ને દિવસે વધી રહી છે. કચ્છમાં હાલ દૈનિક ૫૦૦૦ લીટર જેટલું ઊંટડીનું દૂધ એકત્રિત કરવામાં આવે છે. તેમાંથી કચ્છી 'અમૃત પાવડર' બનાવીને વિદેશમાં નિકાસ કરવાની તૈયારી ચાલી રહી છે. સાઉદી જર્નલ ઓફ બાયોલોજીકલ સાયન્સના રીસર્ચ મુજબ ઊંટડીના દૂધમાં અન્ય પશુઓના દૂધ કરતાં ત્રણથી પાંચ ગણું વધારે વિટામિન સી હોય છે. ઉપરાંત આ દૂધ વિટામિન બી-૧૨, ઝીંક, આયર્ન અને કેલ્શિયમથી ભરપૂર હોય છે. તે હાડકાંને મજબૂત બનાવે છે તથા રોગપ્રતિકારક શક્તિ વધારે છે. ડાયાબિટીસના દર્દીઓ માટે વધારે ફાયદાકારક છે. ઊંટ જાર, બાવળ, કેરડો, લીમડો, ખીજડો અને થોર જેવી ૨૦ પ્રકારની વનસ્પતિ ચરતું હોવાથી તેનું દૂધ ઔષધીય ગુણોથી ભરપૂર હોય છે. દેશના ૯૦ ટકા ઊંટ ગુજરાત અને રાજસ્થાનમાં છે.*

# કચ્છ અંગેની જૂની વાતો

મધુકર ઠક્કર

તા. ૨૧-૪-૨૦૨૬ અને તા. ૨૨-૪-૨૦૨૬ના રોજ 'કચ્છમિત્ર'માં શ્રી હરેશભાઈ મહેતાના રાજ્યસભાની એક બેઠક પર કચ્છને પ્રતિનિધિત્વ મળવું જોઈએ, એ વાત સંદર્ભમાં બંધારણીય ઇતિહાસ સંક્ષિપ્તમાં. કચ્છના ઇતિહાસ બાબત કચ્છની પ્રજા અને રાજકીય આગેવાનોને જાગૃત કરતી, ૧૯૪૬માં બંધારણની રચના માટે બંધારણ સભા મળી, ત્યારે કચ્છ ભારતનો હિસ્સો પણ બન્યો ન હતો. કચ્છ, ૧ જૂન ૧૯૪૮ માં ભારત સંઘમાં જોડાયું. વડાપ્રધાન શ્રી નહેરુ અને શ્રી સરદાર પટેલની તીવ્ર લાગણી હતી કે બંધારણીય સભામાં કચ્છનું આગવું પ્રતિનિધિત્વ હોવું જોઈએ.

શ્રી સરદાર પટેલે વ્યવહારીક માર્ગ કાઢ્યો. શ્રી બળવંતભાઈ મહેતાએ રાજીનામું આપી અને એ જગ્યાએ કચ્છના શ્રી ભવાનજીભાઈને બંધારણ સભામાં સભ્ય બનાવ્યા. કચ્છના જ શ્રી કે. ટી. શાહ પણ સારા વિદ્વાન હતા. બિહારમાંથી તેમને પ્રતિનિધિત્વ આપવામાં આવેલ. સાધારણ સભામાં આમ કચ્છના બે પ્રતિનિધિઓ હતા. ૧૯૫૨માં પહેલી લોકસભાની ચૂંટણી થઈ. પૂર્વ અને પશ્ચિમ કચ્છમાંથી બે સાંસદ કચ્છની પ્રજાએ મતદાનથી ચૂંટી, લોકસભામાં મોકલેલ. શ્રી ભવાનજીભાઈ અરજણ અને શ્રી ગુલાબશંકરભાઈ ધોળકિયા. કચ્છ રાજ્યના પ્રથમ રાજ્ય સભાના સભ્ય તરીકે શ્રી પ્રેમજીભાઈ ભવાનજી ઠક્કરને નિયુક્ત કરવામાં આવેલ. આમ, કેન્દ્ર સરકારમાં કચ્છ જેવા સરહદી જિલ્લામાં ત્રણ પ્રતિનિધિઓ રહ્યા હતા. કચ્છ 'ક' વર્ગનું રાજ્ય, બંધારણ બાદમાં ૧૯૫૬માં મુંબઈ રાજ્યમાં અને ત્યારબાદ ગુજરાત રાજ્યમાં જોડાયેલ. રાજ્ય સરકારના કેબિનેટ મિનિસ્ટર તરીકે શ્રી પ્રેમજીભાઈ ઠક્કર કેબિનેટ મિનિસ્ટર બન્યા. ત્યારબાદ શ્રી સુરેશભાઈ મહેતા, શ્રી બાબુભાઈ મેઘજી શાહ, શ્રી કુંદનભાઈ સ્પીકર બન્યા.

શ્રી સુરેશભાઈ મહેતા મુખ્યમંત્રી બન્યા. આમ, આવા મહત્ત્વના સ્થાનથી કચ્છનો રાજકીય પ્રભાવ પડતો હતો. મંત્રી, ન્યાયમંત્રી, રાજ્યમંત્રી તરીકે અન્ય પ્રતિનિધિઓએ કચ્છનો રાજકીય પ્રભાવ જાળવી રાખેલ.

ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ શ્રી રાજેન્દ્રપ્રસાદ બાબુ, લાલ બહાદુર શાસ્ત્રી અને સંરક્ષણ સચિવ શ્રી વર્ગીસ ૧૯૫૨માં બીજી ઓક્ટોબરે કચ્છ આવેલ અને રાજ્યના છેવાડેના સરહદી કચ્છ જિલ્લાના આપણા કચ્છમાં ત્રણ દિવસનું રોકાણ કરેલ.

ત્યારના આપણા કચ્છ જિલ્લાના પ્રતિનિધિઓ, આગેવાનો, મુંબઈના કચ્છી ઉદ્યોગપતિઓ રાજકીય પ્રભાવ અને કચ્છના પ્રશ્નોની રજૂઆતોના કારણે સામખિયાળી, અંજાર, કંડલા, આદિપુર, ભુજ, માંડવીનો પ્રવાસ કરેલ. દરેક સ્થળે સભાઓ કરેલ, પ્રજાના સુખ દુઃખની ફરિયાદો સાંભળેલ. માધાપરમાં તો પટેલ કોન્ટ્રાક્ટરના પત્રના આગ્રહભરી વિનંતીથી પ્રવાસમાં ફેરફાર કરી હોસ્પિટલનું ઉદ્‌ઘાટન કરેલ. ભુજમાં તે સમયમાં રાજેન્દ્ર બાગમાં મહારાવશ્રીએ ભુજની પ્રજાને સાથે રાખીને તેઓની સાથે જમણવાર ગોઠવેલ. આજે પણ એ પ્રસંગને જૂના માણસો યાદ કરે છે. ત્યારબાદ આ 'લાખોટા' બાગનું નામ 'રાજેન્દ્રપ્રસાદ બાગ' નામ પાડવામાં આવેલ. રાષ્ટ્રપતિ શ્રી રાજેન્દ્ર પ્રસાદે રસોઈ બનાવનાર રસોઇયાની પ્રશંસા કરેલ. રાષ્ટ્રપતિ ભવનમાં રસોઈયા તરીકે જોડાવવા માટે પત્ર લખેલ.

તા.૧૩-૧૧-૨૦૨૧ના 'કચ્છમિત્ર'માં પણ શ્રી હરેશભાઈ મહેતાએ જણાવ્યું હતું કે કચ્છના રાજકીય સંદર્ભમાં કચ્છની જનતા જાગૃત રહે.

શ્રી હરેશભાઈને આ સુંદર રજૂઆત માટે શુભેચ્છાઓ સહ વંદન.

કચ્છમિત્ર પરિવારને આવા સુંદર પ્રકાશન રજૂઆત માટે અભિનંદન.

## અધિક મહિનો કે રમજાન : ધર્મ બે પણ સંદેશ એક

*માળા ફેરવીએ કે ફેરવીએ તસ્બી, શ્રદ્ધા આપણી સરખી,*
*હાથ જોડીએ કે ભલે ખોલીએ, પ્રાર્થના-ઈબાદત સરખી.*
*રોઝા રમજાનના કે અધિકનો ઉપવાસ, તપસ્યા આપણી સરખી.*
*પારણાં કરીએ કે યોજીએ ઈફતાર પાર્ટી, ભાવના આપણી સરખી.*
*વાંચીએ ગીતા કે પઢીએ કુરાન, ધાર્મિકતા આપણી સરખી,*
*ઈશ્વર કહીએ કે કહીએ અલ્લાહ, પરમશક્તિ છેવટે સરખી.*
*કરીએ દાન કે ભરીએ જકાત, દુઆ-દિલથી આપણી સરખી.*
*મળે સવાબ કે પુણ્ય, છે ફક્ત ઉચ્ચાર ફેર, વાત છે સરખી.*
*પ્રગટાવીએ ધૂપ કે કરીએ લોબાન, આધ્યાત્મ મહેક તો સરખી,*
*હિંદુ-ઈસ્લામ કે ધર્મ હોય કોઈપણ, માનવતા સૌમાં એક સરખી.*

*– જગદીશચંદ્ર છાયા 'શ્રેયસ'*

# વર્ષાઋતુમાં સ્વાસ્થ્યની સંભાળ

ડૉ. મહેન્દ્ર ઠક્કર

ચોમાસામાં ભેજવાળું વાતાવરણ હોવાને કારણે આપણી પાચન શક્તિ મંદ પડે છે. આવા સમયે આપણું તથા પરિવારજનોનું આરોગ્ય જાળવવા માટે થોડી વધારે કાળજી લેવાની જરૂર પડે છે. ચોમાસામાં પાણીમાં આ જંતુઓ અને બેક્ટેરિયાને કારણે રોગોનો ફેલાવો થાય છે. આવા સમયે ઘરમાં પણ સાદુ પાણી પીવાનું ટાળવું. બને ત્યાં સુધી પાણી ઉકાળીને, ગાળીને પીવું.

તમે ઘરમાં જ ફળોનો તાજો રસ કાઢીને પીઓ તો તેમાં કોઈ વાંધો નથી. પરંતુ લારી કે હોટલમાં જાઓ ત્યારે ફ્રુટ જ્યુસ પીવાનું ટાળવું કારણકે રસ કાઢવા માટે જે વાસણો વપરાયેલા હોય તેમાં તથા પાણીમાં પણ જંતુ હોઈ શકે છે. ગ્લાસ, તપેલી કે ફળો બરોબર ધોવાયેલા ન હોય તો તેનાથી પણ ડિસેન્ટ્રી થઈ શકે. બહાર કંઈક ઠંડું પીવાનું મન થાય તો નાળિયેર પાણી લઈ શકો છો.

શાકને પણ જંતુઓથી બચાવવા માટે પુષ્કળ જંતુનાશકોનો ઉપયોગ થતો હોય છે. શાકની છાલ પર જંતુનાશક દવાઓ ચોંટેલી હોય છે. તેથી સલાડ માટેનાં શાકભાજી સમારતા પહેલાં બરાબર ધોવાયેલા હોય તે ખૂબ જરૂરી છે. કાચા શાકભાજી પચવામાં ભારે અને સીઝનમાં વાયુકર્તા હોવાથી નબળી પાચનશક્તિ ધરાવતા લોકોએ ઘેર પણ સલાડ ખાવાનું ટાળવું જોઈએ. તેના બદલે કાચું કચુંબર ખાવાથી શાકભાજી પચવામાં હલકા બને છે અને તેમાં રહેલા જંતુઓનો પણ નાશ થાય છે.

આથો લાવીને બનાવાતી વાનગીઓ આ સીઝનમાં ગરમા ગરમ હોય ત્યારે જ લેવી. બ્રેડ અને બ્રેડમાંથી બનતી વાનગીઓ હંમેશાં ગરમ કરીને લેવી. નાસ્તામાં સાદી બ્રેડ લેવાને બદલે કડક બ્રેડ ખાવી. ઢોકળા, ઇડલી અને ઢોસા જેવી વસ્તુઓ પણ ગરમા ગરમ જ ખાવી. સવારે બનાવેલી રસોઈ ફ્રીજમાં મૂકીને સાંજે ખવાની આદત અથવા તો સાંજે બનાવેલી ચીજો બીજા દિવસે સવારે ખાવાની આદત આ સીઝનમાં માંદગીને આમંત્રણ આપવા સમાન છે. માટે ક્યારેય પણ આ સીઝનમાં વાસી ચીજો ખાવી નહીં.

દૂધી, કોબી, વટાણા, બેબી કોર્ન, ટમેટા જેવા શાકભાજીમાંથી સુપ બનાવાય. તેમજ મગની, મસુરની દાળના પાણીને વઘારીને પણ સુપ બનાવી શકાય છે. પ્લમ, પીચ, લીચી અને ચેરી જેવા સીઝનના ફળો લઈ શકાય. પરંતુ તેને થોડીવાર હુંફાળા પાણીમાં બોળી અને રાખી મૂક્યા પછી ખાવા. ખાસ કરીને કોઈપણ પ્રકારની ચટણી અને શરબત જેવી વાનગીઓમાં ઉકાળેલું પાણી જ વાપરવું. આ સીઝનમાં બાફેલા શાકભાજી અને દાળમાંથી બનાવેલા સુપ શ્રેષ્ઠ ગણાય છે.

*લખા ફળિયા, રીંગ રોડ,*
*જૂની શાક માર્કેટ પાસે, ભુજ, કચ્છ.*
*મો. ૯૦૩૩૪ ૯૫૨૨૬*

# આજની અફવા અને ભારતીયોની માનસિકતા

વર્લ્ડ વૉર-૨ વખતે જર્મનીએ બ્રિટન આવતા ખાંડના જહાજ બોમ્બમારો કરી ડૂબાડી દીધા.

બ્રિટીશ રેડિયો પર જાહેરાત થઇ કે દેશમાં ખાંડની અછત છે માટે માપમાં મળશે.

ત્યારે બ્રિટીશ PM ચર્ચિલ એની અસર જોવા લંડનમાં નીકળ્યા અને ખાંડ માટેની લાંબી લાઈનો જોઈને હતાશ થઈ ગયા. પણ એમણે લાઈનમાં જઈ બે-ચાર જણને પૂછ્યું તો ખબર પડી કે જેમની પાસે વધુ ખાંડ પડી હતી એ લોકો પાછી આપવા લાઈનમાં ઉભા હતા!

ચર્ચિલ ગદ્‌ગદ્‌ થઇને જીતના પૂર્ણ વિશ્વાસ સાથે પાછા વળી ગયા.

આવું કેરેક્ટર પ્રજાનું હોય તો દેશ મહાન થાય જ થાય...

પણ આપણે... કારમાં ૨૦૦૦નું પેટ્રોલ પડ્યું હોય, તાત્કાલિક ક્યાંય દૂર જવાનો પ્લાન ન હોય, રોજ દૂર દૂર નોકરીએ જતાં લોકોને ફક્ત રૂા. ૨૦૦-૫૦૦ના પેટ્રોલની વધુ જરૂરત હોય તો ય ૨ કલાકની લાઈનમાં ૨૦૦નું પેટ્રોલ બાળી, બીજા ૧૫૦૦નું પેટ્રોલ ભરાવી આવીએ ત્યારે પૌત્ર જન્મ જેવો જશન મનાવીએ.

***પોપટની જેમ 'જય હિંદ' બોલવાથી રાષ્ટ્રભક્તિ પુરવાર નથી થતી... કે ન તો અડધા વિશ્વ ઉપર રાજ કરનાર પ્રજા બનાય છે!***

# કચરો : ઘરની માટે શ્રાપ કે સોનાની ખાણ?

કલ્પના મહેતા

ગુજરાતના એક પ્રખ્યાત અખબારમાં સમાચાર વાંચ્યા કે બનાસકાંઠા જિલ્લામાં ૧૪૦૦ ઘરોમાં બાયોગેસથી રસોઈ બને છે. આ રીતે LPG ગેસની બચત થાય છે. આ માટેનો બાયોગેસ પ્લાન્ટ બનાસ ડેરીએ બનાવી આપ્યો છે. સ્વાભાવિક રીતે ડેરી છે એટલે આજુબાજુના પ્રદેશમાં પશુપાલનનો વ્યવસાય હોય જ, માટે ગોબર પણ પુષ્કળ માત્રામાં મળી રહે.

પણ આવા પ્લાન્ટ માત્ર ગાય-ભેંસના કચરા (ગોબર)થી જ બની શકે એવું નથી. આ સિવાય કોઈ પણ સજીવના કચરા, ઓક્સિજન વગર ડાયરેક્ટ બંધ ટાંકીમાં સડાવવાથી 'મિથેન' ગેસ નીકળે છે, જે જ્વલનશીલ છે. માટે રાંધણ ગેસ તરીકે કામ આપે છે. આ ગેસને પાઈપ લાઈનથી રસોઈ તરફ વાળવામાં આવે તો LPG નો પર્યાય બની શકે છે.

હમણાં ખાડી યુદ્ધના કારણે LPG ની અછત છે. ઘણા બધા રેસ્ટોરન્ટ બંધ થઈ રહ્યા છે ત્યારે શું આપણે રાંધણ ગેસ ઉત્પાદન માટે આ પદ્ધતિ ન અપનાવી શકાય? જરૂરથી અપનાવી શકાય. આનું નુકસાન એક પણ નથી અને ફાયદા અનેક છે.

૧. LPG ની મોટી બચત તો છે જ.
૨. સાથે અતિ નુકસાનકારક મિથેન ગેસ વાતાવરણમાં ફેલાતો અટકાવીને પર્યાવરણની સુરક્ષા કરે છે.
૩. મોટાભાગનો કચરો જો આ કામ માટે વપરાય, તો સ્વચ્છતા અભિયાનમાં પણ આપણે યોગદાન આપી શકીએ. સાથે સાથે શહેરની સ્વચ્છતા તો થવાની જ છે.

પૃથ્વીના પેટાળમાંથી LPG, PNG વગેરે કાઢીએ તો તેમાં પણ ઘણો ખર્ચ તો થાય જ અને પેટાળમાં તેનો જથ્થો ખૂબ જ મર્યાદિત પ્રમાણમાં છે, જે ભવિષ્યમાં આપણી આવનારી પેઢીની ચિંતા કરાવે છે. એની જગ્યાએ જો આપણે પૃથ્વી ઉપરના કચરામાંથી દરેક જીવના મળ-મૂત્રમાંથી ઇંધણ માટે ગેસ મળતો હોય, તો એ શા માટે ન બનાવીએ?

આ યોજનાઓ માટે ખર્ચાતા પૈસા, એ ખર્ચ નથી, પણ રોકાણ છે. થોડા વખતમાં આ પૈસા વસૂલ થઈ આ ગેસ આપણને મફત મળવાનો છે.

કોઈપણ કારણસર જો મોટા પ્લાન્ટ બનાવવાનું શક્ય ન હોય, તો સગવડ પ્રમાણે નાના એકથી વધુ પ્લાન્ટ પણ બનાવી શકાય. એમાં પણ ફાયદો તો બધાને મળવાનો જ છે. સાથે સાથે પર્યાવરણની સુરક્ષા તથા જાળવણી થઈ શકે અને આવી કાળઝાળ ગરમીથી પણ કદાચ રાહત મળે. આ ગેસ મેળવી લીધા પછી જે બાકી બચ્યું હોય એ ઉચ્ચ કોટીનું કુદરતી ખાતર પણ મળે.

મોટા ઉદ્યોગ ગૃહો, જ્ઞાતિ સમાજો, હમવતનીઓ વગેરે ભેગા થઈને આવા નાના મોટા પ્લાન્ટ પોતાના વતનમાં અને આજુબાજુના ગામોમાં બનાવી આપે તો દેશની મોટી સેવા થઈ શકે.

*એફ-૬૦૪, ઓર્ચિડ એલીગન્સ, સફલ પરિસર રોડ,*
*સાઉથ બોપલ, અમદાવાદ-૩૮૦ ૦૫૮.*
*મો. ૯૮૪૭૧ ૯૮૦૯૮*

## ખેડૂતોને કરોડપતિ બનાવતી સફેદ ચંદનની ખેતી

એક સમય એવો હતો કે ચંદનની ખેતી ખેડૂતો માટે પ્રતિબંધિત હતી. અગર કોઈ ખેડૂત ચંદનની ખેતી કરવા માંગતા હોય તો તેમણે જરૂરી દસ્તાવેજો રજૂ કરી સરકાર પાસેથી મંજૂરી મેળવવી પડતી. પરંતુ ૨૦૧૭થી આ પ્રતિબંધ હટાવી દેવામાં આવ્યો છે. હવે ખેડૂતો છૂટથી પોતાના ખેતરમાં સફેદ ચંદનની ખેતી કરી શકે છે. સરકાર તેમાં સબસિડી પણ આપે છે. ગુજરાતની જમીનમાં સફેદ ચંદનની ખેતી થઈ શકે છે. રાજકોટ અને અમરેલી જિલ્લામાં ક્યાંક ક્યાંક આ ખેતી થઈ રહી છે. આ ખેતી ખેડૂતોને કરોડપતિ બનાવી શકે છે. પરંતુ તેના માટે ખેડૂતોએ ધીરજ ધરવી પડે તેમ છે કારણકે ચંદનનું વૃક્ષ ૧૦ વર્ષે તૈયાર થાય છે. એક વૃક્ષ ૪ લાખ રૂપિયા સુધીની કમાણી કરાવે છે. એક એકર જમીનમાં ૩૭૫ જેટલાં વૃક્ષો વાવી શકાય છે. તેનો છોડ નાનો હોય ત્યારે વચ્ચે શાકભાજીનો આંતર પાક લઈ શકાય છે. સફેદ ચંદનનું લાકડું ઔષધિમાં તો ઉપયોગી છે, એના કરતાંય સૌંદર્ય પ્રસાધનોમાં તેનો વધારે ઉપયોગ થાય છે. એક કિ.ગ્રા. લાકડાનો ભાવ રૂા. ૧૦ હજાર સુધી બોલાય છે. વિદેશમાં તેના ૨૦થી ૨૫ હજાર રૂપિયા ઉપજે છે. એક કિ.ગ્રા. લાકડામાંથી ૧૦૦ ગ્રામ તેલ નીકળે છે. ખજુરાહોની આસ્થા ગ્રીન નર્સરીમાંથી તેના છોડ મળી શકે છે.

# પાર્કિન્સન : મગજનો રોગ કંપવાત

ડૉ. કમલેશ એન. શાહ
M.D., F.I.C.A. (USA)

આ એક એવો મગજનો રોગ છે, જે પ્રગતિશીલ છે. જે શરીરનું હલનચલન, સ્નાયુ ઉપરનો કાબૂ અને બેલેન્સ બગડવા માટે જવાબદાર છે. મગજના કોષો જ્યારે ડોપામીન નામનું કેમીકલ ઉત્પન્ન કરતું ઓછું થાય કે બંધ થાય ત્યારે આ ન્યુરોલોજીકલ ડીસઓર્ડર ઉત્પન્ન થાય છે. આ એક ન મટી શકે તેવો રોગ છે જેમાં શરૂઆતમાં એક હાથમાં ધ્રુજારીથી શરૂઆત થઈ શકે છે.

શરૂઆતમાં તમારા હાથ હાલતા બંધ થાય (ચાલો ત્યારે), તમારા ચહેરા ઉપરના હાવભાવ નાશ પામે, તમારી બોલવાની પદ્ધતિ ધીમી થઈ જાય અને તે રીતે રોગ ધીમે ધીમે વધતો જાય.

## રોગના લક્ષણો

૧. **ધ્રુજારી - કંપવાત :** તેની શરૂઆત એક હાથ કે આંગળીઓથી થઈ શકે. ક્યારેક તે પગમાં કે જડબામાં પણ દેખાય. તમે હાથમાં ચાનો પ્યાલો પકડો ત્યારે થોડું ધ્રુજવા માંડે.

૨. **સ્નાયુમાં જડતા :** સ્નાયુ કઠણ થાય, ટેન્સ થાય અને દુઃખવા લાગે. તમારા હાથનું હલન ચલન જર્ક મારતું થાય.

૩. **શરીરની સ્થિતિ :** હાલમડોલમ થવા લાગે, ક્યારેક બેલેન્સ ગુમાવો, પડી જઈ શકો.

૪. **શરીરની ઓટોમેટીક ક્રિયાઓ :** આંખના પલકારા, ચાલતા હાથ હાલવા, હાસ્ય વગેરે ધીમે ધીમે ધીમું / ઓછું થતું જાય.

૫. **સ્પીચ :** અસર થાય, ધીમે / ફાસ્ટ બોલાઈ જાય, અચકાતાં અચકાતાં બોલાય વગેરે.

૬. **લેખનકાર્ય :** મુશ્કેલીઓવાળું નાનું. તમારા Signature બદલાઈ જાય.

૭. **શરીરના બીજા પ્રશ્નો :** ચિંતા, હતાશા, કબજિયાત, રાત્રિની ઊંઘના પ્રશ્નો, સુગંધને લગતા પ્રશ્નો, વિચાર શક્તિ ઓછી થવી, ખૂબ જ થાક લાગવો, વારંવાર પેશાબ કરવા જવું.

● **પાર્કિન્સન થવાના કારણો :**

આપણા મગજના નર્વસ કોષો ધીમે ધીમે તૂટતા જાય ને પછી નિર્જીવ બને. આના કારણે તેમાંથી ઉત્પન્ન થતું કેમીકલ ડોપામીન - જે મગજમાં મેસેન્જર તરીકે કામ કરે છે તેનું ઉત્પાદન ઓછું થાય, અનિયમિત થાય. આ સિવાય મગજમાં ઉત્પન્ન થતું બીજું મેસેન્જર જે નોરએપીનેફીન (Nor Epine Phrine) તરીકે ઓળખાય છે તે પણ ઓછું કે બંધ ઉત્પાદન થાય. આથી શરીરના હલનચલનના પ્રશ્નો તથા આગળ જણાવ્યા પ્રમાણેના લક્ષણો ઉત્પન્ન થાય. જેમાં લોહી દબાણ ઉપર પણ કાબૂ ગુમાવાય.

આ રોગના ચોક્કસ કારણો મળ્યા નથી છતાં નીચેના કારણોમાં ગમે તે કારણ રોગ ઉત્પન્ન કરી શકે : (૧) વારસાગત, (૨) વાતાવરણના કારણો.

હવે મગજમાં આ રોગ થાય ત્યારે નીચેના ફેરફારો જોવા મળે.

૧. Lewy bodies – એક જાતના પ્રોટીનના કણોનો જથ્થો.

૨. આ પ્રોટીનના કણોમાં, & - Synuclein મળી આવે છે.

૩. કોષના Mitochondriaમાં ફેરફાર - જે કોષનું પાવરહાઉસ કહેવાય. - આના કારણે કોષ નાશ પામી શકે.

● **પાર્કિન્સન રોગની આડઅસરો :**

૧. આના કારણે યાદશક્તિ ઓછી થાય, બોલવામાં ફેરફાર, વિચારોમાં ફેરફાર.

૨. ગુસ્સે થવું, હતાશા, ચિંતાના શિકાર બનવું.

૩. પાણી, ખોરાક ગળવામાં મદદ કરતા સ્નાયુઓમાં ફેરફાર - જેના કારણે, વજનમાં ફેરફાર - ગળામાં થૂંક તથા ખોરાકના કણો ભરાઈ રહેવા.

૪. રાત્રિના સમયે જાગી જવું. સ્વપ્નો અને આંખોના હલનચલનમાં અચાનક ફેરફાર.

૫. કબજિયાત - સખત પ્રમાણમાં

૬. ઉભા થતાં બ્લડ પ્રેશર નીચું જવું - જેથી અંધારા આવવા – Orthostatic hypotension.

૭. સેક્સના પ્રશ્નોઃ ઈચ્છા ઓછી થવી. સ્નાયુઓમાં Cramps તેથી દુઃખાવા.

● **પાર્કિન્સન રોગનું નિદાન :**

★ કોઈ ચોક્કસ ટેસ્ટ નથી. ન્યુરોલોજીસ્ટ આ રોગને

શરૂઆતથી પકડી શકે.

★ નિયમિત ચેક અપ - બીજા લોહીના ટેસ્ટ અન્ય રોગો જાણવા.

★ MRI Brain PET SCAN

★ Spect Scan - Specific, Photon emossion Computerized tomography. DAT-SCAN.

આ ટેસ્ટ, બીજા કારણોની ધ્રુજારી સાથે હોય તો તેને પારખી શકે છે.

★ જીન્સનું ટેસ્ટીંગ - જો વારસાગત હોય તો ચામડી કે મગજનું પાણી (Spinal fluid) ની તપાસ, જેમાં & - Synuclein ની તપાસ થઈ શકે. જે ૮૦-૯૦% રોગની ખાતરી આપે.

● **સારવાર :** આ રોગના કારણોની ખબર નથી એટલે મટી ના શકે પરંતુ કાબૂમાં આવી શકે.

● **દવાઓ:**

૧. Dopamine મગજમાં વધારવા કે ઓપ્શન તરીકે કામ કરે છે.

Carbidopa - Levodopa મગજમાં પસાર થાય અને ડોપામીન તરીકે કામ કરે. આ દવાની અસર તો સારી થાય પણ ચડતી ને પડતી પણ રોગમાં થાય. અસર જતી પણ રહે ભૂખે પેટે લેવાય છે.

શ્વાસ દ્વારા In haled - Levodopa

Carbidopa - Levodopa Infusion

૨. Dopamine Agonist ડોપામીન જેવી અસર મગજમાં કરે. તે Levodopa જેટલી અસરકારક નથી, પરંતુ તેની અસર લાંબી છે. – Pramipexole – Rotigotine – Apomorphine

૩. MAO Inhibitors (MA O B)

– Selesiline – Rasigiline – Safinamidt

આ ડોપામીનને બ્રેક કરતા રસાયણોને અટકાવે છે.

૪. Catechol – O-Methyl transgerase

COMT inhibitors - ખાસ વપરાતી નથી.

૫. કંપવા માટેની દવાઓ - Pacitane હવે ખાસ વપરાતી નથી.

૬. Amantidine

૭. સર્જરી - ખૂબ જ પ્રમાણિત કેસમાં Deep Brain Stimulaton. ■

# જૈન ધ્વજમાં કલર અને ચિહ્નોની મહત્તા




જૈન ધ્વજ જૈન ધર્મના ઊંડા તત્ત્વજ્ઞાન અને આધ્યાત્મિક માર્ગનું પ્રતીક છે. તેમાં પાંચ પવિત્ર રંગો છે : સફેદ, લાલ, પીળો, લીલો અને કાળો. આ દરેક રંગનો એક વિશિષ્ટ આધ્યાત્મિક અર્થ છે.

❀ **સફેદ** : શાંતિ, શુદ્ધિ અને અરિહંત ભગવાનનું પ્રતીક.

❀ **લાલ** : તપસ્યા અને શક્તિ, સિધ્ધ ભગવાનનું પ્રતીક.

❀ **પીળો** : જ્ઞાન અને પ્રજ્ઞા, આચાર્ય ભગવાનનું પ્રતીક.

❀ **લીલો** : સમતાભાવ અને કલ્યાણ, ઉપાધ્યાય ભગવાનનું પ્રતીક.

❀ **કાળો** : આત્મચિંતન અને સાધના, સાધુ-સાધ્વીનું પ્રતીક.

આ પાંચેય રંગો મળીને પંચ પરમેષ્ઠિનું સુંદર પ્રતિનિધિત્વ કરે છે અને આત્માની પ્રગતિના માર્ગને દર્શાવે છે.

***જૈન ધર્મના પ્રતીક ચિહ્નમાં પણ ઊંડો અર્થ રહેલો છે.***

❀ **સ્વસ્તિક** : ચાર ગતિઓ (દેવ, મનુષ્ય, તિર્યંચ, નરક) દર્શાવે છે.

❀ **ત્રણ બિંદુ** : સમ્યક્ દર્શન, સમ્યક્ જ્ઞાન અને સમ્યક્ ચારિત્ર.

❀ **અર્ધ ચંદ્ર અને બિંદુ** : સિદ્ધશિલા, જ્યાં આત્મા મોક્ષ પામે છે.

આ ચિહ્ન આપણને યાદ અપાવે છે કે જીવ સતત જન્મ-મરણના ચક્રમાં ભટકે છે, પરંતુ સમ્યક્ માર્ગ અપનાવવાથી મુક્તિ પ્રાપ્ત કરી શકે છે.

આ સાથે પ્રભુ વીરના પાંચ મહાવ્રત : અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ – પણ આ ધ્વજમાં સુંદર રીતે પ્રતિબિંબિત થાય છે.

વીરના નિર્વાણના ૨૫૦૦મા વર્ષમાં સર્વ પંથના પ્રતિનિધિઓએ આ ધ્વજ અને ચિહ્નને માન્યતા આપી – જે જૈન એકતાનું પ્રતીક છે.

***પ્રેષક : અમરેશ સંઘવી - અમદાવાદ***

***મો. ૯૪૦૯૫ ૧૨૬૬૨***

# पशुबली निषेध

प्रवीणचंद्र एच. शाह

हर साल बकरी ईद के दिन सिर्फ भारत में ही पांच करोड बकरी, बैल, ऊंट, भैंस आदि की कतल की जाती है। जैन पशुप्रेमीओ वि. उसे खरीदके बचाने की कोशिश करते हैं मगर सिर्फ १०% ही खरीद सकते हैं।

मेरी वडाप्रधान नरेन्द्र मोदीजी को नम्र विनंती है कि पशु-पक्षी व. राष्ट्र की संपत्ति है तो इनकी रक्षा करने के लिए एक पशु बली निषेध नाम का बील पार्लामेन्टमें पास कराइए।

हर शहर और गांव में पशु सेवा केन्द्र खोलीये।

मंदिर आदि में जो पशुबली देते हैं उसे सख्त सजा की कार्रवाई होनी चाहिए। मोदीजीने जैसे **TRIPPLE TALAK** का कायदा रद्द करवाया ऐसे यह पशु हत्या भी बंध होनी चाहिए।

पुराने जमाने में हिंदुओं में राजपुत कोम में प्रथा थी कि पतिकी मृत्यु के बाद औरत को सती होना पडता था याने उसको जिंदा जलाया जाता था। आज यह प्रथा बंध हो गई है।

मैं ७१ साल का सिनियर सिटीझन हूँ। मैंने १० मुस्लिम बिरादरों को प्रश्न पूछा कि क्या आप बली दे रहे हैं? एकने जवाब दिया के मैं कभी मांस खाता नहीं हुं और कभी कुर्बानी देता नहीं हुं। एक ने कहा पशु खरीदी का पैसा ही नहीं है। एक ने कहा कि यह फरजीयात नहीं है। महमद पयगंबर साहबने बीमार पशुओं की सेवा करने का कहा है। कोई भी जिंदा पशुको काटने को नहीं कहा है। एक मित्रने कहा कि मैं अहिंसक हुं। मेरे बॉस जैन है और उनके साथ पालीताणा यात्रा भी की है। महमद पयगंबर साहबने अपनी प्रिय वस्तुकी बली का बोला है मगर आज उसका अनर्थ हो रहा है। दस मैं से एक ने ही कहा कि हम पशुबली के लिये चन्दा इकट्ठे करते हैं और बडे प्राणी बैल या उंट का कुर्बानी देते हैं। समाज में रहना पडता है।

मेरी वडाप्रधानजी को नम्र अपील है कि ''पशुबली निषेध'' का बील पार्लामेन्ट में जल्द पास कराईये।

किसी की संवेदना दुभाने का प्रयास नहीं है। मेरे विचार व्यक्त किये हैं।

*बोरीवली, मुंबई ● मो. 98700 79608*

## ગુજરાતમાં... : પ્રથમ ગુજરાતી મહિલા

| | | |
|---|---|---|
| ૧. | ગુજરાતના પ્રથમ મહિલા મુખ્યમંત્રી | આનંદીબેન પટેલ |
| ૨. | ગુજરાતના પ્રથમ મહિલા રાજ્યપાલ | શારદા મુખરજી |
| ૩. | પ્રથમ ગુજરાતી મહિલા રાજ્યપાલ | કુમુદબેન જોશી (આંધ્રપ્રદેશ) |
| ૪. | પ્રથમ સ્નાતક | શારદાબેન મહેતા અને વિદ્યાગૌરી નીલકંઠ |
| ૫. | યુનિવર્સિટીના પ્રથમ કુલપતિ | હંસાબેન મહેતા (MSU) |
| ૬. | ગુજરાતના પ્રથમ મહિલા મંત્રી | ઈન્દુમતીબેન શેઠ (શિક્ષણ વિભાગ) |
| ૭. | ગુજરાત વિદ્યાપીઠના પ્રથમ મહિલા કુલપતિ | સુશીલા નાયર |
| ૮. | પ્રથમ રેમન મેગ્સેસ ઍવોર્ડ વિજેતા | ઈલાબેન ભટ્ટ |
| ૯. | પ્રથમ મેનેજિંગ ડિરેક્ટર | સુમતિબેન મોરારજી (સિંધિયા નેવિગેશન કંપની) |
| ૧૦. | રાજ્યના પ્રથમ IPS અને DGP | ગીતા જૌહરી |
| ૧૧. | વિદેશમાં પ્રથમ રાષ્ટ્રધ્વજ ફરકાવનાર | મેડમ ભીખાઈજી કામા |
| ૧૨. | પ્રથમ ફોર્મ્યુલા રેસર | મીરાં ઈરડા (ભારતના પ્રથમ) |
| ૧૩. | પ્રથમ ફોટો જર્નાલિસ્ટ | હોમાઈ વ્યારાવાલા |